શ્રીસર્વોત્તમસ્તોત્રમ્

....

:: પ્રકાશન એવં પ્રાપ્તિસ્થાન ::
ષોડશગ્રંથ પ્રવચનમાલા સમિતી
(શ્રીપ્રવિણભાઈ ડઢાણીયા)
૨૧૪, અમરદીપ કોમ્પલેક્ષ, રજપુતપરા, રાજકોટ.
મો. ૯૪૨૭૪૯૫૧૫૯

પ્રકાશનવર્ષ :
શ્રીમહાપ્રભુજી પ્રાકટ્ય ઉત્સવ ૫૩૨મો
વિ.સં. ૨૦૬૬, ચૈત્ર વદી ૧૧

પ્રથમ સંસ્કરણ પ્રતિ : ૧૦૦૦

ઐચ્છિક ગ્રન્થ પ્રકાશન સહાય : ૧૦/-
(પોસ્ટેજ-પેકેજિંગ્ : રૂ. ૫/-)

:: પ્રકાશન સહયોગી ::
શ્રીગોરધનભાઈ જે. ડઢાણીયા-રાજકોટ
શ્રીગીરધરભાઈ ટી. ઘાડીયા-રાજકોટ
શ્રીપ્રકાશ જી. સરેરીયા-રાજકોટ

મુદ્રક : પૂર્વી પ્રેસ પ્રા. લીમીટેડ, રાજકોટ.

મારે ઘેર પુરુષોત્તમ પધાર્યા રે....

ભગવદ્‌ગીતાના પંદરમાં અધ્યાયમાં ભગવાન પોતે જ વર્ણન કરે છે કે ''હું ક્ષરથી (જગતથી) અતીત છું અને અક્ષરથી પણ ઉત્તમ છું તેથી લોકમાં તથા વેદમાં 'પુરુષોત્તમ' એમ પ્રસિદ્ધ છું. આવા શ્રીપુરુષોત્તમ જેના માટે શ્રીમહાપ્રભુજી પણ ગદ્‌ગદીત વાણીથી આજ્ઞા કરતાં કે ''મૈં તોકો અપુનો સર્વસ્વ પધરાઈ દે રહ્યો હું ઈનકો તું અપનો સર્વસ્વ કરી જાનિયો'' એવા સાક્ષાત્ પુરુષોત્તમ અમારા ઘરમાં અમારા માથે અમે કરેલું સમર્પણ (બ્રહ્મસંબંધ વખતે) સ્વીકારવા અમારા ઉપર શ્રીમહાપ્રભુજીની કાનિથી પધારવાના એટલે કે પ્રથમ પાટોત્સવના દિવ્ય મનોરથ રૂપે આ ''શ્રીસર્વોત્તમ સ્તોત્ર'' ના વિવેચનનો અમુલ્ય ગ્રંથ પુષ્ટિમાર્ગીયોને પ્રકાશન સહાય રૂપે પધરાવીને અમો અતિશય આનંદ અનુભવીએ છીએ.

થોડા સમયથી શ્રીમહાપ્રભુજીના પ્રકટ કરેલા મૂલ ગ્રન્થોનું અધ્યયન, મનન, ચિંતન કરીએ છીએ તેમજ આપશ્રીના ગ્રન્થો ઉપરના પ્રવચનો તથા તેની કેસેટો સાંભળીએ છીએ. જેની ફલશ્રુતિ રૂપે પહેલાંના ઘણા વરસોથી સાંપ્રદાયિક વિકૃતિના કચરાઓ બહિર્મુખોના સંગથી હૃદયમાં ખીચો-ખીચ ભરાઈ ગયા હતા તે ''વાક્‌પતિ'', ''વૈશ્વાનર'' શ્રીમહાપ્રભુજીની કૃપાથી બળીને ખાખ થઈને હૃદય હળવું ફૂલ જેવું બન્યું અને 'સાન્નિધ્યમાત્રદત્ત શ્રીકૃષ્ણપ્રેમા' એવા શ્રીવલ્લભે અમારા હૃદયમાં કૃષ્ણપ્રેમ ભર્યો અને અમને ''છતે સ્વામિએ સોહાગણીના સુખ રે સ્વપ્ને નવ દેખે રે'' એ દયારામભાઈના શબ્દોથી ઝણઝણાહટ અનુભવ કરાવીને અનાથમાંથી સનાથ બનાવ્યા એ આનંદના ભર થી આ મનોરથ આ ગ્રંથના પ્રકાશન સહાય રૂપમાં પ્રકટ થયો જેનું અત્યારે આપ વાંચન કરી રહ્યા છો.

ખરેખર ! પુષ્ટિમાર્ગીયના મનોરથ તો એવા જ હોવા જોઈએ કે જેનો લાભ પોતાને એકલાને નહીં પરંતુ અનેક પુષ્ટિમાર્ગીયોને મળે એ પણ માત્ર દેહ પુરતો નહીં પરંતુ દેહ-ઈન્દ્રિય અન્તઃકરણ આ બધાને સાચા અર્થમાં પોષણ મળે. તેવા જ એક ઉત્તમ મનોરથનો આ અમારો સંકલ્પ અને પ્રયાસ છે તેને શ્રીભક્તિમાર્ગાબ્જમાર્તંડ એવા શ્રીવલ્લભના ચરણારવિંદમાં સમર્પિત કરીએ છીએ.

અમો છીએ,

ગોરધનભાઈ જે. ડઢાણીયા, રાજકોટ.

ગીરધરભાઈ ટી. ઘાડીયા, રાજકોટ.

પ્રકાશ જી. સરેરીયા, રાજકોટ.

શુભ મીતિ : માગશર વદ ૧૦,૨૦૬૬

:: પ્રકાશીત પ્રકાશનો ::

૧. **પુષ્ટિવાક્સુધા : શુલ્ક ૧૦/- રૂા.**

(અત્યારની સંપ્રદાયની વિષમ પરિસ્થિતિમાંથી બચવા માટે અત્યંત ઉપકારક અને મનન કરવા યોગ્ય શ્રીહરિરાયજી મહાનુભાવ દ્વારા લીખિત સાત ગ્રંથો મૂલ શ્લોકો અને તેના સરળ ગુજરાતી અનુવાદ સહિત, આસરે ૧૨૦ પાનાનો ગ્રંથ)

૨. **જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો : શુલ્ક ૭૦/- રૂા.**

(શ્રીગુસાંઈજી રચિત શ્રીમહાપ્રભુજીના નામ-રૂપ-ગુણનું અલૌકિક નિરૂપણ કરનારા સ્તોત્રો શ્રીસર્વોત્તમજી, શ્રીવલ્લભાષ્ટકમ્ તથા સ્ફુરતકૃષ્ણપ્રેમામૃત ની શ્રીગોકુલનાથજીની તથા શ્રીહરિરાયજીની મૂલ ટીકાઓનું સરળ ગુજરાતીમાં અનુવાદ શ્રીગોવિંદદાસજીના સર્વોત્તમજીના ૧૧૫ પદો સાથે તથા શ્રીહરિરાયજી રચિત શ્રીમહાપ્રભુજીના સ્તોત્રો તથા પંચશ્લોકી, શિક્ષાશ્લોકી ગુજરાતી ટીકા સહિત અમુલ્ય ગ્રંથ)

૩. **સિદ્ધાન્તમુક્તાવલી : અપ્રાપ્ય**

(શ્રીપુરુષોત્તમજીની ટીકાનો ગુજરાતી ભાવાનુવાદ)

૪. **સિદ્ધાન્ત સૂક્તિ : નિઃશૂલ્ક - અપ્રાપ્ય**

(શ્રીમહાપ્રભુવિરચિત ષોડશગ્રંથો પૈકી ભક્તિવર્ધિની, નવરત્ન, જલભેદ, સિદ્ધાન્તમુકતાવલી ગ્રંથોમાંની ઉકિતઓ-ગો.શ્રીશ્યામમનોહરજી)

૫. **વિશોધનિકા : (દે ધના ધન, ભાગ-૪) નિઃશુલ્ક - અપ્રાપ્ય**

(શ્રીહરિરાયજી-જામનગર દ્વારા પ્રકાશિત ''ગદાધરપદાવલી'' અંતર્ગત પ્રાકકથન રૂપે લેખ ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'' ની કપોલકલ્પિત અને પુષ્ટિમાર્ગીયોને ગેરમાર્ગે દોરતી વ્યાખ્યાનું ખંડન કરતી સૈદ્ધાન્તિક સમીક્ષા ગો.શ્રીશ્યામમનોહરજી દ્વારા અપાયેલ વ્રજભાષાનો ગુજરાતી અનુવાદ.)

૬. **સિદ્ધાન્ત રહસ્ય :- અપ્રાપ્ય**

(શ્રીપુરુષોત્તમજીની ટીકાનો ગુજરાતી અનુવાદ)

૭. **શ્રીકૃષ્ણાશ્રય :- અપ્રાપ્ય**

(શ્રીકલ્યાણરાયજીની ટીકાનો ગુજરાતી અનુવાદ)

૮. **ચિરકુટ ચર્ચા સમીક્ષા :- નિઃશૂલ્ક**

('ઓરકૂટ' વેબસાઈટ ઉપર કરવામાં આવેલા સામ્પ્રદાયીક શ્રીનાથજી વિષયક મનઘડંત વિધાનોનો સૈધ્ધાન્તિક જડબાતોડ પરિહાર ગો. શ્રીશ્યામમનોહરજી દ્વારા વ્રજભાષાનો

સરળ ગુજરાતી અનુવાદ.)

૯. **ધર્માધર્માગ્રદર્શનમ્ :- શુલ્ક ૮/- રૂા.**

(શ્રીભાગવત આધારિત ધર્મ અને અધર્મની વ્યાખ્યાનું સંકલન)

૧૦. **શ્રીભાગવત સુધા - રસબિંદુ :- શુલ્ક ૧૫/- રૂા.**

(શ્રીભાગવતના વિવિધ પાસાઓની સાંપ્રદાયીક વિવેચનાનું સંકલન-મહાત્મ્ય સાથે)

૧૧. **શ્રીયમુનાષ્ટકમ્ :- શુલ્ક ૧૫/- રૂા.**

(શ્રીયમુનાષ્ટકના એક-એક શ્લોકની વિસ્તૃત વિવેચનાઓ (૧)શ્રીશાંતિલાલ મહેતા (૨) શ્રીનાનુલાલ ગાંધી તથા (૩) ગો.શ્રીશ્યામમનોહરજી. સરળ ગુજરાતીમાં, ૧૬૦ પાનાનો ગ્રંથ)

૧૨. **વિવેકધૈર્યાશ્રય :- શુલ્ક ૫/- રૂા.**

(પ્રાચીન આચાર્યોની ટીકાઓના આધારે સરળ ગુજરાતીમાં સમજુતી)

૧૩. **કૃષ્ણાશ્રય :- શુલ્ક ૫/- રૂા.**

(પ્રાચીન આચાર્યોની ટીકાઓના આધારે સરળ ગુજરાતીમાં સમજુતી)

૧૪. **સિદ્ધાન્તરહસ્ય અને નિરોધલક્ષણ :- શુલ્ક ૧૦/- રૂા.**

(પ્રાચીન આચાર્યોની ટીકાઓના આધારે સરળ ગુજરાતીમાં સમજુતી)

૧૫. **નવરત્નમ્ અને અંતઃકરણપ્રબોધ :- શુલ્ક ૧૦/- રૂા.**

(પ્રાચીન આચાર્યોની ટીકાઓના આધારે સરળ ગુજરાતીમાં સમજુતી)

:: અતિ મહત્વના અગામી પ્રકાશનો ::

પુષ્ટિમાર્ગીય મર્યાદના ૨૪ સૂત્રો : *(મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી દ્વારા ઉપદેશાયેલ પાયાના વચનોની પ્રાચિન આચાર્યોશ્રીની ટીકાઓના આધારે વિસ્તૃત વિવેચના ચાર ભાગ રૂપે)*

શ્રીમદ્ ભગવદ્ ગીતા સાર સંચય : *(ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ દ્વારા અપાયેલ ઉપદેશો સીનોપ્સીઝ વાઈઝ સંકલન વિવેચન સાથે)*

શિક્ષાપત્ર સારસંચય : *(શ્રીહરિરાયજી રચિત ૪૧ બૃહત્ શિક્ષાપત્રમાં અપાયેલા ઉપદેશો સીનોપ્સીઝ વાઈઝ)*



અનુક્રમણિકા

:: પુરોવાક્ ::

શ્રીસર્વોત્તમ સ્તોત્ર, શ્રીવલ્લભાષ્ટક અને સ્ફૂરત્કૃષ્ણપ્રેમામૃત આ ત્રણેય સ્તોત્રોમાં ક્રમશઃ (૧) શ્રીવલ્લભાચાર્યચરણના એકસો આઠ **નામ**, (૨) આઠ પ્રકારના **રૂપ**, (૩) છ પ્રકારના ગુણધર્મ અને એક ધર્મી મળીને સાત પ્રકારની સ્તુતિ આચાર્યચરણના દ્વિતિય આત્મજ ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ દ્વારા પ્રગટ કરવામાં આવેલ છે.

આ બધા સ્તોત્રોમાં મુખ્ય પ્રતિપાદ્ય વિષય તો પ્રાચિન ઉપનિષદ વગેરે શાસ્ત્રોમાં ઉપદેશાયેલા આદર્શ જ છે. જેમકે :-

૧. ''જે પુરૂષ આચાર્યવાન હોય છે તે જ આને જાણી શકે છે.'' (છાન્દો. ઉપ. ૬ ૬।૧૪।૩)

૨. ''તે દેવ બોલ્યા અમે દેવવિદ્યા અને આત્મવિદ્યાનો ઉપદેશ તો આપ્યો પરંતુ ગતિ તો આચાર્ય જ સમજાવી શકે છે'' (છાન્દો. ઉપ. ૪।૧૪।૧)

૩. ''આચાર્યના વિષે તેમના દેવ હોવાનો ભાવ રાખવો જોઈએ'' (તૈતિ.ઉપ.૧।૧૧)

૪. ''જેને દેવમાં પરાભક્તિ હોય અને જેવી દેવમાં હોય તેવી જ ગુરૂમાં પણ હોય ત્યારે આ વાતોને કોઈ સમજી શકે છે'' (શ્વેતા.ઉપ.૪।૨૩)

૫. ''આચાર્યને સાક્ષાત્ બ્રહ્મની મૂર્તિ સમજવી જોઈએ'' (ભાગ.પુરા.૬।૭।૨૯)

૬. ''આચાર્યના ચૈત્યવપુ દ્વારા પરમાત્મા પોતાની ગતિનો અભિપ્રાય જણાવે છે'' (ભાગ.પુરા.૧૧।૩૯।૬)

એટલા માટે પ્રાચિન આદર્શ મુજબ ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ પણ પોતાના જનક આચાર્ય મહાપ્રભુના સાક્ષાત્ શ્રીકૃષ્ણ હોવાનું પ્રતિપાદન આ ત્રણેય સ્તોત્રોમાં કરે છે. આને કોઈ એક રૂપમાં પરિસીમીત રાખવાને બદલે મહાપ્રભુની ભગવદ્રૂપતાનું પ્રતિપાદન અનેક રીતે આ સ્તોત્રોમાં કરવામાં આવેલું છે. આ વાત પણ પાછી ત્યારે જ સમજમાં આવી શકે છે કે જ્યારે 'સૌન્દર્યનિજહ્રદગતમ્....'

પદ્યમાં પ્રતિપાદિત ગૂઢપુંભાવ, ગૂઢ સ્ત્રીભાવ અને સાક્ષિભાવનું રહસ્ય સંપૂર્ણ રીતે બુદ્ધિગત જ નહીં પરંતુ હૃદયારૂઢ પણ થઈ ગયું હોય.

તેના અનુસાર પ્રત્યેક આરાધ્ય ભગવદ્રૂપની અંદર એમની આરાધનાના ઉપદેશક મૂલ આચાર્યનું ગૂઢરૂપ સ્થાપીત રહે છે. અને આજ રીતે પ્રત્યેક આચાર્યની અંદર તે જે પ્રકારની ભગવદ્ આરાધનાનો ઉપદેશ પ્રદાન કરતા હોય છે તેને અનુરૂપ આરાધ્યદેવનું ગૂઢ રૂપ સ્થાપિત હોય છે. પછી ભલે તે જરથ્રૂષ્ટ, બુદ્ધ, મહાવીર, માર્જેસ્, ઈસા કે મહમ્મદ પયગમ્બર હોય કે પછી શ્રીશંકર, શ્રીઅભિનવ ગુપ્ત, શ્રીરામાનુજ, શ્રીમધ્વ વગેરે વેદાન્તાચાર્ય હોય અથવા શ્રીકબીર, શ્રીનાનક, શ્રીતુલસીદાસ, શ્રીજ્ઞાનેશ્વર, શ્રીતુકારામ, શ્રીસમર્થરામદાસ જેવા સંત ઉપદેશક હોય.

શ્રીસર્વોત્તમસ્તોત્રના પાઠ દ્વારા ચાર ફલશ્રુતિ શ્રીગુસાંઈજીએ આ જ સ્તોત્રમાં નિરૂપણ કરેલ છે. જેમાં

૧. ''તદુકતમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્યથા તથા''

૨. ''વિનિયોગો ભક્તિયોગપ્રતિબન્ધ વિનાશને''

૩. ''કૃષ્ણાધરામૃતાસ્વાદસિદ્ધિરત્ર ન સંશયઃ''

૪. અતઃ સર્વોત્તમંસ્તોત્રં જપ્યં કૃષ્ણ રસાર્થિભિઃ ।

(૧) પહેલાં તો શ્રીવલ્લભની વાણી જે મહાન કઠિન છે, ગૂઢ છે, ગંભીર છે તથા ગહન છે. આવી દુર્બોધ વાણી પણ સુબોધ એટલે કે સરળ થઈ જાય છે અને વારંવાર સર્વોત્તમજીના પાઠ કરવાથી શ્રીમહાપ્રભુજીની સુદિવ્યવાણીનું અધ્યયન કરવાની તથા સાંભળવાની આદરપૂર્વક ઈચ્છા ઉત્પન્ન થાય છે. જેનાથી શ્રીકૃષ્ણ પ્રત્યે સ્વામિત્વભાવ અને પોતાનામાં દાસત્વભાવની સ્ફૂર્તિ અચલ અને અટલ રૂપથી પ્રાપ્ત થાય છે, જેનાથી પુષ્ટિમાર્ગીય **ધર્મ** સિદ્ધ થાય છે.

(૨) જે વૈષ્ણવ સર્વોત્તમજીના નિરન્તર પાઠ કરે છે તેને વિશુદ્ધ પ્રેમ-લક્ષણા ભક્તિ પ્રાપ્ત થાય છે અને એ જ ભક્તિ દ્વારા શ્રીકૃષ્ણ સાથે સમ્બન્ધ કરવામાં જેટલા પણ પ્રતિબંધ તેમજ અંતરાય (વિઘ્નરૂપ) પેદા થાય તે બધાનો મૂળમાંથી નાશ કરીને ભગવલ્લીલામાં પ્રવેશના અધિકારી બને છે જેનાથી પુષ્ટિમાર્ગીય **અર્થ** રૂપ બીજા પુરૂષાર્થની સિદ્ધિ પ્રાપ્ત થાય છે કેમકે પુષ્ટિમાર્ગીયનો **અર્થ** ભગવાન્ જ છે.

(૩) કૃષ્ણના અધરામૃતના આસ્વાદની યથાધિકાર સિદ્ધિ. શ્રીકૃષ્ણની અધર સુધા વેણુના શ્રવણ દ્વારા પણ ઉપભુકત કરી શકાય છે. જેમ ગાય, હરિણી તથા વૃક્ષોને પણ અધરસુધા પ્રાપ્ત થઈ છે. તે ત્રણ પ્રકારની હોય છે (૧) દેવભોગ્યા (૨) ભગવદ્‌ભોગ્યા (૩) સર્વાભોજ્ઞા. આ અધરસુધાની પ્રાપ્તિ યથાધિકાર થવાથી નિત્ય કૃષ્ણસંયોગ સિદ્ધ થાય છે, જેનાથી પુષ્ટિમાર્ગીય ત્રીજો પુરૂષાર્થ **કામ** સિદ્ધ થાય છે.

(૪) રાસ-રસિક ચતુર ચૂડામણિ, કોટિ મન્મથ લાવણ્ય મધુરેશ શ્રીકૃષ્ણની રાસલીલામાં મુખ્યતમ રસની પ્રાપ્તિ, જેનાથી પુષ્ટિમાર્ગીય **મોક્ષ** સિદ્ધ થાય છે, આ સર્વોત્કૃષ્ટ ફલ છે. તેથી જ આનું નામ સર્વોત્તમ સ્તોત્ર છે. આનો ભાવ અતિશય ગૂઢ છે.

આ સર્વોત્તમજીના પાઠ અને જપ બંનેની વિધિ પ્રાપ્ત થાય છે જેમ કે **''પઠત્યનુદિનં જનઃ''** અને **''જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ''** ના રૂપમાં. પરંતુ બંને જ વિધિઓમાં શ્રદ્ધાપૂર્વક બુદ્ધિને નિર્મલ કરવી તથા શ્રીવલ્લભની રૂપમાધુરીમાં મનને નિમગ્ન કરવું અતિશય જરૂરી છે. એટલે કે વાણીથી પાઠ કરતી વખતે મનમાં શ્રીવલ્લભપ્રભુનું જ રૂપ હોવું જોઈએ. ત્યારે જ સ્તોત્રમાં કહેલાં ફલ પ્રાપ્ત થાય છે. મન જો સંસારમાં ભટકી રહ્યું છે અને વાણીથી પાઠ થઈ રહ્યા હોય તો ફલપ્રાપ્તિ સર્વથા અસંભવ છે. જ્યાં સુધી સર્વોત્તમ સ્તોત્રમાં પૂર્ણ આસક્તિ ન થઈ જાય ત્યાં સુધી પાઠ જ કરવા એ ઉચિત છે. પાઠ કરતા કરતા સંસાર આસક્તિ છુટી જાય ત્યારે સૂક્ષ્મ ઉચ્ચારણ દ્વારા જપ કરવો જોઈએ.

શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીના એકસો આઠ નામો પૈકી અમુક નામોનો આધાર લઈને તેનો મનઘડંત અર્થ સંપ્રદાયમાં કહેવાતા પરમ ભગવદીયો, બાપાઓ તથા માજીઓએ પ્રગટ કરીને વિકૃત ભાવ-ભાવનાઓ, શ્રીગુસાંઈજીના તે-તે નામોના તાત્પર્ય-હેતુને તથા પ્રાચિન વિદ્વાન આચાર્યવર્ગની તે-તે નામોની વ્યાખ્યાઓને જાણ્યા-સમજ્યા કે વાંચ્યા વીના ફેલાવીને સંપ્રદાયના ગ્રંથોથી વંચિત એવા ભોળા પુષ્ટિમાર્ગીઓને ગેરમાર્ગે દોરીને એમની વિશુદ્ધ શ્રદ્ધાને આંધળી શ્રદ્ધામાં ફેરવી દઈને સંપ્રદાયના માળખાને ખોખલું બનાવી દીધું છે અને અનેક વિકૃતિઓ ઘુસાડી દીધી છે. તે નામોમાં ખાસ કરીને **''દૈવોદ્ધાર પ્રયત્નાત્મા(૫), જનશિક્ષાકૃતેકૃષ્ણ ભક્તિકૃત્ (૨૫), રાસલીલૈકતાત્પર્યઃ (૪૫),**

સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ (૬૪) વગેરે છે. આ બધા નામોની પ્રાચિન આચાર્યોની વ્યાખ્યાના અંશો જોઈએ તો તેમાંથી આપણને સાચી સમજણ મળી શકે છે.

દૈવોદ્ધાર પ્રયત્નાત્મા (૫)

શ્રીહરિરાયજી આ નામની વ્યાખ્યા કરતા આજ્ઞા કરે છે ''રસાત્મક પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણનો સાક્ષાત્ સમ્બન્ધ એ જ ઉદ્ધાર છે.'' શ્રીમહાપ્રભુજી કે પુષ્ટિજીવોને ભગવાને પોતાના સ્વરૂપની સેવા માટે જ પ્રગટ કર્યાં છે. બીજા કોઈ પ્રયોજન માટે નહીં. એટલે પોતાના માથે શ્રીઠાકોરજી પધરાવીને પોતાના તન-મન-ધનથી સર્વસમર્પણપૂર્વક પોતાના ઘરમાં જ ભગવદ્-સેવા કરવી એ જ એકમાત્ર પુષ્ટિજીવનો ઉદ્ધાર છે.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે ''પુષ્ટિજીવનો (શ્રીઠાકોરજી સાથે) સેવાત્મક સમ્બન્ધ એ જ તેઓનો ઉદ્ધાર છે.'' અહીં આપ વિશેષ આજ્ઞા કરે છે ''પુષ્ટિમાર્ગીય ભાવસેવા વિના મર્યાદામાર્ગની રીતી પ્રમાણે (જાહેર મંદીરો-હવેલીઓમાં ભેટ-સામગ્રીઓ આપીને મનોરથો કરાવવા અને ફકત દર્શન કરી લેવા વગેરે) જે કાંઇપણ સેવા વગેરે કરવું એ ઉદ્ધાર થયો ન જ કહેવાય પરંતુ તેનાથી પતિત થવાય છે''

હવે આ નામનો આધાર લઈ જે ખોટા અર્થો સમ્પ્રદાયમાં પ્રચલિત થયા છે તે પણ જોઈએ. અને તે ઉપરની વ્યાખ્યા સાથે સંગતી કરવાથી તેની પ્રામાણીકતાનો ખ્યાલ તુરત જ આવી જશે.

(૧) પુષ્ટિજીવનો ઉદ્ધાર માત્ર બ્રહ્મસંબંધ લઈ લેવાથી કે આપી દેવાથી થઈ જાય છે.

(૨) અને તેના મૃત્યુ પછી તેની માલાપહેરામણી કરવાથી ગોલોક પ્રાપ્તિ થઈ જાય છે. (સેવા-સ્મરણ-સત્સંગ-શ્રીકૃષ્ણનો અનન્યઆશ્રય અને શ્રીમહાપ્રભુજીના ઉપદેશોનું અનુસરણ આમાંથી કાંઈપણ ન કર્યું હોય તો પણ!!!)

(૩) હવેલીઓમાં પૈસા આપીને મનોરથ વિ. કરાવવા તેને વિત્તજા સેવા કહેવાય. દર્શન-શાક-પાન-ફુલ-સજાવટની સેવા કરવી તેને તનુજા સેવા કહેવાય.

(જનશિક્ષાકૃતેકૃષ્ણભક્તિકૃત્ (૨૫))

શ્રીગોકુલનાથજી આ નામની વ્યાખ્યા કરતા આજ્ઞા કરે છે ''અહીં ''જન'' પદનો અર્થ છે નિજસેવક (આખુ ગામ નહીં), એમને ઉપદેશ આપવાના નિમિત્તે (નહીં કે પ્રદર્શન કરીને પૈસા-પ્રતિષ્ઠા કમાવા માટે) ''સદાનન્દ'' ફલરૂપ (નહીં કે તેના દ્વારા બીજું ફલ મેળવવા માટે) શ્રીકૃષ્ણની સેવા કરનારા આપ શ્રીમદાચાર્યચરણ છે''

આગળ પણ આપ આજ્ઞા કરે છે ''આપ પોતે સેવા કરે છે તે એમ કહેવા માટે કે **સ્વમાર્ગમાં ભગવદ્સેવા જ એકમાત્ર પુરુષાર્થ છે બીજું કાંઈ જ નહીં.** આમ જણાવવા માટે કહ્યું ''જનશિક્ષાકૃતે....''.

આ નામનો આધાર લઈને ખોટી માન્યતા પ્રસરેલ છે કે વૈષ્ણવોને સેવા કેમ કરવી તે શીખવવા માટે મંદીરો-હવેલીઓ જરૂરી છે. પરંતુ જો ખરેખર આવું હોય તો પછી વૈષ્ણવોને અંદર સેવામાં કેમ નવડાવતા નથી કે જેનાથી તેને સીંગાર કેમ થાય, ઝારીજી કેમ અને કયારે ભરાય, સ્નાન કેવી રીતે કરાવાય, ભોગ કેવી રીતે ધરાય, કેવી રીતે જગાવાય, પોઢાડાય વિગેરે શીખવા મળે. શું ફકત દર્શન કરવાથી આ બધું આવડી જાય. શું ગોકુલનાથજી આ નામનો આવો અર્થ કરી રહ્યા છે ?

(રાસલીલૈકતાત્પર્યઃ (૪૫))

શ્રીગોકુલનાથજી આ નામની વ્યાખ્યા કરતા આજ્ઞા કરે છે કે ''શ્રીકૃષ્ણની શ્રીગોપીજનોની સાથે જે મધુર તેમજ ફલાત્મક રાસલીલા છે, એમાં જ એકમાત્ર (મુખ્ય) તાત્પર્ય છે જેમનું, એવા આપ શ્રીમદાચાર્યચરણ છે'' આમ કહેવાથી સાક્ષાત્ શ્રીકૃષ્ણના સ્વરૂપ સાથે સમ્બન્ધ થવો એ જ સૌથી ઉત્તમ ફલ બતાવેલું છે. અહિં ભાવ એવો છે કે ભકતના ઘરમાં શ્રીકૃષ્ણની ભાવમયી સેવા નિત્ય થાય અને તે ઘરમાં તે ભાવુક વૈષ્ણવ પોતાની બધી ઈન્દ્રિયોનો આસ્વાદ શ્રીકૃષ્ણને બનાવે આ જ એકમાત્ર રાસલીલાનું શુદ્ધ સ્વરૂપ છે.

ચાચા શ્રીગોપેશ્વરજી આ નામની વ્યાખ્યામાં આજ્ઞા કરે છે કે રાસલીલાનું ફલ તો સર્વાત્મભાવપૂર્વક શરણાગતિથી સિદ્ધ થાય છે, પહેલાં જ્યારે આ પ્રકારથી સર્વાત્મભાવ થાય ત્યારે તે ફલ પ્રાપ્ત થાય. આમ અલૌકિક દેહ સમ્પન્ન થયા પછી જ આવા ભાવ એટલે કે સર્વાત્મભાવની અપેક્ષા રહે છે તે જ્યારે ઉચ્ચ કક્ષાએ પહોંચે ત્યારે ફલભોગના આરંભમાં અને ફલના અનુભવમાં તે-તે રસના અનુભવો

થાય છે આવો ભાવ જણાય છે.

શ્રીદ્વારકેશજી આ નામની વિવૃત્તિમાં આજ્ઞા કરે છે ''રસોનો સમુહ તે રાસ'' તેના સમ્બન્ધવાળી લીલાઓ જ મુખ્ય તાત્પર્ય છે જેમનું .... રસ એટલે ભગવાન તેમનું જે ભકત સાથે રમણ તે સમ્બન્ધી લીલાઓ (ભકત પોતાના ઘરમાં ગુપ્ત રીતે રસાત્મક પ્રભુની સેવા કરે) એ જ મુખ્ય તાત્પર્ય છે જેમનું એવા શ્રીઆચાર્યજી છે.

આમ શ્રીમહાપ્રભુજીનું એક માત્ર (મુખ્ય) તાત્પર્ય એ જ છે કે પુષ્ટિજીવ રસાત્મક પુરુષોત્તમ સાથે ભગવદ્-સેવા દ્વારા પોતાના ઘરમાં જ રાસલીલારૂપ સ્વરૂપાનંદ અનુભવ કરે.

આ નામનો ખોટું અર્થઘટન કરીને કોઈ પુષ્ટિમાર્ગીય ભૌતિક દેહસમ્બન્ધોથી રાસક્રીડા કરવા લાગી જાય તો તે રાસલીલા નહીં પરંતુ ભાસલીલા જ કહેવાય. અને તેનાથી તો અધઃપતન થતાં કેવલ નરકનો અધિકાર જ નિશ્ચિત થાય.

સ્વવંશેસ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ (૬૪)

ચાચા શ્રીગોપેશ્વરજી શ્રીગુસાંઈજીના સપ્તમલાલજી શ્રીઘનશ્યામલાલજીના આત્મજ આ નામની વ્યાખ્યા કરતા આજ્ઞા કરે છે ''સ્વવંશે એટલે કેવળ અગ્નિકુમાર (શ્રીગુસાંઈજી) માં જ આપના સંપૂર્ણ માહાત્મ્યનું સ્થાપન કર્યું છે.

લેખકાર શ્રીવલ્લભજી આ નામની ટીકામાં આજ્ઞા કરે છે કે 'સ્વ' પદથી પુત્રરૂપ વંશ કહેલો છે. 'સ્વ' પદથી સાક્ષાત્ પુરુષોત્તમ સમ્બન્ધ નિરુપણ કર્યો છે. તેના દ્વારા અશેષ માહાત્મ્ય શ્રીમદ્ અગ્નિકુમાર (શ્રીગુસાંઈજી)માં જ (સ્થાપિત કર્યું છે)... અથવા 'દીપાદ્દીપઃ' એ ન્યાયથી આપનામાં જે માહાત્મ્ય સિદ્ધ છે તે અશેષ માહાત્મ્ય પોતાનાથી અતિરિકતમાં સ્થાપિત થાય છે આથી 'સ્થાપિત' કહેલું છે. સિદ્ધ નહીં (તેથી જ આગળનું નામ ''સ્મયાપહઃ'' કહેલું છે કે જો કોઈ સિદ્ધ માનીને ગર્વથી સ્વચ્છન્દ આચરણ કરશે તો તેવા ગર્વને શ્રીમહાપ્રભુજી **સર્વથા ભક્ષયિષ્યન્તિ** એ શ્રાપ દ્વારા ચૂર કરવાવાળા છે)

વદનાનલદાસ શ્રીવલ્લભજી આપ આ નામની વ્યાખ્યા કરતાં આજ્ઞા કરે છે કે આપનાથી પ્રગટ થયેલા પુત્રપૌત્રાદિરૂપ વંશમાં અશેષ માહાત્મ્ય સ્થાપિત કર્યું છે. ''નમામિ હૃદયે શેષે....'' (ભાગ. સુબો.૧૦।૧।૧) કારિકામાં કહેવાયેલું અંતરંગ લીલાના આધારરૂપ જે આપનું હૃદય છે તેના સિવાયનું પોતાનું (પુષ્ટિ દૈવી)

જીવોના ઉદ્ધાર માટે નામદાનથી ઉદ્ધારક રૂપે પ્રકટ થયેલું માહાત્મ્ય તેટલું જ અને તેવું જ. ત્યાં તેટલો જ અંશ બીજામાં સ્થાપિત કરવાથી તેમના દ્વારા જીવોનો ઉદ્ધાર થશે. **ગુરૂ તો કેવળ શ્રીમહાપ્રભુજી જ છે.** 'સ્થાપિત' પદથી આગન્તુક (આવનારૂં) કહ્યું છે. તેનું (માહાત્મ્યનું) પ્રયોજન સિદ્ધ થયે ''યાવદધિકારમ્ અવસ્થિતઃ આધિકારિકાણામ્'' (બ્ર.સૂ.૩।૩।૩૨) એટલે કે જે જીવમાં જે કાર્ય સિદ્ધ કરવાનો અધિકાર ભગવાને આપેલો છે, તે કાર્ય સિદ્ધ કરવા માટે સમર્થ એવા પોતાના જે ધર્મો ભગવાને તેમાં સ્થાપિત કરેલા છે તેને 'આધિકારિકાઃ' કહેવાય છે. તે કાર્યનું સંપાદન કરવું એ જ તે અધિકારનું પ્રયોજન છે એટલે કે ત્યાં સુધી જ તેની (ધર્મોની) તેનામાં સ્થિતિ છે એવો અર્થ છે. આમ હોઈને તે (કાર્ય) સંપાદન થતાં તે (અધિકાર) નિવૃત્ત થાય છે એટલે તેની સાથે જોડાયેલા ધર્મો પણ નિવૃત્ત થાય છે તેથી તેમનો વ્યાપાર મુક્તિ સુધી સંભવતો નથી; કારણ કે ભગવાને તેમ જ વિચાર્યું છે. મુક્તિ તો ભક્તિથી જ (પ્રાપ્ત થાય છે) એવો ભાવ છે. (અણુભાષ્ય ૩।૩।૩૨) આ ન્યાયથી પૃથુવત્ તેનું તિરોધાન થાય છે એમ સુચવ્યું છે. તેમના ભગવદ્ધર્મોથી તેમનામાં દોષો હોવા છતાં આધારદોષ સમ્બન્ધ નથી, ફકત જીવોના ઉદ્ધાર માટે તેનું સ્થાપન છે. (સ્વચ્છન્દ વર્તન કરવા માટે નહીં) પોતાના ઉદ્ધાર માટે પૃથુવત્ તેમને પણ (શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તો-ઉપદેશોનું પાલન કરવાનું) કર્તવ્ય છે. ઉપદેશ માત્ર પુરતુ (નામ-બ્રહ્મસમ્બન્ધ દીક્ષા અને શ્રીઠાકોરજી પધરાવીને સેવામાં પ્રવૃત્ત કરવા) તે (અશેષ મહાત્મ્યનું) સ્થાપન છે તેના અનધિકારી સ્ત્રીપુત્રી વગેરે છે. તેમનામાં સ્થાપન કરેલું નથી તેમ જાણવું.

વિશેષ શ્રીહરિરાયજી ૧૮માં શિક્ષાપત્રમાં ૧૫મા શ્લોકમાં આજ્ઞા કરે છે કે શ્રીકૃષ્ણ, શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીસ્વામિનીજીના સમાન જો કોઈને જાણે એટલે કે એમના સમાન બીજા કોઈમાં પણ બુદ્ધિ રાખે તો તેનો સર્વથા નાશ થશે આ નિશ્ચિત જાણવું અને તેની ટીકામાં **શ્રીગોપેશ્વરજી** તેને આસુરી જાણવો એમ આજ્ઞા કરે છે. અને ત્રીજા શિક્ષાપત્રના તેરમાં શ્લોકમાં પણ શ્રીહરિરાયજી આજ્ઞા કર છે કે શ્રીકૃષ્ણ, શ્રીમદાચાર્યજી, શ્રીગુસાંઈજી અને બધી જ લીલાસામગ્રી આ બધાની બરોબરી કરી શકે તેવું લૌકિકમાં કયારેય અને કોઈપણ નથી. અસ્તુ.

પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર, રાજકોટ વતી
રમેશ પંચાસરા.

।। શ્રીસર્વોત્તમ સ્તોત્ર ।।

ગુરુ ગોવિંદ દોનું ખડે કિનકૌં લાગુ પાય
બલિહારી ગુરુદેવકી જીને ગોવિંદ દિયો દિખાઈ

પ્રથમ પ્રણામ મારા ગુરુદેવ શ્રીવલ્લભને અને પછી પ્રણામ મારા ઈષ્ટદેવ શ્રીનવનિતપ્રિયાજીને. ગુરુ અને ગોવિંદનાં શ્રીચરણોમાં પ્રણામ કર્યા પછી હું વૈષ્ણવોની ગાયત્રીરૂપ શ્રીસર્વોત્તમ સ્તોત્રની ટીકા (વિવેચન)નો પ્રારંભ કરીશ.

સર્વોત્તમ સ્તોત્રના પાંત્રીસ શ્લોકો છે. એ પાંત્રીસ શ્લોકોના ભાવને સમજવા માટે, તેના ત્રણ ભાગ પાડવા જરૂરી છે. યથા, છ; સાડીછવીસ અને અઢી શ્લોક મળી કુલ પાંત્રીસ શ્લોક થાય. સર્વોત્તમના પહેલા છ શ્લોકમાં મંગલાચારણ, પછીના સાડીછવીસ શ્લોકમાં આચાર્યશ્રીના નામોનું નિરૂપણ અને છેલ્લા અઢી શ્લોકમાં ઉપસંહાર કરવામાં આવ્યો છે.

શ્રીસર્વોત્તમના પહેલા છ શ્લોકો શ્રીગુસાંઈજીએ કરેલા મંગલાચરણ રૂપે છે. તેમાં શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી સાકાર બ્રહ્મ એવા ભગવાન શ્રીકૃષ્ણને પ્રણામ કરીને, શ્રીમદ્દાચાર્ય ચરણના પ્રાકટયનો હેતુ કહી બતાવે છે.

પ્રાકૃત (લૌકિક) ધર્મોથી રહિત છતાં અપ્રાકૃત (દિવ્ય) ગુણોથી વિભૂષિત એવા એ સાકાર બ્રહ્મનું સ્વરૂપ સમજવા માટે સાક્ષાત પ્રભુએ પોતાના મુખમાં રહેલા આધિદૈવિક અગ્નિને પૃથ્વી ઉપર પ્રકટ કર્યા. વૈશ્વાનર એવા શ્રીવલ્લભે શ્રીસુબોધિનીજી જેવા ગ્રંથો રચીને પ્રભુના એવા સાકાર સ્વરૂપને ઓળખાવ્યું તો ખરું; પરંતુ સુબોધિનીજીની ભાષા સુત્રાત્મક હોઈ સામાન્ય જીવ માટે તેને સમજવાનું મુશ્કેલ બની ગયું. પરિણામે ભગવાન સાથે ભક્તનો યોગ કરાવતા તે ભક્તિયોગમાં પ્રતિબંધો ઉભા થયા. તે પ્રતિબંધોને દૂર કરવા માટે અગ્નિકુમાર શ્રીગુસાંઈજીએ શ્રીવલ્લભના નિત્ય સિદ્ધ એવાં એકસોને આઠ નામો પ્રકટ કર્યાં. તે નામોનો નિરંતર જપ કરવાથી શ્રીવલ્લભની દુર્બોધ લાગતી વાણી સર્વ માટે સુલભ બની જાય છે.

ત્યાર પછી શ્રીગુસાંઈજીએ સર્વોત્તમના નિત્યપાઠથી મળતા અલૌકિક ફળનો ઉલ્લેખ પણ કર્યો છે. આપશ્રીએ કહ્યું છે કે શ્રીસર્વોત્તમનો નિત્ય પાઠ

કરનાર જીવ કૃષ્ણાધરામૃતનો આસ્વાદ કરી શકશે. આથી વધું સારું અલૌકિક ફળ બીજું શું હોઈ શકે ? પુષ્ટિમાર્ગીય જીવ એ એક જ ફળને પ્રાપ્ત કરવા ઝંખે છે. શ્રીગોપીજનોને એ પ્રાપ્તિ સહજ રીતે થઈ હતી. કારણ કે તેઓ તેનાં અધિકારી હતાં. પરંતુ કલિકાલના પંચવિધ દોષોથી ભરેલા જીવોને માટે આવા દિવ્ય ફળને પ્રાપ્ત કરવાનું શક્ય નથી. જો શ્રીમહાપ્રભુજી તેમના ઉપર કૃપા કરે તો તેઓ પોતપોતાના અધિકાર પ્રમાણે કૃષ્ણાધરામૃતનો ઓછેવત્તે અંશે આસ્વાદ કરી શકે. પરંતુ એ પણ કાંઈ સાધારણ ફળ ન કહેવાય. શ્રીસર્વોત્તમના પહેલા છ શ્લોકોમાં આ રીતે શ્રીવલ્લભનાં ૧૦૮ નામો પ્રકટ કરવાનું કારણ અને તે નામોનું રટણ કરવાથી મળતા ફળનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

ત્યાર પછી શ્લોક નં.૭ થી ૩ર માં શ્લોકના પૂર્વાધ સુધીની સાડી છવીસ શ્લોકમાં શ્રીગુસાંઈજીએ શ્રીવલ્લભાધિશનાં ૧૦૮ દિવ્ય નામો પ્રકટ કર્યાં છે.

પછીના અઢી શ્લોકમાં એટલે કે ૩૩મા શ્લોકના ઉત્તરાર્ધથી ૩૫મા શ્લોકના અંત સુધીના અઢી શ્લોકોમાં, શ્રીસર્વોત્તમ સ્તોત્રનો ઉપસંહાર કરતાં શ્રીગુસાંઈજીએ પુનઃ પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું છે કે જે કોઈ જીવ આચાર્યશ્રીના મેં પ્રકટ કરેલાં આ ૧૦૮ નામોનો નિત્ય નિયમ મુજબ શ્રદ્ધાવિશુદ્ધ બુદ્ધિથી પાઠ કરશે તેને મેં અગાઉ કહ્યા પ્રમાણે કૃષ્ણાધરામૃતાસ્વાદનું દિવ્ય ફળ અવશ્ય પ્રાપ્ત થશે.

ત્યાર પછી એ ફળનું મહત્ત્વ સમજાવતાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે કૃષ્ણના અધરામૃતનો આસ્વાદ એ એક એવું ફળ છે કે જે ન મળે તો તેની સામે મોક્ષપ્રાપ્તિનું ફળ વૃથા છે. એટલે કે જો પુષ્ટિજીવને કૃષ્ણાધરામૃતાસ્વાદને બદલે મોક્ષપ્રાપ્તિ થાય તો તેને માટે મોક્ષની પ્રાપ્તિ વૃથા છે, નકામી છે. પુષ્ટિ જીવને મોક્ષપ્રાપ્તિ જેવા સાધારણ ફળથી સંતોષ ન થાય. તે મોક્ષપ્રાપ્તિ ઈચ્છતો પણ નથી. તેને તો સ્વરૂપાનંદની પ્રાપ્તિથી જ સંતોષ થાય. અને જો તેને કૃષ્ણાધરામૃતાસ્વાદની પ્રાપ્તિ થઈ જાય તો મોક્ષપ્રાપ્તિ તેને માટે અર્થ વગરની (તદન નકામી) બની જાય છે. એટલા માટે શ્રીગુસાંઈજી ફરીફરીને ભારપૂર્વક પુષ્ટિજીવોને આજ્ઞા કરે છે, ''હે પુષ્ટિ જીવો, જો તમે કૃષ્ણરસ પ્રાપ્ત કરવાના ઈચ્છુક હો તો તમે સર્વોત્તમ સ્તોત્રનો જપ કરો.''

આ છે શ્રીસર્વોત્તમ સ્તોત્રનું હાર્દ; સૌથી પહેલાં તે સમજી લો. તેથી

તમને સર્વોત્તમ સ્તોત્રની રચના કોણે કરી, શા માટે કરી અને તે રચના કરવા પાછળ તેના રચયિતાનો શો ઉદ્દેશ્ય હતો તે સમજાશે. આટલું સમજીને પછી, જો તમે એ દિવ્ય ફળની પ્રાપ્તિના ઈચ્છુક હો તો હંમેશા નિયમિત પણે તેનો પાઠ કરજો. અને જો પાઠ કરશો તે શ્રીગુસાંઈજીએ ફળપ્રાપ્તિની વાત કરી છે તે ફળની પ્રાપ્તિ તમને અવશ્ય થશે.

હું તો એક સાધારણ વૈષ્ણવ છું. તેથી વિશેષ શું કહું ? સૌ વૈષ્ણવોને સાદર વંદન કરીને તેમને દીનતાપૂર્વક વિનંતી કરું છું કે પુષ્ટિમાર્ગના આ સર્વથી ઉત્તમ (સર્વોત્તમ) સ્તોત્રનો પાઠ રોજેરોજ ઓછામાં ઓછો બે વખત તો કરો જ કરો. એક સવારે ઊઠીને પ્રભુસેવા કરતાં પહેલાં અને બીજો રાત્રે સૂતા પહેલાં. સર્વોત્તમ સ્તોત્ર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની ગાયત્રી છે. ગાયત્રીનો જપ કરવાથી સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય છે. વૈષ્ણવોની આ ગાયત્રીનો પાઠ કરવાથી સ્વરૂપાનંદની પ્રાપ્તિ માટેની તમારી ઝંખના તીવ્ર બની જશે અને અંતે કૃષ્ણાધરામૃતાસ્વાદની પ્રાપ્તિ થઈને જ રહેશે.

આ ગ્રંથના પ્રત્યેક શ્લોકને સમજાવવા માટે આપણે આ રીતની પદ્ધતિ અપનાવીશું : (૧) મૂળ શ્લોક (૨) તેનો શબ્દાર્થ (૩) જે શબ્દ સંસ્કૃત પ્રચુર એટલે કે સમજવામાં કઠિન હોય તેનો અર્થ અને પછી (૪) તે શ્લોકનું વિવરણ. હું માનું છું કે તેમ કરવાથી પ્રત્યેક શ્લોકને સમજવામાં સરળતા થઈ પડશે. અસ્તુ.

શ્રીસર્વોત્તમ સ્તોત્રનો આરંભનો શ્લોક આ પ્રમાણે છે :

પ્રાકૃતધર્માનાશ્રયમ્ અપ્રાકૃત નિખિલધર્મ રૂપમિતિ ।
નિગમપ્રતિપાદ્યં યત્ તત્ શુદ્‌ધં સાકૃતિ સ્તૌમિ ।।૧।।

શ્લોકાર્થ : લૌકિક ધર્મના આશ્રય વગરના અને બધા અલૌકિક ધર્મો જેનામાં છે તેવા તથા વેદોમાં જેનું પ્રતિપાદન કરવામાં આવેલું છે, તેવા એ શુદ્ધ સાકાર પૂર્ણ પુરુષોત્તમની હું સ્તુતિ કરું છું.

કઠિન શબ્દાર્થ : **પ્રાકૃતધર્મો** : લૌકિક એટલે કે પ્રકૃતિજન્ય ગુણો, જેવાકે સત્ત્વ, રજસ્ અને તમસ્ ગુણો. પ્રભુના સ્વરૂપમાં આવા સત્ત્વ, રજસ્ અને તમસ્ ગુણો નથી.

અપ્રાકૃત ધર્મો : અલૌકિક ગુણો જેવા કે રસ અને આનંદ. પ્રભુના સ્વરૂપમાં રસ અને આનંદ જેવા દિવ્ય ગુણો છે. નિગમઃ વેદશાસ્ત્ર; સાકૃતિઃ સાકાર, જેને આકાર છે તેવું.

વિવેચન : પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનું સ્વરૂપ કેવું છે ? તો કે તેનામાં પ્રકૃતિના ત્રણ ગુણો છે : સત્ત્વ, રજસ અને તમસ્ પ્રકૃતિજન્ય એ ગુણોનો આરોપ આપણે પ્રભુમાં ન કરી શકીએ. પરંતુ, 'પ્રભુના સ્વરૂપમાં પ્રાકૃતિક ગુણોનો અભાવ છે' એવું કહેવા માત્રથી પ્રભુના સ્વરૂપને સમજાવી ન શકાય. પ્રભુનું સ્વરૂપ નિર્ગુણ છે. એટલે કે પ્રાકૃતિક ગુણોના અભાવવાળું છે એવો અને એટલો જ એનો અર્થ નથી. આ તો નિર્ગુણ સ્વરૂપનું નકારાત્મક પાસું છે. તેનું હકારાત્મક પાસું પણ છે. એટલે કે તેનામાં કશુક નથી અને કશુક છે પણ ખરું. નિર્ગુણ એટલે કોઈપણ પ્રકારના ગુણોથી રહિત એવો એનો અર્થ થતો જ નથી. પ્રાકૃત ગુણોથી રહિત હોવા છતાં પ્રભુના સ્વરૂપમાં અપ્રાકૃત (દિવ્ય) ગુણો તો છે જ. ભગવાન રસમય છે અને આનંદમય પણ છે. વેદશાસ્ત્રમાં પ્રભુના આવ સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. 'રસોવૈસઃ' અને આનંદ માત્ર કર પાદ મુખોદરાદિ એ બે શ્રુતિવાકયો પ્રભુના સ્વરૂપને સ્પષ્ટપણે સમજાવે છે. 'તે (બ્રહ્મ) રસરૂપ છે'; તેના બધાં અંગો હાથ, પગ, મુખ, ઉદર આદિ બધાં અંગો-કેવળ આનંદમય છે એવું શાસ્ત્રો કહે છે.

પ્રભુનુ સ્વરૂપ દિવ્ય તત્ત્વોથી બનેલું છે અને તે સાકાર પણ છે. સાકારનો અર્થ એવો નથી કે પરબ્રહ્મ પરમાત્માનો એક નિશ્ચિત આકાર છે; એટલે કે તે નરાકાર જ (નરના આકારવાળો) છે. જેમ પ્રભુના ગુણો દિવ્ય છે તેમ પ્રભુનો આકાર પણ દિવ્ય છે. તે મચ્છ, કચ્છ કે નરસિંહ રૂપે દેખાય છે અને રામ, કૃષ્ણ કે વામનજી રૂપે પણ દેખાય છે. આપણાં આ ચર્મચક્ષુથી પ્રભુ આપણને એવા કોઈપણ રૂપે દેખાય. પરંતુ વાસ્તવમાં તેમના અંગો રસ અને આનંદના અલૌકિક તત્ત્વોથી બનેલાં હોઈ, તેમને જોતામાં જ જોનારના હૃદયમાં રસ અને આનંદનો આવિર્ભાવ થાય છે. ગોપીજનોને જે રસાનંદ પ્રાપ્ત થતો

હતો તે આનંદ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના રસ અને આનંદમય સાકાર સ્વરૂપના દર્શનથી થતો હતો.

માયાવાદીઓ પ્રભુને નિર્ગુણ અને નિરાકાર સ્વરૂપે ઓળખાવે છે. પ્રભુમાં કોઈપણ પ્રકારનો ગુણ હોઈ જ ન શકે એવું તેઓ કહે છે. તેઓ બ્રહ્મ સ્વરૂપના એકમાત્ર નકારાત્મક પાસને જ ઓળખે છે. એટલા માટે કોઈપણ ગુણ વડે ઓળખાવાતા પરબ્રહ્મને તેઓ નેતિ નેતિ (એ નહીં એ નહીં) કહીને નકારી કાઢે છે. વળી બ્રહ્મ સાકાર હોઈ જ ન શકે એવું તેઓ કહે છે.

પ્રભુના સ્વરૂપને 'પ્રાકૃતિક ગુણોથી રહિત પરંતુ દૈવી ગુણોથી યુકત તથા સાકાર' બતાવીને શ્રીગુસાંઈજીએ માયાવાદીઓના મતને ઉચ્છેદી નાખ્યો છે.

શ્રીગુસાંઈજી શ્રીસર્વોત્તમ સ્તોત્રનું મંગલાચરણ કરતી વખતે આજ્ઞા કરે છે કે એવા એ શુદ્ધ સાકાર બ્રહ્મ (કૃષ્ણ)ની હું સ્તુતિ કરું છું. ગ્રંથના પ્રારંભે કરાતા મંગલાચારણ રૂપે સર્વોત્તમજીનો આ પહેલો શ્લોક છે.

પહેલો શ્લોક વાંચીને કોઈને કદાચ એમ થાય કે પ્રભુના આવા અલૌકિક ગુણયુકત સાકાર સ્વરૂપને માત્ર તમે જ જાણી શકયા ? પૂર્વે થઈ ગયેલા બીજા બધા વિદ્વાનો, પંડિતો અને બ્રહ્મવેતાઓ વગેરે એ તો પ્રભુના આવા સ્વરૂપને કયાંય વર્ણવી બતાવ્યું નથી. તેનું કારણ શું ?

આવી શંકા કોઈને પણ થાય એ સ્વાભવિક છે. તે શંકાના નિવારણ અર્થે શ્રીગુસાંઈજી મંગલાચરણનો બીજો શ્લોક કહે છે.

કલિકાલતમશ્છન્ન દષ્ટિત્વાદ્ વિદુષામપિ ।
સમ્પ્રત્યવિષયસ્તસ્ય માહાત્મ્યં સમભૂદ્ ભુવિ ।।૨।।

શ્લોકાર્થ : વિદ્વાનોની દષ્ટિ પણ કલિકાલથી ઉત્પન્ન થયેલા અજ્ઞાનથી છવાઈ ગયેલી હોવાથી, (આ કલિકાલમાં) તેમને પ્રભુના માહાત્મ્ય (સ્વરૂપ)નું સમ્યક જ્ઞાન રહેતું નથી.

કઠિન શબ્દાર્થ : વિદુષામઃ - વિદ્વાનો; સમ્પ્રતિઃ-અત્યારે, આ કલિકાલમાં, સમભૂત્ - સમ્યક રીતે, શ્રુતિઓના કહ્યા પ્રમાણે.

વિવેચન : બીજા બધા વિદ્વાનો અને પંડિતો વગેરેએ પ્રભુના આવા સ્વરૂપનું વર્ણન કેમ કર્યું નથી તેનું કારણ બતાવતાં આપશ્રી

આજ્ઞા કરે છે કે આ તો કલિકાલ છે. તે ભલભલા વિદ્વાનોની બુદ્ધિને ભ્રષ્ટ કરી દે તેવો છે. કલિકાલ એટલે અજ્ઞાનરૂપી અંધકારથી સદ્‌બુદ્ધિને ઘેરી લે તેવો સમય. આવા સમયે જેના ઉપર પ્રભુની કૃપા હોય તેવા જીવ સિવાય અન્ય બધા વિદ્વાનો કે પંડિતોની બુદ્ધિ ઉપર અજ્ઞાન રૂપી અંધકારનું આવરણ ચઢી જ જાય. આ કારણથી વેદ શ્રુતિમાં પ્રતિપાદિત હોવા છતાં, પ્રભુના આ સ્વરૂપને તેઓ ઓળખીને તેનું એ રીતે નિરૂપણ કરી શકયા નથી. અને માયાવશ (અવિદ્યાને વશ બનીને) પ્રભુના સ્વરૂપને નિર્ગુણ નિરાકાર કહીને તેઓએ વર્ણવ્યું છે.

આ સાંભળીને વળી બીજી શંકા ઉપસ્થિત થાય છે. અને તે એ કે જો કલિકાલનો આવો ઉગ્ર પ્રતાપ અને પ્રભાવ હોય તો તમે પણ કલિકાલમાં પ્રકટ થયેલા છો ને ? તમે પણ આ પૃથ્વી ઉપર પ્રકટયા છો ને ? તો તમને પ્રભુના આ શુદ્ધ સાકાર સ્વરૂપનું જ્ઞાન કેવી રીતે થયું તે કહો. આ શંકાના નિવારણાર્થે શ્રીગુસાંઈજી ત્રીજો શ્લોક કહે છે.

દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ।।૩।।

શ્લોકાર્થ : શ્રીહરિએ જ્યારે (જીવો ઉપર) દયા કરીને, પોતાની જ વાણીથી, પોતાનું માહાત્મ્ય (સ્વરૂપ) પ્રકટ કરવાની ઈચ્છા કરી ત્યારે તેમણે ખરેખર પોતાના મુખનો (આ પૃથ્વી ઉપર) પ્રાદુર્ભાવ કર્યો.

કઠિન શબ્દાર્થ : સ્વાસ્યં – સ્વ આસ્યમ્ – સ્વ એટલે પોતાનું અને આસ્ય એટલે મુખ, પ્રાદુર્ભૂત – પ્રકટ કરવું.

વિવેચન : આ શ્લોક ગૂઢ અર્થથી ભરેલો છે તેથી તે સાવધાન થઈને સમજવો. આ શ્લોકમાં એમ કહ્યું છે કે પોતાના સ્વરૂપને સાચી રીતે કેવળ શ્રીહરિ પોતે જ સમજાવી શકે. અને સમજાવી શકાય વાણી દ્વારા; અને વાણી પ્રકટ થાય મુખ દ્વારા. તેથી પ્રભુએ દયા કરીને પોતાના મુખ વડે પોતાના સ્વરૂપને સમજાવ્યું.

શ્રીહરિનું મુખ એટલે શું ? શ્રીહરિને પાકૃત મુખ ન હોય. શ્રીહરિનું મુખ

દિવ્ય હોય. પ્રભુના દિવ્ય મુખમાં અગ્નિનો વાસ છે. અગ્નિનો ઉગ્ર પ્રતાપ છે; અગ્નિમાં બાળી દેવાની પ્રચંડ શક્તિ છે. કલિકાલમાં માયાવાદીઓનું પ્રાબલ્ય બહુ વધી ગયું હતું. તેઓ ભગવાનના સ્વરૂપને, અજ્ઞાનવશ, ખોટી રીતે સમજાવતા હતા. પ્રભુને થયું કે મારા સ્વરૂપને હું જ સાચી રીતે સમજાવી શકું. આવી રીતે પ્રભુએ વિચાર્યું અને વિચાર માત્રથી જ પ્રભુના શ્રીમુખનું પ્રાકટ્ય શ્રીવલ્લભાગ્નિ રૂપે પૃથ્વી ઉપર થયું. શ્રીવલ્લભાગ્નિનો પ્રતાપ દુઃસહ હતો. જેમ રૂના એક ઢગલાને અગ્નિની એક ચિનગારી બાળીને ભસ્મ કરી દે તેમ તેમણે માયાવાદીઓના માયાવાદને બાળીને ભસ્મ કરી દે તેમ તેમણે માયાવાદીઓના માયાવાદને બાળીને ભસ્મ કરી દીધો. આથી શ્રીહરિના મુખમાં સ્થિર એવા આધિદૈવિક અગ્નિ સ્વરૂપે, શ્રીવલ્લભનું પ્રાકટ્ય છે. એવું સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે.

આ બાબતને આપણે પ.પૂ.શ્રીનરહરિ શાસ્ત્રીજીએ જે રીતે સમજાવી છે તે રીતે સમજવા પ્રયત્ન કરીએ :

ઈશ્વર અને ઈશ્વરના અંશ રૂપ આત્મા, એ બન્નેને ન માનનાર બૌદ્ધધર્મનું ભારતમાં બહુ ભારે વર્ચસ્ છવાઈ ગયું હતું. સમ્રાટ અશોક જેવાનો રાજ્યાશ્રય મળતાં, એ બૌદ્ધ ધર્મ, સનાનત હિંદુ ધર્મને હઠાવી આખાયે ભારતમાં ફેલાઈ ગયો હતો. તે સમયે જગદ્ગુરુ શંકરાચાર્યજી પ્રકટ થયા. તેમણે બ્રહ્મ અને બ્રહ્મના અંશ એવા આત્માના અસ્તિત્વને તર્કશુદ્ધ રીતે સાબિત કરી બતાવ્યું. તેમણે બૌદ્ધ પ્રભાવને તોડયો અને સનાતન હિંદુ ધર્મની ભારતમાં પુનઃ આણ પ્રવર્તાવી.

પરંતુ કાં તો કલિકાલ તમશ્છન્ન દૃષ્ટિ હોવાને કારણે કે પછી બૌદ્ધ ધર્મનો પ્રતિકાર બૌદ્ધાના જ શાસ્ત્રજ્ઞાન દ્વારા કરવાના પ્રયત્ન રૂપે–ગમે તે હોય– તેમણે ભક્તિમાર્ગમાં બાધારૂપ બે સિદ્ધાંતો આપ્યા. તેમણે કહ્યું કે (૧) બ્રહ્મ નિર્ગુણ નિરાકાર છે. અને આત્મા પોતે બ્રહ્મ છે. અને (૨) એ બ્રહ્મ માયા શબલ છે. એટલે કે માયાની શક્તિના સહારે તેણે જગતની ઉત્પત્તિ કરી છે; અને તેથી આ જગત મિથ્યા છે; કારણ કે જગત એ તો માયામાં પડતું બ્રહ્મનું પ્રતિબિંબ માત્ર છે. બિંબ સત્ય હોય પરંતુ પ્રતિબિંબ તો મિથ્યા જ હોય.

શંકરાચાર્યજીએ બૌદ્ધ ધર્મને તો ભારતમાંથી ભગાડયો. પરંતુ તેમના આ

માયાવાદે સામાન્ય જન માટે ભક્તિના દ્વાર બંધ કરી દીધાં. તેમણે પ્રભુના સ્વરૂપને માયાવાદી દષ્ટિકોણથી સમજાવ્યું. શંકરના આ માયાવાદનું પ્રાબલ્ય સારાય ભારતમાં ફેલાઈ ગયું. ત્યારે એક આખ્યાયિકા અનુસાર (આ આખ્યાયિકા પ.પૂ.નરહરિ શાસ્ત્રીજીએ પોતાના ટીકા વ્યાખ્યાનમાં કહી બતાવી છે.) શાંકરમતના બહુ પ્રચારને કારણે ક્ષીરસાગરમાં બિરાજતા શેષનાગનાં નયનોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. અને તે અશ્રુ નારાયણ ભગવાનનાં શ્રીઅંગ ઉપર પડયાં. શેષજીને થયું, ''બધા જીવો 'અહં બ્રહ્માસ્મિ' એટલે કે 'હું બ્રહ્મ છું.' એવું રટયા કરે છે; કોઈ પણ જીવ નારાયણનું નામ લેતો નથી. આ તે કેવી રીતે સહન થાય ?'

શેષજીના કલેશને ભગવાન નારાયણ પામી ગયા. તેમણે કૃપા કરીને, માયાવાદનું પ્રાબલ્ય તોડવા માટે સ્વયં શેષ ભગવાનને ભૂતલ ઉપર મોકલ્યા. શ્રીરામાનુજાચાર્ય રૂપે શેષ ભગવાન પૃથ્વી ઉપર પ્રકટયા. તેમણે બ્રહ્મના નિર્ગુણ નિરાકાર સ્વરૂપ હોવાના માયાવાદીઓના મતનું ખંડન કર્યું અને સગુણ સાકાર સ્વરૂપનું પ્રસ્થાપન કર્યું.

પરંતુ આપશ્રીના તિરોધાન પછી કલિકાલનો પ્રભાવ વધતાં, ફરીથી માયાવાદ પ્રબળ બન્યો; અને પ્રભુના સ્વરૂપનું સાચું જ્ઞાન ભુલાઈ ગયું. પંડિતો અને વિદ્વાનો પણ, અજ્ઞાનવશ, પ્રભુના નિર્ગુણ નિરાકાર સ્વરૂપનું ગાન ગાવા લાગ્યા. આથી પ્રભુને થયું કે હવે તો મારે પોતે જ જઈને મારી વાણીથી મારા સ્વરૂપનું ભાન જગતના જીવોને કરાવવું પડશે. વાણીનું સ્થાન મુખમાં છે. તેથી ભગવાને પોતાના મુખમાં સ્થિત આધિદૈવિક અગ્નિદેવને પ્રકટ કરી, તેમને વાક્પતિ (વાણીના પતિ) બનાવી પૃથ્વી ઉપર તેમનો પ્રાદુર્ભાવ કર્યો. આ રીતે વાક્પતિ શ્રીવલ્લભનું પ્રાગટય તેમની વાણી દ્વારા માયાવાદનું ખંડન થયું અને બ્રહ્મવાદનું સ્થાપન થયું.

પરંતુ આપશ્રીની વાણી જે ગ્રંથો રૂપે ઉપલબ્ધ છે તે સૂત્રાત્મક હોવાથી દુર્બોધ-સહેલાઈથી ન સમજી શકાય તેવી છે.

આ શ્લોકમાં શ્રીગુસાંઈજીએ પ્રભુના મુખ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના પ્રાદુર્ભાવનું પ્રયોજન બતાવ્યું છે. તેમાં આપશ્રીએ સ્પષ્ટપણે સાબિત કરી બતાવ્યું છે કે -

આચાર્યશ્રી પુરુષોત્તમના સ્વરૂપનું યથાર્થ નિરૂપણ કરનાર હોવાથી, અને એ વાણી શ્રીહરિના મુખમાં જ રહેલી હોવાથી, આચાર્યશ્રી સ્વયં શ્રીહરિના મુખરૂપે પ્રકટ થયા છે. આ વાત કહેવા માટે આપશ્રીએ કહ્યું : 'ખરેખર, પોતાના મુખનો પ્રાદુર્ભાવ કર્યો.'

અહીં હવે બીજી શંકા ઉદ્‌ભવે છે. આપે કહ્યું કે પોતાના સ્વરૂપનું જ્ઞાન પોતે જાતે કરાવવા માટે, દયા કરીને, પ્રભુએ પોતાના મુખને, શ્રીમહાપ્રભુજી રૂપે પૃથ્વી ઉપર પ્રકટ કર્યા. શ્રીહરિ તો સત્ય સંકલ્પ છે. 'સત્ય સંકલ્પ તો વિષ્ણુર્નાન્યથા તુ કરિષ્યતિ'. શ્રીહરિ પોતાના સંકલ્પ પ્રમાણે જ કરે. તો શું પૃથ્વી ઉપર પ્રકટ થઈને શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણના એ સાકાર સ્વરૂપનું નિરૂપણ ન કર્યું? ન કેમ કરે ! કર્યું જ કર્યું. આપશ્રીએ નિબંધ, ષોડશગ્રંથો, અણુભાષ્ય તથા સુબોધિનીજી જેવા ગ્રંથોમાં પ્રભુના એ નિગમ પ્રતિપાદ્ય સાકાર સ્વરૂપનું નિરૂપણ કર્યું જ છે. પરંતુ શ્રીહરિની વાણીને સમજવાનું સામાન્ય જીવ માટે મુશ્કેલ છે. શ્રીમહાપ્રભુજીની વાણી સૂત્રાત્મક (થોડા શબ્દોમાં ઘણું બધું કહી દેવાય તેનું નામ સૂત્ર) હોવાથી, દૈવી જીવો માટે પણ તે દુર્બોધ બની ગઈ. આ રીતે ત્રીજા શ્લોકના અંતે ઉપસ્થિત શંકાના નિવારાણાર્થે શ્રીગુસાંઈજીએ ચોથો શ્લોક કહ્યો છે.

તદુક્તમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્ યથા તથા ।
તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહત્ ।।૪।।

શ્લોકાર્થ : પરંતુ (શ્રીહરિના) તે મુખે (શ્રીમહાપ્રભુજીએ ગ્રંથો રૂપે) જે કહ્યું તે ન સમજાય તેવું છે; માટે (તેમની વાણી) જે રીતે તે સારી રીતે સમજાય તેવું કરવા આડે આવતા બધા પ્રતિબંધોને દૂર કરવા માટે, આપશ્રીના ૧૦૮ નામ કહીશ.

કઠિન શબ્દાર્થ :તદુકતમ્ – તેમણે કહેલું, અષ્ટોત્તર શતઃ – એકસોને આઠ, પ્રવક્ષ્યામિ – સ્પષ્ટપણે હું કહીશ, અખિલ અઘઃ– બધાં પાપ.

વિવેચન : શ્રીકૃષ્ણાસ્ય રૂપ શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિની આદિ ગ્રંથો દ્વારા શ્રીકૃષ્ણના સ્વરૂપને સ્પષ્ટપણે સમજાવ્યું અને તે તત્કાલીન તેમના સેવકો સમજ્યા પણ ખરા; પરંતુ, થોડા સમય પછી, તેમના સેવકો જીવભાવવાળા બની ગયા હોઈ, તેમની બુદ્ધિ તે

સમજવા જેવી ન રહી. તેથી તેઓ સુબોધિનીજીનું તાત્પર્ય કેવી રીતે સમજે? ભગવદ્ સ્વરૂપને યથાર્થ રીતે સમજવામાં અનેક પ્રતિબંધો (ઓછી બુદ્ધિ, જીવભાવપણું આદિ)નો સામનો તેમને કરવો પડયો. એવા એ પ્રતિબંધો કેવી રીતે દૂર થાય ?

એવા એ પ્રતિબંધોને દૂર કરવાનો એકમાત્ર અને શ્રેષ્ઠ ઈલાજ છે શ્રીવલ્લભના દિવ્ય સ્વરૂપને સમજવાનો. કારણ કે 'પોતે જ પોતાના સ્વરૂપને સમજાવી શકે' એવું જે કહેવામાં આવ્યું છે તે રીતે શ્રીવલ્લભના સ્વરૂપને સમજતાં શ્રીકૃષ્ણના શુદ્ધ સાકૃતિ સ્વરૂપને સમજી શકાશે. તો પછી શ્રીવલ્લભના સ્વરૂપને સમજવા માટે શું કરવું ? તેના જવાબમાં શ્રીગુસાંઈજીએ કહ્યું, 'શ્રીવલ્લભના સ્વરૂપને સમજીને તેના દ્વારા શ્રીહરિના સ્વરૂપને સમજવા આડે આવતા પ્રતિબંધોને દૂર કરવા માટે હું વલ્લભના ૧૦૮ દિવ્ય નામો તમને કહી સંભળાવું છું તે તમે શ્રદ્ધાયુકત હૃદયથી સાંભળો. સાંભળો શું ? તેનો જપ કરો. જપ કરશો તો કૃષ્ણનું એવું સાકાર સ્વરૂપ સમજવા આડે આવતા એ બધા પ્રતિબંધો દૂર થશે.' આ શ્લોકમાં 'અખિલાઘહત' શબ્દ છે. તેનો અર્થ છે. 'બધાં પાપોને દૂર કરનાર.'' દૈવી જીવો કે જેમણે શ્રીવલ્લભનું શરણ લઈ, આપશ્રી દ્વારા બ્રહ્મસંબંધ કરાવ્યો છે તેવા જીવોને પાપ કેવી રીતે વળગે ? અહીં 'અઘ' નો અર્થ પાપ એવો કરવાનો નથી. અઘ એટલે પ્રતિબંધનો પુષ્ટિમાર્ગમાં પ્રભુના સ્વરૂપને યથાર્થ રૂપે ન સમજવું એ મોટું પાપ છે. એ પાપને એટલે કે પ્રભુના સ્વરૂપને યથાર્થ રૂપે સમજવા આડે આવતા પ્રતિબંધોને દૂર કરવા માટે, શ્રીગુસાંઈજીએ કૃપા કરીને, શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ દિવ્ય નામો આપણને કહી બતાવ્યાં છે.

શ્રીમહાપ્રભુજીના દિવ્ય નામો પ્રકટ કરવાનાં છે; તે બધાં નામો નિત્ય સિદ્ધ છે. કોઈ નવાં નામો પ્રકટ કરવાનાં નથી. જે છે અને છે જ એવાં શ્રીવલ્લભનાં અલૌકિક નામોનું દર્શન કરીને, દર્શન કરનાર ઋષિએ તે પ્રકટ કરવાનાં છે. તે પ્રકટ કરવા માટે સામાન્ય રીતે છંદનો પ્રયોગ કરવો પડે છે. તેથી તે નામોના દ્દષ્ટા, છંદ, દેવતા અને બીજનો ઉલ્લેખ કરવો પડે. હવેના શ્લોકમાં શ્રીગુસાંઈજી તેમનો ઉલ્લેખ કરે છે.

ઋષિર્ અગ્નિકુમારસ્તુ નામ્નાં છન્દો જગત્યસૌ ।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારુણિકઃ પ્રભુઃ ।।૫।।

શ્લોકાર્થ : નામ દર્શનના ઋષિ તો અગ્નિકુમાર છે. અષ્ટોતર શત એ બધાં નામોનો છંદ જગતી છે; આ સ્તોત્રના અધિષ્ઠાતા દેવ શ્રીકૃષ્ણના આસ્યરૂપ શ્રીઆચાર્યજી છે અને દયાળુ પ્રભુ શ્રીકૃષ્ણ તેનું બીજ છે.

કઠિન શબ્દાર્થ : કારુણિકઃ પ્રભુઃ - કરુણામય ભગવાન શ્રીકૃષ્ણ પોતે.

વિવેચન : ઋષિ એટલે મંત્રદ્રષ્ટા. મંત્રને જોઈ શકે તે ઋષિ. શ્રીવલ્લભનાં ૧૦૮ અલૌકિક નામો તો નિત્ય સિદ્ધ છે. પરંતુ તેને જોઈને તેને પ્રકટ કરવાનું સામર્થ્ય કોઈ સાધારણ જીવમાં કયાંથી હોય ? તે માટે તો શ્રીઅગ્નિના અંશરૂપ શ્રીઅગ્નિકુમાર એટલે કે શ્રીવલ્લભના દ્વિતીય કુમાર શ્રીગુસાંઈજી પોતે એકમાત્ર સક્ષમ છે. તેથી આ સ્તોત્ર રૂપી મંત્રના દૃષ્ટા શ્રીગુસાંઈજી છે. તેનો છંદ જગતી છંદ છે. વળી આ પ્રત્યેક મંત્રના અધિષ્ઠાતા દેવ હોવા જરૂરી છે. આ મંત્રના દેવતા કૃષ્ણના આસ્યરૂપ શ્રીવલ્લભ છે. અને મંત્રબીજ રૂપે તો સાક્ષાત્ કરુણામૂર્તિ ભગવાન કૃષ્ણ પોતે છે. આથી આ મંત્ર અલૌકિક બની જાય છે; તે અલૌકિક છે માટે તે અલૌકિક ફળ આપનાર છે.

પ.પૂ. શ્રીનરહરિશાસ્ત્રીજીએ કારુણિક શબ્દને શ્રીમહાપ્રભુજીની કરુણાના અર્થમાં ઘટાવ્યો છે. તેઓ કહે છે કે 'શ્રીમહાપ્રભુજી તો કરુણાનિધિ છે; જેમ વૃક્ષમાંથી બીજ થાય તેમ શ્રીમદાચાર્યચરણના હૃદયમાં દયા-કરુણા બીજરૂપે સ્થિત છે. એટલા માટે આપશ્રીએ ભકતોને માટે ગ્રંથ કર્યા. શ્રીમહાપ્રભુજીની કરુણા એ કાંઈ નિર્બળની કરુણા નથી, પરંતુ તે તો સમર્થની કરુણા છે એ બતાવવા માટે અહીં કેવળ કારુણિક શબ્દનો પ્રયોગ ન કરતાં 'કારુણિક પ્રભુ' કહ્યું છે. તેથી મંત્રબીજ રૂપે શ્રીવલ્લભની કરુણા છે એવો એનો અર્થ થયો.

અત્યાર સુધીમાં આ સ્તોત્ર શા માટે, કોણે કહ્યું; તેમાં શું છે એ બધી વાતો કહી બતાવવામાં આવી. હવે, એ સ્તોત્રનો પાઠ કરવાથી શું ફળ મળશે તે મંગલાચરણના છઠ્ઠા શ્લોકમાં કહેવામાં આવ્યું છે.

विनियोगो भक्तियोगप्रतिबन्धविनाशने ।
कृष्णाधरामृतास्वाद सिद्धिर् अत्र न संशयः ॥६॥

શ્લોકાર્થ : આ સ્તોત્રનો વિનિયોગ અર્થાત પ્રયોજન ભક્તિયોગ સિદ્ધ કરવા આડે આવતા પ્રતિબંધોનો વિનાશ કરવાનું છે. આ સ્તોત્રના પાઠથી શ્રીકૃષ્ણના અધરામૃતના આસ્વાદની પ્રાપ્તિ થાય છે તેમાં કોઈ સંશય નથી.

કઠિન શબ્દાર્થ : કૃષ્ણાધરામૃતાસ્વાદ – કૃષ્ણના અધરામૃતનો આસ્વાદ.

વિવેચન : આ શ્લોકમાં સ્તોત્ર રચવાનું પ્રયોજન કહી બતાવ્યું છે. તેના બે પ્રયોજન છે. (૧) ભક્તિયોગ સિદ્ધ કરવામાં જે કાંઈ 'દેખાય અથવા ન દેખાય એવા પ્રકારના પ્રતિબંધો' હોય તેનો જડમૂળથી ઉચ્છેદ કરવાનું છે. (૨) તેમાં ફલપ્રાપ્તિ બતાવી છે. આ સ્તોત્રના પાઠ દ્વારા કૃષ્ણના અધરામૃતના આસ્વાદરૂપી ફળપ્રાપ્તિ થશે એક કહ્યું છે.

ભક્તિયોગ એટલે શું ? ભક્તિ દ્વારા ભગવાન સાથે યોગ થવો એટલે કે ભક્તને ભગવદ્પ્રાપ્તિ થવી તેનું નામ ભક્તિયોગ. પ.પૂ.નરહરિ શાસ્ત્રીજી કહે છે, ભક્તિયોગમાં ત્રણ વિઘ્નો આવે ''વૃથા ભાષણ, વૃથા ક્રિયા અને વૃથા વિચાર. આ સ્તોત્રના પાઠ કરનારના ત્રણે પ્રતિબંધો દૂર થાય. એ વાત નિઃશંકપણે સાચી છે.

પરંતુ અગાઉના સંદર્ભમાં વિચારતાં, ભક્તિયોગમાં બીજા પણ પ્રતિબંધો આવે છે; યથા, ભક્તોનું જીવભાવપણું, શ્રદ્ધનો અભાવ અને પ્રભુના સાચા સ્વરૂપને સમજવા માટે જોઈતી બુદ્ધિની અપરિપક્વતા. સર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરવાથી જીવમાં શ્રદ્ધાનું સિંચન થશે અને શ્રીમહાપ્રભુજીની કૃપાથી તેનો જીવભાવ દૂર થઈ તેનામાં સર્વાત્મભાવ આવશે. પરિણામે તેની બુદ્ધિ નિર્મળ બનશે અને તે પ્રભુના સાચા સ્વરૂપને સમજી શકશે. ભક્તિયોગ એટલે ભગવાન સાથે યોગ થવો એટલે કે ભક્તનો ભગવાન સાથે સંબંધ થવો તે. એ સંબંધ બાંધવા આડે આવતા તમામ પ્રતિબંધો આ સ્તોત્રના પાઠ દ્વારા દૂર થશે.

પ્રતિબંધો દૂર થતાં ભક્તિયોગ (પ્રભુ સાથેનો સંબંધ) સિદ્ધ થશે. અને તેના ફલરૂપ શું મળશે ? પુષ્ટિભકત કયારેય પણ ફલપ્રાપ્તિની આશાથી કશું ન

કરે. તે સેવા કરે છે તે પણ કોઈ ફળની આશાથી નહીં; પરિણામે તેની સેવા જ સાક્ષાત્ ફલરૂપ બની જાય છે. પરંતુ તમે ઈચ્છો કે ન ઈચ્છો, નિષ્કામ ક્રિયાનું ફળ તો મળે જ છે. આ સ્તોત્રનો પાઠ કરવાથી સામાન્ય ફળ નહીં પરંતુ પુષ્ટિમાર્ગીય ફલ પ્રાપ્ત થશે.

પુષ્ટિમાર્ગીય જીવોનું સાધ્ય શું છે ? સ્વરૂપાનંદની પ્રાપ્તિ એટલે કે શ્રીકૃષ્ણના અધરામૃતની પ્રાપ્તિ. શ્રીકૃષ્ણના અધરામૃતની પ્રાપ્તિ તો થાય કો'ક ગોપીજનને કે સ્વામિની સ્વરૂપ શ્રીવલ્લભને. અન્ય જીવોને તે થાય કે ન પણ થાય. તેથી શ્રીગુસાંઈજીએ સર્વોત્તમના પાઠના ફળ રૂપે ''કૃષ્ણાધરામૃતની પ્રાપ્તિ'' એવું નથી કહ્યું; આપશ્રીએ તો કહ્યું છે, 'કૃષ્ણાધરામૃતના આસ્વાદ'ની પ્રાપ્તિ થશે.

અહીં આપશ્રીએ આસ્વાદ શબ્દ બહુ વિચારપૂર્વક મૂકયો છે. આસ્વાદ એટલે – પૂરો સ્વાદ નહીં. પરંતુ સ્વાદની ઝાંખી, થોડોક ચટકો. આસ્વાદ શબ્દ મૂકવા પાછળ આપશ્રીનો વિશેષ હેતુ છે. ઉપર કહ્યું તેમ કૃષ્ણના અધરામૃતની પ્રાપ્તિ તો ગોપીજનોને થઈ હતી. બીજા જીવોને તેનો થોડોક સ્વાદ જ મળ્યો હતો. વેણુગીત સાંભળી વૃક્ષો, ગાયો, પક્ષીઓ આદિને થોડોક સ્વાદ પ્રાપ્ત થયો હતો તે રીતે. કૃષ્ણના અધરામૃતનો આસ્વાદ મળ્યો તો તે રીતે. કૃષ્ણના અધરામૃતનો આસ્વાદ મળવો એ પણ બહુ દુર્લભ વસ્તુ છે. તેમ છતાં જેવો જેનો અધિકાર તે પ્રમાણે તેને તે 'આસ્વાદ' મળી શકે. તે મળવા આડેનાં વિઘ્નો શ્રીસર્વોત્તમના પાઠ દ્વારા દૂર થાય. પછી થોડો ઘણો પણ તેનો આસ્વાદ મળે એમાં કોઈ શંકા નથી. વેણુનાદનું રસપાન પૂર્ણરૂપે તો પૂર્ણ અધિકારી એવી વ્રજ સીમન્તિનીયોએ કર્યું હતું. પરંતુ ગાયોને પણ તેમના અધિકાર પ્રમાણે કાનના પડિયા દ્વારા કરાતા રસપાન રૂપે થયું હતું. નંદાદિ બીજા વ્રજજનોને પણ ઓછાવત્તા પ્રમાણમાં તે રસપાન કરવાનું મળ્યું હતું. અહીં આસ્વાદનો અર્થ યથાધિકાર થોડે ઘણે અંશે પણ કૃષ્ણના અધરામૃતનું પાન કરવું એવો કરવાનો છે. એમાં 'આ' એટલે થોડું એવો અર્થ કરવાનો છે. 'આ' નો અર્થ ન્યૂનતા થાય છે.

આ શ્લોક દ્વારા શ્રીગુસાંઈજી બહુ ભારપૂર્વક કહે છે કે 'આ સ્તોત્રનો પાઠ કરવાથી થોડું કે વધુ, તમારા અધિકાર પ્રમાણે કૃષ્ણના અધરામૃતનું પાન, તમે

અવશ્ય કરી શકશો. નિશ્ચય બતાવવા માટે તેમાં ન સંશયઃ એ શબ્દોનો પ્રયોગ કર્યો છે.

અહીં શ્રીગુસાંઈજી મંગલાચરણ સ્વરૂપ પહેલા છ શ્લોકો પૂરા કરે છે. તેમાં શ્રીસર્વોત્તમ સ્તોત્ર રચનાનું કારણ અને તેનો નિત્ય પાઠ કરવાથી મળતું ફળ આદિ કહી બતાવે છે.

હવે ૧૦૮ નામો પ્રકટ કરવાનું શરૂ થાય છે. જેમ જેમ શ્રીવિઠ્ઠલને શ્રીમદાચાર્યચરણનાં નામો સ્ફૂરતાં જાય છે તેમ તેમ તેઓશ્રી તે નામ પ્રકટ કરતા જાય છે. એ બધાં નામો શ્રીમદાચાર્યચરણના સ્વરૂપને બતાવનારાં છે. 'શ્રીમદાચાર્યચરણના સ્વરૂપને ઓળખતાં ઓળખનારનું હૃદય આનંદથી ભરાઈ જાય છે. આપશ્રીએ તે ઓળખ્યું છે. તેથી આપશ્રીના હૃદયમાં આનંદ ઉભરાતાં, આપશ્રીએ આચાર્યશ્રીનું સૌથી પહેલું નામ 'આનંદ' પ્રકટ કર્યું છે.

સાતમા શ્લોકથી આચાર્યશ્રીનાં ૧૦૮ નામો કહેવાશે.

નામ પ્રાકટય

સાતમા શ્લોકથી શ્રીમદાચાર્યચરણનાં દિવ્ય નામો પ્રકટ કરવાનું શરૂ થાય છે. આગળ કહ્યું તેમ શ્રીમહાપ્રભુજીનાં નામો સ્વરૂપાત્મક હોઈ તે નામો દ્વારા આપશ્રીનું પ્રગટ થાય છે. શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનો વિચાર કરતા હતા; તે સમયે તેમનું તન, મન અને અંતઃકરણ (કેવલ વિચાર માત્રથી જ) આનંદથી પરિપૂર્ણ થઈ ગયું. તેથી આપશ્રીએ શ્રીમહાપ્રભુજીનું પ્રથમ નામ 'આનંદ' પ્રકટ કર્યું. સાતમા શ્લોકમાં પહેલું નામ છે 'આનંદ' તેનું કારણ આ છે

આનન્દઃ પરમાનન્દઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ।
દૈવોદ્ધારપ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥૭॥

શ્લોકાર્થ : (૧) આનંદ સ્વરૂપ (૨) પરમાનંદ સ્વરૂપ (૩) શ્રીકૃષ્ણના મુખાર્વિંદ સ્વરૂપ (૪) કૃપાના સાગર (૫) દૈવી જીવોના ઉદ્ધાર માટે નિરંતર પ્રયત્નશીલ અને (૬) સ્મરણમાત્રથી (જીવના) દુઃખ કલેશનો નાશ કરનાર (એવા શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : આર્તિઃ = દુઃખ કલેશનો તીવ્ર અનુભવ.

વિવેચન : સાતમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના છ નામ પ્રકટ કરવામાં આવ્યા છે.

(૧) આનંદ :

શ્રીમહાપ્રભુજીના સ્વરૂપના વિચારમાત્રથી જેમનું અંતઃકરણ આનંદથી ભરાઈ ગયું છે એવા શ્રીગુસાંઈજીને લાગ્યું કે જેના ચિંતન સ્મરણ માત્રથી મને આવો અલૌકિક આનંદ થતો હોય છે, તે પોતે કેટલા આનંદમય હશે ? અને તરત જ આપશ્રીએ કહ્યું 'શ્રીવલ્લભ આનંદ છે'

વાત તો સાચી છે. પરંતુ આનંદ ત્રણ પ્રકારના છે.

(૧) વિષયાનંદ એટલે કે જીવને તેની પંચેન્દ્રિયો દ્વારા મળતો આનંદ.

(૨) અક્ષર બ્રહ્મનો ગણિતાનંદ : જ્ઞાની ભક્તો જ્યારે નિર્ગુણ, નિરાકાર બ્રહ્મને ઓળખી તેને પ્રાપ્ત કરી શકે ત્યારે તેઓ પોતે આનંદમાં આવી જઈ બોલી ઉઠે છે. 'અહમ્ બ્રહ્માસ્મિ' હું પોતે જ બ્રહ્મ છું. એમનો એ આનંદ ગણિતાનંદ છે. કારણ કે તેનું એક નિશ્ચિત માપ છે.

(૩) અગણિતાનંદ અથવા ભજનાનંદઃ પ્રભુના સ્વરૂપને નિરખીને તેને હૃદયમાં સ્થાપીને, તેનાં ગુણગાન ગાતી વખતે ભક્તને જે આનંદ મળે છે તેનું કોઈ માપ નથી. એવા આનંદને સ્વરૂપાનંદ કહેવાય. સ્વરૂપાનંદ અગણિત છે.

શ્રીગુસાંઈજીએ તો અહીં આનંદ નામ આપ્યું છે. તો આપણે એ ત્રણમાંથી કયો આનંદ સમજવો ? અન્ય જીવોની માફક શ્રીમહાપ્રભુજી ભૂતલ ઉપર જનમ્યા નથી. પરંતુ પ્રભુની આજ્ઞાથી, એક વિશિષ્ઠ હેતુથી આ ભૂતલ ઉપર તેમનો પ્રાદુર્ભાવ થયો છે. આથી આપશ્રીને વિષયાનંદનો સ્પર્શ પણ ન થાય. વળી જે બીજાને સ્વરૂપાનંદ કરાવી શકે તે પોતે અક્ષર બ્રહ્મના ગણિતાનંદમાં ન રાચે. શ્રીમહાપ્રભુજી તો શ્રીકૃષ્ણના સ્વરૂપનો પાર પામી ચૂક્યા છે. તેથી આપશ્રીનો આનંદ સ્વરૂપાનંદ હોઈ અગણિતાનંદ છે.

બીજી રીતે વિચારતાં, 'આસમંતાત્ નંદયતિ' એટલે કે પોતે પોતાના ભક્તોને બધી રીતે સુખ આપે છે. જીવને આનંદ થાય તેનું નામ જ સુખ. શ્રીમહાપ્રભુજી જીવોને સુખ આપવાના સ્ત્રોત રૂપે હોઈ આપશ્રીનું નામ આનંદ છે.

આનંદનો ત્રીજો અર્થ પ.પૂ. નરહરિ શાસ્ત્રીજીએ બતાવ્યો છે. જેમ આસ્વાદ એટલે પૂર્ણ આસ્વાદ નહીં. પરંતુ થોડોક ન્યૂન સ્વાદ. તેવી રીતે આનંદ

એટલે કે પૂરેપૂરો આનંદ નહીં પરંતુ થોડોક ન્યૂન આનંદ શાસ્ત્રીજીએ આવો અર્થ લઈને આનંદ એટલે 'નંદ' રાજાનો આનંદ. જેમના આનંદ પાસે થોડોક ન્યૂન છે એવો શ્રીમહાપ્રભુજીનો આનંદ છે' એવું કહ્યું છે. સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણના પિતા નંદને કેટલો આનંદ થતો હશે તે કલ્પનામાં ન આવે તેવું છે. તેમ છતાં તેમનો આનંદ શ્રીમહાપ્રભુજીના આનંદ કરતાં થોડોક ન્યૂન છે એવું આપશ્રીએ કહ્યું.

મને તો તેનું આવું કારણ દેખાય છે. નંદરાય કૃષ્ણને પરબ્રહ્મ કે પૂર્ણબ્રહ્મ તરીકે ઓળખતા ન હતા. તેમને મન તો કૃષ્ણ તેમનો પુત્ર હતો. અલબત્ત, 'મારો આ પુત્ર અલૌકિક આકૃતિ, ગુણ આદિથી વિભૂષિત છે' એવું જાણીને તેમનો આનંદ બહુ ઊંચી કક્ષાએ પહોંચી ગયો હતો. પરંતુ શ્રીવલ્લભ તો કૃષ્ણને પૂર્ણબ્રહ્મ તરીકે જાણતા હતા. અને શ્રીકૃષ્ણ પોતાના સ્વામી તરીકે જ પ્રકટ થયા છે એવું આપશ્રી સ્વીકારતા હતા. તેથી તો આપશ્રી સુબોધિનીજીમાં કહે છે, ''પ્રાદુર્ભૂતો મમ સ્વામી'' – મારા સ્વામીનો પ્રાદુર્ભાવ થયો છે.

એક પિતાને પોતાના પુત્ર દ્વારા મળતો આનંદ અને એક સ્ત્રીને પોતાના સ્વામી તરફથી મળતો આનંદ એ બેમાં કયો આનંદ વધુ હોય તેનો વિચાર કરો. શ્રીવલ્લભ સ્વામિનીજી સ્વરૂપ છે. આપશ્રીના ગ્રંથોમાં સ્થળે સ્થળે શ્રીકૃષ્ણને પોતાના સ્વામી તરીકે ઓળખાવ્યા છે. અને જેનો સ્વામી શ્રીકૃષ્ણ હોય તેનો આનંદ અપરિમિત જ હોય; અગણિતાનંદ જ હોય. આવું વિચારી શ્રીગુસાંઈજીએ આપશ્રીનું 'આનંદ' નામ પ્રકટ કર્યું છે.

(૨) પરમાનંદઃ

શ્રીગુસાંઈજીએ પહેલું નામ 'આનંદ' પ્રકટ કર્યું. પરંતુ આપશ્રીને લાગ્યું હશે કે કદાચ કોઈ તેને અક્ષરબ્રહ્મનો ગણિતાનંદ માની લેશે. તેથી, વધુ વિચાર કરતાં, આપશ્રીએ 'પરમાનંદ' નામ પ્રકટ કર્યું. પરમાનંદ એટલે તો સ્પષ્ટ રીતે અગણિતાનંદ અથવા સ્વરૂપાનંદ. આચાર્યશ્રી પરમાનંદ સ્વરૂપ છે. શ્રુતિમાં એ આનંદને 'યતો વાચો નિવર્તન્તે' અર્થાત જેનું વર્ણન કરતા વાણી (મન સહિત) પાછી ફરી જાય છે એવો આનંદ ગણાવ્યો છે.

શ્રીમહાપ્રભુજીમાં એવો પરમાનંદ કેવી રીતે પ્રકટયો તે બહુ સહેલાઈથી સમજી શકાય તેમ છે. પોતે પુષ્ટિમાર્ગના પ્રણેતા છે. પુષ્ટિમાર્ગના એક તત્ત્વ

તરીકે આપશ્રીએ સ્ત્રીભાવ-ગોપીભાવને ગણાવ્યો છે. સ્ત્રીભાવો ગૂઢઃ પુષ્ટિમાર્ગે તત્ત્વમ્ (સુબોધિનીજી).

આચાર્યશ્રીમાં એ ગૂઢ સ્ત્રીભાવ હોવા ઉપરાંત વ્રજભક્તો સદસ દાસત્વનો ભાવ પણ પૂરેપૂરો છે જ. સ્વ. પરીખ દ્વારકાદાસભાઈએ આ વાત બહુ સારી રીતે સમજાવી છે. તેઓ કહે છે, 'દાસત્વનો ઉત્કર્ષ સેવાથી સિદ્ધ થાય છે. સર્વોત્કૃષ્ટ વ્રજભકતોના આધિદૈવિક સ્નેહરૂપ દાસત્ત્વપૂર્ણ સેવા કરવાથી ભગવાન કૃષ્ણ પોતાના ભકતોને આધીન બની જાય છે. આવા પ્રકારનું સ્નેહપૂર્ણ દાસત્વ શ્રીસુબોધિનીજીમાં છે અને સ્વામિનીજી પ્રકારવાળું દાસત્વ શ્રીઆચાર્યજીમાં છે. તેથી આપશ્રી સ્વામિની ભાવ વિશિષ્ઠ પરમાનંદ સ્વરૂપ છે.

શ્રીવલ્લભમાં ગોપીભાવ તો હતો જ. રાસોત્સવ વખતે ગોપીજનોએ જે આનંદને પૂર્ણપણે અનુભવ્યો તે આનંદને પરમાનંદ કહેવાય. આચાર્યશ્રી તો પ્રભુની બધી જ લીલાના સાક્ષીભૂત છે. તેથી રાસલીલારૂપી ભજનાનંદથી આપશ્રી પરિપૂર્ણ છે. એ કારણે આપશ્રી પરમાનંદ સ્વરૂપ છે. આપશ્રીએ પોતે પણ તે જાહેર કર્યું છે. આપશ્રી આજ્ઞા કરે છે ''અહં નિરુદ્ધા રોધેન નિરોધ પદવીંગત'' એટલે કે ભગવદ્ સ્વરૂપમાં રોધ દ્વારા, નિરોધ સિદ્ધ કરીને મેં નિરુદ્ધ પદવી પ્રાપ્ત કરી છે.

વળી આપશ્રી પ્રભુના જે સ્વરૂપને નિજ હૃદયમાં ધારણ કરેછે તે સ્વરૂપ પણ પરમાનંદપ્રદાયક છે. આપશ્રી કહે છે –

નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિ શાયિનમ્ ।
લક્ષ્મીસહસ્ત્ર લીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ।।

અર્થાત્ ભગવદ્લીલાઓ રૂપી ક્ષીરસાગરમાં, નિજ હૃદયરૂપી શેષ ઉપર બિરાજતા અને શ્રીગોપીજનો રૂપી અનેક લક્ષ્મીઓથી સેવાતા એવા કલાનિધિ સ્વરૂપને આપશ્રી નમન કરે છે. એ સ્વરૂપથી વધુ આનંદ દાયક બીજુ શું હોઈ શકે? અને જેણે એ સ્વરૂપને સદાકાળ પોતાના હૃદયમાં ધારણ કરી રાખ્યું છે તેનો આનંદ કેવો હોય ? પરમાનંદઃ સ્વરૂપાનંદ.

એટલા માટે આપશ્રીનું બીજું નામ 'પરમાનંદ' પ્રકટ કરવામાં આવ્યું છે.

(૩) શ્રીકૃષ્ણાસ્યમ્ :

આચાર્યશ્રી શ્રીકૃષ્ણના આસ્યરૂપ છે, એ તો શ્રીગુસાંઈજીની કૃપાથી સૌ કોઈ જાણે છે. આપશ્રી પોતે પણ પોતાને અગ્નિઋષિ નામથી ઓળખાવે છે. એ અગ્નિ તો શ્રીકૃષ્ણના મુખમાં સદૈવ બિરાજતો આધિદૈવિક અગ્નિ છે. પોતાના સ્વરૂપને ન સમજતા જીવોને નિજ સ્વરૂપનું જ્ઞાન પોતે જ કરાવી શકે એવું સમજીને, ભગવાને નિજ મુખને ભૂતલ ઉપર પ્રકટ કર્યું; અને એ મુખે પોતાની વાણી દ્વારા શ્રીકૃષ્ણના સ્વરૂપને સમજવાનું સૌ કોઈ માટે શક્ય બનાવ્યું.

શ્રીવલ્લભને 'વિભુવદનાનલાવતાર' નામથી પણ ઓળખવામાં આવે છે. તેનો અર્થ પણ એ જ છે. વિભુ કહેતાં શ્રીકૃષ્ણના વદન (મુખ)માં રહેતા અનલ (અગ્નિ)નો અવતાર એટલે શ્રીવલ્લભાગ્નિ.

(૪) કૃપાનિધિ:

જે કૃપાના ધામ રૂપ છે એટલે કે જેનામાં અત્યંત અલૌકિક કૃપા છે તે કૃપાનિધિ. આપશ્રી કૃપાના ધામરૂપ હોઈ પોતે અંગીકાર કરેલ પુષ્ટિમાર્ગીય ભક્તોને આપશ્રી સાક્ષાત ભગવદ્‌સંબંધ રૂપી ફળ આપે છે. પરંતુ એ રીતે, આપશ્રી અસંખ્ય જીવો ઉપર કૃપા કરે તો આપશ્રીની કૃપાનો જથ્થો ખલાસ ન થઈ જાય એવી શંકા કદાચ થાય તે શંકાના નિવારણ અર્થે કહ્યું કે આપશ્રી તો કૃપાના સાગર (નિધિ)રૂપ છે. સાગરમાંથી બાષ્પ રૂપે નિરંતર અગાધ જળ ઊડી જતું હોય છે છતાં સાગર ભરેલો જ રહે છે. તે રીતે કૃપાનિધિ એવા શ્રીમહાપ્રભુજીની કૃપા અસંખ્ય જીવો નિરંતર પામે છે છતાં તેમની કૃપાનો સાગર તેવો ને તેટલો જ ભરેલો રહે છે.

કૃપાનિધિ નામનો અર્થ બીજી રીતે પણ સમજાવી શકાય. આપશ્રી કૃપાના અક્ષય ભંડાર રૂપ છો. કૃપા કોના ઉપર કરવાની હોય ? જે જીવને કૃપાની જરૂર હોય તેના ઉપર. અલૌકિક જીવોને તે કૃપાની જરૂર ન હોય. લૌકિક (દુનિયાના) જીવોને કૃપાની જરૂર હંમેશા રહેતી હોય છે. આપશ્રી તો વ્યાપી વૈકુંઠમાં સદૈવ બિરાજો છો. ત્યાં તો અનેક અલૌકિક જીવો બિરાજે છે. તેમને કૃપાની જરૂર નથી. ભૂતલના જીવોને કૃપાની જરૂર છે તો મારે ભૂતલ ઉપર પ્રકટવું રહ્યું. એવું વિચારી, કૃપાનિધિ હોવાથી, આપશ્રીએ પૂર્ણાનંદથી પરિપૂર્ણ એ સ્થાન છોડીને ભૂતલ ઉપર પ્રકટવાનું યોગ્ય માની લીધું. એ છે આપશ્રીની

કૃપા. ભૂતલ ઉપર પ્રકટીને આપશ્રીએ નિજ કૃપાનો ધોધ નિજ અંગીકૃત એવા દૈવી જીવો ઉપર વરસાવ્યો. તેથી તો તેમનું બીજું નામ છે. 'દૈવોદ્ધારપ્રયત્નાત્મા'. દૈવી જીવોનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરવામાં પણ આપશ્રીની કૃપા જ કારણભૂત છે. એટલા માટે આપશ્રીનું કૃપાનિધિ નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૫) દૈવોદ્ધાર પ્રયત્નાત્મા :

દૈવી જીવોના ઉદ્ધાર માટેના પ્રયત્નમાં જેનું અંતઃકરણ પરોવાયેલું છે એવા આપશ્રી દૈવી જીવોના ઉદ્ધાર માટે સદા પ્રયત્નશીલ રહ્યા છો. તેવા જીવોના ઉદ્ધાર માટે આપશ્રીએ ત્રણ વાર ભારતની પરિક્રમા કરી અને જ્યાં જ્યાં દૈવી જીવો દેખાયા ત્યાં ત્યાં તેમની પાસે જઈ તેમનો ઉદ્ધાર કર્યો. પરંતુ આપશ્રીના તિરોધાન પછી, દૈવોદ્ધારનું કાર્ય કેવી રીતે ચાલુ રહે એનો વિચાર કરી આપશ્રીએ ષોડશગ્રંથો, નિબંધ, અણુભાષ્ય તથા સુબોધિનીજી જેવા ગ્રન્થો રચ્યા. એ ગ્રંથોનું વાંચન, મનન અને ચિંતન કરવાથી દૈવી જીવોના ઉદ્ધાર સહેલાઈથી થઈ જાય છે.

શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનું દૈવોદ્ધાર પ્રયત્નાત્મા નામ પ્રકટ કર્યું છે. જીવ સૃષ્ટિ બે પ્રકારની હોવાનું ગીતામાં બતાવ્યું છે; દૈવી અને આસુરી. દૈવી સૃષ્ટિની અંગર્તત પુષ્ટિ અને મર્યાદા જીવોનો સમાવેશ થાય છે. અને આસુરી સૃષ્ટિની અંતર્ગત પ્રવાહી જીવોનો સમાવેશ થાય છે. આપશ્રી દૈવીજીવોનો ઉદ્ધાર કરવા માટે પ્રયત્નશીલ રહે છે. બધા પુષ્ટિજીવો અને જે મર્યાદા જીવો આપશ્રીની શરણમાં આવે તે બધા જ જીવોના ઉદ્ધાર આપશ્રી સમાન રીતે કરે છે. શ્રીવલ્લભનું શરણ ગ્રહણ કરનાર જીવોનો ઉદ્ધાર જરૂર થાય. આસુરી જીવો આચાર્યશ્રીનો પ્રભાવ અને પ્રતાપ જુએ છે તો ખરા પરંતુ તેઓ તેમના શરણમાં આવતા નથી. તેથી આપશ્રી તેમનો ઉદ્ધાર ન કરે. આ અર્થમાં આપશ્રીનું નામ 'દૈવોદ્ધાર પ્રયત્નાત્મા' પ્રકટ કરવામાં આવ્યું છે.

પરંતુ શ્રીવલ્લભે પોતે ભગવાન કૃષ્ણને 'સર્વોદ્ધાર પ્રયત્નાત્મા' નામ આપ્યું છે. શ્રીકૃષ્ણ, પોતાના કૃપાબળે કરીને આસુરી જીવોનો ઉદ્ધાર પણ કરે છે. પછી ભલેને તે જીવ તેમનું શરણ ગ્રહણ ન કરે. અજામિલ આદિ જીવોનો ઉદ્ધાર આપે કેવળ અનુગ્રહ બળે કર્યો હતો. પૂતના, કંસ આદિ સહસ્રાવધિ

જીવોનો ઉદ્ધાર કૃષ્ણે કર્યો જ છે. તે માટે કારણભૂત છે કૃષ્ણની કૃપા. એટલા માટે જ શ્રીવલ્લભે પુષ્ટિનું રૂપ સમજાવતાં કહ્યું છે, ''કૃષ્ણાનુગ્રહ રૂપા હિ પુષ્ટિ'' અર્થાત કૃષ્ણના અનુગ્રહને પુષ્ટિ કહે છે. એ અનુગ્રહ કયારે, કોની ઉપર કોની ઉપર કેવી રીતે થશે તે કેવળ પ્રભુ જ જાણે છે; આનું નામ પ્રમેય બળ અથવા અનુગ્રહ બળ કહેવાય. આ બાબતને શ્રીમહાપ્રભુજીએ બહુ સારી રીતે સમજાવી છે. ''અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિઃ'' એટલે કે શ્રીકૃષ્ણનો અનુગ્રહ જ પુષ્ટિમાર્ગનું નિયમન કરે છે. અનુગ્રહ તો કૃષ્ણનો જ હોય, બીજા કોઈનો નહીં. અને તે અનુગ્રહ કૃષ્ણની ઈચ્છા ઉપર અવલંબિત રહેતો હોઈ કૃષ્ણને ''સર્વોદ્ધાર પ્રયત્નાત્મા'' નામથી ઓળખાવ્યા છે. શ્રીગુસાંઈજીએ એ વાત ધ્યાનમાં લઈને શ્રીમહાપ્રભુજીનું ''દૈવોદ્ધારપ્રયત્નાત્મા'' નામ પ્રકટ કર્યું છે.

(૬) સ્મૃતિમાત્રાર્તિનાશનઃ

આપશ્રીનું સ્મરણ કરવા માત્રથી જ આપશ્રીના સેવકોની આર્તિ નાશ પામે છે. આર્તિ એટલે ત્રણ પ્રકારના તાપોઃ યથા, આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. આપશ્રી ઐહિક સુખોની પ્રાપ્તિ માટેની લાલસાને આધિભૌતિક આર્તિ ગણાવે છે. આપશ્રીનું સ્મરણ કરવાથી જીવની એવી લાલસા નષ્ટ પામે છે; પ્રભુ વિરહ જનિત આર્તિને આપશ્રી આધ્યાત્મિક આર્તિ ગણાવે છે; આપશ્રીનું ધ્યાન ધરતામાં તરત જ આપશ્રી જીવને પ્રભુના સ્વરૂપની ઝાંખી કરાવીને તે દ્વારા તેની આધ્યાત્મિકા આર્તિનો નાશ કરે છે. આપશ્રીના ભૂતલ ઉપરથી તિરોધાન પછી જીવના મનમાં આપશ્રીના સ્વરૂપને ન જોતાં જે દુઃખ થાય તેને આપશ્રી આધિદૈવિક આર્તિ ગણાવે છે. આપશ્રી સ્મરણ માત્રથી એ આર્તિનો પણ નાશ કરે છે. તેનાં અનેક દષ્ટાંતો મોજુદ છે. આસુર વ્યામોહ લીલા કર્યા પછી, આધિદૈવિક આર્તિથી પીડાતા આપશ્રીના અનેક ભક્તોને કડાના અચ્યુતદાસના ઘરમાં, આપશ્રીએ દર્શન આપ્યાં છે. કેટલાક ભક્તોને સ્વપ્નમાં પણ દર્શન આપી તેમની આધિદૈવિક આર્તિને નષ્ટ કરી છે.

આધિદૈવિક આર્તિને બીજી રીતે પણ સમજાવી શકાય. શુદ્ધ પુષ્ટિમાર્ગીય જીવોને, પોતે જે ફળ મેળવવા માગતા હતા તે ફળ મેળવવાનો માર્ગ મળતો ન હતો; અને અન્ય માર્ગો દ્વારા મળતા ફળ સ્વર્ગ મોક્ષાદિ ફળથી

તેમને સંતોષ થતો ન હતો. તેથી તેઓ દુઃખી થતા હતા. એટલે કે પુષ્ટિમાર્ગીય ફળ (સ્વરૂપાનંદની પ્રાપ્તિ) ન મળતાં પીડા પામતા જીવો શ્રીઆચાર્યજીને યાદ કરે કે તરત તેમને તે ફળ પ્રાપ્ત થઈ શકે છે અને એ રીતે તેમની પીડા નાશ પામે છે.

શ્રીભાગવતગૂઢાર્થ પ્રકાશનપરાયણઃ ।
સાકારબ્રહ્મવાદૈકસ્થાપકો વેદપારગઃ ॥૮॥

શ્લોકાર્થ : (૭) શ્રીમદ્‌ભાગવતના ગૂઢ અર્થને સમજવા માટે તત્પર (૮) સાકાર બ્રહ્મવાદના સ્થાપક અને (૯) વેદોનો પાર પામી ચુકેલા (એવા શ્રીમહાપ્રભુજી છે)

કઠિન શબ્દાર્થ : પારગઃ= જ્ઞાન ધારણ કરનાર, જાણનાર.

વિવેચન : આઠમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનાં ત્રણ નામો પ્રકટ કરવામાં આવ્યા છે.

(૭) શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણઃ

ભાગવતનો ગૂઢ અર્થ એટલે ગોપી ભાવ. શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ ભાગવતમાંથી તેના ગૂઢ અર્થને પ્રકટ કર્ય એટલે કે ગોપી ભાવને પ્રકટ કર્યો છે. પુષ્ટિમાર્ગની આધારશીલા રૂપ એ ગોપીભાવ છે. ગોપીભાવના આધાર પર, શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગની સ્થાપના કરી છે. શ્રીમદ્‌ભાગવતમાં ભક્તિ જ્ઞાન, કર્મ, સાંખ્ય, યોગ આદિ બધું છે; પરંતુ એ બધામાં ભક્તિ મુખ્ય છે. અને એ ભક્તિના પણ અનેક પ્રવાહો છે. તેમાંથી પ્રેમલક્ષણા ભકિતનો પ્રવાહ જ મૂળ પ્રવાહ છે. એવું આપશ્રીએ જાહેર કર્યું. ભગવાનમાં જે પ્રેમલક્ષણા ભક્તિ છે તે અતિ રસાત્મક છે, અને એ રસનું પાન કરવાનું શ્રીશુકદેવજી કહે છે.

નિગમકલ્પતરોર્ગલીતં ફલં શુકમુખાદમૃતદ્રવ સંયુતમ્ ।
પિબત ભાગવતં રસમાલયં મુહુરહો રસિકા ભુવિ ભાવુકાઃ ॥

શ્રીવલ્લભ ભાગવતને પોતાના પ્રાણથી અધિક ચાહે છે. આપશ્રી ભાગવતને વૈષ્ણવોના પરમધન રૂપે ગણાવે છે. કારણ કે ભાગવત એ તો દશલીલા વિશિષ્ઠ શ્રીનાથજી બાવાનું જ સ્વરૂપ છે એવો અનુભવ આપશ્રીને થઈ ગયો છે. તેથી શ્રીમદ્‌ભાગવતને આપશ્રી હંમેશા પોતાની પાસે રાખે છે.

એવા એ ભાગવતને આપશ્રી 'સમાધિભાષા વ્યાસસ્ય' એ નામથી ઓળખાવે છે. વ્યાસજીએ સમાધિમાં જે જોયું તેનું રચાયું ભાગવત. ભાગવત મોટે ભાગે તો વ્યાસજીની સમાધિ ભાષા છે. અને સમાધિ ભાષા તો બહુ ગૂઢ અર્થ વાળી હોય. સામાન્ય જીવ માટે તે સમજવી મુશ્કેલ ગણાય. ઘણા લોકો ભાગવત કથા વાંચે અથવા સાંભળે. પરંતુ તેમાં આવતા પ્રસંગો કે વાણી વિચારનો અર્થ ન સમજી શકે. પરિણામે અર્થનો અનર્થ કરી નાખે. અરે ! મુખ્યાધિકારી શ્રોતા એવા રાજા પરીક્ષિતે પણ અર્થનો અનર્થ કરીને શ્રીગોપીજનો અંગે શ્રીશુકદેવજીને પ્રશ્ન કર્યો હતો : 'કામભાવથી પ્રેરીત ગોપીજનો કૃષ્ણના પરમતત્ત્વને જાણતી ન હતી. છતાં કેવળ કામની તૃપ્તિ અર્થે તે વનમાં દોડી ગઈ. એવી એ ગોપીઓને પરત્પર બ્રહ્મ એવા કૃષ્ણના સ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે થઈ ? અને કૃષ્ણસખા ઉદ્ધવજી જેવા જ્ઞાની ભક્તોએ પણ શ્રીગોપીજનોને સમજવામાં ગોથું ખાધું છે. તેઓ ગોપીજનોને માટે 'વનચરી વ્યાભિચાર દુષ્ટા' એવા શબ્દોનો પ્રયોગ કરે છે. અલબત્ત ગોપીભાવ અનુભવ્યા પછી તેમની ચરણરજ ને વંદન પણ કરે છે.

શ્રીમહાપ્રભુજી ભાગવતના ગૂઢાર્થને જાણે છે. એટલા માટે તો આપશ્રીએ એવાં એ ગોપીજનોને 'ગોપીકાઃ પ્રોક્તા ગુરવઃ' - કહીને પુષ્ટિમાર્ગના ગુરુપદે સ્થાપ્યાં છે. શ્રીમદ્ વલ્લભનું પ્રાકટય જ પ્રભુના સ્વરૂપને પ્રકટ કરવા માટે થયું હતું. અને શ્રીમદ્ ભાગવતમાં પ્રભુના સ્વરૂપને ગૂઢભાષામાં સમજાવ્યું છે. આથી આપશ્રીએ ભાગવતના ગૂઢાર્થને પ્રકાશમાં લાવવા માટે શ્રીસુબોધિનીજીની રચના કરી છે; અને તેના સાત અર્થ આ રીતે સમજાવ્યા છે યથા.

શાસ્ત્રે, સ્કંધે, પ્રકરણે, અધ્યાયે, વાકયે પદેક્ષરે. આમાંથી પહેલા ચાર અર્થો-શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ અને અધ્યાયાર્થને આપશ્રીએ તત્ત્વદીપ નિબંધના ભાગવતાર્થ પ્રકરણમાં પ્રકટ કર્યો છે. બાકીના ત્રણ અર્થો વાકયાર્થ શબ્દાર્થ અને અક્ષરાર્થ (પદ)ને આપશ્રીએ સુબોધિનીજીમાં પ્રકટ કર્યા છે. આ રીતે આપશ્રી શ્રીમદ્ભાગવતના ગૂઢાર્થને પ્રકાશમાં લાવવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. તે એટલે સુધી કે એ કામ યથા સંતોષ પુરુ ન થયું

હોવાથી, આપશ્રીએ 'દેહ, દેશ પરિત્યાગ અને લોકગોચર' થવાની પ્રભુની આજ્ઞા બે વાર પાળી નથી. પ્રભુની આજ્ઞા ન પાળવી એ આપશ્રીની ભાગવતગૂઢાર્થ પ્રકાશન કરવાની તત્પરતાની તીવ્રતા બતાવે છે.

(૮) સાકાર બ્રહ્મવાદૈક સ્થાપક :

આપશ્રી સાકાર બ્રહ્મવાદના સ્થાપક છે. આમાં બે વસ્તુ સમજવાની રહે છે. બ્રહ્મવાદ એટલે શું ? અને બ્રહ્મનું સ્વરૂપ સાકાર છે કે નિરાકાર ? શ્રીમહાપ્રભુજીએ સાકાર બ્રહ્મવાદની પ્રતિષ્ઠા કરી છે.

(૧) બ્રહ્મ સાકાર છે કે નિરાકાર ? શ્રીમદ્ભાગવતનો આધાર લઈ આપશ્રી એ વાત સમજાવે છે : (૧) શ્રીશુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે, ''યદુવંશની કથા પાપોને ભસ્મ કરનારી છે. કારણ કે, યદુવંશમાં નિરાકાર નહીં પરંતુ નરાકાર પરમાત્મા અવતીર્ણ થયા છે.''

(૨) મહારાજ યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞમાં અગ્રપૂજા કોની કરવી એ પ્રશ્ન ઊભો થયો. આ સભામાં મહાન યોગીઓ તપસ્વીઓ, ભક્તો, રાજા મહારાજાઓ બિરાજતા હતા. જેના દર્શન સ્વપ્નમાં પણ થવાં દુર્લભ છે તેના દર્શન તેઓ પોતાના ચર્મચક્ષુથી કરી રહ્યા હતા. એ પરમાત્મા તે પોતે નરાકાર શ્રીકૃષ્ણ એવું નારદજી યુધિષ્ઠિરને સમજાવે છે. યોગી મહર્ષિઓને યજ્ઞ સાથે શો સંબંધ ? તેઓ તો જે પરમાત્મા યોગ, તપ આદિથી પણ પ્રાપ્ત ન થઈ શકે તેવા પરમાત્માના દર્શન વિના પ્રયાસે અને વિના પ્રતિબંધે કરવા માટે યુધિષ્ઠિરની સભામાં પધાર્યા હતા એવું નારદજી કહે છે.

(૩) ભકત પ્રહલાદના શબ્દોને સાચા કરવા માટે એ નિર્ગુણ બ્રહ્મ નરસિંહ આકારે થાંભલામાંથી પ્રકટ થયા હતા.

શ્રીમહાપ્રભુજીએ પ્રતિપાદિત કરેલું બ્રહ્મનું સ્વરૂપ છે એ વાત આપણે સમજ્યા. હવે બ્રહ્મવાદ એટલે શું તે સમજવું રહ્યું.

બ્રહ્મવાદનો સીધો અને સરળ અર્થ છે, સર્વં ખલ્વિદં બ્રહ્મ; એટલે કે આપણને દેખાતા બધા જડ અને ચેતન પદાર્થો બ્રહ્મ સ્વરૂપ છે. શ્રીશંકરાચાર્યજીએ માયાશબલ બ્રહ્મ એટલે કે માયાનો સહારો લઈ જગતનું સર્જન કરનાર બ્રહ્મ એવો માયાવાદ પ્રકટ કર્યો હતો. તેના જવાબમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું.

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુત કર્મણે ।
રૂપનામવિભેદેન જગત ક્રિડતિ યો યતઃ ।।

આ છે આપશ્રીનો બ્રહ્મવાદ. આપશ્રી કહે છે કે (૧) માયા એ કોઈ સ્વતંત્ર શક્તિ નથી; તે તો પરમાત્માની દાસી છે; તેના દ્વારા પરમાત્મા અનેક કાર્યો કરાવે છે એ વાત સાચી; પરંતુ પ્રભુની આજ્ઞા વગર, સ્વતંતત્ર રીતે, માયા કશું કાર્ય કરી ન શકે (૨) પ્રભુ પોતે બ્રહ્મ છે; જીવ તેનો અંશ છે. જેમ ભડભડતા અગ્નિમાંથી તણખા ઉદ્ભવે છે તેમ બ્રહ્મમાંથી જીવો ઉદ્ભવે છે. (૩) જગત મિથ્યા નથી. પરંતુ સત્ય છે. જગત તો બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે. બ્રહ્મ પોતે જ આ જગતના કારણરૂપ છે; કારણ સત્ય હોય તો કાર્ય પણ સત્ય હોય. બ્રહ્મ પોતે જુદાં જુદાં નામો અને રૂપો વડે આ જગતમાં ક્રીડા કરે છે; એ રીતે જોતાં જગત એ બ્રહ્મની ક્રીડાભૂમિ છે. આનુ નામ બ્રહ્મવાદ.

આ જગતમાં કારણરૂપ તથા જીવોના અંશીરૂપ એ બ્રહ્મ નિરાકાર નહીં પરંતુ સાકાર છે એવું અનુભવવું તેનું નામ સાકાર બ્રહ્મવાદ.

(૯) વેદ પારગ :

વેદનું જેને સમ્યક જ્ઞાન હોય તે વેદ પારગ કહેવાય. મહાપ્રભુજી વેદ શાસ્ત્રના જ્ઞાતા હતા. તેમનો સ્થાપેલો પુષ્ટિમાર્ગ શ્રીમદ્ભાગવતના આધારે રહેલો છે; પરંતુ, તેને વેદસ્મૃતિનું સમર્થન મળી રહ્યું છે. માયાવાદી અને નિરાકાર વાદી પંડિતો વેદની અમુક ઋચાઓનો વિકૃત અર્થ કરીને તેના આધારે પોતાના નિરાકાર બ્રહ્મવાદ અને માયાવાદનું મંડન કરે છે. જ્યારે શ્રીમહાપ્રભુજી બધી વેદ શ્રુતિઓનો નિચોડ કાઢીને તેના આધારે સગુણ સાકાર બ્રહ્મવાદનું પ્રસ્થાપન કરે છે.

વેદમાં બે પ્રકારની શ્રુતિઓ છે. કેટલીક શ્રુતિઓ ભગવાનના નિરાકાર સ્વરૂપને બતાવે છે. તો કેટલીક શ્રુતિઓ ભગવાનના સાકાર સ્વરૂપને બતાવે છે. શ્રીવ્યાસજીએ એવી પરસ્પર વિરુદ્ધ દેખાતી શ્રુતિઓનો સમન્વય કરી બ્રહ્મસૂત્રોની રચના કરી. શ્રીમહાપ્રભુજીએ વ્યાસજીના બ્રહ્મસૂત્રો ઉપર ભાષ્ય રચ્યું; તેનું નામ અણુભાષ્ય.

વેદ કહે છે કે ભગવાનને હાથ પગ નથી છતાં પગ વિના તે દોડે છે અને નેત્ર વિના તે દેખે છે. બીજી જગ્યાએ કહ્યું છે, ''ભગવાનને અનંત હાથપગ

છે.'' તેવી જ રીતે કેટલીક શ્રુતિઓમાં ભગવાનને નિરાકાર તો કેટલીકમાં સાકાર બતાવ્યા છે. વ્યાસજીએ એવી પરસ્પર વિરુદ્ધ દેખાતી શ્રુતિઓનો સમન્વય કરી પોતાના બ્રહ્મસૂત્રમાં એવું સિદ્ધ કર્યું છે કે વેદની આ પરસ્પર વિરોધી શ્રુતિઓ સાચી જ છે. માત્ર તેને તેના યોગ્ય પરિપેક્ષ્યમાં સમજવી જોઈએ. ઉદાહરણાર્થ તેઓ કહે છે કે 'ભગવાનના હાથપગ નેત્ર આદિ શરીરનાં અંગો પ્રાકૃત નથી એટલે કે પ્રાકૃત મનુષ્યોની માફક હાડચામનાં (પંચતત્ત્વોનાં) બનેલાં નથી. તે તો દૈવી તત્ત્વો જેવાં કે રસ, આનંદ આદિ વડે બનેલાં છે. 'ન લૌકિકઃ પ્રભુઃ' – પ્રભુ લૌકિક નથી. તેથી તેમના શરીરનાં અંગો રસ આનંદાદિ અલૌકિક તત્ત્વોનાં બનેલાં હોય, પંચમહાભૂતોથી બનેલાં ન હોય.'

વેદ, બ્રહ્મસૂત્રો વગેરેમાં બતાવેલી આ બધી વાતો શ્રીમહાપ્રભુજી જાણે છે તેથી તેઓને વેદ પારગ નામથી ઓળખાવ્યા છે.

માયાવાદનિરાકર્તા સર્વવાદિનિરાસકૃત્ ।
ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડઃ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ॥૯॥

શ્લોકાર્થ : (૧૦) માયાવાદનો નાશ કરનાર (૧૧) સર્વવાદીઓનો નિરાશ (દૂર) કરનાર (૧૨) ભક્તિમાર્ગરૂપી કમલને ખીલવનાર સૂર્ય સમાન અને (૧૩) સ્ત્રી શૂદ્ર આદિનો ઉદ્ધાર કરવા માટે સમર્થ (ક્ષમતા ધરાવનારા) એવા (શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : નિરાકર્તા અને નિરાસકૃતઃ નિરાકરણ કરનાર; નાશ કરનાર; દૂર કરનાર. ભક્તિમાર્ગાબ્જ= ભક્તિમાર્ગરૂપી કમળ. માર્તંડ= સૂર્ય, ઉદ્ધૃતિક્ષમઃ = ઉદ્ધાર કરવામાં ક્ષમતા ધરાવનાર.

વિવેચન : નવમા શ્લોકમાં આચાર્યશ્રીના ચાર નામ પ્રકટ કરવામાં આવ્યા છે.

(૧૦) માયાવાદ નિરાકર્તા :

આપશ્રી માયાવાદને જડમૂળમાંથી ઉખેડીને ફેંકી દેનાર છો. બ્રહ્મવાદનું સ્થાપન થાય એટલે માયાવાદ ન રહે. માયાવાદને આધારે જગત મિથ્યા ઠરે છે. જે નથી છતાં દેખાય તે મિથ્યા કહેવાય; દા.ત. ઝાંઝવાના જળ. અંધારામાં દોરીને જોઈને સાપ પડયો હોવાની ભ્રાંતિ, આ બધું મિથ્યા છે. પરંતુ બ્રહ્મવાદને

આધારે જગત બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ ગણાય છે. માયાવાદીઓ જગતને મિથ્યા ગણે છે; તો બ્રહ્મવાદીઓ જગતને ભગવાન શ્રીકૃષ્ણની લીલાભૂમિ સમજે છે. આપશ્રીએ વેદશ્રુતિના આધારે સ્પષ્ટ કરી બતાવ્યું છે કે શ્રુતિઓ માયાવાદથી વિરુદ્ધ છે. સર્વં ખલ્વિદં બ્રહ્મ – એટલે કે 'ખરેખર, આ બધું બ્રહ્મ છે.' બીજી શ્રુતિ કહે છે, ''તત્સૃષ્ટ્વા તદેવાનુંપ્રાવિશત્ ।'' એટલે કે 'તેને રચીને પછી તેમાં પ્રવેશ કર્યો.' પ્રભુએ જે રચ્યું (જગત) તે અસત્ (મિથ્યા) કેવી રીતે હોય? અને જે જણાય છે તે બધું બ્રહ્મ જ હોય તો જગત પણ દેખાય છે તેથી તે મિથ્યા ન હોય.

માયાવાદીઓ એક બીજી પણ આધાર વગરની વાત માને છે. અને તે એ કે ઈશ્વર નિરાકાર જ છે; પરંતુ માયા સાથે ઈશ્વરનો સંબંધ થતાં તે સાકાર દેખાય છે. સાકાર બ્રહ્મ એટલે માયા સાથે ઈશ્વરનો સંબંધ થતાં તે સાકાર દેખાય છે. સાકાર બ્રહ્મ એટલે માયા શબલ બ્રહ્મ; એટલે જે જગત દેખાય છે તે તો માયામાં પડેલ બહ્મના પ્રતિબિંબ સિવાય બીજું કશું નથી, અને પ્રતિબિંબ એ કાંઈ સત્ય નથી.

શ્રીમહાપ્રભુજીએ તેમને તર્કશુદ્ધ જવાબ આપ્યો છે. આપશ્રી કહે છે, ''બ્રહ્મને શબલ બનવા માટે માયાને આશ્રયે જવાનું ન હોય; બ્રહ્મ તો સર્વશક્તિમાન છે. માયા બ્રહ્મની એક સાધારણ શક્તિ માત્ર છે; ભગવાન માયાના પતિ છે; માયા તેમના આશ્રયે રહેલી છે; ભગવાન માયાના આશ્રયે રહેલા નથી. વળી માયા તો અવિદ્યા (અજ્ઞાન) જેવી ગંદી વસ્તુ છે. ગંદી વસ્તુમાં શુદ્ધ પદાર્થનું પ્રતિબિંબ ન પડે; ડહોળા પાણીમાં કશાનું પ્રતિબિંબ ન પડે અને પ્રતિબિંબ પડવા માટે તો બિંબ પોતે સાકાર હોવું જોઈએ. જો બિંબ (બ્રહ્મ) નિરાકાર હોય તો તેનું પ્રતિબિંબ કદી ન પડે.

આ રીતે માયાવાદીઓની બધી માન્યતાઓનો શ્રીમહાપ્રભુજીએ મૂળમાંથી ઉચ્છેદ કરી નાખ્યો છે, તેથી આપશ્રીનું 'માયાવાદ નિરાકર્તા' નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૧૧) સર્વવાદી નિરાસકૃત :

વાદ એટલે મત. ભારતમાં બ્રહ્મના સ્વરૂપ અંગે ઘણા મતો પ્રવર્તે છે; ન્યાયશાસ્ત્રીઓનો મત જુદો અને યોગશાસ્ત્રીઓ તથા સાંખ્ય શાસ્ત્રીઓનો મત

પણ જુદો. એ રીતે ષડદર્શન એટલે કે છ દર્શન (યોગ, સાંખ્ય, ન્યાય, વૈશેષિક, પૂર્વમિંમાસા અને ઉત્તર મિંમાસા) વાળા તમામ વાદીઓના મત જુદા જુદા છે. આપશ્રીએ એ બધા મતોનું ખંડન કર્યું છે. દા.ત. આપણે એકાદ બે મતોનું ખંડન કેવી રીતે થયું તે જોઈએ.

ન્યાયશાસ્ત્રવાળા કહે છે, ''જે વસ્તુ અસત્ય હતી તેનો જન્મ થયો'' જ્યાં સુધી માટીમાંથી ઘડો ન બને ત્યાં સુધી તે અસત્ (જેનું અસ્તિત્વ નથી તેવો) હતો. માટીમાંથી ઘડો બન્યો એટલે એ અસત્ વસ્તુનો જન્મ થયો. જ્યારે તે ફૂટી જશે ત્યારે તે અસત્ વસ્તુનો નાશ થશે. ઉપરથી જોતાં આપણને પણ લાગે કે આ વાતમાં કંઈ તથ્ય છે. પરંતુ શ્રીમહાપ્રભુજીએ આ અસત્ વાદનો નિરાસ કર્યો; આપશ્રીએ કહ્યું, જે અસત્ (જેનું અસ્તિત્વ જ ન હોય) હોય તેનો જન્મ ન થાય. વડના ટેટામાં ખસખસ જેવાં જ બીજ હોય છે. એ બીજમાંથી આખો વડ પ્રકટે છે. બીજમાં સૂક્ષ્મ રૂપે વડ રહેલો છે, તેથી તે પ્રકટે છે. જો બીજમાં વડ હોત જ નહીં તો તે કદી ન પ્રકટત. તેવી રીતે માટીમાં સૂક્ષ્મ રૂપે ઘડો રહેલો છે. માટીમાં ઘડો હતો માટે તે પ્રકટ થયો છે. તે ફૂટી જશે ત્યારે તે માટીમાં જ વિલીન થઈ જશે. ગીતાજીમાં સ્પષ્ટપણે કહ્યું છે, 'નાસતો વિદ્યતે ભાવો, નાભાવો વિદ્યતે સતઃ' એટલે કે જે અસત્ હોઈ શકે નહીં. આપશ્રીએ આ રીતે ન્યાયમતનું ખંડન કર્યું.

સાંખ્યમતવાળા ઈશ્વરને ન માનનાર (નિરીશ્વરવાદી) છે. તેઓ કહે છે, ''પ્રકૃતિ જ સર્વ કર્તા છે.'' નાસ્તિકો (સાંખ્યવાદીઓ) કહે છે, ''જગતમાં કોઈ એવી શક્તિ છે જેની પાસે આપણું જોર ચાલતું નથી. તે શક્તિને તેઓ કુદરત એટલે કે 'શક્તિ' કહે છે. તેમના મતનું ખંડન કરતાં શ્રીમહાપ્રભુજી કહે છે, ''શક્તિ તો નિરાકાર તેને ધારણ કરનાર કોઈ સાકાર તત્ત્વ હોવું જોઈએ.'' પગમાં ચાલવાની શક્તિ છે. તમે એ શક્તિને જોઈ શકો; તમે ચાલો છો એ તે શક્તિનો પ્રભાવ છે. પરંતુ ચાલી બતાવવાથી તમે તે શક્તિને મૂર્ત રૂપે (સાકાર) બતાવી શકતા નથી. પરંતુ એ ચાલવાની શક્તિ જેનામાં છે તે પગ છે અને પગ સાકાર છે. શક્તિ શક્તિમાન વગર ન સંભવે. તેથી તમે જે શક્તિને સર્વકર્તા કહો છો તેને ધારણ કરનાર, તેનું નિયમન કરનાર, કોઈ નિયામક હોવા જોઈએ. અને તે નિયામક ઈશ્વર છે.

આ રીતે આપશ્રીએ બધા મતોનું નિવારણ કર્યું. તેથી આપનું 'સર્વવાદી નિરસકૃત' નામ પ્રકટ કરવામાં આવ્યું.

(૧૨) ભક્તિમાર્ગાબ્જ માર્તંડ :

ભક્તિમાર્ગરૂપી કમલનો વિકાસ કરનાર સૂર્ય. જેમ સૂર્ય કમલનો વિકાસ કરે છે તે રીતે શ્રીઆચાર્યજીરૂપી સૂર્ય ભક્તિમાર્ગરૂપી કમલનો વિકાસ કરે છે. શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદ્ગીતા એ બે ગ્રંથોમાં ભક્તિમાર્ગ ઉપરાંત, કર્મ અને જ્ઞાનમાર્ગ પણ બતાવ્યા છે. શ્રીમહાપ્રભુજીએ તેમાંથી ભક્તિમાર્ગનો વિકાસ કર્યો છે. આપશ્રીએ બતાવ્યું કે ભક્તિમાર્ગ જગતના સઘળા જીવો માટે સુલભ હોઈ તેજ ગ્રહણ કરવા યોગ્ય છે. સૂર્યોદય પહેલાં જેમ કમળ બિડાયેલું રહે છે તેમ શ્રીમહાપ્રભુજીના પ્રાકટય પહેલાં આ ભક્તિમાર્ગ સુષુપ્તાવસ્થામાં હતો.

શ્રીમહાપ્રભુજી ભક્તિમાર્ગના પ્રકાશક હોઈ, ગીતા, ભાગવત જેવાં ભક્તિશાસ્ત્રોમાં પૂર્ણ શ્રદ્ધા ધરાવે છે. એટલું જ નહીં તેમાં બતાવેલ ધર્મો (લક્ષણો)નું નિષ્ઠાપૂર્વક આચરણ કરવામાં માને છે. આપશ્રી તો ગીતાને જ એકમાત્ર શાસ્ત્ર માને છે. 'એકમ્ શાસ્ત્ર દેવકીપૂત્રગીતમ્' દેવકીપુત્ર કૃષ્ણે ગાયેલું ગીત અર્થાત્ ગીતાને જ આપશ્રી એકમાત્ર શાસ્ત્ર માને છે અને ભાગવતને ગીતાનો વિસ્તાર ગણાવીને આપશ્રીએ તેનું અનુસરણ કર્યું છે. ગીતા ભાગવતમાં બતાવેલ એ ભક્તિમાર્ગને જ આપશ્રીએ અપનાવ્યો છે અને તેનો વિકાસ કર્યો છે. એ રીતે પોતે ભક્તિમાર્ગાબ્જ માર્તંડ નામ ધારણ કર્યું છે.

(૧૩) સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમ :

સ્ત્રી અને શૂદ્ર આદિનો પણ ઉદ્ધાર કરવામાં સમર્થ. વેદશાસ્ત્રોએ સ્ત્રી અને શૂદ્રોને વેદાધ્યયનના અધિકારી ગણાવ્યા નથી. ફકત પુરુષો અને તે પણ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના પુરુષો જ વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન કરી શકે છે. પછી ભગવાન વેદવ્યાસે ઈતિહાસ પુરાણો રચ્યાં અને તેના વાંચન મનન દ્વારા સ્ત્રીશૂદ્રાદિ માટે મુક્તિનો માર્ગ ખુલ્લો કરી આપ્યો. પરંતુ શ્રીમહાપ્રભુજીએ તો પુષ્ટિનો પથ બતાવી જીવમાત્રનો ઉદ્ધાર સહજ સાધારણ રીતે કરી બતાવ્યો. એટલા માટે આપશ્રીનું નામ 'સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમ' પ્રકટ કરવામાં આવ્યું છે.

શ્રીમહાપ્રભુજીએ મહાવનની એક ક્ષત્રાણી (સ્ત્રી) તથા યાદવેન્દ્રદાસ કુમ્હાર (શૂદ્ર) જેવાનો ઉદ્ધાર પણ કરી બતાવ્યો છે. આપશ્રી પોતાના પુષ્ટિમાર્ગમાં સ્ત્રીશૂદ્રોનો પણ અંગીકાર કરે છે. તે માટેનો શાસ્ત્રીય આધાર શ્રીમદ્‌ભગવદ્ ગીતામાં છે જ :

માંહિ પાર્થ વ્યપાશ્રિત્ય યેઽપિ સ્યુઃ પાપયોનયઃ ।
સ્ત્રીયો વૈશ્યાસ્તથા શૂદ્રાસ્તેઽપિ યાન્તિ પરાં ગતિમ્ ।।

અર્થાત્ ભગવાન કહે છે, ''હે પાર્થ, મારો આશ્રય કરીને, સ્ત્રીઓ, વૈશ્યો અને શૂદ્રો જેવા પણ ઉત્તમોત્તમ ગતિને પામે છે. ભગવાનનાં આ વચનોના આધારે આપશ્રીએ પોતાને શરણે આવેલ સ્ત્રી શૂદ્રોનો અંગીકાર કરીને તેમને પ્રભુસેવાનો અધિકાર આપ્યો છે. એ રીતે તેમને ભગવદ્‌સેવાના અધિકારી બનાવીને, તેમનો ઉદ્ધાર કરનારા શ્રીમહાપ્રભુજી છે. આપશ્રી સુબોધિનીજીની એક કારિકામાં આ પ્રમાણે કહે છે.

યે ભક્તાઃ શાસ્ત્રરહિતાઃ સ્ત્રીશૂદ્રદ્વિજ બંધવઃ ।
તેષામુદ્ધારકઃ કૃષ્ણઃ સ્ત્રીણામત્ર વિશેષત ।।

અર્થાત્, સ્ત્રી શૂદ્ર વૈશ્ય આદિ શાસ્ત્રજ્ઞાનથી રહિત જીવોના ઉદ્ધારક શ્રીકૃષ્ણ છે, તેમાં પણ ખાસ કરીને તેઓ સ્ત્રીઓના ઉદ્ધારક છે.

પોતાની આ માન્યતા પ્રમાણે આપશ્રીએ સ્ત્રી શૂદ્રો આદિને પોતાના શરણમાં લઈને તેમનો બ્રહ્મસંબંધ કરાવી આપ્યો છે અને તેમને ભગવદ્ સેવાનો અધિકાર પણ આપ્યો છે. એ રીતે આપશ્રી તેમનો ઉદ્ધાર કરવા સમર્થ છે એવું સિદ્ધ કરી બતાવ્યું છે. આપશ્રી જેનો અંગીકાર કરે છે તેને પ્રભુનો પ્રિય બનાવી લે છે; અને ઉપર કહ્યા પ્રમાણે, પ્રભુ તો સ્ત્રી શૂદ્રોના ઉદ્ધારક છે જ. હવે પછીના નામમાં આ બાબતને વધુ સ્પષ્ટતાથી સમજાવીશું.

અંગીકૃત્યૈવ ગોપીશવલ્લભીકૃતમાનવઃ ।
અંગીકૃતૌ સમર્યાદો મહાકારુણિકો વિભુઃ ।।૧૦।।

શ્લોકાર્થ : (૧૪) અંગીકાર કરવા માત્રથી ભગવાન કૃષ્ણમાં માનવોને (દૈવી જીવોને) પ્રેમ કરાવનાર (૧૫) અંગીકાર કરવામાં મર્યાદાવાળા (૧૬) અત્યંત કૃપાળુ અને (૧૭) સર્વ સમર્થ (એવા

શ્રીવલ્લભ છે.)

કઠિન શબ્દાર્થ : સમર્યાદોઃ = મર્યાદા સહિત.

વિવેચન : દસમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનાં ચાર નામ પ્રકટ કરવામાં આવ્યા છે.

(૧૪) અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભી કૃત માનવ :

દૈવી જીવોને, તેમના અંગીકાર માત્રથી, ગોપીશ કહેતાં ગોપીજનોના સ્વામી એવા શ્રીકૃષ્ણના પ્રિય બનાવનારા આપ છો. શ્રીમદ્ ભગવદ્ ગીતાના ભક્તિયોગમાં ભગવાને પોતાના પ્રિય ભક્તોનાં આશરે ત્રીસ પાંત્રીસ લક્ષણો બતાવ્યાં છે. અને એ લક્ષણો ધરાવનાર ભક્તોને માટે સ મે પ્રિયઃ- તે મને પ્રિય છે - એવું કહ્યું છે. તાત્પર્ય એ કે જીવમાત્ર પ્રભુને પ્રિય બનવા ઈચ્છે છે. ગીતામાં તો 'પ્રભુને પ્રિય બનવા માટે' તેમાં બતાવ્યા પ્રમાણેના ગુણો, જીવે પ્રાપ્ત કરવા પડે, એવું કહ્યું છે. પરંતુ શ્રીમહાપ્રભુજી તો જીવનો અંગીકાર માત્ર કરીને, એટલે કે તેને શરણે લઈને તેનો બ્રહ્મસંબંધ કરાવે, એટલે તે જીવ પ્રભુને પ્રિય બની જાય છે. પ્રભુ તેનો હાથ કદી નહીં છોડે એ રીતે તે વચનબદ્ધ છે. આવું ત્યારે જ બને જ્યારે અંગીકૃત જીવ પ્રભુને પ્રિય હોય. જીવ પ્રભુને કહે કે 'દાસોઽહમ, કૃષ્ણ તવાસ્મિ' અને પ્રભુ તેનું દાસત્વ સ્વીકારે એટલે પછી તેવા અંગીકૃત જીવનો શ્રીનાથજી કદી ત્યાગ ન કરે એવો ભાવ શ્રીમહાપ્રભુજીના આ નામમાં છે.

આ રીતે અંગીકાર માત્ર દ્વારા પ્રભુને પ્રિય બની બેઠેલ રામાનંદ પંડિતનું દૃષ્ટાંત પુષ્ટિ ભક્તોની નજર સામે છે જ. પ્રભુએ કહ્યું છે, ''જેનો હાથ હું પકડીશ તેનો હાથ હું કદી છોડીશ નહીં.'' અને પ્રભુ તો સત્ય સંકલ્પ છે.

સત્ય સંકલ્પતો વિષ્ણુર્નાન્યથાતુ કરિષ્યતિ ।

પ્રભુ સત્ય સંકલ્પ છે; તે નિજ સંકલ્પ વિરુદ્ધ કશું નહીં જ કરે, એ સત્યની પ્રતીતિ પુષ્ટિ ભક્તોને કરાવવા માટે આચાર્યશ્રીએ કોઈક અપરાધનું નિમિત્ત બનાવીને, રામાનંદ પંડિતનો ત્યાગ કર્યો. પરંતુ સત્ય સંકલ્પ એવા વિષ્ણુએ (શ્રીનાથજી બાવાએ) તેનો ત્યાગ ન કર્યો; તેમણે રામાનંદ દ્વારા બજારમાંથી ખરીદીને સમર્પેલી જલેબી ભાવથી આરોગી અને એ રીતે તે જીવને પોતે અંગીકૃત કરીને પોતાનો પ્રિય બનાવી લીધો છે એવું જગતના પુષ્ટિ

જીવોને બતાવી આપ્યું છે. યાદ રાખો કે પ્રભુએ રામાનંદ પંડિતનો અંગીકાર શ્રીઆચાર્યજી દ્વારા કર્યો હતો. તેથી 'અંગીકાર માત્રથી પ્રભુને પ્રિય બનાવી દેનાર' એવું શ્રીવલ્લભનું નામ છે.

(૧૫) અંગીકૃતૌ સમર્યાદ :

શ્રીઆચાર્યજી પુષ્ટિની મર્યાદા (અનુગ્રહ) સહિત જીવોનો અંગીકાર કરે છે. પુષ્ટિની મર્યાદા એક જ અને તે 'કૃષ્ણાનુગ્રહ' ! અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિઃ આવી મર્યાદા સહિત જીવોનો અંગીકાર કરનાર શ્રીવલ્લભ છે. શ્રીમહાપ્રભુજી પહેલાં તો જીવને પોતાના શરણમાં લે છે. પછી જીવ, આપશ્રીના દ્વારા ભગવદ્ શરણ સ્વીકારે છે. એનું નામ બ્રહ્મસંબંધ. બ્રહ્મસંબંધ થતાં જીવને ભગવદ્ સેવાનો અધિકાર મળે છે. પ્રભુ જીવને કહે છે, 'એકવાર મેં તારો અંગીકાર કર્યો પછી હું કદી નહીં છોડું.' એનું નામ કૃષ્ણાનુગ્રહ. પુષ્ટિમાર્ગની આ મર્યાદા પ્રમાણે શ્રીમહાપ્રભુજી જીવનો અંગીકાર કરે છે.

(૧૬) મહા કારુણિક :

આપશ્રી મહા દયાળુ છે. જીવના દોષો સામે ન જોતાં તેના પ્રત્યે કરુણાદષ્ટિથી જોઈ આપશ્રી તેનો અંગીકાર કરે છે, અને પોતે જેનો અંગીકાર કરે તેવા સેવકને પોતે શ્રેષ્ઠ ફળનું દાન કરે છે. આપશ્રી જીવને શરણે લઈ, તેને પુષ્ટિમાર્ગીય બ્રહ્મસંબંધનું દાન કરે છે; બ્રહ્મસંબંધ કરાવી આપી તેના પંચવિધ દોષોની નિવૃત્તિ પણ કરાવી આપે છે. પરંતુ તે જીવ વળી પાછો એ દોષોથી ગ્રસ્ત ન બની જાય તે માટે તેના ઉપર કરુણા કરી આપશ્રી તેને દોષોથી ગ્રસ્ત ન બની જાય તે માટે તેના ઉપર કરુણા કરી આપશ્રી તેને દોષોથી સર્વથા દૂર રહેવાનો ઉપાય બતાવે છે. એ ઉપાય છે; અન્યાશ્રય, અસત્સંગ અને અસમર્પિતથી બચવું તે. તેથી આપશ્રી બ્રહ્મસંબંધ પામેલ દૈવી જીવોને આજ્ઞા કરે છે, ''અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જનમાચરેત્'' આપશ્રી પહેલાં જીવને દોષમુકત કરે છે; પછી તે જીવ પુનઃ દોષયુકત ન બની જાય તે માટેનો શ્રેષ્ઠ સચોટ ઉપાય પણ તેને બતાવે છે. એનું નામ કરુણા. આપશ્રી મહાકારુણિક છે.

(૧૭) વિભુ :

જે બધું જ કરવા સમર્થ હોય તે વિભુ કહેવાય. ભગવાન બધું કરવા

સમર્થ છે માટે આપણે તેને વિભુ કહીએ છીએ. શ્રીવલ્લભ પણ બધું કરવા સમર્થ છે. આપશ્રી નિજ સેવકોને ઉત્તમોત્તમ ફળનું દાન કરી શકો છો; તેથી આપ વિભુ છો. જીવની યોગ્યાયોગ્યતાનો વિચાર કર્યા સિવાય, તે અયોગ્ય હોય તો પણ તેને યોગ્ય બનાવીને તેનો સંબંધ સાક્ષાત પરમાત્મા સાથે બાંધી આપવો એ તો જે કોઈ સર્વસમર્થ હોય તે જ કરી શકે. એટલા માટે શ્રીવલ્લભનું નામ 'વિભુ' પ્રકટ કરવામાં આવ્યું છે.

અદેયદાનદક્ષશ્ચ મહોદારચરિત્રવાન્ ।
પ્રાકૃતાનુકૃતિવ્યાજ મોહિતાસુરમાનુષઃ ।।૧૧।।

શ્લોકાર્થ : (૧૮) શ્રીહરિ સિવાય બીજો જે કોઈ દાન ન કરી શકે તેવું દાન કરવામાં સમર્થ. (૧૯) મહાઉદાર ચરિત્રવાળા (૨૦) પ્રાકૃત મનુષ્યનું અનુકરણ કરવાના બહાને આસુરી જીવોને મોહ પમાડનાર (એવા શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : અદેયદાન = જે દાન બીજો કોઈ ન કરી શકે તેવું દાન, વ્યાજ = બહાનુ, મોહિતાસુર = આસુરી જીવોને મોહ પમાડનાર.

વિવેચન : અગિયારમાં શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના ત્રણ નામો પ્રકટ કરવામાં આવ્યા છે.

(૧૮) અદેયદાનદક્ષ :

પ્રભુ પોતે પોતાના સ્વરૂપનું દાન જીવોને કરી શકે. એ સિવાય બીજાું કોઈ તેમ ન કરી શકે. પરંતુ એવું અદેયદાન કરાવી આપવા શ્રીવલ્લભ સમર્થ છે. શ્રીવલ્લભને આજ્ઞા થઈ, ''બ્રહ્મસંબંધ કરણાત્ સર્વેષાં દેહજીવયોઃ'' અર્થાત્ દેહધારી જીવોને બ્રહ્મસંબંધ કરાવો. સ્વરૂપનું ભાન ભૂલેલા જીવોને સ્વરૂપનું ભાન કરાવવું એ મુશ્કેલ કાર્ય છે. કેવળ પ્રભુ જ તે કરાવી શકે; પરંતુ પોતાની એ શક્તિ, પ્રભુએ નિજ આજ્ઞા દ્વારા, શ્રીમહાપ્રભુજીમાં સ્થાપી. પરિણામે આપશ્રી એવું અદેયદાન નિજ સેવકોને કરી શકે છે. કેવળ આપશ્રી જ બ્રહ્મસંબંધનું દાન કરી શકે છે; ગોસ્વામી બાળકો શ્રીવલ્લભની કાનિથી બ્રહ્મસંબંધ કરાવી શકે છે; તેમના સિવાય બીજો કોઈ તેમ કરાવી શકતો નથી.

યાદ રાખો શ્રીમહાપ્રભુજી બ્રહ્મસંબંધનું દાન કરે છે; બ્રહ્મનું નહીં. બ્રહ્મનું

દાન થઈ જ ન શકે. કારણ કે (૧) દાન કર્યા પછી દાન કરાયેલ વસ્તુ સાથે દાન દેનારનો સંબંધ પૂરો થઈ જાય છે. (૨) દાનની વસ્તુનો એકમાત્ર માલિક દાન દેનાર હોવો જોઈએ અને (૩) દાન અપાયા પછી, દાન સ્વીકારનાર પોતે એકલો જ એ દાનની વસ્તુનો માલિક બની જાય છે. પરિણામે (૧) શ્રીવલ્લભ જો બ્રહ્મનું દાન કરે તો આપશ્રીનો બ્રહ્મ સાથેનો સંબંધ પૂરો થઈ જાય. (૨) વળી, બ્રહ્મ તો પ્રાણી માત્રનો છે (અંશી હોવાથી), તે કોઈ એક વ્યક્તિ વિશેષનો નથી અને (૩) દાન લેનાર વૈષ્ણવ, બ્રહ્મનું દાન લે તો બ્રહ્મ તેનો એકલાનો જ બની જાય. આ પ્રમાણે બનવું કોઈ કાળે શકય નથી. તેથી જ, શ્રીમહાપ્રભુજી જીવને બ્રહ્મસંબંધનું દાન કરે છે. એ પણ અદેયદાન છે. (૧) તેમ કરીને આપશ્રી તેને શ્રીકૃષ્ણને સોંપી દે છે. (૨) બ્રહ્મસંબંધ કરાવવાની આજ્ઞા કેવળ આપશ્રીને જ થઈ છે. અને (૩) બ્રહ્મસંબંધ થતાં, નિવેદિતાત્મા એ સંબંધને પોતાની મહામૂલી મૂડી માની લે છે.

આચાર્યશ્રી તો એ પરાત્પર બ્રહ્મને નિજ હૃદયરૂપી શેષશય્યા ઉપર નિરંતર ધારણ કરી રાખે છે; તેથી જ આપશ્રી નિજ આશ્રિત જીવોનો સંબંધ, ભગવદાજ્ઞા અનુસાર બ્રહ્મની સાથે બાંધી આપે છે. આવું કરવાનું સામર્થ્ય શ્રીવલ્લભ વિના બીજા કોઈમાં નથી. એટલા માટે આપશ્રીનું અદેયદાનદક્ષ નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

પ.પૂ. નરહરિ શાસ્ત્રીજી 'ભક્તિ'ને અદેયદાનની કોટીમાં મૂકે છે. આપશ્રી કહે છે કે શ્રીમદ્‌ભાગવતના પાંચમા સ્કંધમાં ભગવાન કહે છે, ''મારું ભજન કરનારને હું મુક્તિ આપીશ પરંતુ ભક્તિ નહીં આપું.'' કારણ કે જો જીવને ભક્તિ આપવામાં આવે તો ભગવાનને તેની પાછળ ભમવું પડે. આ રીતે ભગવાનની 'ભક્તિ'ને અદેયદાન ગણાવી છે. એટલે કે 'પોતાના સિવાય બીજા કોઈથી ન આપી શકાય તેવું દાન' ની કક્ષામાં તેને મૂકી છે. પરંતુ આપણા શ્રીમહાપ્રભુજી અદેયદાનની વસ્તુ એવી એ ભક્તિને બહુ સહજ રીતે નિજ સેવકોને આપે છે; ભક્તિનું સહજ સ્વાભાવિક રીતે દાન કરનાર, શ્રીમહાપ્રભુજી સિવાય બીજો કોઈ મને દેખાતો નથી. એટલા માટે આપશ્રીનું અદેયદાનદક્ષ નામ પ્રકટ કર્યું તે બહુ જ સાર્થક છે.

(૧૯) મહોદાર ચરિત્રવાન :

ઉદાર ચરિત મનુષ્ય હંમેશા પોતે સુપાત્રને દાન આપે છે; પરંતુ દાન આપતી વખતે તે દેશ, કાલ, જીવની પાત્રતા અને તેના ફલનો વિચાર જરૂર કરે છે. વસ્તુતઃ પાત્રતાનો વિચાર કર્યા સિવાય દાન ન આપવું જોઈએ એવી શાસ્ત્રાજ્ઞા છે. પરંતુ જે ઉદાર નહીં પરંતુ મહાઉદાર હોય તે, જીવની પાત્રતાનો વિચાર કરવા બેસતો નથી. તે તો ભગવદ્ પ્રેરણા અનુસાર દાન આપે જ રાખે છે. કયારેક માગે તેથી વધુ દાન આપે છે. તેથી તે મહોદાર ચરિત્રવાન કહેવાય. આપશ્રી માત્ર ઉદાર નથી; મહાઉદાર છો. તેથી મહોદાર ચરિત્રવાન કહેવાયા. તેઓ પોતે પ્રકટ કરેલા ભક્તિમાર્ગમાં રહેલા જીવોને, તેમની પાત્રાપાત્રતાનો કે ફળનો (પરિણામનો) વિચાર કર્યા સિવાય જ ઉત્તમદાન કરે છે તેથી મહોદાર ચરિત્રવાન.

(૨૦) પ્રાકૃતાકૃતિવ્યાજ મોહિતાસુર માનુષ :

પ્રાકૃત મનુષ્યોનાં જીવન કાર્યોનું અનુકરણ કરીને તે બહાને આસુરી જીવોને મોહ પમાડનાર આપશ્રી છે. ઉપર કહ્યું તેમ આપશ્રી ઉદાર નહીં બલકે મહાઉદાર છે. ઉદારતા પ્રાકૃતિક ગુણ છે; મહોદારતા અલૌકિક ગુણ છે. અલૌકિક ગુણો તો માત્ર પ્રભુમાં જ સંભવે. અને મહાપ્રભુજીનો પ્રાદુર્ભાવ તો પ્રપંચ(ભૂતલ) માં જ થયો છે. અને તેઓ પ્રાકૃત મનુષ્યો જેવાં કાર્યો કરે છે. તો પછી તેમનામાં અલૌકિક ગુણો કેવી રીતે હોય એવી શંકા થાય. તે શંકાના નિવારણાર્થે આ નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

આચાર્યશ્રી લૌકિક પ્રપંચમાં પ્રકટયા છે; તેમનામાં લૌકિક ગુણો દેખાય છે. વળી આપશ્રી સર્વસાધારણ એવાં માનવ કર્મો કરે છે અને તેમના જેવું આચરણ પણ કરે છે. તેમ કરવાથી, આસુરી જીવો મોહ પામે અને આપશ્રીને સાધારણ જીવ સમજી લે. પરંતુ આપશ્રીના નિષ્ઠાવાન સેવકો તો આપશ્રીનું લૌકિક અનુકરણ જોયાં છતાં, આપશ્રીને પોતાના ઉદ્ધારક દેવાંશી જીવ તરીકે જ જોશે; તેઓ મોહ નહીં પામે. શ્રીમહાપ્રભુજીનાં લૌકિક વૈદિક, કાપટયેષુ કરેલાં કર્મોથી, તેઓ નહીં છેતરાય.

વૈશ્વાનરો વલ્લભાખ્યઃ સદ્રૂપો હિતકૃત્સતામ્ ।
જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃત્ નિખિલેષ્ટદઃ ।।૧૨।।

શ્લોકાર્થ : (૨૧) પૂર્ણ પુરુષોત્તમના શ્રીમુખમાં બિરાજતા અગ્નિ સ્વરૂપ. (૨૨) જેમનું નામ વલ્લભ છે તેવા (૨૩) જેમનું રૂપ હંમેશા સત છે એવા સુંદર રૂપવાળા (૨૪) ભક્તિનું (સત્યપુરુષોનું) હિત કરનારા (૨૫) પોતાના ભક્તોને શીખવવા માટે શ્રીકૃષ્ણની ભક્તિ કરનારા અને (૨૬) મનુષ્યોને પોતાને માટે જે ઈષ્ટ હોય તે બધું તેમને આપનારા (એવા શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : સદ્રુપઃ = સત્ રૂપ જેનું છે એવા એટલે કે સુંદર રૂપવાળા, નિખિલેષ્ટદઃ = નિખિલ એટલે જે કાંઈ બધું ઈષ્ટ હોય તે આપનારા

વિવેચન : બારમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનાં છ નામો પ્રકટ કરવામાં આવ્યાં છે.

(૨૧) વૈશ્વાનર :

ભગવાનના મુખાર્વિંદનો અગ્નિ તે વૈશ્વાનર એવા એ આધિદૈવિક અગ્નિ રૂપે આપ પોતે પ્રકટ થયા છો. એ અગ્નિ પ્રભુના શ્રીમુખમાં રહેતો હોવાથી તે પ્રભુની વાણીરૂપ પણ છે. આથી આપશ્રીની વાણી ભગવદ્ વાણી છે. અગ્નિરૂપ હોવાથી, અંધકારનો નાશ કરીને તે પ્રકાશ ફેલાવે છે. જીવનું અવિદ્યાજનિત અજ્ઞાન હઠાવી તેના હૃદયમાં સદ્‌વિદ્યારૂપી જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનું કાર્ય આપશ્રી કરો છો તેથી આપ વૈશ્વાનર છો એ સિદ્ધ થાય છે.

અવિદ્યાગ્રસ્ત જીવો જ્યારે આપશ્રીના શરણમાં જાય છે ત્યારે તેમના સર્વ દોષોને, પોતાના અગ્નિ સ્વરૂપ વડે બાળીને ભસ્મ કરીને આપશ્રી તેવા જીવોને શુદ્ધ બનાવી લે છે. અગ્નિ પ્રકાશ આપે પરંતુ બાળે પણ ખરો. પદાર્થને બે જ વસ્તુ શુદ્ધ બનાવી શકે; એક જળ (વરૂણ દેવ) અને બીજો અનલ (અગ્નિ દેવ). આપ આધિદૈવિક અગ્નિરૂપ હોઈ, જીવોને દોષમુકત કરવા માટે સમર્થ છો. તેથી આપ વૈશ્વાનર છો.

(૨૨) વલ્લભાખ્ય :

વલ્લભ (પ્રિય) નામથી પ્રખ્યાત છે જે તે. અગ્નિ સ્વભાવથી ઉગ્ર રૂપવાળો હોય; દાહક હોય છતાં તે પ્રકાશ પણ આપે. પ્રકાશ આપતો અગ્નિ

પ્રિય લાગે; આસુરી જીવોને બાળતો અગ્નિ તેવા જીવોને ભયંકર લાગે. શ્રીવલ્લભ એટલે પ્રિયઃ આપ ઉગ્ર અગ્નિરૂપ હોવા છતાં નિજ ભક્તોનાં અજ્ઞાન રૂપી અંધકારથી ભરેલા હૃદયમાં, સ્વરૂપના જ્ઞાનરૂપી પ્રકાશ કરનાર હોવાથી સૌ કોઈને પ્રિય છો તેથી 'વલ્લભ' નામધારી છો.

આ નામ પ્રકટ કરીને શ્રીગુસાંઈજીએ નિજ સેવકોની એક બહુ મોટી શંકા દૂર કરી છે. આચાર્યશ્રીને વૈશ્વાનર, વહ્નિ, હુતાસન વગેરે નામથી ઓળખવામાં આવ્યા છે. કારણ કે એ જ આપશ્રીનું વાસ્તવિક સ્વરૂપ છે; આપશ્રીએ પોતે તે સ્વીકારી લીધું છે. પરંતુ અગ્નિ તો બાળે, દઝાડે, પીડા પહોંચાડે. એવા અગ્નિની નજીક ન જવાય. તેથી અગ્નિ સ્વરૂપ નિજાચાર્યની પાસે આપણે કેવી રીતે જવું, આવી શંકા કદાચ થાય. તો તેના નિરાકરણ માટે, શ્રીગુસાંઈજીએ 'વલ્લભાખ્ય' નામ પ્રકટ કર્યું. તે દ્વારા આપશ્રીએ એવું સમજાવ્યું છે કે અગ્નિ બાળે અને દઝાડે એ વાત સાચી છે. પરંતુ તેની યોગ્ય રીતે સેવા કરનારને તે પ્રકાશ આપે; તેને બાળ્યા વગર શુદ્ધ કરે. દઝાડે ત્યારે અપ્રિય લાગતો અગ્નિ, પ્રકાશ આપે ત્યારે પ્રિય લાગે છે. શ્રીવલ્લભ રૂપી અગ્નિ આસુરી જીવોને દઝાડે છે, પરંતુ નિજ સેવકોને તો પ્રકાશ જ આપે છે. પ્રકાશમાં શિતલતા છે અને તે આનંદપ્રદાયક છે. તેથી તે પ્રિય છે. આ રીતે શંકા સમાધાન અર્થે 'વલ્લભાખ્ય' નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૨૩) સદ્રુપ :

ગો.શ્રીરઘુનાથજીએ આ નામના જુદા જુદા અર્થો કરી બતાવ્યા છે. (૧) સુંદર રૂપવાળા (૨) સંત હૃદયને પ્રકાશિત કરનારા (૩) જેનું રૂપ અવિનાશી છે તેવા (૪) પ્રપંચ (જગત)માં જેનું નિર્માણ થયું છે એવી વસ્તુઓનું સાચું રૂપ (મિથ્યાત્વ નહીં) પ્રકટ કરનાર. એટલે કે જગત અને જગતમાં દશ્યમાન પદાર્થ મિથ્યા નથી પરંતુ ભગવદ્ અંશ સ્વરૂપ છે– સર્વં ખલ્વિદં બ્રહ્મ – એવું કહેનાર. જ્યારે ગો. શ્રીગોકુલનાથજી તો કહે છે આનંદરૂપ તે સદ્રુપ.

સદ્રુપ એટલે સતરૂપ. જેનું રૂપ સત્ છે તે સદ્રુપ. સત્ના બે અર્થ થાય છે. સત્ એટલે સત્ય; અને સત્ય એ સુંદર છે અને સુંદર છે તેથી તે બ્રહ્મ છે. તેથી શ્રીવલ્લભ સત્ રૂપ હોઈ બ્રહ્મ રૂપ છે. સત્નો બીજો અર્થ છે અસ્તિત્વ. જેનું અસ્તિત્વ હંમેશ માટે છે તેવું રૂપ. એટલે કે અવિનાશી રૂપવાળા હોય તે

સદ્રુપ.

શ્રીસર્વોત્તમના (સચિત્ર) વ્યાખ્યાતા નિ.લી.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજે 'સદ્રૂપ' નામની વ્યાખ્યા બહુ સુંદર રીતે કરી છે. આપશ્રી કહે છે, ''આપ સત્ એટલે કે સુંદર સ્વરૂપવાળા છે. ભગવાનના સત્, ચિત્, આનંદ સ્વરૂપમાં જે સત્ છે તે સત્ આપશ્રી પોતે છે. તે ઉપરાંત આપશ્રીમાં ચૈતન્ય (ચિત્) ગુણ પણ છે જ. વળી આપશ્રીનો આધિદૈવિક દેહ પંચભૂતોનો બનેલો નથી; પરંતુ રસ અને આનંદના તત્ત્વોનો બનેલો છે. તેથી સ્વાભાવિક રીતે જ આપશ્રીમાં આનંદ તત્ત્વ છે. એ રીતે સત્ ચિત્ અને આનંદ ગુણ આપશ્રીમાં હોવાથી આપશ્રીને સદ્રૂપ નામ આપવામાં આવ્યું છે. આચાર્યશ્રીનું આ સદ્રુપ (સુંદર સ્વરૂપ) અલૌકિક અને અવિનાશી છે.

(૨૪) હિતકૃત્ સતામ્ :

શ્રીમહાપ્રભુજી સત્પુરુષોનું હિત કરનારા છે. તેઓ ભક્તોનો ભાવો અને મનોરથો પૂરા કરીને તે દ્વારા તેમનું હિત સાધનારા છે. આપશ્રીનું પ્રાકટય પણ સત્ પુરુષોનું હિત કરવા માટે જ થયું છે.

કોઈ જીવ સત્પુરુષ હોવા છતાં તે પોતે પોતાની શક્તિથી પોતાનું હિત ન સાધી શકે. દુઃસંગ, દુષ્ટ વિચાર, દુરાચાર આદિના સંપર્કથી તેઓ પોતાનું હિત કરવાને બદલે અહિત કરી બેસે. જન્મથી તો દૈવી જીવ સત્પુરુષ જ હોય છે. પરંતુ કલિયુગના દુષ્ટ પ્રભાવથી તે પોતાનું હિત કરવાને બદલે અહિત કરી બેસે. જન્મથી તો દૈવી જીવ સત્પુરુષ જ હોય છે. પરંતુ કલિયુગના દુષ્ટ પ્રભાવથી તે પોતાનું સત ગુમાવી બેસે છે. પછી એવો એ જીવ શ્રીમહાપ્રભુજીનું શરણ શોધે છે. ત્યારે તેના હિતનો વિચાર કરીને, તેનું અત્યાર સુધીમાં થઈ ગયેલ અહિત (દોષો) આપશ્રી દૂર કરી દે છે. અર્થાત્ તેના દોષો દૂર કરી તેને નિર્દોષ બનાવી તેનો સંબંધ બ્રહ્મ સાથે બાંધી આપે છે. અને તેને પ્રભુસેવાનો અધિકારી બનાવી તેનું સર્વશ્રેષ્ઠ હિત સાધી આપે છે. તેથી આપશ્રીનું 'હિતકૃત્ સતામ' નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૨૫) જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃત્ :

નિજ જનોને શિખામણ આપવા માટે શ્રીમહાપ્રભુજી સ્વયં શ્રીકૃષ્ણની ભક્તિ કરતા હતા. દૈવી જીવોને શિક્ષા આપવા માટે આપશ્રીએ સેવાનો ક્રમ

નિર્માણ કરી બતાવ્યો છે. નહિતર સ્વરૂપથી જ આનંદમય એવા શ્રીમહાપ્રભુજી સ્વરૂપાનંદને તો પામી ચૂકેલા છે જ. સ્વરૂપાનંદની પ્રાપ્તિ માટેના ત્રણ તબક્કા : પ્રેમ, આસક્તિ અને વ્યસન બતાવ્યા છે. તેમાં પ્રેમનો તબક્કો એ પ્રારંભિક સ્થિતિ છે. તે સ્થિતિ પ્રાપ્ત કરવા માટે સેવા કરવી અનિવાર્ય છે; પછી આવે આસક્તિનો તબક્કો; ત્યાં પહોંચવા માટે સેવા થાય ન થાય છતાં સેવા કરતા રહેવાની જરૂર છે. પરંતુ વ્યસન દશાએ પહોંચ્યા પછી સેવા કરવાની રહેતી નથી. રાજા આશકરણ, ગજ્જન ધાવન જેવા શ્રીમહાપ્રભુજીના સેવકોએ એ દશા પ્રાપ્ત કર્યા પછી પ્રભુસેવા કરી નથી. તેઓ સેવાની બાહ્ય ક્રિયા કરતા ન હોવા છતાં તેમનું ચિત્ત તો શ્રીકૃષ્ણમાં જ લાગેલું રહેતું હતું અને સેવા એટલે 'ચેતસ્તત પ્રવણં સેવા' જો તેમને માટે બાહ્ય સેવા જરૂરી ન હોય તો તેમના ગુરુદેવ એવા શ્રીમહાપ્રભુજી કે જે વ્યસન કરતાં ઊંચી તદ્રુપતા (પ્રભુના સ્વરૂપ સાથે મનથી એક રૂપ બની જવું તે) ની કક્ષાએ પહોંચ્યા હતા તેમને માટે સેવાની શી જરૂર ? કદાચ કોઈ એકનિષ્ઠ સેવકને આવી શંકા ઉપસ્થિત થાય તો તેના નિરાકરણ માટે આ નામ પ્રકટ કરવામાં આવ્યું છે. પ્રભુમાં જેનું ચિત્ત, મન, અને અંતઃકરણ તલ્લીન થઈ ગયું છે, એવા શ્રીમહાપ્રભુજીને સેવા કરવાની જરૂર નથી. પરંતુ સેવાની પ્રારંભિક અવસ્થા (પ્રેમની અવસ્થા)એ પહોંચવા પ્રયત્ન કરતા નિજ સેવકોને સેવા કેવી રીતે કરવી તે બતાવતા આપશ્રી પ્રભુભજન, કૃષ્ણભક્તિ, સેવા કરતા હતા. આપશ્રીની અતિ દયાળુતાનું આ પ્રત્યક્ષ પ્રમાણ છે.

(૨૬) નિખિલેષ્ટદ :

નિખિલ (બધું) ઈષ્ટ દેનાર એટલે કે પોતાના બધા ભક્તોની બધી ઈચ્છાઓ પૂર્ણ કરનાર આપશ્રી છે. આગલા નામમાં કહ્યું કે પોતાને માટે જરૂર ન હોવા છતાં આપશ્રી નિજ સેવકોને પોતાના માર્ગનાં ભજનો, સેવા વગેરેનો બોધ કરવા માટે પોતે પણ સેવા ભજનાદિ કરે છે. આવું કરવાનું શું પ્રયોજન હોઈ શકે? એ સમજાવવા માટે આ નામ પ્રકટ કર્યું છે. નિખિલ એટલે પોતાના માર્ગનું બધું- સેવા, ભજન, સેવાભાવ, સ્નેહભાવ અને સમર્પણભાવ તથા દાસત્વની ભાવના બધુ જે કરવાનું ઈષ્ટ છે એટલે કે જે કરવાનું નિજ સેવકો માટે ઈષ્ટ એટલે કે હિતકારક છે તે બધું 'દ' એટલે કે આપનાર આપશ્રી પોતે છે. એનું

કારણ એ છે કે આપશ્રી જો એવું ન કરે તો, આપશ્રીના માર્ગમાં જે અનિવાર્યપણે જરૂરી છે તે બધાનું સેવા ભજનાદિનું-જ્ઞાન નિજ સેવકોને કેવી રીતે થાય ? અને જો એવું જ્ઞાન ન થાય તો તેઓ પુષ્ટિપથ ઉપર કેવી રીતે ચાલી શકે ? જો કોઈ સમજાવનાર ન હોય તો તે સમજ્યા વગર તેનો અમલ કેવી રીતે કરી શકાય ? એટલા માટે આપશ્રી સેવકોને માટે જે ઈષ્ટ હોય તે બધું નિજ સેવકોને આપનારા છે.

સર્વલક્ષણ સંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરુઃ ।
સ્વાનંદતુંદિલઃ પદ્મદલાયત વિલોચનઃ ।।૧૩।।

શ્લોકાર્થ : (૨૭) બધાં લક્ષણોથી યુકત. (૨૮) શ્રીકૃષ્ણ વિષેનું જ્ઞાન આપનાર. (૨૯) પુષ્ટિમાર્ગનો ઉપદેશ આપનાર ગુરુદેવ (૩૦) સ્વરૂપાનંદથી સદા પુષ્ટ રહેનાર અને (૩૧) કમલની પાંદડી જેવા વિશાલ નેત્રવાળા (શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : દોઃ = આપનાર, તુંદિલ = ઘણા પુષ્ટ, પદ્મદલાયત = કમળની પાંદડી જેવાં આયત એટલે કે વિશાળ.

વિવેચન : તેરમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનાં પાંચ નામો પ્રકટ કરવામાં આવ્યા છે.

(૨૭) સર્વલક્ષણ સંપન્ન :

આપશ્રી બધાં લક્ષણો-દાન, દયા, ઉદારતા આદિ બધાં લક્ષણોથી યુકત છે. તે ઉપરાંત ભક્તિમાર્ગનાં જે લક્ષણો શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાને ગણી બતાવ્યાં છે. તે બધાં લક્ષણો - શમ, દમ, દ્વેષ રહિતતા, ક્ષમા, સંતોષ, પવિત્રતા, પ્રભુ ચરણમાં આસક્તિ આપશ્રીમાં સાદ્યંત રહેલાં છે. ટૂંકમાં એવા બધા દિવ્ય ગુણોના આપ ભંડાર છો. એ બધા ગુણોથી યુકત હોઈ, આપશ્રી એ લક્ષણો નિજ ભક્તોને આપવા માટે સમર્થ છે. જેની પાસે જે હોય તે બીજાને આપે. આપશ્રી પાસે દિવ્ય ગુણોન અક્ષય ભંડાર છે. આપવાથી તે ખૂટે તેમ નથી. આથી નિજ ભકતોને આપશ્રી તે વિપુલ માત્રામાં આપો છો. એટલા માટે આપશ્રીનું સર્વલક્ષણ સંપન્ન નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૨૮) શ્રીકૃષ્ણ જ્ઞાનદ :

આચાર્યશ્રી શ્રીકૃષ્ણના જ્ઞાનને આપનાર છે. આપશ્રી શ્રીકૃષ્ણ, એટલે કે શ્રીસહિત કૃષ્ણનું જ્ઞાન આપે છે. શ્રી સહિત રસાત્મક યુગલ સ્વરૂપ કૃષ્ણનું રસો વૈ સઃ શ્રુતિ અનુસાર લીલારસ યુકત જ્ઞાન આપશ્રી નિજ સેવકોને આપે છે. તે ઉપરાંત આપશ્રી નિજ ભક્તોને સ્વરૂપ, લીલા અને ભાવથી યુકત ભક્તિનો બોધ પણ કરાવે છે.

સંવત ૧૫૬૭માં જ્યારે આપશ્રી અડેલથી વ્રજ પધારી રહ્યા હતા ત્યારે માર્ગમાં રૂનકતા ગામ નજીક યમુના કિનારે ગૌઘાટ ઉપર આપશ્રીએ સૂરદાસજીને શરણમાં લીધા અને તેમને દીનતા છોડી કૃષ્ણના દાસ બનવા રૂપી શૂરવીરતા અપનાવવા કહ્યું. પછી આપશ્રીએ સૂરદાસજીને શ્રીકૃષ્ણના રસાત્મક લીલા વિશિષ્ટ સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું. જેના પરિણામે સૂરદાસે ગાયું.

ચકઈ રી ચલિ ચરન સરોવર જહાઁ નહિ પ્રેમ વિયોગ
જહાં શ્રીસહસ્ત્ર સહિત નિત ક્રીડત શોભિત સૂરજદાસ
અબ ન સુહાત વિષય રસ છીલ્લર વા સમુદ્ર કી આસ

પોતાના આ પદમાં, સૂરદાસજીએ, આચાર્યશ્રીએ પોતાને બતાવેલ શ્રીકૃષ્ણના રસાત્મ્ક લીલા વિશિષ્ઠ સ્વરૂપનો ઉલ્લેખ કર્યો છે. કૃષ્ણના એ લીલા વિશિષ્ઠ સ્વરૂપને આચાર્યશ્રીએ પોતે શ્રીસુબોધિનીજીના દશમ સ્કંધના પૂર્વાર્ધની કારીકામાં આ રીતે વ્યક્ત કર્યું છે.

નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિ શાયિનમ્ ।
લક્ષ્મી સહસ્ત્ર લીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ।।

શ્રીવલ્લભ આજ્ઞા કરે છે, ''કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિત'' પરમ નિર્દોષ જો કોઈ હોય તો તે કૃષ્ણ છે. એટલા માટે, 'કૃષ્ણ સેવા સદા કાર્યા' હંમેશા કૃષ્ણની સેવા કરો. પરંતુ એ કૃષ્ણ તો કેવા ? એ બતાવવા માટે તેઓ ઉપર્યુકત કારીકામાં વર્ણવેલ કૃષ્ણના લીલા વિશિષ્ઠ સ્વરૂપનું જ્ઞાન સૂરદાસ, પરમાનંદદાસ આદિને કારવે છે. તેનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેઓ શ્રીકૃષ્ણના સ્વરૂપને પ્રકટ કરતાં પદોના સાગર-સૂરસાગર અને પરમાનંદ સાગર નામે ઓળખાતા સાગર-છલકાવી દે છે. આ જોતાં આપશ્રીનું શ્રીકૃષ્ણજ્ઞાનદઃ નામ સાર્થક છે.

(૨૯) ગુરુ :

કૃષ્ણ સ્વરૂપનું જ્ઞાન આપશ્રી નિજ ભક્તોને આપે છે. તેથી આપશ્રી ગુરુ બન્યા. આપશ્રીએ 'વ્રજપતિ રતિપથ' એટલે કે પુષ્ટિપથનો ઉપદેશ કર્યો માટે આપશ્રી ગુરુ બન્યા. આપશ્રીએ પુષ્ટિમાર્ગનું અલૌકિક ફળ ભક્તોને અપાવ્યું તેથી આપશ્રી ગુરુ બન્યા. જે માર્ગનો ઉપદેશ જે આપે અને જે માર્ગનું ફલ જે નિજ ભક્તોને અપાવી શકે તે માર્ગના તે ગુરુ ગણાય. શુદ્ધ પુષ્ટિ માર્ગનો ઉપદેશ કરનાર અને તેનું ફલ અપાવનાર આપશ્રી પોતે છે. તેથી આપશ્રી પુષ્ટિ માર્ગના ગુરુ ગણાય.

નિ.લી.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ ગુરુ નામને બીજી રીતે સમજાવે છે. અને તે રીતે સમજવું શ્રીવલ્લભના સેવકો માટે શ્રેય અને પ્રેય છે.

આપશ્રી કહે છે કે શ્રીમદ્ વલ્લભ પુષ્ટિમાર્ગીય ભક્તોના ગુરુદેવ છે. તેથી આપશ્રી ગુરુદેવમાં હોવા જોઈતાં બધા લક્ષણોથી વિભૂષિત છે. ગુરુદેવનાં એ અનિવાર્ય રીતે આવશ્યક લક્ષણો આપશ્રીએ પોતે જ (શ્રીવલ્લભ પોતે) ગણી બતાવ્યાં છે. તત્ત્વદીપ નિબંધના આ શ્લોકમાં આપશ્રી આજ્ઞા કરે છે કે 'ગુરુ બનનારમાં આ ચાર લક્ષણો અનિવાર્યપણે હોવા જરૂરી છે.'

કૃષ્ણસેવા પરં વીક્ષ્ય દંભાદિરહિતં નરમ્
શ્રીભાગવત તત્ત્વજ્ઞં ભજેત્ જીજ્ઞાસુરાદરાત્ ।।

ગુરુદેવમાં હોવા જોઈતાં એ ચાર લક્ષણો આ પ્રમાણે છે.

(૧) કૃષ્ણસેવામાં સદા તત્પરતાઃ એટલે કે કૃષ્ણસેવા પરાયણતા.

(૨) વીક્ષ્ય-નિજ ભક્તોનું હિત વિચારી તેમના ચારેય પુષ્ટિમાર્ગીય પુરુષાર્થોની પ્રાપ્તિ કરાવી આપે તેવા. અલબત્ત, ભક્તિમાર્ગીય ચાર પુરુષાર્થો તે છે જ જે ચતુઃશ્લોકીમાં બતાવ્યા છે.

(૩) દંભ આદિથી રહિત હોવાપણું : દંભનું નામ નિશાન પણ ન હોવું જોઈએ અને

(૪) ભાગવતના તત્ત્વને (રહસ્યને) જાણનાર-એવો પુરુષ. શ્રીમહાપ્રભુજીમાં આ ચારે લક્ષણો પૂર્ણતઃ છે. જેમકે

(૧) કૃષ્ણસેવા પરતાઃ આપશ્રીએ ત્રણે પ્રકારની-આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક સેવા પ્રકટ કરી છે. રાધાકુંડ જેવા સ્થળોએ

શ્રીસ્વામિનીજીનું માન છોડાવી તેમને સ્વામી શ્રીકૃષ્ણ પાસે પધરાવવાં એ આપશ્રીની આધિદૈવિક સેવા છે. નિબંધ, સુબોધિનીજી જેવા ગ્રંથોના નિર્માણ દ્વારા આપશ્રીએ આધ્યાત્મિક સેવા કરી છે. શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજીને પાટ બેસાડીને, તેમની સેવાનો પ્રકાર ચલાવ્યો એ આપશ્રીની આધિભૌતિક સેવા છે; તે ઉપરાંત અડેલના આપશ્રીના નિવાસસ્થાને શ્રીનવનિતપ્રિયાજી, શ્રીમુકુંદરાયજી, શ્રીમદનમોહનજી, શ્રીદ્વારકાનાથજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીગોકુલનાથજી આદિ કૃષ્ણસ્વરૂપોની સેવા તો પોતે જાતે નિયમિત કરતા હતા, તે પણ આપશ્રીની આધિભૌતિક સેવા છે.

(૨) વીક્ષ્યઃ જે પ્રાપ્ત કરવામાં નિજ ભક્તોનું હિત છે તે અગાઉથી જોઈને તેમના ચારેય પુરુષાર્થોની (ભક્તિમાર્ગીય) પ્રાપ્તિ કરાવી આપવાનો જે ગુણ છે તે ધરાવનારને વીક્ષ્ય કહેવાય. ભક્તિમાર્ગીય પુરુષાર્થો ચાર છે. અને આપશ્રીએ જ એક શ્લોકમાં તે સમજાવ્યા છે.

ભક્તિમાર્ગે હરેર્દાસ્યં ધર્મોઽર્થો હરિરેવ ચ ।
કામો હરિ દિદૃક્ષાચ મોક્ષઃ કૃષ્ણસ્ય સેવનમ્ ।।

એ રીતે જોતાંઃ**ભક્તિમાર્ગીય ધર્મ પુરુષાર્થ – શ્રીહરિનું દાસત્વ સ્વીકારવું તે છે.**
ભક્તિમાર્ગીય અર્થ પુરુષાર્થ – શ્રીહરિની પ્રાપ્તિ થવી તે છે.
ભક્તિમાર્ગીય કામ પુરુષાર્થ – શ્રીહરિના સ્વરૂપને પામવું તે છે.
અને ભક્તિમાર્ગીય મોક્ષ પુરુષાર્થ – કૃષ્ણનું સેવન કરવું એટલે કે સેવા કરવી તે છે. કૃષ્ણસેવા એ પુષ્ટિમાર્ગીય ભક્તોનો મોક્ષ છે.

મુક્તિર્હિત્વાન્યથા રૂપમ્ સ્વરૂપેન વ્યવસ્થિતિ ।

સેવા દ્વારા પ્રભુના સ્વરૂપમાં ચિત્ત ચોટે છે. તેથી પ્રભુના સ્વરૂપને (નિજ સાચા સ્વરૂપને પોતાના અંશ રૂપ સ્વરૂપને) ઓળખવાનું શકય બને છે. એ સ્થિતિને જ મોક્ષ અથવા પુષ્ટિમાર્ગીય મુક્તિ કહી છે.

આ ચારેય પુરુષાર્થો નિજ ભક્તોને પ્રાપ્ત કરાવી આપે તેવા સમર્થ આપશ્રી છો; તેથી આપશ્રીમાં વીક્ષ્યતાનો ગુણ વિદ્યમાન છે.

(૩) દંભાદિ રહિતતા : આપશ્રીમાં દંભનું નામોનિશાન નથી. દંભ તો તેનામાં હોય જે સ્વપ્રશંસા કરે, બીજા પાસે કરાવે અથવા બીજો કોઈ તેની

પ્રશંસા કરતો હોય તેને તેમ કરતાં ન વારે. શ્રીમહાપ્રભુજીએ સ્વ-પ્રશંસા કદી કરી નથી; નિજ ભક્તોને આપશ્રીની પ્રશંસા કરવા પ્રેર્યા નથી અને આપશ્રી પ્રસંશા કરતા પદો, પોતાના આવિર્ભાવ કાલ દરમિયાન કોઈ ભક્તને ગાવા દીધાં નથી. શ્રીમહાપ્રભુજીના ચારે કીર્તનકાર સેવકો સૂર, પરમાનંદ, કુંભનદાસ અને કૃષ્ણદાસે શ્રીમહાપ્રભુજીના આવિર્ભાવકાલ દરમ્યાન આપશ્રીની પ્રસંશાનું એકપણ પદ રચ્યું નથી. આપશ્રી પોતે તો પોતાની પ્રસંશા કરે જ નહીં. આપશ્રી હંમેશા પોતાની જાતને કૃષ્ણના દાસ તરીકે ગણાવે છે. દાસમાં પોતાની પ્રસંશા કરવા જેવું શું હોય? અંતઃકરણ પ્રબોધમાં તથા અન્યત્ર 'કૃષ્ણ પ્રસાદેન' 'ઈતિશ્રી કૃષ્ણદાસસ્ય' જેવાં નિજ દાસત્વ સૂચક ઘણાં કથનો છે. પોતે પૂર્ણ પુરુષોત્તમ હોવાની વાત આપશ્રીએ કયાંય કરી નથી. તેથી ઊલટું સર્વ સ્થળે પોતાને વૈશ્વાનર, ઋષિરગ્નિ નામથી જ ઓળખાવ્યા છે. યથા સુબોધિનીજી ''અર્થં તસ્ય વિવેચિતું નહિ વિભુર્વૈશ્વાનરાત્ વાક્યતે'' અને નિબંધમાં, ''સુજ્ઞેષુ હસ્ત યુગલ પુરતો નિધાય વિજ્ઞાપયામિમુખૈરિપદાબ્જ નિષ્ઠઃ'' - આવાં કથનો દ્વારા આપે સ્પષ્ટ રીતે પોતાનું વૈશ્વાનર રૂપ અને કૃષ્ણના દાસ તરીકેનું રૂપ વ્યક્ત કર્યું છે. એ આપશ્રીની દંભરહિતતાને સ્પષ્ટ રીતે બતાવી આપે છે.

(૪) શ્રીભાગવત્ તત્ત્વજ્ઞતાઃ શ્રી સુબોધિનીજી તથા ભાગવતાર્થ પ્રકરણમાં શ્રીમદ્ ભાગવતના સાત અર્થોને એકરૂપે અવિરોધેન સમજાવીને આપશ્રીએ પોતે ભાગવતના તત્ત્વને સાચી રીતે, ઉત્તમ રીતે સમજ્યા છે તે સ્પષ્ટ કરી દીધું છે. પુરુષોત્તમ સહસ્ત્ર નામ તથા ત્રિવિધ લીલા નામાવલી આદિ રચનાઓ દ્વારા આપશ્રીનું ભાગવત તત્ત્વજ્ઞ તરીકેનું લક્ષણ સ્પષ્ટ થાય છે. ગુરુ બનવા માટે અનિવાર્ય પણે આવશ્યક એવાં આ ચારેય લક્ષણો આપશ્રી ધરાવે છે. તેથી આપશ્રીનું 'ગુરુ' નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૩૦) સ્વાનંદતુંદિલ :

આચાર્યશ્રી પોતાના આનંદથી પોતે પરિપુષ્ટ થયેલા છે. સ્વ એટલે પોતાનો જે આનંદ છે તેનાથી તુંદિલ એટલે કે ઘણા પુષ્ટ એવા શ્રીમહાપ્રભુજી છે. આપશ્રી નિજ સેવકોના ગુરુ છે. તેમના બધા મનોરથો પૂરે છે; તેમને કૃષ્ણના લીલારસાત્મક સ્વરૂપનું જ્ઞાન આપે છે. આપશ્રી કૃષ્ણની 'ચેતસ્તત્

પ્રવણં સેવા' એ અર્થમાં સેવા કરે છે આ બધું કરતાં, આપશ્રીનું હૃદય સદા સતત આનંદથી ભરેલું રહે છે. પોતાના એ આનંદથી પોતે વધુ ને વધુ પુષ્ટ બને છે. કયારેક તો આપશ્રી એ રસાનંદનો અનુભવ કરીને દેહાનુસંધાન પણ ભૂલી જાય છે; પછી તો આપશ્રીમાં કેવળ પરમાત્મભાવ જ રહે છે. ટૂંકમાં આપશ્રીના ભગવદ્ સંબંધી બધા મનોરથોની પૂર્તિ થતી આપશ્રી પ્રેમ નશામં મસ્ત બની પૂર્ણાનંદ અનુભવે છે. એ અગણિત આનંદનો અનુભવ કરીને આપશ્રી અતિપુષ્ટ બની જતાં આપશ્રીને જગતનું વિસ્મરણ અને કેવળ પ્રભુનું સ્મરણ થઈ ગયું છે. તેથી આપશ્રીનું 'સ્વાનંદ તુંદિલ' નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૩૧) પદ્મદલાયત વિલોચન :

આચાર્યશ્રીનાં નયનો કમળની પાંદડી જેવાં વિશાળ છે. કમળની પાંદડીની કિનારોનો ભાગ રતાશવાળો હોય છે. તે રીતે આપશ્રીનાં નેત્રોના ખૂણાઓમાં પણ લાલાશ છે. વિશાળ કર્ણાવલંબી નેત્ર એ તો સૌંદર્યનું પ્રકટ ચિહ્ન છે. કમળની પાંદડી જોતાં જોનારને સુખ થાય છે. તેવી રીતે શ્રીમહાપ્રભુજીનાં નયનો જોતાં જોનાર તેમના ભક્તો સુખનો અનુભવ કરે છે. કમળની પાંદડીના બધા ધર્મો તો આપશ્રીનાં નયનોમાં છે જ. પરંતુ તેથી પણ કંઈક વિશેષ છે એવું બતાવવા માટે 'લોચન' ન કહેતાં 'વિલોચન' કહ્યું છે. તેમાં આપશ્રીનાં નયનોનું દર્શન કમલદલના દર્શન કરતાં વિશેષ આનંદ (સુખ) આપે છે એવું કહેવાનો ભાવ છે.

કૃપાદગ્વૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિયઃપતિઃ ।
રોષદૃક્પાતસંપ્લુષ્ટ ભક્તદ્વિટ્ ભક્તસેવિતઃ ॥૧૪॥

શ્લોકાર્થ : (૩૨) પોતાના કૃપાકટાક્ષોની વૃષ્ટિથી પ્રસન્ન થયેલાં નિજ ભક્તજનોને (દાસદાસીઓને) પ્રિય છે જે તેવા (૩૩) શરણે આવેલા જીવોના રક્ષક (પતિ) (૩૪) રોષયુક્તદષ્ટિ નાખવા માત્રથી નિજ ભક્તોના દ્વેષીઓનો નાશ કરનારા અને (૩૫) ભક્તોએ સેવેલા (એવા શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : સંહૃષ્ટઃ= ઘણા આનંદ પામેલા, પતિઃ = રક્ષક, સંપ્લુષ્ટઃ = સારી રીતે બાળેલા, ભક્તદ્વિટ્ = ભક્તોના શત્રુઓ, ભક્તોના દ્વેષીઓ.

વિવેચન : ચૌદમાં શ્લોકમાં આચાર્યશ્રીનાં ચાર નામો પ્રકટ કરવામાં આવ્યાં છે.

(૩૨) કૃપાદક્‌વૃષ્ટિ સંહૃષ્ટ દાસદાસી પ્રિય :

કૃપાદક્ એટલે કૃપાવાળી દૃષ્ટિ (કૃપાકટાક્ષો), તેની જે વૃષ્ટિ (સતત વરસાદ) તેનાથી સંહૃષ્ટ એટલે કે ઘણા આનંદ પામેલાં એવાં પોતાના દાસદાસીઓને (સેવકોને) જે પ્રિય છે એવા. અથવા આપ આપની કૃપાદૃષ્ટિથી નિજ સેવકોમાં ઘણો આનંદ ઉત્પન્ન કરો છો. તેવા આનંદ પામેલ પોતાના સેવકો જેમને પ્રિય છે તેવા શ્રીમહાપ્રભુજી છે.

અહીં વૃષ્ટિનો અર્થ સતત પડતો વરસાદ એવો લેવાનો છે. આપશ્રી આપના ભક્તો ઉપર કૃપાદૃષ્ટિનો સતત વરસાદ વરસાવો છો, માત્ર કયારેક કયારેક નહીં. તેનાથી આપશ્રીના સેવકો સતત ભિંજાયેલા રહે છે અને તેઓ સ્વરૂપ રસનો અનુભવ કરે છે. એવા સેવકોના આપ પ્રિય છો અને એવા સેવકો આપશ્રીને પ્રિય છે. બન્ને વસ્તુ સાચી છે.

(૩૩) પતિઃ

પતિ તો તે છે જેને પોતાનો કોઈ ભય નથી અને ભયથી દુઃખી થયેલા જીવનું જે બધી રીતે રક્ષણ કરે છે. આ અર્થમાં, આચાર્યશ્રી નિજ સેવકોના પતિ છે. લૌકિકમાં જે પતિ કહેવાય છે તેવા નહીં. લૌકિક પતિ તો સદાકાળ સાંસારિક ભયથી ડરતા રહે છે; પછી પોતાનાં પત્ની બાળકોની, કોઈપણ પ્રકારના ભયથી તે કેવી રીતે રક્ષા કરે ? શ્રીમહાપ્રભુજી કાળથી પણ સદા અભય છે. તેથી સંસાર ભયથી ડરીને જેણે પણ આપશ્રીનું શરણ ગ્રહણ કર્યું છે તેવા નિજ સેવકોને આપ ભય રહિત કરે છે; તેનું સર્વપ્રકારે રક્ષણ કરે છે. માટે આપશ્રી પતિ છે.

(૩૪) રોષદક્‌પાત સંપ્લુષ્ટ ભક્તદ્વિટ :

રોષ સહિતની જેમની દૃષ્ટિનો પાત થવાથી (પડવાથી) સારી રીતે બળી ગયા છે (સંપ્લુષ્ટ) નિજ ભક્તોના શત્રુઓ (દ્વિટ્) એવા શ્રીમહાપ્રભુજી છે. સં એટલે સારી રીતે અને પ્લુષ્ટ એટલે બળેલાં. અહીં ભક્તોના શત્રુઓને સારી રીતે બળેલાં કહ્યાં છે. તેથી તેઓ ફરીથી નિજ ભક્તોનો દ્વેષ કરવા માટે ઉઠવાના નથી એવો આમાં સંકેત છે. તેથી તેઓ ફરીથી નિજ ભક્તોનો દ્વેષ કરવા માટે

ઉઠવાના નથી એવો આમાં સંકેત છે. પોતાનો દ્વેષ કરનાર રાવણ શિશુપાલ આદિ પોતાના શત્રુઓને તો ભગવાને મારીને મુક્ત કર્યાં. પરંતુ મહારાજ અંબરીષ જેવા નિજ ભક્તોનો દ્વેષ કરનાર દુર્વાસા જેવા મહર્ષિનું પોતે તપસ્વી હોવા અંગેનું અભિમાન બાળીને ભસ્મ કર્યું. શ્રીમદાચાર્યચરણનો પણ એ જ સ્વભાવ છે. આપશ્રી પોતાના દ્વેષીઓનો દ્વેષ છોડાવીને કદાચ તેમને શરણમાં લે ખરા પરંતુ નિજ ભક્તદ્વેષીઓનો તો આપશ્રી ઉચ્છેદ જ કરી નાખે છે.

(૩૫) ભક્ત સેવિત :

આપશ્રી નિજ ભક્તો દ્વારા સેવા પામેલા છે. અર્થાત્ આપશ્રીના સેવકો સદાકાળ આપશ્રીની સેવામાં હાજર રહે છે; તે એટલે સુધી કે કોઇપણ સંજોગોમાં તેઓ આપશ્રીની સેવા કરવાથી વિમુખ બનતા નથી. આપશ્રીએ ત્રણવાર અત્યંત કઠિન એવી ભારત પરિક્રમા કરી. ત્રણેવાર આપશ્રીના સેવકો આપશ્રીની સાથે રહી આપશ્રીની સેવા કરતા રહ્યા. કૃષ્ણદાસ મેઘન તો સેવામાં એવા રત રહેતા કે સ્થળ સમયનો અંતરાય તેમને નડતો નહીં. શ્રીમહાપ્રભુજીનો ભાવ સમજી, ગંગાસાગર તરીને સામે કિનારે જઈ, રાતોરાત, ડાંગર ખંડાવી તેના મમરા તૈયાર કરાવી, લાવીને તેમણે તે શ્રીમહાપ્રભુજી સમક્ષ ધર્યા. આનું નામ સેવા. દામોદરદાસજી પણ એવા જ એકનિષ્ઠ ગુરુભાવથી સતત શ્રીમહાપ્રભુજીની સેવા કરતા હતા. આ રીતે, આપશ્રી ભક્તો દ્વારા સદા સેવાયેલા રહેતા હોવાથી, આપશ્રીનું ભક્ત સેવિતઃ નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

સુખસેવ્યો, દુરારાધ્યો, દુર્લભાંઘ્રિ સરોરૂહ ।
ઉગ્રપ્રતાપો વાક્‌સીધુપૂરિતાશેષ સેવકઃ ॥૧૫॥

શ્લોકાર્થ : (૩૬) સુખથી જેમની સેવા કરી શકાય (૩૭) નિજસેવકો સિવાય બીજા જીવો માટે ઘણા કષ્ટે જેમને આરાધી શકાય. (૩૮) જેમનાં ચરણકમલની પ્રાપ્તિ દુર્લભ છે. (૩૯) ઉગ્રપ્રતાપવાળા અને (૪૦) નિજ વચનામૃતોથી આંતરબાહ્ય રીતે સિંચાયેલા છે જેમના બધા સેવકો (એવા શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : અંઘ્રિ = પગ, સરોરૂહ = કમળ, વાક્સીધુ = વાણીરૂપ અમૃત.

વિવેચન : પંદરમાં શ્લોકમાં આચાર્યશ્રીના ચાર નામો પ્રકટ કરવામાં આવ્યા છે.

(૩૬) સુખસેવ્ય :

આ પહેલાં ભક્ત સેવિત નામ કહ્યું. પરંતુ આપશ્રીના ભકતો તો ઘણા છે. દરેક ભક્તનો સેવાભાવ જુદો હોય તો પછી તે બધા આપશ્રીની સેવા સુખપૂર્વક કેવી રીતે કરે ? આવી કોઈ શંકા થાય તેના નિવારણ માટે આ નામ પ્રકટ કર્યું છે. સુખસેવ્ય એટલે સુખથી જ જેમની સેવા થઈ શકે તેવા. એનો આશય એવો છે કે યદ્યપિ આપશ્રીના ભક્તો તો ઘણા છે પરંતુ તેઓ જે ભાવથી આપશ્રીની સેવા કરી શકે એ રીતે તે સૌનો અંગીકાર થાય છે. એટલા માટે આપશ્રીનું સુખસેવ્ય નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૩૭) દુરારાધ્યો :

નિજ સેવકો સિવાય અન્ય જીવો માટે ઘણા કષ્ટે પણ જેમની સેવા ન કરી શકાય તેવા શ્રીમહાપ્રભુજી છે. શ્રીમહાપ્રભુજીના સેવકો તો સુખપૂર્વક આપશ્રીની સેવા કરી શકે છે; પરંતુ, કેટલીકવાર અન્યલોક-રાજા મહારાજા જેવાઓ પણ આપશ્રીથી પ્રભાવિત થઈ આપશ્રીની સેવા કરવા તૈયાર થઈ જતા. ત્યારે આપશ્રી તેમની સેવાનો સ્વીકાર ન કરતા. આચાર્યશ્રીએ કદી પણ નિજ સેવક સિવાયના બીજા કોઈ જીવની કોઈપણ પ્રકારની - તન કે ધનથી કરાયેલ સેવાનો સ્વીકાર કર્યો નથી. વિદ્યાનગરના સર્વેસર્વા કૃષ્ણદેવરાય પણ જ્યાં સુધી આપશ્રીનું શરણ ગ્રહી આપશ્રીના સેવક ન બન્યાં ત્યાં સુધી આપશ્રીએ તેમની વિત્તસેવાનો સ્વીકાર નથી કર્યો. આવું તો અનેક પ્રસંગોમાં બન્યું છે. આથી આપશ્રીની સેવા કરવા ઈચ્છતા પરંતુ આપશ્રીના સેવકો ન હોય તેવા જીવો માટે આપશ્રીની સેવા કરવાનું કાર્ય અતિ દુષ્કર બની ગયું હતું. આ નિયમમાં આપશ્રીએ અપવાદ રાખ્યો નથી. તેથી જ આપશ્રીનાં આ બન્ને નામો સુખસેવ્યઃ અને દુરારાધ્યઃ પ્રકટ કરવામાં આવ્યાં છે.

(૩૮) દુર્લભાંઘ્રિ સરોરૂહ :

ભક્તો માટે સુખથી સેવાતા અને અભકતો માટે કષ્ટથી પણ ન સેવાતા એવા શ્રીમહાપ્રભુજીના ચરણકમલ સૌને માટે દુર્લભ છે. અભકતો માટે તો છે

જ; પરંતુ ભકતો માટે પણ તે દુર્લભ છે. એટલે અપ્રાપ્ય છે એવું નહીં; ભકતો આપશ્રીનાં ચરણકમળની પ્રાપ્તિ અવશ્ય કરી શકે છે. પરંતુ બહુ કષ્ટ પછી. કારણ કે આપશ્રીનાં ચરણકમળ અલૌકિક છે. અલૌકિક વસ્તુની પ્રાપ્તિ સરળતાથી ન થાય. તે પ્રાપ્ત કરવાની આર્તિ ભક્તહૃદયમાં થાય ત્યારે તે આર્તિ (કષ્ટ) ના પરિણામ રૂપે આચાર્યશ્રીના ચરણકમળની પ્રાપ્તિ થાય. તેથી આર્તિ વડે જેમનાં ચરણકમળની પ્રાપ્તિ થઈ શકે એવા શ્રીમહાપ્રભુજી છે. એવું નામ પ્રકટ કરવામાં આવ્યું છે. અહીં જે કષ્ટ (આર્તિ) છે તે વિરહકલેશ રૂપ કષ્ટ છે એમ સમજવું. આથી આપશ્રીનાં ચરણકમળની પ્રાપ્તિ થતાં ભકતોનો વિરહ દૂર થાય છે. અને તેમને સંયોગાત્મક સુખની (આચાર્યશ્રીનાં ચરણકમળોની) પ્રાપ્તિ થાય છે.

(૩૯) ઉગ્રપ્રતાપ :

અભકતો માટે સહન ન કરી શકાય તેવો ઉગ્ર જેમનો પ્રતાપ (તેજ) છે તેવા આપશ્રી છે. તેથી નિજ સેવકો સિવાયના બીજાઓને તેમની સમિપ જવું મુશ્કેલ છે, તો પછી આપશ્રીની સાથે સંબંધ તો કેમ જ સ્થાપી શકે ? આ નામનો આવો ભાવ છે. અરે ! આપશ્રીના સેવકોને પણ 'પોતાનાથી કાંઈ અપરાધ થઈ જશે તો' એવો છૂપો ડર રહે છે; તો પછી વિરોધીઓ તો આપશ્રીના પ્રતાપથી ડરતા જ રહેને!

આપશ્રીનો પ્રતાપ એટલે કે તેજ એવું ઉગ્ર છે કે તેનાથી કાળ પણ ડરે છે. તામ્રપર્ણી નદીના કિનારે આવેલ પાલંકોટ નામે નગરના મહારાજાએ પોતાને થયેલ અસાધ્ય રોગમાંથી મુકત થવા માટે, પોતાના કદ જેટલું સુવર્ણનું બનાવેલ કાળપુરુષનું પુતળું બનાવી બ્રાહ્મણને તેનું દાન કરવાનું ઈચ્છયું; જેથી તે અસાધ્ય રોગમાંથી મુકત થાય. પરંતુ કોઈપણ બ્રાહ્મણ તે કાળપુરુષનું દાન લેવા તૈયાર ન થયો. પરંતુ મહાપ્રતાપી એવા શ્રીમહાપ્રભુજીએ તે દાન સ્વીકારવા સંમતિ આપી. ત્રિકાલ ગાયત્રી કરતા એવા આપશ્રીના ઉગ્ર પ્રતાપથી કાળપુરુષ ડરી ગયો. શ્રીમહાપ્રભુજીએ સુર્વણના પુતળાનું દાન લઈને, તેના નાના નાના ટુકડાઓ કરાવીને ત્યાં હાજર રહેલા બધા બ્રાહ્મણોમાં તે વહેંચી દીધા. આ રીતે આપશ્રીએ આપશ્રીના ઉગ્ર પ્રતાપથી કાળપુરુષનું તેજ હરણ કરીને રાજાને અસાધ્ય રોગમાંથી મુકત કર્યો. આવો હતો આપશ્રીનો ઉગ્ર પ્રતાપ.

(૪૦) વાક્સીધુ પૂરિતાશેષ સેવક :

જેમની વાણી રૂપી (અમૃત)થી સર્વ ભકતો અંતર અને બાહ્ય રીતે તરબોળ બની જાય છે એવા શ્રીવલ્લભ છે. અંદ બહારથી તરબોળ બનવું એટલે પોતાની બધી ઈન્દ્રિયો વડે આનંદનો અનુભવ કરવો, જેથી તેના ત્રિવિધ તાપ દૂર થાય. આપશ્રી જ્યાં જાય ત્યાં શ્રીભાગવતની સુબોધિની કથા કરતા. આપશ્રીની વાણી વડે વ્યકત થતા એ કથામૃતનું પાન કરીને શ્રોતાઓ પોતાની બધી ઈન્દ્રિયો વડે રસાનંદનો અનુભવ કરતા. સારાયે ભારતમાં જ્યાં જ્યાં આપે થોડાક દિવસ વિશ્રામ કર્યો છે ત્યાં ત્યાં આપશ્રીએ ભાગવત કથામૃત પીરસ્યું છે. સાંભળનારા સૌ કોઈ તેનું પાન કરીને આનંદનો અનુભવ કરી શકયા છે.

આપશ્રીના વાક્સીધુમાં આવી અલૌકિક શક્તિ કેવી રીતે હોઈ શકે ? તેનો જવાબ આ છે : આપશ્રી કૃષ્ણાસ્ય હોઈ, આપશ્રીની વાણી ભગવદ્ વાણી છે. તેથી આપશ્રીનાં વચનામૃતોમાં તપ્ત જીવોના ત્રિવિધ તાપોને શાંત કરી તેને આનંદ પ્રદાન કરવાની શક્તિ હોય તેમાં કશું આશ્ચર્ય નથી. આપશ્રીના અંતરંગ સેવકોને તો કથામૃત ઉપરાંત વચનામૃતો પણ સાંભળવા મળતાં. તેનાથી આંતર બાહ્ય રીતે તેમનાં હૃદય સિંચાઈ જતાં. નિજ સેવકોનો તો તે નિત્યનો અનુભવ હતો.

શ્રીભાગવતપિયૂષ સમુદ્ર મથન ક્ષમઃ ।
તત્સારભૂત રાસસ્ત્રીભાવપૂરિત વિગ્રહઃ ।।૧૬।।

શ્લોકાર્થ : (૪૧) શ્રીભાગવત રૂપી અમૃતના સાગરનું મંથન કરવા માટે સમર્થ (૪૨) શ્રીભાગવત પીયૂષ સમુદ્રનું મંથન કરીને તેના સાર રૂપ રાસલીલાના ગોપીભાવથી પરિપૂર્ણ દેહવાળા.

કઠિન શબ્દાર્થ : પીયૂષ સમુદ્ર = અમૃતનો સમુદ્ર, મથન ક્ષમઃ = મંથન કરવામાં સમર્થ, તત્સારભૂત = તેના સાર રૂપે, વિગ્રહ = મૂર્તિ, સ્વરૂપ, દેહ

વિવેચન : સોળમાં શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનાં બે નામ પ્રકટ કરવામાં આવ્યા છે.

(૪૧) શ્રીભાગવત પીયૂષ સમુદ્ર મથનક્ષમઃ

શ્રીમહાપ્રભુજી ભાગવત રૂપી અમૃતના સાગરનું મંથન કરવા માટે સમર્થ

છે. આપશ્રીએ શ્રીસુબોધિનીજીની રચના દ્વારા ભાગવત રૂપી અમૃતસાગરનું મંથન કરેલું છે. દેવદાનવોએ ભેગા મળી ક્ષીરસાગરનું મંથન કર્યું અને તેમાંથી અમૃત મેળવ્યું. આપે એકલે હાથે શ્રીમદ્ ભાગવત રૂપી અમૃતના સાગરનું મંથન કર્યું. ક્ષીરસાગરના મંથનથી અમૃત પ્રાપ્ત થયું. પરંતુ શ્રીમદ્ ભાગવત તો પોતે અમૃતનો જ સાગર છે. તેમાંથી અમૃત કરતાં વધુ અલૌકિક વસ્તુ મળવી ઘટે. અને બન્યું પણ તેમજ. અમૃતના એ સાગરનું મંથન કરતાં તેમાંથી સર્વતોધિક દિવ્ય એવો રાસસ્ત્રીભાવ (ગોપીભાવ) મળ્યો. દેવોએ અમૃત મેળવી તેનું પાન કર્યું અને તેઓ અમર બન્યા. શ્રીમહાપ્રભુજીએ ગોપીભાવ પ્રાપ્ત કરી તેનું આકંઠ પાન કર્યું; તેથી ગોપીભાવથી આપ આંતર બાહ્ય રીતે પૂરિત બની ગયા. ક્ષીરસાગરના મંથન કરતાં ગોપીભાગવથી આપ આંતર બાહ્ય રીતે પૂરિત બની ગયા. ક્ષીરસાગરના મંથન કરતાં ભાગવત પીયૂષ સમુદ્રનું મંથન કરવાનું કાર્ય વધુ મુશ્કેલ છે; છતાં તેવું અત્યંત મુશ્કેલ કાર્ય કરવાની ક્ષમતા પોતે ધરાવે છે એવું આ નામ દ્વારા બતાવવામાં આવ્યું છે.

શ્રીભાગવત પીયૂષ સમુદ્રનું મંથન કરવું એટલે શ્રીસુબોધિનીજીની રચના કરવી. શ્રીસુબોધિનીજીમાં આપશ્રીએ ગોપીભાવ પ્રકટ કર્યો છે. સ્વાર્થી દેવોએ અૃમત મેળવ્યું અને તેનું પાન પોતે જ કર્યું; તે કામ કરવામાં સહાયતા કરનાર દાનવોને તેનાથી વંચિત રાખ્યા; શ્રીમહાપ્રભુજીએ ગોપીભાવ મેળવ્યો અને તેનું પાન પોતે જ કર્યું; અને જાતિ પાતિના ભેદ સિવાય જે મનુષ્ય તેનું પાન કરવા ઈચ્છે તેને આપશ્રીએ ભાવનું પાન કરાવે છે શ્રીસુબોધિનીજી–કથા દ્વારા.

આપશ્રીએ શ્રીમદ્ ભાગવતનું મંથન કર્યું. એટલે કે શ્રીમદ્ ભાગવતનો સાત પ્રકારે અર્થ કર્યો; પહેલા ચાર પ્રકારના અર્થો (શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ અને અધ્યાયાર્થ) નિબંધના ભાગવતાર્થ પ્રકરણમાં પ્રકટ કર્યા અને બાકીના ત્રણ પ્રકારના અર્થો (વાકયાર્થ, શબ્દાર્થ અને અક્ષરાર્થ) શ્રીસુબોધિનીજીમાં પ્રકટ કર્યા છે. આનું નામ શ્રીભાગવત રૂપી અમૃતના સમુદ્રનું મંથન કરવું તે. એવું અલૌકિક મંથન તો આપશ્રી જ કરી શકે. અન્ય કોઈની એવું કરવાની ક્ષમતા નથી. તેથી આપશ્રીનું નામ 'શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમઃ' એવું પ્રકટ કરવામાં આવ્યું છે.

(૪૨) તત્સારભૂત રાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહ :

આપશ્રીએ શ્રીમદ્ ભાગવત રૂપી અમૃતના સાગરનું મંથન કર્યું. દૂધ, દહીં આદિનું મંથન કરતાં તેના સાર (તત્ત્વ) રૂપે માખણ મળે. સમુદ્ર મંથન કરવાથી દેવદાનવોને અમૃત આદિ ચૌદ રત્નો મળ્યાં. પરંતુ ભાગવત તો સાક્ષાત્ અમૃતનો સમુદ્ર છે. અમૃતનું સત્વ શું હોઈ શકે ? અૃમત તેના પીનારને અમર કરે; પરંતુ અમૃતનું તત્ત્વ-એટલે કે અમૃતના મંથનના સાર રૂપે જે તત્ત્વ મળે તે તેના પીનારાને નિત્ય લીલામાં સામેલ કરે તેવું દિવ્ય હોય. શ્રીમહાપ્રભુજીએ ભાગવત પીયૂષ સમુદ્રનું મંથન કરીને તેમાંથી તેના સાર રૂપે અત્યંત અલૌકિક એવો ગોપીભાવ મેળવ્યો અને તે પોતે ધારણ કર્યો. પરિણામે આપશ્રી ગોપીભાવયુકત દેહવાળા બની ગયા. આપશ્રીએ જે રાસસ્ત્રીભાવ એટલે કે ગોપીભાવ મેળવ્યો છે તે મુક્તિ કરતાં પણ વધુ સાર રૂપ છે. એવા એ સારરૂપ ગોપીભાવ વડે આપશ્રીનો વિગ્રહ એટલે કે દેહ ભરપૂર બની ગયો છે. તેથી આપશ્રીનું નામ 'તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ' પ્રકટ કરવામાં આવ્યું છે.

ક્ષીરસાગરમાં તો સાધારણ જળ હતું. તેથી તેનું મંથન કરતાં તેમાંથી અમૃત સિવાય બીજા પણ કેટલાક પદાર્થો (દેવોના અને દાનવોના ઉપભોગને માટે યોગ્ય એવા પદાર્થો) જેવા કે સૂરા, ઉચ્ચૈશ્રવા ઘોડો, ઐરાવત હાથી, રંભાદિદેવાંગનાઓ તથા લક્ષ્મીજી અને કૌસ્તુભમણી પણ મળ્યાં હતાં. પરંતુ શ્રીભાગવત તો કેવળ અમૃતનો સાગર છે. તેથી તેમાંથી કોઈ સાધારણ પદાર્થ ન જ મળે. તેમાંથી તો કેવળ એક જ પરમાનંદ સ્વરૂપ અલૌકિક પદાર્થ મળ્યો અને તે રાસસ્ત્રીભાવ અર્થાત ગોપીભાવ. શ્રીઆચાર્યજીએ ગોપીભાવનું પાન કર્યું અને તેનાથી પરિપ્લાવિત બની ગયા. પોતે એ ગોપીભાવ સતત અનુભવતા તેથી વારંવાર તેને પ્રકટ પણ કરતા હતા. જેમકે આપશ્રીના ઉદગારો 'કૃષ્ણાવતારઃ પતિઃ' અને

દાસીનાં સર્વરક્ષાર્થં નિમિત્તીકૃત્ય તાદશમ્ ।
પ્રાદુર્ભૂતો મમ સ્વામી નૈશ્ચિત્યં વાચિ પૂર્વવત્ ॥

(ભા.સ્કંધ ૧૦ અ. ૩ શ્લોક ૯ પૂર્વેની કારિકા.)

સાચે જ આચાર્યશ્રીનો દિવ્ય દેહ જ ગોપીભાવ જેવા અલૌકિક તત્ત્વને

ગ્રહણ કરી શકે. તેથી તો સંપ્રદાયમાં આપશ્રીને સ્વામિનીજી સ્વરૂપ ગણવામાં આવ્યા છે.

સાન્નિધ્ય માત્ર દત્ત શ્રીકૃષ્ણપ્રેમા વિમુક્તિદઃ ।
રાસલીલૈક તાત્પર્યઃ કૃપયૈત્કથાપ્રદઃ ।।૧૭।।

શ્લોકાર્થ : (૪૩) નિજ સાન્નિધ્ય માત્રથી જ નિજ સેવકોને શ્રીકૃષ્ણ પ્રત્યેના પ્રેમનું દાન કરનાર. (૪૪) ભગવદ્ સંબંધરૂપ મુક્તિનું દાન કરનારા (૪૫) રાસલીલામાં જ એકમાત્ર તાત્પર્ય છે જેમનું એવા અને (૪૬) કૃપા કરીને રાસલીલાના સંબંધવાળી કથા ઉત્તમ પ્રકારે આપનારા છે જે એવા (શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : તત્કથા = રાસલીલાની તે કથા, પ્ર = ઉત્તમ રીતે, દ = આપનાર

વિવેચન : સત્તરમાં શ્લોકમાં આપશ્રીનાં ચાર નામો પ્રકટ કરવામાં આવ્યા છે.

(૪૩) સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા :

પોતે નિજ સેવકોની સમીપ રહેવા માત્રથી જ તેમને શ્રીકૃષ્ણમાં રતિ (પ્રેમ) આપે છે એવા શ્રીવલ્લભ છે. જો આપ આંતરબાહ્ય રીતે શ્રીકૃષ્ણમાં રતિથી ભરેલા ન હોત તો આપશ્રીના સાન્નિધ્યનો આવો પ્રભાવ ન પડત. શ્રીકૃષ્ણરતિથી પરિપૂર્ણ એવા આપ નિજ ભક્તોની પાસે પધારો એટલા માત્રથી જ તેમના હૃદયોમાં શ્રીકૃષ્ણરતિ પ્રકટે છે. શ્રીકૃષ્ણમાં પ્રેમ, એટલે ગોપીજનોના, વ્રજભક્તોનો જે પ્રેમ શ્રીકૃષ્ણમાં હતો તે અને તેવો પ્રેમ. આવા પ્રેમથી આપશ્રીનું બાહ્યાભ્યંતર પૂર્ણ છે. તેથી આપશ્રી પાસે જે કોઈ વ્યક્તિ આવે તેને તે ભાવની પ્રાપ્તિ થાય જ. અત્તર વેચનારની દુકાનની નજીક જનારને સુગંધની પ્રાપ્તિ થાય જ. એ રીતે ગોપીભાવથી પૂર્ણ એવા આપશ્રીની નજીક જતાં જ જનારમાં થોડે ઘણે અંશે પણ ગોપીભાવ સ્ફુરે તેમાં કોઈ શંકા નથી.

(૪૪) વિમુક્તિદઃ

મુક્તિ એટલે મોક્ષ. પરંતુ અહીં તો વિમુક્તિ કહી છે. વિમુક્તિ એટલે વિશેષ પ્રકારની, પુષ્ટિમાર્ગીય મુક્તિ. પુષ્ટિમાર્ગીય મુક્તિ એટલે – મુક્તિર્હિત્વાન્યથારૂપમ્ સ્વરૂપેન્ વ્યવસ્થિતઃ, શિક્ષાશ્લોક. અહંતા મમતા જનિત પોતાનું જે સ્વરૂપ જીવે માની લીધું છે, તે તેનું અન્ય સ્વરૂપ કહેવાય;

જીવનું સાચું સ્વરૂપ તો બ્રહ્મના અંશ રૂપ છે. અહમ્ અને મમ થી બનેલ સ્વરૂપ તેનું નથી. તે તો કોઈ બીજું જ સ્વરૂપ છે. પરંતુ તે જીવ તે અન્ય સ્વરૂપને જ પોતાનું માની બેઠો છે. એ અન્ય સ્વરૂપમાંથી મુક્ત થઈ નિજ સ્વરૂપ (ભગવદ્ અંશરૂપ સ્વરૂપ)માં સ્થિતિ કરવી તેનું નામ મુક્તિ. એ મુક્તિ એટલે જીવનો મોક્ષ અથવા સ્વર્ગપ્રાપ્તિ નહીં. તેથી વિશેષ-ઘણું વધારે જેમાં છે એવી મુક્તિ એટલે કે સ્વરૂપાનંદનું ભાન થવું તેને વિમુક્તિ કહેવાય. શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય જીવોને મુક્તિ અપાવવા માટે થયું છે. દૈવી જીવોને એવી મુક્તિ આપવા માટે સામે ચાલીને આપશ્રીએ તેમને વિમુક્તિ આપી છે. જીવને પોતાના અસલ સ્વરૂપનું જ્ઞાન કરાવીને શ્રીમહાપ્રભુજી અટકી જતા નથી. પરંતુ તેના અસલ સ્વરૂપ (અંશીરૂપ ભગવાન) સાથે બાંધી આપે છે. તેનું નામ વિમુક્તિ. આપશ્રી એવી વિમુક્તિ આપે છે તેથી આપશ્રીનું વિમુક્તિદઃ નામ પ્રકટ કર્યું છે. આપશ્રી જે મુક્તિ આપે છે તે તો સાક્ષાત ભગવાનના સંબંધ રૂપ મુક્તિ છે તેથી વિમુક્તિ.

(૪૫) રાસલીલૈક તાત્પર્ય :

શ્રીમહાપ્રભુજી રાસલીલામાં જ તત્પરતા વાલા છે. આચાર્યશ્રીનો સિદ્ધાંત છે કે 'બધાં શ્રુતિશાસ્ત્રોમાં ગણાવેલાં ઉત્તમ ફલોમાં, સર્વથી અધિક ઉત્તમ ફલ છે, શ્રીકૃષ્ણની રાસલીલાનું દર્શન. એટલા માટે આપશ્રીએ શ્રીમદ્ ભાગવતના દસમ સ્કંધ પૂર્વાર્ધના 'રાસપંચાધ્યાયી' નામથી ઓળખાતા પાંચ અધ્યાયોને 'તામસ ફલ પ્રકરણ'ની અંતર્ગત ગણાવ્યા છે. પોતાની દસે ઈન્દ્રિયો અને અગિયારમાં મન વડે, શ્રીભાગવતના સ્વરૂપાનંદનો ઉપભોગ કરી શકાય એ ફલ સર્વોત્તમ ફલ ગણાય. અને એ ફલ તો કેવલ રાસલીલામાંથી જ પ્રાપ્ત થઈ શકે છે. શ્રીવ્રજસીમન્તિનિઓ 'વેણુગીત'માં એ પરમફલનું નિરૂપણ આ રીતે કરે છે :

અક્ષણ્વતાં ફલમિદં ન પર વિદામઃ - અહીં અક્ષણ્વતાં એટલે 'બધી ઈન્દ્રિયો વડે' એવો અર્થ કરવો. આપશ્રીના મત પ્રમાણે રાસલીલા જ પરમ ફલ હોઈ આપશ્રી પુષ્ટિ ભક્તોને તેનું દાન કરે છે. આપશ્રીએ ચંદ્ર સરોવર ઉપર નિજ સેવકોને રાસલીલાનું દર્શન કરાવ્યું હતું એ તેનું પ્રમાણ છે.

(૪૬) કૃપયૈતત્કથાપ્રદઃ

આચાર્યશ્રી, કૃપા કરીને, સર્વોત્તમ ફલરૂપ રાસલીલાની કથા ઉત્તમ પ્રકારે નિજ સેવકોને સંભળાવે છે. એટલે કે રાસલીલાના રહસ્યને નિજ સેવકો પાસે પ્રકટ કરી બતાવે છે. કૃપયૈ એટલે કૃપા કરીને, તત્ કથા એટલે રાસલીલાની કથા, પ્ર એટલે ઉત્તમ રીતે અને દઃ એટલે આપે છે. પ્રદઃ એટલે પ્રકર્ષેણ દદાતિ એટલે ઉત્તમ રીતે આપવી.

આપ કૃપા કરીને રાસલીલાની કથા કહે છે. આપશ્રી કૃપા કરીને નિજ સેવકોને એ કથા કહે છે; પરંતુ તે દાનરૂપ બની જાય છે. કથા કહેવી અને તે કહેતાં શ્રોતાઓને જે તે લીલારસનો અનુભવ પણ કરાવવો તેનું નામ પ્રદાન. આપશ્રી રાસલીલાની કથા એવી ઉત્તમ રીતે કહી સંભળાવે છે કે સાંભળનાર તે લીલારસનો અનુભવ પણ કરે છે. એટલા માટે આપશ્રીનું કૃપયૈતત્કથાપ્રદઃ નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

આપશ્રી રાસલીલાની કથા નિજ ભક્તોને કહેતા હતા. પરંતુ સૂરદાસ, પરમાનંદદાસ જેવા અનન્ય ભક્તોને કથાનો જે પ્રસંગ આપ કહી સંભળાવતા તે કથા પ્રસંગના સાક્ષાત દર્શન તેમને થતાં જ હશે; અન્યથા તે કથા પ્રસંગને હુબહુ વર્ણવતાં કીર્તનો તેઓ કેવી રીતે ગાઈ સંભળાવે. અને દીનકર શેઠને તો આપશ્રી ભાગવતના બધા કથા પ્રસંગો એવી રીતે કહી બતાવતા જેથી તે કથાનો રસ તેમનાં કર્ણ અને નેત્રો દ્વારા તેમના અંતઃકરણમાં પ્રવેશ કરતો અને તેઓ નિજ દેહધર્મો ભૂલી જતા. એટલા માટે આપશ્રીનું કૃપયૈતત્કથાપ્રદઃ નામ પ્રકટ કર્યું છે.

વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશકઃ ।
ભક્ત્યાચારોપદેષ્ટા ચ કર્મમાર્ગ પ્રવર્તકઃ ॥૧૮॥

શ્લોકાર્થ : (૪૭) વિરહનો અનુભવ કરવા માટે સર્વનો ત્યાગ કરવાનો ઉપદેશ કરનાર (૪૮) ભક્તિમાર્ગના આચારનો ઉપદેશ કરનાર (૪૯) કર્મમાર્ગ એટલે કે વર્ણાશ્રમના આચાર તથા ધર્મોના પ્રવર્તવનારા (એવા શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : ઉપદેષ્ટા = ઉપદેશ આપનાર

વિવેચન : અઢારમાં શ્લોકમાં આપશ્રીનાં ત્રણ નામો પ્રકટ કરવામાં આવ્યાં છે.

(૪૭) વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકઃ

સર્વત્યાગનો ઉપદેશ એટલે સન્યસ્ત ગ્રહણ કરવું એવો અર્થ થાય. સ્ત્રી, પુત્ર, ઘરબાર આદિનો ત્યાગ કરીને સન્યસ્ત ગ્રહણ કરવું તેનું નામ સર્વત્યાગ. પરંતુ શ્રીમહાપ્રભુજીએ સન્યસ્તનો ઉપદેશ આપ્યો છે ખરો ? સન્યાસ નિર્ણય નામના લઘુગ્રંથમાં આપશ્રીએ કહ્યું છે કે કલિકાળમાં વૈરાગ્યનો અભાવ છે; સાચો સંગ દુષ્કર છે. એટલા માટે સન્યાસ ન લેવો. ભક્તિમાર્ગમાં સાધન દશામાં તો સન્યાસ ન જ લેવાય પરંતુ સિદ્ધ દશામાં કેવળ પ્રભુ વિરહનો અનુભવ કરવા માટે જ સન્યાસ લેવાય. ભગવદ્ વિરહમાં વ્યાકુળતા, અસ્વસ્થતા, મૂર્છા, પ્રલાપ વગેરે થાય. એવા વિરહનો અનુભવ કરવા સન્યાસ (સર્વ ત્યાગ) કરી શકાય. વિરહમાં શરીરનો નાશ થતો નથી, વિરહમાં ભગવાનનાં ગુણગાન ગવાય છે. ગોપીજનોએ કૃષ્ણનાં વિરહમાં કૃષ્ણનાં ગુણગાન ગાઈને પોતાનું શરીર ટકાવી રાખ્યું હતું. એવો વિરહભાવ જાગે ત્યારે સર્વ ત્યાગ કરવો એવો ઉપદેશ આપશ્રીએ કર્યો છે.

શ્રીમહાપ્રભુજીના આ નામનું વિવેચન કરતાં નિ.લી. ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજે આજ્ઞા કરી છે, ''શ્રૃંગાર રસ દ્વિદલાત્મક છે; સંયોગાત્મક અને વિયોગાત્મક. શ્રીઆચાર્યજી પોતાના સેવકોને બન્ને પ્રકારના શ્રૃંગાર રસનું એટલે કે પૂર્ણ રસનું દાન કરે છે. રાસલીલા દ્વારા આપશ્રી સંયોગ રસનું અને સર્વત્યાગના ઉપદેશ દ્વારા વિપ્રયોગ રસનું દાન કરેછે. પરંતુ એવો એ સર્વત્યાગ કરવો કયારે ? આપશ્રી કહે છે કે ભગવદ્ વિરહનો અનુભવ કરવા માટે જ સર્વ ત્યાગ કરવો.

શ્રીમહાપ્રભુજી સદૈવ વિપ્રયોગનો અનુભવ કરતા હતા. તેથી આપશ્રી સદા માટે સર્વત્યાગી હતા. આપશ્રીના વિપ્રયોગના અનુભવનાં બે પાસાં છે. એક બાહ્ય એટલે કે ઉપલક દૃષ્ટિથી દેખાતું પાસું. માત્ર ધોતી ઉપરણો ધારણ કરીને, અડવાણે પાયે પૃથ્વી પરિક્રમા કરવી, ગૃહસ્થાશ્રમી હોવા છતાં પોતાના નિવાસસ્થાનમાં ત્યાગી જીવન ગાળવું એ બધું આપશ્રીના બાહ્ય વિરહનું સૂચક છે. આપશ્રીના આંતર વિરહને સમજાવવા માટે એક દૃષ્ટાંત પૂરતું થઈ પડશે.

અડેલથી વ્રજ જતાં રસ્તામાં આપશ્રી કનોજમાં પરમાનંદદાસને ઘેર પધાર્યા. તે સમયે આપશ્રીએ પરમાનંદદાસને આજ્ઞા કરી, 'પરમાનંદ, કછુ ભગવદ્ યશ ગાન કરો.'' ત્યારે પરમાનંદદાસે પોતાના અંતઃભાવના અનુભવે આ પદ ગાયું – હરિ તેરી લીલાકી સુધી આવૈ

કમલનયન મનમોહન મૂરતિ મન મન ચિત્ર બતાવૈ ।
પરમાનંદ પ્રભુ શ્યામ ધ્યાન કરી ઐસે વિરહ ગંવાવૈ ।।

આ પદની પહેલી પંક્તિ સાંભળતાં જ કૃષ્ણલીલાની યાદ આવી જતાં આપશ્રી મૂર્ચ્છામાં પડી ગયા; અને લીલામાં મગ્ન થઈ ગયા આવું છે આપશ્રીના અંતઃવિરહનું સ્વરૂપ.

આપશ્રી વિરહ ભાવ અનુભવે છે ત્યારે મૂર્ચ્છામાં પડી જાય છે. ભગવદ્ વિરહમાં વ્યાકુળતા, મૂર્ચ્છા થવી વગેરે તનમનની સ્થિતિનું નામ જ સર્વ ત્યાગી; દેહનું ભાન ભૂલી જવાય પછી કઈ વસ્તુનો ત્યાગ કરવાનો બાકી રહે ? આ રીતે પોતાના વિરહાનુભવ દ્વારા આપશ્રી સર્વત્યાગનો ઉપદેશ આપે છે. તેથી આપશ્રીનું આ નામ પ્રકટ થયું છે.

(૪૮) ભક્ત્યાચારોપદેષ્ટા :

શ્રીઆચાર્યજી ભક્તિના આચરણનો ઉપદેશ આપનાર છે. ભક્તિનો આચાર એટલે શું ? જીવ અન્યાશ્રય છોડીને અત્યંત ભાવપૂર્વક ભગવદ્ સેવા કરે તેને ભક્તિનો આચાર કહેવાય. આ જાતનો આચાર ત્યારે કરી શકાય જ્યારે જીવ ભગવદ્ સેવાને જ ભક્તિના ફલરૂપ માને. અડેલમાં સ્થિર થઈને આપશ્રીએ સંપૂર્ણ પ્રેમભાવથી કેવળ કૃષ્ણની સેવા કરી છે. અને એ રીતે ભક્તિના આચારનો ઉપદેશ નિજજનોને આપ્યો છે.

આચાર્યશ્રી વલ્લભ ભક્તિમાર્ગના આચાર્ય છે. આચરણ કરે તે આચાર્ય. દરેક માર્ગમાં આચારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. શ્રીમહાપ્રભુજી સ્વયં પ્રેમભાવે, અસમર્પિતનો ત્યાગ કરીને, કેવળ શ્રીકૃષ્ણનો જ આશ્રય ગ્રહણ કરીને, શ્રીકૃષ્ણની જ (વ્રજાધિપની જ) સેવા કરતા હતા. આ છે આપશ્રી દ્વારા પ્રવર્તાવેલ પુષ્ટિમાર્ગનો આચાર. પોતે તેનું આચરણ કરીને પોતાના સેવકોને તે રીતે આચરણ કરવાનો ઉપદેશ આપતા હતા. પોતે જે કરે તેનો ઉપદેશ આપવાથી જ, તે ઉપદેશની અસર પડે છે.

(૪૯) કર્મમાર્ગપ્રવર્તક :

પોતે ભક્તિમાર્ગનો આચારનો ઉપદેશ કરે છે; તેમ છતાં આપશ્રીએ કર્મમાર્ગનું પ્રવર્તન કર્યું છે. એવું કેવી રીતે કહી શકાય ? છતાં શ્રીગુસાંઈજી, આપશ્રીનું 'કર્મમાર્ગ પ્રવર્તક' એવું નામ પ્રકટ કરે છે. તેનું કારણ બહુ સ્પષ્ટ છે. કોઈપણ વર્ણ કે આશ્રમનો જીવ ભક્તિ કરે ત્યારે ભક્તિના આચારનું પાલન તેને કરવાનું છે. પરંતુ ભક્તિ કરવાં છતાં તેણે પોતાના વર્ણાશ્રમના આચારોનું પાલન તો કરવાનું છે જ. આપશ્રી ભક્તિના આચરણનો ઉપદેશ આપે છે અને વર્ણાશ્રમ ધર્મોનું પાલન કરવાનું ન કહે તો બહિર્મુખો આપશ્રીએ પ્રકટાવેલી ભક્તિમાં દોષનો આરોપ કરે. તેમ થતું અટકાવવા માટે આપશ્રી કર્મમાર્ગનું પ્રવર્તન પણ કરે છે એવું શ્રીગુસાંઈજી કહે છે. ભક્તિમાર્ગ વર્ણાશ્રમ ધર્મનો વિરોધી નથી એવું બતાવવા માટે આપશ્રી નિજ ભક્તોને કર્મ માર્ગનો ઉપદેશ પણ કરે છે. બ્રાહ્મણ માટે 'સંધ્યાવંદન' એ નિજ વર્ણનો ધર્મ છે. પોતે બ્રાહ્મણ હોઈ આપશ્રી સંધ્યા વંદન કરતા હતા. જગદીશમાં આપશ્રીએ એકાદશીનું વ્રત કર્યું હતું. વળી આપશ્રીએ દાન, યજ્ઞ આદિ બધાં કર્મોને પુષ્ટિમાર્ગમાં ગ્રાહ્ય માન્યાં છે. એ રીતે આપશ્રીએ કર્મમાર્ગનું પ્રવર્તન કર્યું છે એમ કહેવાય.

યાગાદૌ ભક્તિમાર્ગેક સાધનત્વોપદેશકઃ ।
પૂર્ણાનંદઃ પૂર્ણકામો વાક્‌પતિર્વિબુધેશ્વરઃ ।।૧૯।।

શ્લોકાર્થ : (૫૦) યાગાદિ કર્મો પણ ભક્તિમાર્ગમાં સાધનારૂપ બની શકે છે એવો ઉપદેશ કરનાર (૫૧) પૂર્ણ આનંદ વાળા (૫૨) પૂર્ણ થઈ છે જેમની બધી કામનાઓ એવા (૫૩) વાણીના પતિ અને (૫૪) ભક્તિમાર્ગીય જ્ઞાની જનોના ઈશ્વર (એવા શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : વિબુધઃ = વિ એટલે ઉત્તમ, વિશેષ અને બુધ એટલે જ્ઞાન. તેથી વિબુધ એટલે ઉત્તમ જ્ઞાન વાળા.

વિવેચન : ઓગણીસમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના પાંચ નામો પ્રકટ કરવામાં આવ્યાં છે.

(૫૦) યાગાદૌભક્તિમાર્ગેકસાધનત્વોપદેશક :

શ્રીમહાપ્રભુજી અગ્નિહોત્ર આદિ યજ્ઞો અને તપ તથા જ્ઞાન વગેરે સાધનો,

સાધક અવસ્થામાં, ભક્તિમાર્ગીયજનો માટે સાધનરૂપ બની શકે છે એવો ઉપદેશ આપનાર છે. અલબત્ત, ફલરૂપ ભક્તિ માટે તો કોઈ સાધનની જરૂર નથી. આપશ્રી યજ્ઞયાગ કરે છે. એવું કરીને તેઓ પોતાના સેવકોને એવી શિક્ષા આપે છે કે યજ્ઞો કરવાથી ભક્તિમાર્ગમાં કશો અપરાધ નડતો નથી. આમ તો યજ્ઞ કરવાથી ભક્તિમાર્ગમાં બે અપરાધ નડે– એ કતો અન્યાશ્રય (અન્ય દેવો સાથે સંબંધ) અને ભક્તિમાર્ગીય ફળ ન મળવું તે. પોતે યજ્ઞ કર્યા છતાં આ બન્ને અપરાધો આપશ્રીને ન નડયા; તેથી યજ્ઞો કરવાથી ભક્તોને પણ તેવા અપરાધો નહીં નડે એવું આપશ્રી સૂચન કરે છે. પોતે યજ્ઞ કર્યા. તે યજ્ઞો અન્યદેવો જેવા કે ઈંદ્ર, વરૂણ આદિના હોઈ શકે. પરંતુ એ બધા સ્વતંત્ર રૂપે દેવતા નથી; તેઓ તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણની વિભૂતિઓ જ છે એવું સમજીને આપશ્રીએ યજ્ઞ કર્યા છે. મહારાજ યુધિષ્ઠિરે પણ યજ્ઞ કરતા પહેલાં પ્રભુને વિનંતી કરી હતી કે હે પ્રભુ, હું આપની વિભૂતિઓનો યજ્ઞ કરીશ; આપ તે કરાવો. એ યજ્ઞ કરીને તેમણે ફલરૂપે ભક્તિ પ્રાપ્તિની આશા રાખી હતી. તેથી ભક્તિમાર્ગમાં યજ્ઞયાગાદિ કર્મો બાધારૂપ નથી એવો ઉપદેશ આપનાર આપશ્રી છે.

સ્વયં આચાર્યશ્રીનું પ્રાકટય આપશ્રીના પુર્વજોએ કરેલા સો યજ્ઞોને આભારી છે. આપશ્રીની અટક દીક્ષિત છે. આપશ્રીના પૂર્વજોએ યજ્ઞની દીક્ષા લીધી હતી; તેથી તેઓ દીક્ષિત કહેવાયા. શ્રીસુબોધિનીજીમાં દરેક અધ્યાયના અંતે દીક્ષિત અટકનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. યાગ આદિ એટલે યાગ, જપ, તપ બધાંને ભક્તિમાર્ગના સાધનરૂપ બતાવ્યાં છે તે યાદ રાખો.

નોંધ : આપશ્રીના બે નામો (૪૯) કર્મમાર્ગપ્રવર્તક અને (૫૦) યાગાદૌ ભક્તિમાર્ગેકસાધનત્વોપ્રદેશકઃ – ઉપર નોંધ.

મારી નમ્ર માન્યતા અનુસાર કર્મ, દાન, જપ, તપ એ બધાં, ભક્તિમાર્ગનાં (પુષ્ટિભક્તિમાર્ગનાં) સાધનો નથી. એ બધાં પ્રેમલક્ષણા ભક્તિમાર્ગના સાધન હરગીઝ નથી. પ્રેમલક્ષણા ભક્તિ તો નિઃસાધનજનોની ભક્તિ છે. તેથી આ બન્ને નામોનો અર્થ કરવામાં સાવધાની રાખવાની જરૂર છે. તેનો અર્થ એવો કરી શકાય કે ભક્તિમાર્ગીયોની સાધક અવસ્થામાં કર્મ સાધનરૂપ બની શકે. ભકતી સિદ્ધ દશાએ ભકતે કશું પણ કર્મ કરવાનું રહેતું

નથી. સાધ્ય અવસ્થામાં ભક્ત પોતાનું દેહભાન ભૂલી જાય છે. તે સમયે વર્ણાશ્રમના ધર્મોનું (કર્મોનું) પાલન કરવું કે યજ્ઞયાગાદિ કર્મો કરવાનું ભાન એવા ભકતને કેવી રીતે હોઈ શકે ? રાજા આશકરન, ગર્જ્જન ધાવન જેવા ભક્તો પુષ્ટિભક્તિની વ્યસન દશાએ પહોંચ્યા હતા; તેમણે કદી યજ્ઞ, દાન, તપ આદિ કોઈ કર્મ કર્યા નથી, અરે પુષ્ટિભક્તો માટે - અનિવાર્ય એવી સેવા પણ પધરાવીને કરી નથી; (અલબત્ત, સેવા-ચેત સ્તત્ પ્રવણં સેવા તો સતત, ચોવીસ કલાક કરી છે) તેથી કર્મમાર્ગ પ્રવર્તકનો અર્થ 'કર્મ માર્ગનું પ્રવર્તન કરનાર' એવો ન લેતાં 'ભક્તિમાર્ગની સાધક અવસ્થામાં કર્મ માર્ગનો સાધનરૂપે સ્વીકાર કરનાર' એવો અર્થ કરવો ઉચિત ગણાશે. 'કર્મ માર્ગ પ્રવર્તક' નામનો ખોટો અર્થ કરીને કોઈ પુષ્ટિભક્ત એવું ન માની લે કે શ્રીમહાપ્રભુજીએ હરેક દશામાં પુષ્ટિભક્તોને વર્ણાશ્રમના ધર્મો અનુસાર કર્મો કરવાની આજ્ઞા કરી છે. આપશ્રીએ એવી આજ્ઞા કયાંય કરી નથી. નથી જ કરી. કારણ કે યજ્ઞયાગાદિ કર્મો કે વર્ણાશ્રમના ધર્મોના પરિપાલનથી, પુષ્ટિભક્તિ માર્ગીય ફલ પ્રાપ્ત થઈ શકતું નથી. યજ્ઞયાગાદિ કર્મો ન કર્યા હોય તેવા નિજજનોને પણ ભક્તિમાર્ગીય સર્વોત્તમ ફળ અપાવવાની ક્ષમતા આપ શ્રીમહાપ્રભુજીમાં છે એવું આપશ્રીનાં અન્ય નામોને આધારે આપણે નિશ્ચયપૂર્વક કહી શકીએ છીએ.

તેથી 'કર્મમાર્ગપ્રવર્તક' એ નામનો માત્ર એવો અર્થ કરી શકાય કે આપશ્રીએ વર્ણાશ્રમ ધર્મને યોગ્ય યજ્ઞયાગાદિ કર્મો કરવાનો નિષેધ નથી કર્યો. આપણા ગુરુદેવ પોતે તેવાં કર્મો, યજ્ઞાદિ કરતા હતા. તેથી આપણે પણ એ કર્મો કરવાં જ એ વાત સાચી નથી. ગુરુદેવ કહે તે કરો જ કરો; કરે તે કરવાની ક્ષમતા તમારામાં હોય તો તે કરો, નહીં તો ન કરશો. આપણા ગુરુદેવે અનેક વિધાયક અને નિષેધાત્મક આજ્ઞાઓ આપણને આપી છે. આ કરો અને આ ન કરશો એવી. જેમકે 'આ કરો' એવી આજ્ઞા છે. (૧) કૃષ્ણ સેવા સદા કાર્યા (૨) શ્રીકૃષ્ણઃ શરણં મમ વદદ્ભિરેવ સતતં - આ આજ્ઞા પ્રમાણે અનિવાર્ય પણે આપણે કરવાનું છે. અને 'આ ન કરો' એવી આજ્ઞા છે. અસમર્પિત વસ્તુનાં તસ્માદ વર્જનમાચરેત્ (અસમર્પિત વસ્તુ માત્રનો ઉપયોગ કરશો નહીં.) આ અનિવાર્ય પણે કરવાની નિષેધાત્મક આજ્ઞા છે. પરંતુ આપશ્રીએ યાગાદિ કર્મો કર્યાં છે તેથી તે કરવામાં દોષ નથી; તમને જરૂર લાગે તો તે કરો, નહિ તો ન

કરશો, એવો એનો અર્થ છે.

આ નોંધ લખવાનું કારણ એ છે કે એક ભગવદીયે મને કહ્યું કે શ્રીમહાપ્રભુજીએ યજ્ઞયાગાદિ કર્મોને ભક્તિમાર્ગનાં સાધનો તરીકે ગણાવ્યાં છે અને આપશ્રીએ કર્મ માર્ગની સ્થાપના પણ કરી છે. વળી આપશ્રીએ પોતે યજ્ઞો કર્યા છે; આપણે આપણા ગુરુદેવે કરેલ કર્મોનું અનુસરણ કરવું જોઈએ. 'જન શિક્ષાકૃતે કૃષ્ણ ભક્તિ કૃત્' એ નામ અનુસાર આપશ્રીએ કૃષ્ણભક્તિ કરી છે નિજ સેવકોને શિખામણ આપવા માટે. તે રીતે યજ્ઞો પણ કર્યા છે નિજ સેવકોને શિખામણ આપવા માટે.

એ ભગવદીયજન પ્રત્યે સંપૂર્ણ આદરની ભાવનાથી હું કહીશ કે તેમના એ મંતવ્ય સાથે હું સંમત થઈ શકતો નથી. આપશ્રીએ કૃષ્ણ ભક્તિ કરી છે નિજ સેવકોને શિખામણ આપવા માટે એ વાત સાચી છે. કારણ કે કૃષ્ણ ભક્તિ કરી છે અને તે કરવાની સેવકોને આજ્ઞા પણ કરી છે. જ્યારે યજ્ઞો કર્યા છે પરંતુ તે કરવાની સેવકોને આજ્ઞા કરી નથી. આટલું કહેવા આ નોંધ મૂકી છે.

(૫૧) પૂર્ણાનંદ :

પૂર્ણ એટલે અગણિત છે આનંદ જેનો એવા શ્રીમહાપ્રભુજી છે. પહેલાં એ જ અર્થને વ્યકત કરતું નામ 'પરમાનંદ' આવી ગયું છે. તો ફરીથી એવા જ નામની શી જરૂર એવી શંકા થાય તેના નિરાકરણ માટે અહીં આ નામ પ્રકટ કર્યું છે.

આચાર્યશ્રી યજ્ઞો કરતા હતા; વેદમાં યજ્ઞનું ફળ સ્વર્ગ કહ્યું છે. તો શું આપશ્રી સ્વર્ગ પ્રાપ્તિની ઈચ્છાથી યજ્ઞ કરતા હતા ? નહીં, કદી નહીં. સ્વર્ગના સુખોથી મળતો આનંદ તો આપશ્રીના સ્વરૂપાનંદ પાસે કશી વિસાતમાં નથી. આપશ્રી આનંદથી પૂર્ણ-પૂર્ણાનંદ છો; આપશ્રી સ્વર્ગ સુખોને કદી ન ઈચ્છો, એવું સ્પષ્ટ કરવા માટે 'પૂર્ણાનંદ' નામ અહીં ફરીથી પ્રકટ કર્યું છે. પ.પૂ.નિ.લી.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજે આ વાત બહુ સુંદર અને સચોટ રીતે સમજાવી છે.

શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીની રચના કરી રહ્યા હતા; આપશ્રી એક પછી એક શ્લોક માધવ ભટ્ટ કાશ્મીરી પાસે લખાવી રહ્યા હતા. તે સમયે સ્વધામ પધારવાની પહેલી આજ્ઞા આપશ્રીને ગંગાસાગર સંગમે અને પછી

બીજી આજ્ઞા મધુવનમાં થઈ. આમ તો આપશ્રી આંતરબાહ્ય રીતે સ્વરૂપાનંદથી ભરેલા છો જ. પરંતુ, આ ભગવદ્ આજ્ઞા પાળીને આપશ્રી સ્વધામ પધાર્યા હોત તો આપશ્રીને પ્રત્યક્ષ સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાત. એવા એ પ્રત્યક્ષ સ્વરૂપાનંદનો પણ અસ્વીકાર કરનાર મહાપ્રભુજી માટે 'એ સ્વરૂપાનંદના અંશના પણ અંશ જેવો સ્વર્ગ પ્રાપ્તિનો તુચ્છ આનંદ પ્રાપ્ત કરવા માટે આપશ્રી યજ્ઞો કરતા હતા એવું કહેવું એ નરી બાલિશતા છે. જે પૂર્ણાનંદ છે તે સ્વર્ગ સુખોથી મળતા ક્ષુલ્લક આનંદને પ્રાપ્ત કરવા યજ્ઞો ન કરે; આવું સમજાવવા માટે આ નામ (પૂર્ણાનંદ) પ્રકટ કર્યું છે.

(૫૨) પૂર્ણકામ :

જેમની તમામ કામનાઓ એટલે કે મનોરથો પૂરા થયેલા છે એવા શ્રીમહાપ્રભુજી છે. આપશ્રીના લૌકિક મનોરથોની વાત છોડો, આપશ્રીના બધા અલૌકિક મનોરથો પણ પૂરા થયેલા છે. હવે તો નિજ સ્વામીની આજ્ઞાપાલન કરવા સિવાય બીજી કોઈ કામના બાકી નથી રહી જેને એવા આપ કઈ કામનાથી કર્મો કરવાનો ઉપદેશ કરે ? આપશ્રીએ યજ્ઞાદિ કર્મો કર્યા. કશી કામનાથી નહીં; પરંતુ નિજ સેવકોને એવું સમજાવવા માટે કે નિષ્કામ ભાવે એવાં કર્મો કરવાનો કોઈ નિષેધ ભક્તિમાર્ગમાં નથી.

(૫૩) વાક્પતિ :

વાણી ઉપર સંપૂર્ણ પ્રભુત્વ જેનું હોય તે વાક્પતિ. વિભુવદનાનલાવતાર હોઈ ભગવદ્ મુખમાંથી આપશ્રીનો પ્રાદુર્ભાવ થયો. વાણીનું સ્થાન પણ મુખમાં છે. તેથી ભગવદ્ વાણી રૂપ હોઈ આપશ્રી વાક્પતિ કહેવાયા.

વાક્પતિ એટલે વાણીના પતિ; સરસ્વતીના પતિ નહીં. શાસ્ત્રો વદે છે: 'સરસ્વતી કુમારિકા છે.' દૈવી સરસ્વતીના આધિભૌધિક સ્વરૂપે સરસ્વતી નદી વહે છે. તે પણ કુમારિકા છે; તે સમુદ્રને જઈ મળતી નથી. આપશ્રી સરસ્વતી દેવીના એ આધિભૌતિક સ્વરૂપ સરસ્વતી નદીને પણ ખૂબ જ આદરની ભાવનાથી જોતા હતા. તેથી સામ્પ્રદાયિક માન્યતા પ્રમાણે આપશ્રીએ સરસ્વતીનું ઉલ્લંઘન કર્યું નથી. બેઠકજી ચરિત્રમાં બેઠક નં. ૬૩ શ્રીનારાયણ સરોવરની બેઠકના ચરિત્રમાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે: ''જો સિંધ પ્રાંતમેં દૈવી જીવ બહુત હે પરંતુ વહાં હમારો પધારનો ન હોઈગો. તાકો કારણ યહ હૈ જો

સરસ્વતીકો ઉલ્લંઘન હમ કબહુ ન કરેંગે કારણ વો તો શ્રીભગવદ્‌વાણીકા પ્રવાહ હૈ'' – આના ઉપરથી સ્પષ્ટ પણે સમજી શકાય કે વાક્‌પતિ એટલે વાણીના અધિશ્વર; દૈવી સરસ્વતીના પતિ નહીં. વાણી શક્તિ છે; દેવી સરસ્વતી શક્તિમાન છે. વાણી તો દેવી સરસ્વતીની એક શક્તિમાત્ર છે. આપશ્રીનું વાણી ઉપર પ્રભુત્વ હતું એ નિર્વિવાદ સત્ય છે.

આપશ્રી ત્રણ સ્થળે શાસ્ત્રાર્થ કરી દિગ્વિજયી બન્યા છે. (૧) જગન્નાથજીમાં (૨) ઓરછામાં અને (૩) વિદ્યાનગરમાં. ત્રણે સ્થળે આપશ્રીનું દિવ્ય જ્ઞાન, વેદ પારંગતતા આપશ્રીના વિજયના મુખ્ય કારણરૂપ બન્યું હતું. પરંતુ સાથોસાથ વાણી ઉપરનું આપશ્રીનું પ્રભુત્વ પણ તેના કારણરૂપ હતું જ એમાં કોઈ સંશય નથી. ઓરછાના શાસ્ત્રાર્થમાં ઘટ સરસ્વતીએ સેવા કરીને વશ કરેલા દેવી સરસ્વતીએ વાક્‌પતિ એવા શ્રીવલ્લભનો પક્ષ લીધો અને શ્રીવલ્લભ વિજયી બન્યા. આ છે વાક્‌પતિનો અર્થ. એ અર્થમાં શ્રીગુસાંઈજીએ આપશ્રીનું વાક્‌પતિ નામ પ્રકટ કર્યું છે.

અલબત્ત આપશ્રી સરસ્વતી નદી ઓળંગી સિંધ પ્રાંતમાં પધાર્યા છે એ હકીકત છે. વલ્લભ ચરિત્રમાં લખ્યું છે, ''અહીંથી શ્રીમહાપ્રભુજી નગરઠઠ્ઠા, રોહરી તથા સિંધમાં બીજે સ્થળે પધાર્યા.''

તો પછી આપશ્રીએ સરસ્વતીનું ઉલ્લંઘન કેમ કર્યું ? તેનો બહુ સંતોષકારક જવાબ એ છે કે ભગવદ્ આજ્ઞા થાય તો પોતે સ્થાપેલી ભક્તિમાર્ગીય મર્યાદા પોતે જરૂર તોડે. કાંચીમાં શ્રીવરદરાજના મંદિરમાં પણ એવું બન્યું હતું. મંદિરનાં પગથીયાં ઉપર ગીત ગોવિંદના શ્લોકો કોતરેલા હતા; ભગવદ્ ગુણોને વર્ણવતી એ વાણી હતી. એ ઓળંગવાનું આપશ્રીને ઈષ્ટ ન લાગ્યું. પરંતુ પ્રભુશ્રી વરદરાજે આજ્ઞા કરી ત્યારે આપશ્રી મંદિરમાં પધાર્યા. એવું જ સરસ્વતી ઉલ્લંઘનની બાબતમાં સમજવું. પ્રભુની આજ્ઞા હતી. ''દૈવી જીવોનો ઉદ્ધાર કરો'' આપશ્રીને ખબર હતી કે સિંધપ્રાંતમાં અનેક દૈવી જીવો છે. તેથી કેવળ ભગવદ્ આજ્ઞાનું પાલન કરવા માટે જ, ''ભગવદ્ વાણીના પ્રવાહરૂપ સરસ્વતીનું ઉલ્લંઘન ન કરવાની આપશ્રીની પુષ્ટિમાર્ગીય મર્યાદા આપે તોડી.

(૫૪) વિબુધેશ્વર :

આચાર્યશ્રી વિબુધો (પંડિતો, જ્ઞાનીઓ)ના પણ ઈશ્વર (સર્વશ્રેષ્ઠ) છે. વિબુધ એટલે ઉત્તમ જ્ઞાની. તેના ઈશ્વર એટલે જ્ઞાનીઓમાં પણ સર્વશ્રેષ્ઠ. આપશ્રીએ વિદ્યાનગરની પંડિત સભા તથા ઓરછા અને જગદીશપુરીની રાજ્યસભાઓમાં પંડિતો અને જ્ઞાનીઓ સાથે શાસ્ત્રાર્થ કરીને, પોતાના સિદ્ધાંતોનું ખંડન કરીને, અન્ય જ્ઞાની પંડિતોના સિદ્ધાંતોનું ખંડન કર્યું અને એ રીતે પોતાનું વિબુધેશ્વરત્વ પ્રકટ કર્યું છે.

જગદીશના શાસ્ત્રાર્થ વખતે આપશ્રીના વિબુધેશ્વરત્વનું સમર્થન સ્વયં ભગવાન જગદીશે કર્યું હતું. આપશ્રીએ રાજ્યસભામાં જે કાંઈ પ્રતિપાદન કર્યું હતું તેને જગદીશે પોતે કાગળ ઉપર લખી આપ્યું છે.

એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતં એકોદેવો દેવકીપુત્ર એવ ।
મન્ત્રોપ્યેકસ્તસ્ય નામાનિયાનિ કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા ।।

એવું હતું જ્ઞાન, (અનુભવ) શ્રીવલ્લભનું. જગદીશે તેમના એ જ્ઞાન ઉપર મહોર લગાવી અને એ રીતે આપશ્રીને વિબુધેશ્વર તરીકે સ્વીકાર્યા.

આપશ્રી ઉત્તમ જ્ઞાન વાળાઓના ઈશ્વર છે એવું બીજી રીતે પણ સાબિત કરી શકાય. જાુદા જાુદા સંપ્રદાય પ્રવર્તકોનું જ્ઞાન ઉત્તમ છે તેમા શંકા નથી. પરંતુ આપશ્રીનું પુષ્ટિમાર્ગીય ભક્તિનું જ્ઞાન તે બધામાં સૌથી વધુ ઉત્તમ છે એવું આપશ્રીએ અનેક સભાઓમાં સાબિત કરી આપ્યું છે તેથી આપ વિબુધેશ્વર છો જ.

કૃષ્ણનામ સહસ્ત્રસ્યવક્તા ભક્તપરાયણઃ ।
ભક્ત્યાચારોપદેશાર્થ નાનાવાકયનિરૂપકઃ ।।૨૦।।

શ્લોકાર્થ : (૫૫) કૃષ્ણનામ સહસ્રના કહેનારા (૫૬) ભકતોના શરણરૂપ અને (૫૭) ભક્તિમાર્ગના આચારના ઉપદેશ માટે નાના પ્રકારનાં વાકયો એટલે કે ગ્રંથોનું નિરૂપણ કરનાર (એવા શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : નાના વાકય = વિવિધ પ્રકારના લઘુગ્રંથો

વિવેચન : વીસમાં શ્લોકમાં ત્રણ નામો પ્રકટ કરવામાં આવ્યા છે.

(૫૫) કૃષ્ણનામ સહસ્ત્રસ્ય વકતા :

શ્રીકૃષ્ણનાં સહસ્ત્રનામોના વકતા (કહેનારા) પોતે છે. પુષ્ટિમાર્ગમાં એકમાત્ર શ્રીકૃષ્ણ જ ફલરૂપ છે. એવા એ ફલરૂપ શ્રીકૃષ્ણના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે આપશ્રીએ ભાગવતમાંથી શ્રીકૃષ્ણની દસે લીલાઓને દર્શાવતાં એક હજાર નામ પ્રકટ કર્યાં છે; અને તે ગ્રંથનું નામ 'પુરુષોત્તમ સહસ્ત્રનામ સ્તોત્ર' રાખ્યું છે. અલબત્ત તેમાં અન્ય પુરાણોમાંથી લઈને બીજા ૭૫ નામોનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. એ રીતે પુરુષોત્તમ સહસ્ત્ર નામમાં ૧૦૭૫ નામો છે. શ્રીમહાપ્રભુજીએ એ નામોનું પ્રકાશન કરીને સ્વકીયજનોને પુષ્ટિમાર્ગની ફલાત્મક ભક્તિનું જ્ઞાન આપ્યું છે. શ્રીમદ્ ભાગવતમાં દસલીલા વિશિષ્ઠ કૃષ્ણનું સ્વરૂપ તેમની લીલાઓના વર્ણન દ્વારા પ્રકટ કરવામાં આવ્યું છે. એ સ્વરૂપનું જ્ઞાન કરાવે તેવા ૧૦૦૦ નામો આપશ્રીએ ભાગવતમાંથી મેળવી લઈને નિજજનો માટે પ્રકટ કર્યાં છે. બધાં નામો ભગવતલ્લીલાયુકત હોવાથી તે ફલાત્મક છે.

શ્રીમદાચાર્યચરણના જયેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજી નિત્ય નિયમપૂર્વક સંપૂર્ણ ભાગવતનો પાઠ કર્યા સિવાય ભોજન કરતા ન હતા. પરંતુ ભાગવતના ૧૮,૦૦૦ શ્લોકોનો પાઠ કરવામાં બહુ સમય લાગતો. તેથી કયારે કયારેક તો ભોજન કરી શકતા નહીં. આથી શ્રીમદ ભાગવતના પાઠના ફલરૂપ પુરુષોત્તમ સહસ્ત્રનામ તૈયાર કરી આપશ્રીએ શ્રીગોપીનાથજીને તેનો પાઠ કરવાની આજ્ઞા કરી. એ નામોમાં ભાગવતમાં જેનું નિરૂપણ કરવામાં આવ્યું છે એ બધી જ કૃષ્ણલીલાઓ અને કૃષ્ણ સ્વરૂપનું નિરૂપણ આપશ્રીએ કર્યું છે. તેથી આપશ્રીનું કૃષ્ણનામ સહસ્ત્રસ્ય વકતા નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૫૬) ભકત પરાયણ :

આપશ્રી ભકત પરાયણ છે. એટલે કે ભકતો પ્રત્યે આસકત છે; ભકતોના આશ્રયરૂપ છે. આપશ્રી સદૈવ ભકતોનું હિત કરવા તત્પર રહે છે. ભકતોનું હિત કરવા માટે આપશ્રીએ સેવા અને કથાનું નિર્માણ કર્યું છે. સેવાયામ્ વા કથાયામ્ વા - સેવાનો સંબંધ ભગવદ્ સ્વરૂપ સાથે છે અને કથાનો સંબંધ ભગવદ્ નામ સાથે છે. ભગવાન તો રૂપનામ વિભેદેન જગતક્રીડતિ યો યતઃ એટલે કે રૂપ અને નામના ભેદથી જગતમાં ક્રીડા કરી રહ્યા

છે. એવા એ ભગવાન પ્રત્યે આસક્તિ દઢ કરાવી ભકતોનું હિત સાધવા માટે આપે ભગવદ્ સેવા કરવાનો અને ભગવદ્ કથા સાંભળવાનો બોધ નિજ સેવકોને આપ્યો. એ રીતે આપશ્રીએ આપશ્રીની ભકતપરાયણતા સાબિત કરી બતાવી છે. તેથી 'ભકતો જ જેમનું તાત્પર્ય છે' એવા 'ભકતપરાયણ' શ્રીવલ્લભ છે એવું નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

ભકતોની ભક્તિ ભાવના અને ભગવદાસક્તિ દઢ કરાવવા માટે આપશ્રીએ અનેક નાના મોટા ગ્રંથો રચ્યા છે. જેમકે શ્રીગોપીનાથજી માટે પુરુષોત્તમ સહસ્ત્ર નામ સ્તોત્ર; શ્રીવિઠ્ઠલનાથજી માટે ત્રિવિધલીલા નામાવલી; સૂરદાસજી માટે 'ભાગવતાનુક્રમણિકા', 'રાણા વ્યાસ માટે ચતુઃશ્લોકી વગેરે ગ્રંથોનું નિર્માણ એ આપશ્રીની ભકત પરાયણતાનું સૂચક છે.

(૫૭) ભકત્યાચારોપદેશાર્થ નાના વાકય નિરૂપકઃ

ભક્તિના આચરણ માટેનો ઉપદેશ આપવા માટે અનેક વાકયો (ગ્રંથો)નું નિરૂપણ કરનાર આપશ્રી છે. આચાર્યશ્રીએ ભક્તિમાર્ગના આચાર્ય તરીકે સેવાનું પ્રવર્તન કર્યું; પછી સેવા રૂપી આચારનો ઉપદેશ આપવા માટે આપશ્રીએ અનેક ગ્રંથો રચ્યા છે. એ ગ્રંથોમાં આપશ્રીએ સેવાના અંગરૂપ સ્નેહ અને સમર્પણ જેવાં બધાં તત્ત્વોનું નિરૂપણ કર્યું છે.

આપશ્રીએ દામોદરદાસ હરસાનીજીને 'સિદ્ધાંત રહસ્ય'નો ઉપદેશ આપ્યો. ગોવિંદ દૂબેને 'નવરત્ન'નો; પદ્મનાભદાસને 'ભાગવતાર્થ પ્રકરણ'નો; બુલામિશ્રને 'કૃષ્ણાશ્રય'નો; વિષ્ણુદાસ છીપાને 'સેવાફલ'નો; ગડુ સ્વામીને 'ત્રિવિધલીલા નામાવલી'નો; સંતદાસ ચોપડાને 'પુરુષોત્તમ સહસ્ત્રનામ સ્તોત્ર'નો; રાજા દુબે અને માધો દુબેને 'નિરોધલક્ષણમ્' નો તથા નરહર સંન્યાસીને 'સન્યાસ નિર્ણય'નો ઉપદેશ આપ્યો છે. એ સિવાય પણ બીજા અનેક લઘુગ્રંથો દ્વારા આપશ્રીએ ભક્તિમાર્ગના આચારનો ઉપદેશ નિજ સેવકોને કર્યો છે. તેથી આપશ્રીનું આ નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિયસ્ તાદશવેષ્ટિતઃ ।
સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ સર્વશક્તિધૃક્ ।।૨૧।।

શ્લોકાર્થ : (૫૮) પોતાને અર્થે (માટે) ત્યજેલું છે સર્વ જેમણે તેવા (નિજ

ભક્તોને) પ્રાણથી પ્રિય જે છે તે (૫૯) તાદશી જનોથી વીંટળાયેલા (૬૦) પોતાના સેવકો માટે સર્વ સાધનો કરનારા અને (૬૧) સર્વ પ્રકારની શક્તિઓને ધારણ કરનારા (એવા શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : સ્વાર્થોજ્જિઝતાખિલ = સ્વઅર્થે પોતાનું બધું ઉજ્જિઝતા (ત્યજી દીધું) કરી દીધું છે જેમણે એવા (નિજ ભક્તો) તાદશ વેષ્ટિત = તાદશીઓથી ઘેરાયેલાં; ધૃક = ધારણ કરનારા.

વિવેચન : એકવીસમાં શ્લોકમાં ચાર નામો પ્રકટ કરવામાં આવ્યાં છે.

(૫૮) સ્વાર્થોજ્જિઝતાખિલપ્રાણપ્રિય :

પોતાને માટે જેમણે બધું ત્યજી દીધું છે એવા નિજ ભક્તોના પોતે પ્રાણપ્રિય છે. અહીં અખિલ (બધું) જેમણે ત્યજી દીધું છે તેવા તેમના ભક્તો એવો અર્થ કર્યો છે; એ અખિલ એટલે શું ? અખિલ એટલે 'આચાર્યની સેવા માટે, આપશ્રીની સેવાના માર્ગમાં અવરોધ રૂપ બને તેવું બધું' એવો અર્થ લેવાનો છે. આપશ્રીના ઘણા સેવકોએ નિજ પિતાનો કે પત્નીનો ત્યાગ કર્યો છે, ઘરબારનો ત્યાગ કર્યો છે; ધનદોલતનો ત્યાગ કર્યો છે; આચાર્યશ્રીની સેવા કરવા માટે તેમણે આ બધું છોડી દીધું છે એ બધાંનો સમાવેશ અખિલમાં થઈ જાય છે.

પરંતુ યાદ રાખો અહીં 'ઉજ્જિઝતા' શબ્દ છે; સમર્પણ શબ્દ નથી. પોતાનું એ બધું તેમણે આચાર્યજીની સેવામાં અવરોધરૂપ ન બને તે માટે ઉજ્જિઝતા (ત્યજવું) કર્યું છે; આચાર્યશ્રીને સમર્પણ કરી દીધું નથી. પુષ્ટિમાર્ગમાં સમર્પણ તો શ્રીકૃષ્ણને જ થાય. અને આચાર્યશ્રી પોતે પોતાની હાજરીમાં જીવ પાસે એવું સમર્પણ શ્રીકૃષ્ણને કરાવે છે. ગદ્યમંત્રમાં દેહ પ્રાણ સહિત પોતાના સર્વસ્વનું સમર્પણ શ્રીકૃષ્ણને કરવામાં આવે છે. આચાર્યશ્રીને નહીં. એ વાત ખૂબ જ દઢતાપૂર્વક સમજી લેવી. સમર્પણ એટલે જેનું હોય તેનું તેને આપી દેવું તે. એ બધું – ત્વદીય વસ્તુ ગોવિંદ તુભ્યમેવ સમર્પયે – એ રીતે ગોવિંદને સમર્પવામાં આવે છે. શ્રીવલ્લભ પોતે તેના સાક્ષી છે. શ્રીવલ્લભ આપણા ગુરુદેવ છે. તેથી આપશ્રીના આદેશથી, આપશ્રીની પ્રેરણાથી દારા, આગાર, વિત્ત, દેહ, ઈંદ્રિય, પ્રાણ ઈહલોક અને પરલોક તથા આત્મા સહિત બધું

શ્રીકૃષ્ણને અર્પણ કરીને શ્રીકૃષ્ણનું દાસત્વ સ્વીકારવામાં આવ્યું છે.

એ બધી વસ્તુઓ પ્રત્યેનો મોહ છોડીને, તે બધાનો ત્યાગ ગુરુદેવ માટે, ગુરુદેવની સેવા અર્થે, ગુરુદેવ પ્રત્યેની આસક્તિ અર્થ કરી શકાય; પરંતુ સમર્પણ ન કરી શકાય. વસ્તુનો ત્યાગ કરવો અને વસ્તુનું સમર્પણ કરવુ એ બન્ને જુદી વસ્તુ છે. ગુરુ માટે બધાંનો ત્યાગ કરી શકાય; ગોવિંદને સર્વસ્વનું સમર્પણ થાય. ગુરુ માટે સર્વ ત્યાગ કરનાર દામોદરદાસ હરસાનીજી જેવા ભકતોના પોતે પ્રાણપ્રિય છે એવું આ નામ દ્વારા સ્પષ્ટ કરી બતાવ્યું છે.

(૫૯) તાદ વેષ્ટિત :

આચાર્યશ્રી તાદશી જનો (ભગવદીયો) દ્વારા ઘેરાયેલા છે. આ પહેલાંના નામમાં ભકતોને આપ પ્રાણપ્રિય છો એમ કહ્યું. જો આપશ્રી ભકતોને પ્રાણપ્રિય હો તો તેઓ આપશ્રીને છોડીને કયાંય ન જાય. આપ એવા ભકતોથી સદા વેષ્ટિત (ઘેરાયેલા) રહો એ સ્વાભાવિક છે. જે ભકતોએ આપની સેવા અર્થે બધું છોડયું છે તે આપશ્રીની સેવા ન છોડે. તેઓ આપશ્રીની પાસે જ રહે અને આપશ્રીની સેવામાં પોતાનું આખું જીવન વ્યતિત કરે. આચાર્યજીની સેવામાં સદા હાજર રહેનાર એવા ઘણા ભકતો છે. દામોદરદાસ હરસાની; કૃષ્ણદાસ મેઘન; માધવ ભટ્ટ કાશ્મીરી; યાદવેન્દ્રદાસ કુમ્હાર; વાસુદેવદાસ છકડા આદિ. તેઓ સદા આપશ્રીની સેવામાં ખડે પગે રહેતા. સેવાપરાયણ એવા ભકતોને આપ ઘેરાયેલા છો એવું આ નામનું તાત્પર્ય છે.

(૬૦) સ્વદાસાર્થ કૃતાશેષ સાધન :

આપશ્રી પોતાના સેવકો માટે બધા સાધનો તૈયાર કરનાર છે. જે સેવક આપશ્રીની શરણમાં આવે છે તેના બધાં લૌકિક, વૈદિક, અલૌકિક સાધનો આપ સમ્પન્ન કરાવી આપો છો. પરિણામે આપશ્રીની કૃપાથી તેમનાં બધાં લૌકિક ધર્મ સંબંધી અથવા સેવા સંબંધી કાર્યો પૂરાં થાય છે.

(૬૧) સર્વ શકિત ધૃક્ :

આપશ્રી સર્વ શક્તિ ધારણ કરનાર છો. આથી ભકતોના બધા મનોરથો પૂર્ણ કરો છો, તેમનાં બધાં કાર્યો પણ પુરાં કરો છો અને તેમના બધા દોષોને દૂર કરો છો.

ભુવિ ભક્તિ પ્રચારૈક કૃતે સ્વાન્વયકૃત્ પિતા ।
સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ।।૨૨।।

શ્લોકાર્થ : (૬૨) ભૂતલમાં ભક્તિના પ્રચારને માટે જ પોતાનો વંશ કરનાર (૬૩) પિતા (૬૪) પોતાના વંશમાં પોતાનું સંપૂર્ણ માહાત્મ્ય સ્થાપન કરનાર અને (૬૫) આશ્ચર્યને દૂર કરનાર (શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : ભુવિઃ = પૃથ્વી, સ્વાન્યવકૃત = પોતાનો વંશ (અન્વય) ઉત્પન્ન કરનાર, સ્મય = આશ્ચર્ય, અપહઃ = દૂર કરનાર.

વિવેચન : બાવીસમાં શ્લોકમાં આચાર્યશ્રીના ચાર નામો પ્રકટ કરવામાં આવ્યાં છે.

(૬૨) ભુવિ ભક્તિપ્રચારૈકકૃતેસ્વાન્વય કૃત્ :

ભુવિ એટલે કે પૃથ્વીમાં ભક્તિનો પ્રચાર કરવા માટે સ્વ અન્વય કહેતાં પોતાનો વંશ (પુત્રો) પ્રકટ કરનાર, આપશ્રી મહાપ્રભુજી છે.

આપશ્રીનું પ્રાકટ્ય થયું પ્રભુ આજ્ઞાથી, શા માટે ? દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે અને નિજ ભક્તોને ભક્તિનું દાન કરવા માટે. પોતાના આવિર્ભાવકાળ દરમ્યાન પોતે નિજ ભકતોને ભક્તિનું દાન કરશે; પરંતુ પોતાના તિરોધાન પછી એ કાર્ય કોણ કરશે એવું વિચારી પૃથ્વી ઉપર ભક્તિનો પ્રચાર કરવા માટે, આપશ્રીએ પોતાનો વંશ ચાલુ કર્યો; અને તે પણ પ્રભુ આજ્ઞાથી. પંઢરપુરમાં પ્રભુશ્રી વિઠોબાએ આપશ્રીને ગૃહસ્થાશ્રમી બની પુત્ર પ્રકટ કરવા આજ્ઞા કરી. તદ્નુસાર, આપશ્રીએ મહાલક્ષ્મી દેવીનું પાણિગ્રહણ કર્યું. તેમનાથી આપશ્રીને બે પુત્રો થયા. એ પુત્રોને પ્રકટ કરવા માટેનું કારણ શું ? કારણ એકજ અને તે એ કે પોતે પ્રકટાવેલ ભક્તિમાર્ગનો પ્રચાર પોતાના પુત્રો એ જ કરવાનો છે એવી ભગવદ્ આજ્ઞા છે. અહીં 'અન્વય' નો અર્થ 'પુત્ર' કરવો એવી સ્પષ્ટ સમજ છે. કારણ કે કોઈ પણ વ્યક્તિ પોતાનો પુત્ર પ્રકટ કરી શકે છે; પૌત્ર, પ્રપૌત્ર આદિને નહીં. આ સમજને સમર્થન આપવા માટે હવે પછીનું નામ છે પિતા.

(૬૩) પિતા :

પિતા શબ્દ સાપેક્ષ છે. પુત્ર હોય તો તેનો તે પિતા કહેવાય. પુત્ર ન હોય

તો કોનો પિતા (પુત્ર એટલે સંતાન)? ઉપરના નામમાં સ્વ અન્વયનો અર્થ પોતાના પુત્રો અને બીજા કોઇ જ નહીં એવું સૂચવવા માટે આપશ્રીનું બીજું નામ પ્રકટ કર્યું છે 'પિતા'. વળી અન્વય - 'એક હોય તો બીજાું હોવું જ જોઈએ' ધુમાડો હોયતો અગ્નિ હોવો જ જોઈએ. તદ્નુસાર પુત્ર હોય તો પિતા હોવો જ જોઈએ. એ અર્થમાં પિતા એટલે જેને પુત્ર છે તે વ્યક્તિ.'

આ રીતે જોતાં પૃથ્વી ઉપર ભક્તિ માર્ગનો પ્રચાર કરવા માટે શ્રીમહાપ્રભુજીએ પોતાના ઔરસ પુત્રો પેદા કર્યા છે.

(૬૪) સ્વવંશે સ્થાપિતા શેષ સ્વમાહાત્મ્ય :

આપશ્રીએ ભક્તિનો પ્રચાર કરવા પુત્રો પેદા કર્યા અને ભક્તિનો પ્રચાર કરવા જેવું અલૌકિક કાર્ય તેઓ કરી શકે એટલા માટે આપશ્રીએ સ્વવંશે (પોતાના પુત્રોમાં) પોતાનું અશેષ માહાત્મ્ય સ્થાપ્યું. અલબત્ત, પુત્રો પિતાના અંશરૂપ હોઈ તેઓ પિતાનું થોડું ઘણું માહાત્મ્ય લઈને જ જન્મે છે. પરંતુ એવા થોડા ઘણા માહાત્મ્યથી પ્રેમલક્ષણા ભક્તિનો પ્રચાર કરવાનું શકય નહીં બને એવું વિચારીને આપશ્રીએ પોતાનું બધું માહાત્મ્ય (શક્તિ, જ્ઞાન, ભક્તિભાવ વગેરે બધું) પોતાના પુત્રોમાં સ્થાપ્યું. એ રીતે પોતાના પુત્રોને પોતાના જેવા માહાત્મ્યવાળા બનાવી દીધાં.

૬૨, ૬૩ અને ૬૪ - આ ત્રણ નામો, ભુવિ ભક્તિ પ્રચારૈક કૃતે સ્વાન્વયકૃત પિતા અને સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્ય- એ ત્રણે નામોનો ભાવ બહુ સ્પષ્ટ છે. તેમ છતાં એ ત્રણે નામોના ભાવ અંગે થોડોક વિવાદ ઉભો થયો છે; શ્રીગુસાંઈજીના ચતુર્થ લાલ શ્રીગોકુલનાથજી આ ત્રણે નામોને સાથે લઈને અને તેથી સાથે ૬૬મા નામને-પતિવ્રતા પતિઃ જોડી દઈને તેનો ભાવ આ રીતે સમજાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે, ''આચાર્યશ્રીએ ભક્તિમાર્ગ સ્થાપ્યો; તેનો પ્રચાર કરવા માટે આપશ્રીએ ગૃહસ્થ જીવન સ્વીકાર્યું અને બે ઔરસ પુત્રો ઉત્પન્ન કર્યા. એ રીતે બે પુત્રોના પિતા બન્યા. ત્યાર પછી પોતાના મહત્ ઉદ્દેશ્ય-ભુવિ ભક્તિ પ્રચાર કરવાનો ઉદ્દેશ્ય- ની પૂર્તિ અર્થે પોતાના બન્ને પુત્રોમાં પોતાનું માહાત્મ્ય સ્થાપ્યું. ગો.શ્રીગોકુલનાથજીના મત પ્રમાણે આચાર્યશ્રીના બન્ને પુત્રો -શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજીનું માહાત્મ્ય શ્રીવલ્લભના માહાત્મ્ય સદશ છે. પરંતુ શ્રીગોપીનાથજીએ પોતાની લીલા

વહેલી સંકેલી લીધી. તેથી ભક્તિ પ્રચારનું કાર્ય કરવાનો ભાર ગુસાંઈજી ઉપર આવી પડયો અને આપશ્રીએ એ કાર્ય બહુ ઉત્તમ રીતે કર્યું. શા માટે ન કરે ? પોતે તો શ્રીવલ્લભ (આપશ્રીના પિતૃચરણ)ના સંપૂર્ણ માહાત્મ્યથી વિભૂષિત હતા.

શ્રીગોકુલનાથજીના આ મતથી ચાચા ગોપેશ્વરજીનો મત જુદો પડે છે. તેઓ સ્વવંશ એટલે શ્રીવલ્લભના એક જ પુત્ર શ્રીગુસાંઈજી એવો અર્થ કરે છે' આપશ્રી કહે છે, 'આચાર્યશ્રી સાક્ષાત અગ્નિ સ્વરૂપ હતા. તેથી પોતાના અંશરૂપે – અગ્નિના અંશરૂપે – પોતાના એક જ પુત્રને પ્રકટ કર્યા છે. અને તે છે અગ્નિકુમાર શ્રીગુસાંઈજી. આપશ્રી એમ માને છે કે અગ્નિસ્વરૂપથી તો આપશ્રીએ કેવળ અગ્નિકુમારને જ ઉત્પન્ન કર્યા છે; પછી તેમને પોતાની સદશ બનાવવા માટે પોતાનું બધું માહાત્મ્ય તેમનામાં સ્થાપ્યું છે. શ્રીગુસાંઈજી અગ્નિકુમાર છે અને તેમણે જ ભક્તિમાર્ગનો પ્રચાર કર્યો છે.

આ વાત માનતાં, એક મોટો વાંધો ઊભો થાય છે. અને તે એ કે પોતાના અગ્નિ સ્વરૂપે આપશ્રીએ અગ્નિકુમારને ઉત્પન્ન કર્યો છે અને શ્રીગોપીનાથજીને આપશ્રીએ નિજ લૌકિક સ્વરૂપે ઉત્પન્ન કર્યા છે. અર્થાત આપશ્રીનું અલૌકિક અગ્નિ સ્વરૂપ હતું તે સાથે આપશ્રીનું લૌકિક એવું બીજું જુદુ સ્વરૂપ પણ હતું. આવો વાંધો ઊભો ન થાય તે માટે શ્રીગોકુલનાથજીની માન્યતા આપણે માટે સ્વીકાર્ય બની રહે છે.

પરંતુ સર્વોત્તમજીના ત્રણે ગોસ્વામી ટીકાકારો એક વાતમાં તો સંમત થાય છે અને તે એ કે શ્રીમહાપ્રભુએ પૃથ્વી ઉપર ભક્તિનો પ્રચાર કરવા માટે પોતાના પુત્રોમાં (પૌત્ર, પૌત્રોમાં નહીં) પોતાનું માહાત્મ્ય સ્થાપ્યું છે. પરંતુ કેટલાક આધુનિક ટીકાકારો અન્વયનો અર્થ પુત્ર નહીં પરંતુ વંશ અને વંશમાં પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર આદિ બધાનો સમાવેશ કરે છે. પરંતુ એમ કરવું એ યોગ્ય નથી. કારણ કે જો તેમ કરવામાં આવે તો તેની આડે આપશ્રીનાં બે નામો આવે છે : (૧) પિતા અને (૨) પતિવ્રતા પતિઃ પિતા એટલે પુત્રનો પિતાઃ પૌત્ર પ્રપૌત્રનો નહીં. અને પતિવ્રતા એવાં શ્રીમહાલક્ષ્મીજીના પતિ શ્રીવલ્લભ છે. મહાલક્ષ્મીજી જેવાં પતિવ્રતાએ પ્રસવેલ પુત્રો જ તેમના પતિ શ્રીવલ્લભના માહાત્મ્યને ધારણ કરી શકે. અહીં, અન્વય, પિતા અને પતિવ્રતા પતિઃ એ

ત્રણ શબ્દોને યોગ્ય પરિપેક્ષ્યમાં લેતાં, જેમાં શ્રીમહાપ્રભુજીએ પોતાનું માહાત્મ્ય સ્થાપ્યું છે તે આપશ્રીના બન્ને કુમારોને જ ગણી શકાય. તે એવી રીતે કે નિ.લી.ગો.વ્રજભૂષણલાલજી મહારાજ આજ્ઞા કરે છે કે સ્વમાહાત્મ્યની સ્થાપના આપશ્રીએ પોતાના બન્ને પુત્રોમાં જ કરી છે. પોતાના આવિર્ભાવ કાલ દરમ્યાન જ આપશ્રીએ પોતાના વડીલ પુત્ર શ્રીગોપીનાથજીને આચાર્ય પદ આપ્યું હતું અને પોતાના દ્વિતીય પુત્ર શ્રીગુસાંઈજીને, નાગજી ભટ્ટને નામ નિવેદન કરાવી નિજ સેવક બનાવવાની આજ્ઞા આપશ્રીએ આપી હતી. આ રીતે આપશ્રીએ પોતાના પુત્રોમાં પોતાનું અશેષ માહાત્મ્ય સ્થાપન કર્યું છે.

(૬૫) સ્મયાપહઃ

સ્મય એટલે આશ્ચર્ય અને અપહઃ એટલે દૂર કરનાર. કેટલાકને એવું થાય કે પોતાનું બધું માહાત્મ્ય પોતાના પુત્રોમાં સ્થાપવાનું કાર્ય શું એવું સહેલું છે કે શ્રીમહાપ્રભુજી તેવું આસાનીથી કરી શકે ! આવું મહત્ કાર્ય આપશ્રીએ કર્યું તે જોઈ જાણી તેમને આશ્ચર્ય થાય છે. પરંતુ શ્રીમહાપ્રભુજી તેમના આશ્ચર્યને દૂર કરનાર છે. આપશ્રીતો સર્વશક્તિધૃક્ છે. તેથી આથી પણ વધુ આશ્ચર્યકારક કામો કરવાની શક્તિ પોતે ધરાવે છે. તેથી આવું કામ પોતે સહેલાઈથી કરે તેમાં કશું આશ્ચર્ય નથી.

સ્મય એટલે અભિમાન પણ કહેવાય. આપશ્રી પોતાના આવા અલૌકિક કાર્ય દ્વારા સર્વ કોઈના અભિમાનને દૂર કરનાર છો. આમ, બંને અર્થમાં આપશ્રીનું સ્મયા પહઃ નામ યથાર્થ છે.

નિ.લી.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ આ નામને બહુ સારી રીતે સમજાવે છે. આપશ્રી કહે છે, ''પોતાના પુત્રોમાં પોતાનું માહાત્મ્ય સ્થાપવાનું કાર્ય તો રઘુવંશમાં કે યદુવંશમાં પણ થયું નથી. તેથી વલ્લભકુળમાં તેનું સ્થાપન કરવામાં આવે તો તે શું આશ્ચર્ય ઉપજાવે તેવી વાત નથી ? ના, નથી. કારણ કે આચાર્યશ્રીએ પોતાના પુત્ર રૂપે પોતાના આત્માનો જ પ્રાદુર્ભાવ કરાવ્યો છે. અને પછી તેમનામાં પોતાનું અશેષ માહાત્મ્ય સ્થાપિત કર્યું છે. તેમ કરવાથી તેમના સેવકો આદિમાં અભિમાન થાય તો તે દૂર કરવા માટે આપશ્રીએ પુષ્ટિ દાસત્વ રૂપી શેષ (થોડું) માહાત્મ્ય દામોદરદાસજી તથા શેઠ પુરુષોત્તમદાસજી જેવા સેવકોમાં સ્થાપિત કર્યું છે.

પતિવ્રતાપતિઃ પારલૌકિકૈહિકદાન કૃત્ ।
નિગૂઢ હૃદયોનન્ય ભક્તેષુ જ્ઞાપિતાશય ॥૨૩॥

શ્લોકાર્થ : (૬૬) પતિવ્રતા એવાં શ્રીમહાલક્ષ્મીજીના પતિ (૬૭) આ લોક અને પરલોકનું દાન કરનારા (૬૮) ગૂઢ હૃદયવાળા અને (૬૯) પોતાના અનન્ય ભક્તોને પોતાનો આશય જણાવનારા (એવા શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : પારલૌકિકૈહિકઃ = પારલૌકિક અને ઐહિક, જ્ઞાપિતાશય = આશય જણાવી દેનાર

વિવેચન : ત્રેવીસમાં શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનાં ચાર નામો પ્રકટ કરવામાં આવ્યાં છે.

(૬૬) પતિવ્રતાપતિઃ

પતિવ્રતા (પોતાના પતિમાં અનન્ય ભાવ રાખનાર) એવાં શ્રીઅક્કાજી (શ્રીમહાલક્ષ્મીજી)ના પતિ શ્રીવલ્લભ હતા. આપશ્રીએ તેમનામાં બે ઔરસ પુત્રો પ્રકટ કર્યાં; અને તેઓમાં પોતાનું અશેષ માહાત્મ્ય સ્થાપ્યું. શું તે પુત્રો અશેષ માહાત્મ્ય સ્થાપના માટેની પાત્રતા (યોગ્યતા) ધરાવતા હતા ? હા, શા માટે ન ધરાવે ? તેમના પિતા શ્રીકૃષ્ણના આસ્ય (મુખ)માં બિરાજતા આધિદૈવિક અગ્નિ હતા તો તેમનાં માતુશ્રી પરમ પતિવ્રતા હતાં; બીજ અને ક્ષેત્ર બન્ને ઉત્તમ હોય તો તેમાંથી ઉત્તમ ફળ ઉત્પન્ન થાય. પોતાના પુત્રોના પ્રાકટ્યમાં બીજરૂપે શ્રીવલ્લભ અને ક્ષેત્રરૂપે શ્રીમહાલક્ષ્મીજી છે. બન્ને અતિ ઉત્તમ છે. પછી તેમનાથી ઉત્પન્ન થયેલા તેમના પુત્રોની પાત્રતાનું પૂછવું જ શું ? એવા સર્વોત્કૃષ્ટ માતાપિતાના એવા ઉત્તમ પુત્રોમાં તેમના પિતાજી પોતાનું અશેષ માહાત્મ્ય જરૂર સ્થાપી શકે; તેમાં કોઈ આશ્ચર્ય નથી. આ વાત સમજાવવા માટે, ક્ષેત્રરૂપ અક્કાજીના પતિવ્રતાધર્મની વાત કહીને તેમના પતિશ્રી વલ્લભ છે એવું નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૬૭) પારલૌકિકૈહિકદાનકૃત્ :

નિજ ભક્તોને આ લોક અને પરલોકના સુખનું દાન આપનાર. આ લોકનું સુખ એટલે પ્રભુની સેવા માટે અનુકુળ સ્ત્રી, પુત્ર, ધન આદિને પ્રાપ્ત કરાવી આપવાં તે; અને પરલોકનું સુખ એટલે સ્વમાર્ગમાં ચાલીને પ્રભુ સાથે

સાક્ષાત સંબંધ બાંધી આપવો તે. આવાં બધાં સુખો આપનાર શ્રીમહાપ્રભુજી છે. અહીં કર્મનો સિદ્ધાંત કામ કરતો નથી. 'જેવાં કર્મ કરો તેવું ફળ પામો' એ પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત નથી. પુષ્ટિમાર્ગમાં ભગવદ્ અનુગ્રહ (કૃષ્ણાનુગ્રહ) જ નિયામક છે. પુષ્ટિમાર્ગમાં કર્મો નિયામક નથી. ભગવાન અનુગ્રહ કરે તો અજામિલ જેવા મહાપાપીને પણ મોક્ષ આપે છે. શ્રીવલ્લભ પુષ્ટિમાર્ગના પ્રણેતા છે. પોતે પણ અનુગ્રહ કરવા સમર્થ છે. પોતે અનુગ્રહ કરીને નિજ સેવકોને આ લોકમાં તો શું પરલોકમાં પણ ભગવદ્ સંબંધી બધાં સુખો આપી શકે છે. એટલા માટે આપશ્રીનું પારલૌકિકૈહિકદાનકૃત્ નામ પ્રકટ કર્યું છે.

(૬૮) નિગૂઢ હૃદય :

હૃદયમાં ગૂઢ ભાવ રાખનાર. આપશ્રીનું હૃદય સદાકાળ ગૂઢ ભાવથી ભરેલું રહે છે. આપશ્રી જ્યારે વ્યાસાશ્રમ પધાર્યા ત્યારે મહર્ષિ વ્યાસમુનિએ 'વામ બાહુ કૃત વામ કપોલો વલ્ગિતભૂરધરાર્પિત વેણુમ્'ની વ્યાખ્યા કરવા વિનંતી કરી. વ્યાસજીએ પોતે જ વેણુગીતની રચના કરી હતી; તેઓ પોતે તેનો ભાવ ન સમજ્યા કે જેથી શ્રીવલ્લભને તેનો ભાવ સમજાવવાની વિનંતી કરવી પડી એવી શંકા અહીં ઉદ્ભવે. પરંતુ તેના નિરાકરણ અર્થે માત્ર એટલું જ કહેવું પૂરતું છે કે પોતે એ શ્લોકની રચના સમાધિ દશામાં કરી હતી. સમાધિ રહિત અવસ્થામાં એ શ્લોકનો ભાવ એટલી જ સ્પષ્ટ રીતે તેમના હૃદયમાં ન સ્ફૂરે એ સ્વાભાવિક છે. પરંતુ શ્રીવલ્લભ તો કોઈપણ દશામાં સ્ત્રીગૂઢ ભાવને રસાનંદ ઉપજાવે તેટલી હદે નિજ હૃદયમાં ધારણ કરી રાખતા હતા. એટલા માટે તો આપશ્રીને નિગૂઢ હૃદય નામ આપ્યું છે. આપશ્રીના હૃદયમાં આવા લીલાત્મક, રસાત્મક અને આનંદાત્મક કેટકેટલા ભાવો ભર્યા હશે તે તેમના સ્વામી કૃષ્ણ સિવાય બીજું કોણ જાણે ? તેવા ભાવોને, કૃપા કરીને, આપશ્રી નિજભક્તો પાસે પ્રકટ કરે તો તે જાણવા મળે. આથી વ્યાસજીને પૂછવું પડયું. વ્યાસજીએ પૂછયું અને શ્રીમહાપ્રભુજીએ તે સમજાવ્યું. શ્રીવલ્લભાખ્યે સતત ત્રણ દિવસ સુધી આ શ્લોકના એક જ ચરણની વ્યાખ્યા કરી. સ્વયં વ્યાસજી માટે પણ તે ભાવને ધારણ કરવાનું શકય ન બન્યું. આવા ગૂઢ ભાવોને હૃદયમાં રાખી બેઠેલ શ્રીવલ્લભ છે. એટલા માટે આપશ્રીનું નિગૂઢ હૃદય નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૬૯) અનન્ય ભકતેષુ જ્ઞાપિતાશય :

પોતાના એ ગૂઢ ભાવનો આશય નિજ ભકતોને જે જણાવે છે, તેવા શ્રીમહાપ્રભુજી છે. આપશ્રીના હૃદયરૂપી વિશાળ સાગરમાં ગૂઢ ભાવોરૂપી અનેક તરંગો ઉછળે છે, અને તે બધા તેમાં જ વિલીન થઈ જાય છે. પરંતુ કયારેક પોતાના અનન્ય ભકતો ઉપર કૃપા કરીને આપશ્રી તેમાંથી કેટલાક ગૂઢ ભાવોનો આશય તેમને સમજાવે છે. અહીં માત્ર અનન્ય ભકતોને જ શા માટે એવી શંકા થાય. તેનો જવાબ એ છે કે એ બધા ભાવો ગૂઢ છે; તેમનો આશય (ભાવ) પણ એટલો જ ગૂઢ હોય તે ધારણ કરવાની શક્તિ કે ક્ષમતા બધા ભકતો કે સેવકોમાં ન જ હોય. આપશ્રીના અનન્ય ભકતો જેવા કે સૂર, પરમાનંદ, પદ્મનાભદાસ આદિ જ એવા ગૂઢ ભાવોનો આશય સમજી તેને ધારણ કરી શકે. સૂર પરમાનંદે કૃષ્ણ લીલાના ગૂઢ આશયો આપશ્રીના શ્રીમુખે સાંભળ્યા અને તેમણે પોતાનાં પદોમાં તે આશયોને મૂર્ત સ્વરૂપ આપ્યું. બીજા કોઈ ભકતો તેમ ન કરી શકયા. માત્ર તેમના જેવા આપશ્રીના અનન્ય ભકતો જ તેમ કરી શકે એવું જાણીને આપશ્રી તેમને જ પોતાનો આશય જણાવતા.

ઉપાસનાદિમાર્ગાતિ મુગ્ધ મોહનિવારકઃ ।
ભક્તિમાર્ગે સર્વમાર્ગ વૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ।।૨૪।।

શ્લોકાર્થ : (૭૦) જે માર્ગમાં ઉપાસના, પૂજા આદિને મોક્ષ (પ્રભુ પ્રાપ્તિ) ના સાધન રૂપ ગણવામાં આવ્યાં છે એવા મર્યાદા માર્ગમાં લુબ્ધ થયેલા કેટલાક દૈવી જીવોના મોહનું નિવારણ કરનારા અને (૭૧) ભક્તિમાર્ગમાં બીજા બધા માર્ગો કરતાં કંઈક વિશેષતા (જુદાપણું) છે એવો અનુભવ કરનાર (શ્રીવલ્લભ છે).

કઠિન શબ્દાર્થ : વૈલક્ષણ્યાનુભૂતિકૃત્ = વૈલક્ષણ્ય એટલે વિશેષતા, ભેદ એવા ભેદની અનુભૂતિ કરનાર શ્રીવલ્લભ.

વિવરણ : ચોવીસમાં શ્લોકમાં આચાર્યશ્રીના બે નામો પ્રકટ કરવામાં આવ્યા છે.

(૭૦) ઉપાસનાદિમાર્ગાતિ મુગ્ધ મોહનિવારકઃ

ઉપાસના, ષોડશોપચાર પૂજા આદિ સાધનોવાળા માર્ગને પુષ્ટિભક્તિ

માર્ગ ન કહેવાય. ભક્તિમાર્ગ પ્રેમનો માર્ગ છે; ક્રિયાનો માર્ગ નથી. ઉપાસના ભગવાનની વિભૂતિઓની થાય; તેમાં જે તે વિભૂતિની પૂજા અર્ચના મુખ્ય હોય છે. વળી ઉપાસના આદિમાં સાધનોનું સ્થાન મહત્વનું છે. તેથી તેને સાધન ભક્તિ કહેવાય. જ્યારે પુષ્ટિ ભક્તિમાં નિઃસાધન ભક્તિ હોઈ તેમાં કેવળ પ્રેમને જ પ્રાધાન્ય આપવામાં આવે છે. આવો ભેદ હોવા છતાં કેટલાક ભકતો મોહવસ ઉપાસનાદિભક્તિમાં પ્રવૃત્ત રહે છે. તેઓ પૂજા, મંત્રતંત્ર, જપ આદિને ભક્તિમાર્ગ સમજે છે. એ તેમનો મોહ છે. આચાર્યશ્રી તેમને શુદ્ધ પ્રેમલક્ષણા ભક્તિનો બોધ આપી તેમના એ મોહને દૂર કરે છે. ઉપાસનાદિ માર્ગોમાં વ્યસ્ત થયેલાઓ પણ દૈવી જીવો તો છે જ. તેથી તેમનો ઉદ્ધાર કરવાનું પણ આપશ્રીના કાર્યક્ષેત્રમાં આવી જાય છે; કારણ કે આપશ્રી દૈવોદ્ધાર પ્રયત્નાત્મા છે. દૈવી જીવોમાં પુષ્ટિ અને મર્યાદા બન્ને તથા પુષ્ટિ મિશ્ર તમામ જીવોનો સમાવેશ થાય છે.

(૭૧) ભક્તિમાર્ગે સર્વમાર્ગ વૈલક્ષણ્યાનુભૂતિકૃત્ :

પોતાના ભક્તિમાર્ગમાં બીજા બધા માર્ગો કરતાં વિલક્ષણતા છે એવો અનુભવ પોતે કરીને તેવો અનુભવ નિજ સેવકોને પણ કરાવનાર આપશ્રી છે. પુષ્ટિમાર્ગ પણ ભક્તિમાર્ગ છે, ઉપાસનાદિ માર્ગો પણ ભક્તિમાર્ગ છે. પરંતુ અન્ય માર્ગો કરતાં પુષ્ટિમાર્ગમાં વિલક્ષણતા છે અને તે એ કે તેમાં સાધનને નહીં, પરંતુ સાધનરહિતતાને; ક્રિયાને નહીં પરંતુ ભાવને (પ્રમેને), અને મંત્રતંત્રને નહીં પરંતુ ભાવોના વ્યક્તિકરણને પ્રધાનતા આપવામાં આવેલી છે. નિજ પુષ્ટિમાર્ગની આ વિલક્ષણતાનો અનુભવ આપશ્રીએ પોતે તો કર્યો જ છે પરંતુ નિજ સેવકોને પણ આપશ્રીએ તેનો અનુભવ કરાવ્યો છે.

આ વિલક્ષણતાને માત્ર સમજાવી દેવી એટલું જ પૂરતું નથી; પરંતુ તેનો અનુભવ કરાવવો એ મહત્ત્વનું છે. ઉપાસના માર્ગમાં ઉપાસકના ઉપાસ્ય દેવ મંત્રાધીન છે. પુષ્ટિ માર્ગમાં પુષ્ટિ ભકતના પ્રભુ ભકતાધીન છે. ગોપીજનોએ પુષ્ટિ પ્રભુને મંત્રો દ્વારા કે ઉપાસના દ્વારા પ્રાપ્ત નહોતા કર્યા. તેમણે તો પોતાના નિર્વ્યાજ, અવ્યભિચારી, અનન્ય પ્રેમ દ્વારા કૃષ્ણને વશ કરી લીધા હતા; અને પોતાને વશ થયેલ એ પરબ્રહ્મને તેઓ છાશ માખણ માટે નચાવતી પણ હતી; **તાહિ અહિરકી છોહરિયાં છછિયા ભરી છાછ પે નચાવૈ** – આવી વિલક્ષણતા

અન્ય કોઈ માર્ગમાં નથી. અન્ય માર્ગોમાં ભક્ત ભગવાનને વશ હોય છે; ભક્ત ભગવાનને મેળવવાનો પ્રયત્ન કરે છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં ભગવાન ભક્તને વશ હોય છે; ભગવાન ભક્તની પાછળ દોડે છે- જેમ શબરીની ઝૂંપડીમાં શ્રીરામ અને વિદુરની કુટિરમાં શ્રીકૃષ્ણ દોડી ગયા હતા તેમ. આ તો અનોખી વિલક્ષણતા. તેનો અનુભવ કૃષ્ણરસવિક્ષિપ્ત માનસ ધરાવતા શ્રીમહાપ્રભુજીને થયો હતો અને આપશ્રીએ કૃપા કરીને એ વિલક્ષણતાનો અનુભવ નિજ સેવકોને કરાવ્યો છે.

પૃથક્શરણમાર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ।
પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિતઃ ।।૨૫।।

શ્લોકાર્થ : (૭૨) અન્ય માર્ગો કરતાં જુદા પ્રકારના શરણમાર્ગનો ઉપદેશ આપનાર (૭૩) શ્રીકૃષ્ણના હૃદયના ભાવને જાણનારા (૭૪) ક્ષણે ક્ષણે નિકુંજમાં (યુગલ સરકાર-રાધાકૃષ્ણની) થતી બધી લીલાઓના રસથી પરિપૂર્ણ (એવા શ્રીઆચાર્યજી છે).

કઠિન શબ્દાર્થ : હાર્દવિત્ = હાર્દ (સાચા ભાવ)ને જાણનાર; નિકુંજસ્થ = નિકુંજમાં સ્થિત, સુપૂરિતઃ= ના વડે પુરા ભરાઈ ગયેલા.

વિવેચન : પચીસમાં શ્લોકમાં આચાર્યશ્રીનાં ત્રણ નામો પ્રકટ કરવામાં આવ્યા છે.

(૭૨) પૃથકશરણમાર્ગોપદેષ્ટા :

શરણ (ભગવાનનું શરણ) ગ્રહણ કરવાનો ઉપદેશ તો બીજા કેટલાક આચાર્યોએ પણ કર્યો છે. તેઓ પણ ભક્તિમાર્ગના આચાર્યો છે. ભક્તિમાં ભગવદ્ શરણ એ મુખ્ય વસ્તુ છે. સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે શરણમાર્ગ બતાવ્યો છે.

સર્વધર્માન પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।
અહં ત્વાં સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ ।।

'માત્ર મારે એકલાને જ શરણે આવ' - આ શબ્દો શરણમાર્ગના પાયારૂપ છે. શ્રીમહાપ્રભુજીએ પણ શરણમાર્ગ જ ઉપદેશ્યો છે અને 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' નો મહામંત્ર આપ્યો છે. પરંતુ આપશ્રીનો શરણમાર્ગ અન્ય

ભક્તિમાર્ગીય આચાર્યશ્રીઓએ ઉપદેશેલ શરણ માર્ગથી નિઃશંકપણે જુદો છે.

શરણ બે પ્રકારે લઈ શકાય : મર્યાદાની રીતે અને પુષ્ટિની રીતે. ભક્ત પોતે સામે ચાલીને ભગવનની શરણમાં જાય તે મર્યાદાની રીત અને ભગવાન સામે ચાલીને ભકત પાસે જઈ તેને પોતાની શરણમાં લે તે પુષ્ટિની રીત. શ્રીવલ્લભના શરણમાર્ગમાં પુષ્ટિની રીતે શરણ ગ્રહણ કરવાનું છે. એટલે કે નિઃસહાય એવા દૈવી જીવનું વરણ કરીને ભગવાન તેની પાસે જઈને તેને પોતાની શરણમાં લે એવો આપણો પુષ્ટિમાર્ગ છે.

અન્ય શરણમાર્ગો ગીતાજીના ઉપર્યુકત શ્લોકના આધારે ઉપદેશાયેલા છે. તેમાં શરણભાવના તો છે જ; પરંતુ શરણ લીધા પછી ભક્તોનાં પાપો દૂર કરીને ભક્તને મોક્ષ આપવાની વાત તેમાં છે. જ્યારે શ્રીવલ્લભે પ્રબોધેલ શરણમાર્ગ એ જ શ્લોકના પ્રથમ ચરણ ઉપરાંત શ્રીમદ્ ભાગવતમાં બતાવેલ પુષ્ટિ શરણના આધારે ઉપદેશાયેલો છે. તેમાં પણ શરણભાવના તો છે જ. પરંતુ શરણે આવેલ નિજ ભકતોની રક્ષાનો ભાર (યોગક્ષેમ વહન કરવાનો ભાર) ભગવાને પોતે ઉપાડી લે છે એવું આપશ્રીનું વ્રત છે એવું જાહેર કરવામાં આવ્યું છે. ગોપગોપીજનોની રક્ષા આપશ્રીએ સદૈવ કરી છે. ગોપગોપીજનોને આપશ્રીએ શરણમાં લીધાં એટલે એ પછી જ્યારે જ્યારે તેમના ઉપર આપત્તિ આવી પડે ત્યારે ત્યારે વણમાગ્યે, આપે તેમની રક્ષા કરી છે; તેમની રક્ષા કરીને ભગવાને તેમના ઉપર કોઈ ઉપકાર કર્યો નથી. કારણ કે પોતાનું સર્વસ્વ સમર્પીને તેમણે ભગવાનનું શરણ ગ્રહ્યું છે. તેથી તેમની રક્ષા કરવી એટલે અન્ય કોઈની રક્ષા નહીં પરંતુ 'પોતાનાં'ની (મામકાઃની) રક્ષા કર્યા બરાબર છે. 'પોતાના'ની રક્ષા કરી તેમાં ભગવાને કો'ના ઉપર ઉપકાર કર્યો છે ? આમાં ભકત દ્વારા સાચા હૃદયથી ઉચ્ચારાયેલ 'તવાસ્મિ'નો પ્રભુ દ્વારા કરાયેલ 'અંગીકાર' મહત્ત્વનો છે. ગોપીજનોનું શરણ આ પ્રકારનું છે. એવા પ્રકારનું શરણ શ્રીમહાપ્રભુજીને શ્રેય અને પ્રેય છે. શ્રીમદ્ ભાગવતનો એ પ્રકારનું શરણ ગ્રહણ કરવાનું સૂચવતો શ્લોક આ પ્રમાણે છે :

તસ્માન્મચ્છરણં ગોષ્ઠ મન્નાર્થ મત્પરિગ્રહમ્ ।
ગોપાયેસ્ત્વાત્મયોગેન સોઽયં મે વ્રત આહિતઃ ।।

પોતાના આવા શરણમાર્ગની પ્રતીતિ જગતને કરાવવા માટે આપશ્રી

નિત્યલીલામાંથી ભૂતલ ઉપર પધાર્યા છે. અનેક દૈવી જીવોને, સામે ચાલીને શોધી શોધીને, આપશ્રીએ પોતાની શરણમાં લીધા છે. આપશ્રીનો શરણમાર્ગ આવો પૃથક પ્રકારનો છે.

ગીતાજીમાં શ્રીકૃષ્ણે અર્જુનને બતાવેલો શરણમાર્ગ અને શ્રીમદ્ ભાગવતમાં ભગવાને ઉદ્ધવજીને બતાવેલો શરણમાર્ગ બન્ને જુદા પ્રકારના શરણમાર્ગ છે. ગીતાના શરણમાર્ગમાં ત્યાગનું (પરિત્યજ્ય) પ્રાધાન્ય છે. અને ભાગવતના શરણમાર્ગમાં સમર્પણનું પ્રાધાન્ય છે.

(૭૩) શ્રીકૃષ્ણહાર્દવિત :

આચાર્યશ્રી શ્રીકૃષ્ણના હૃદયના ભાવો (હાર્દ)ને જાણનાર હતા; આપશ્રીએ કૃષ્ણના હૃદયના ભાવોને જાણી સમજીને પોતાનો (પૃથક) શરણમાર્ગ બતાવ્યો છે. ગીતામાં ભગવાને અર્જુનને ઉપદેશેલ શરણમાર્ગ આચાર્યશ્રી જાણતા હતા. ભગવાને અર્જુનનો મર્યાદા પુષ્ટિમાં અંગીકાર કર્યો છે તે આપ સમજી ગયા હતા; ભગવાને અર્જુનને કહ્યું હતું કે તું મારે શરણે આવ; યુદ્ધ કરવાથી, સ્નેહી સંબંધીઓનો વધ કરવાથી થતાં પાપોમાંથી હું તને છોડાવીશ. ભગવાને આવું કહ્યું અને સંપૂર્ણ શરણાગતિ કરી ચૂકેલ અર્જુન 'નષ્ટો મોહ' કરીને યુદ્ધમાં (કર્તવ્ય-કર્મ)માં પ્રેર્યો છે. પોતાના સ્વરૂપાનંદનું દાન તેને કર્યું નથી. અર્જુનને શરણ ગ્રહણ કર્યા પછી પણ કર્મમાં પ્રવૃત્ત કરાવવામાં મર્યાદા તત્ત્વ છે. આચાર્યશ્રી કૃષ્ણના આ હાર્દને સમજયા હતા. શ્રીકૃષ્ણના હૃદયના આ ભાવોને જાણીને આપે અર્જુનને મર્યાદા પુષ્ટિ ભકત ગણાવ્યો છે. બીજી બાજું ગોપીજનોને પણ કૃષ્ણે આજ્ઞા કરી હતી. ''ઘેર જાવ'' અને ગોપીજનોએ કહ્યું હતું, **''સન્ત્યજ્યસ સર્વ વિષયાન્''** - અમે બધું છોડીને તમારી શરણે આવ્યા છીએ તે ઘેર જવા માટે નહીં. અર્જુને કૃષ્ણનું શરણ ગ્રહણ કરીને કહ્યું, **''કરિષ્યે વચનં તવ''** અને ગોપીજનોએ કૃષ્ણનું શરણ ગ્રહણ કરીને કહ્યું, **''ન કરિષ્યે વચનં તવ''** અમે ઘેર પાછા નહીં જઈએ. ગોપીજનોનું શરણ શુદ્ધ પુષ્ટિમાર્ગીય શરણ છે. પરિણામે તેવું શરણ પામેલાં ગોપીજનોને, પોતાને ઘેર જઈ પતિ પુત્રની સેવા કરવાની મર્યાદા સ્વીકારવાની ફરજ પાડવાને બદલે કૃષ્ણે તેમની સાથે રાસલીલા કરી; રાસલીલા દ્વારા પોતાના સ્વરૂપાનંદનું દાન કર્યું. કૃષ્ણની આજ્ઞાનું હાર્દ શ્રીવલ્લભ જાણે છે. માટે

આપશ્રીનું 'શ્રીકૃષ્ણ હાર્દ વિત્' નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૭૪) પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિતઃ

શ્રીવલ્લભાધિશ નિકુંજ નાયક શ્રીનાથજી બાવાની, રાસેશ્વરી રાધા સાથેની બધી લીલાઓના રસથી આંતરબાહ્ય રીતે પરીપૂર્ણ થયેલા છે. એ બધી નિકુંજ લીલાઓના રસથી ભરેલા હૃદયવાળા છે. આપશ્રી સ્વામિની સ્વરૂપ છે. નિકુંજ નાયકની બધી લીલાઓ સ્વામિનીજી પરત્વેના પ્રેમથી પ્રેરિત થઈ કરાયેલી લીલાઓ છે. સ્વામિનીજી સ્વરૂપ હોઈ શ્રીવલ્લભ એ બધી નિકુંજ લીલાઓના સાક્ષીભૂત છે. એ બધી નિકુંજ લીલાઓ અપ્રકટ નથી. કારણ કે પોતે એ લીલાઓના સાક્ષી રૂપ હોઈ એ લીલારસ આપશ્રીની રગેરગમાં પ્રસરી ગયો છે. ક્ષણે ક્ષણે આપ એ લીલારસ માણી રહ્યા છે; અનુભવી રહ્યા છે. એ ભાવ વ્યક્ત કરતું આપશ્રીનું પ્રતિક્ષણ નિકુંજસ્થ લીલા રસ સુપુરિત નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

તત્કથાક્ષિપ્તચિત્તસ્ તદ્વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ।
પ્રિયવ્રજસ્થિતિઃ પુષ્ટિલીલાકર્તા રહઃપ્રિયઃ ॥૨૬॥

શ્લોકાર્થ : (૭૫) નિકુંજમાં થતી બધી લીલાઓની કથા કરતાં ક્ષિપ્ત અર્થાત વ્યાકુળ ચિત્તવાળા બની ગયેલા (૭૬) એ બધી લીલા કથાઓ કરીને અન્ય સઘળું ભૂલી જનારા (૭૭) વ્રજ જેને પ્રિય એવા (૭૮) વ્રજમાં નિવાસ કરવાનું જેમને પ્રિય છે એવા (૭૯) શ્રીકૃષ્ણની પુષ્ટિ લીલાઓ (જેવી કે નંદ મહોત્સવ, ગોવર્ધન લીલા આદિ)ના કરનારા અને (૮૦) એકાંત જેમને પ્રિય છે એવા (આપશ્રી વલ્લભ છે)

કઠિન શબ્દાર્થ : ક્ષિપ્ત ચિત્ત = જેમનું ચિત્ત વ્યાકુળ બની ગયું છે તેવા, રહઃ= એકાંત.

વિવેચન : છવ્વીસમાં શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનાં છ નામો પ્રકટ કરવામાં આવ્યાં છે. એ બધાં નામોનું અનુસંધાન તેની પહેલાંનાં 'પ્રતિક્ષણ નિકુંજસ્થલીલારસસુપૂરિત' સાથે કરવામાં આવ્યું છે. તત્ (તે) શબ્દ દ્વારા આ બધાં નામો આગળનાં નામ સાથે

સંકળાયેલાં છે.

(૭૫) તત્કથાક્ષિપ્તચિત્ત :

તત્ કથા એટલે નિકુંજમાં થયેલી બધી લીલાઓની કથા. તે બધી લીલા કથા કહેવાથી જેમનું ચિત્ત સદા વ્યાકુલ રહે છે એવા શ્રીવલ્લભ છે. પરંતુ 'ક્ષિપ્ત' એટલે પ્રેરાયેલું એવો અર્થ લઈને પ.ભ.શ્રીનાનુભાઈ ગાંધીએ, આ નામનો અર્થ, ''તે લીલારસની કથામાં જ સર્વ તરફથી પ્રેરાયેલું છે ચિત્ત જેમનું એવા શ્રીમહાપ્રભુજી' એ રીતે કર્યો છે. બન્ને અર્થ માન્ય છે કારણ કે બન્ને અર્થ ભાવસભર છે.

નિકુંજલીલાઓની કથાઓમાં સંયોગ અને વિયોગ બન્ને રસનો અનુભવ થાય. પોતાને જે રસનો અનુભવ થાય તે રસથી પ્રેરાઈને આપશ્રી નિજ ભક્તોને તે રસની કથા સંભળાવતા રહે, એ સ્વાભાવિક છે. એ બધી કથા કહેવામાં આપશ્રી કથા શ્રવણના અધિકાર પ્રમાણે પોતાના લીલારસનો અનુભવ શ્રોતાઓને કરાવે છે.

વ્રજમાં પરિભ્રમણ કરતા શ્રીઆચાર્યજીને એકવાર ઉદ્ધવ ક્યારીમાં ઉદ્ધવજીનો સાક્ષાત્કાર થયો. તે સમયે આપશ્રીએ ભ્રમરગીતના એક શ્લોકની વ્યાખ્યા કરી અને લગાતાર ત્રણ દિવસ સુધી તે ઉદ્ધવજીને કહી સંભળાવી. એ બતાવે છે કે એ કથામાં આપશ્રીનું ચિત્ત કેટલું લાગી રહેતું હશે.

(૭૬) તત્ વિસ્મૃતાન્ય : (તદ્વિસ્મૃતાન્યઃ)

તત્ કહેતાં એ બધી લીલારસની કથાઓ સિવાય બીજી બધી બાબતોનું વિસ્મરણ જેમને થયું છે તેવા આચાર્યશ્રી. આપશ્રી કથા કહે છે અને બીજાું સઘળું ભૂલી જાય છે; દેહાનુસંધાન પણ રહેતું નથી. નિકુંજલીલાની કથા કરતાં આપશ્રીનું ચિત્ત આકુળવ્યાકુળ થઈ જાય છે અને બે ત્રણ દિવસ સુધી દેહાનુસંધાન રહેતું નથી, એવું ઘણીવાર બન્યું છે.

આ વાત બીજી રીતે પણ સમજાવી શકાય. શ્રીમહાપ્રભુજી નિકુંજ લીલાકથા કહે છે, તે સમયે જે વાતનો ભગવદ્ સંબંધ ન હોય તેવી બધી વાતો– સાંસારિક બાબતો– પોતે તો ભુલી જાય છે પરંતુ શ્રોતાઓને પણ એવી સાંસારિક વાતોનું વિસ્મરણ આપશ્રી કરાવી દે છે.

(૭૭) વ્રજ પ્રિયઃ

વ્રજ જેને પ્રિય છે એવા શ્રીવલ્લભ છે. આપશ્રીને શા માટે વ્રજ પ્રિય છે? એટલા માટે કે એ બધી નિકુંજ લીલાઓ વ્રજમાં થઈ હતી. તેથી વ્રજ આપશ્રીને પ્રિય છે. વ્રજમાં તે બધી લીલાઓ થઈ, આપે તે અનુભવી; અને તે બધી લીલાઓ કથારૂપે કહી બતાવી.

આપશ્રીને વ્રજ પ્રિય હોવાનું એ બાબત ઉપરથી સાબિત થાય છે કે પૃથ્વી પરિક્રમા આપશ્રીએ ત્રણવાર કરી. પરંતુ વ્રજ પરિક્રમા તો આપશ્રીએ અનેકવાર કરી છે. વ્રજમાં આપશ્રીને શ્રીકૃષ્ણનાં દર્શન થતાં હોઈ આપશ્રી માટે વ્રજભૂમિ સ્વરૂપાત્મક છે. પોતાના ભક્તો ખાસ કરીને પ્રભુદાસ જલોટાને આપશ્રીએ સ્વરૂપાત્મક વ્રજનાં દર્શન કરાવ્યાં હતાં; તે સમયે પ્રભુદાસે શું જોયું હતું ? વૃક્ષે વૃક્ષે વેણુધારી પત્રે પત્રે ચતુર્ભુજ-વ્રજનાં પ્રત્યેક વૃક્ષમાં તેમને વેણુધારી દેખાયા અને વૃક્ષના પાને પાને તેમને ચતુર્ભુજ ભગવાનનાં દર્શન થયાં. આવું એ વ્રજ, શ્રીકૃષ્ણરસ વિક્ષિપ્ત માનસ ધરાવતા શ્રીમહાપ્રભુજીને અત્યંત પ્રિય હોય જ અને તે હતું -

(૭૮) પ્રિય વ્રજ સ્થિતિ :

આપશ્રીને વ્રજ પ્રિય હતું. તેથી વ્રજમાં સ્થિતિ કરવાનું (રહેવાનું) પણ આપશ્રીને પ્રિય હતું વ્રજ પ્રિય હતું માટે તો આપશ્રી વ્રજમાં સ્થિતિ કરી રહ્યા છો. વ્રજમાં રહીને કૃષ્ણલીલાનો સદૈવ અનુભવ કરતા રહેવાય; વ્રજમાં રહીને વ્રજવાસીઓને કૃષ્ણલીલાની કથા કહી સંભળાવાય, એટલા માટે તો આપશ્રી દેશમાં બધે ફરીને છેવટે વ્રજમાં આવી પહોંચતા ત્યારે આપશ્રીને સંતોષ થતો હતો. વ્રજમાં આવીને ગોકુલના ગોવિંદ ઘાટ-ઠકુરાણી ઘાટ ઉપર આપશ્રી બિરાજતા ત્યારે આપશ્રીનું મન બહુ જ પ્રફુલ્લિત થઈ જતું. એવી રીતે આપશ્રી વ્રજનાં જુદાં જુદાં બાવીસ સ્થળોએ બિરાજ્યા છે; ત્યાં બિરાજી આપશ્રીએ શ્રીમદ્ ભાગવત કથા કરી છે. (ભાગવત પારાયણ કર્યું છે.) તેથી વ્રજમાં આપશ્રીની બાવીસ બેઠકો છે. આખા ભારતમાં, ગુજરાતને બાદ કરતાં બીજા કોઈપણ એક પ્રદેશમાં આપશ્રીની આટલી બધી બેઠકો નથી. બેઠકનો અર્થ સ્થિતિ. આપે જ્યાં સ્થિતિ કરી અને ભાગવત પારાયણ કર્યું તે આપશ્રીની બેઠક. તદનુસાર વ્રજ સ્થિતિ આપશ્રીને વધુ પ્રિય હોવાથી વ્રજમાં આપશ્રીની

સૌથી વધુ બેઠકો છે.

નોંધ : ગુર્જર પ્રદેશમાં પણ આપશ્રીની એટલી જ (૨૨) બેઠકો છે; તેનો અર્થ એવો કરી શકાય કે વ્રજ પ્રદેશ છોડી આખા દેશમાં જો કોઈ અન્ય પ્રદેશમાં સ્થિતિ કરવાનું આપશ્રીને પ્રિય હોય તો તે ગુર્જર પ્રદેશ છે. કારણ કે વ્રજ પ્રદેશ જો કૃષ્ણની લીલાભૂમિ છે તો ગુર્જર પ્રદેશકૃષ્ણની કર્મભૂમિ છે. વ્રજમાં કૃષ્ણ ૨૫ વર્ષ (ગોકુળમાં ૧૧ વર્ષ અને મથુરામાં ૧૪ વર્ષ) બિરાજ્યા હોય તો દ્વારકામાં તેઓ ૧૦૦ વર્ષ બિરાજ્યા છે. શ્રીમહાપ્રભુજીને તો શ્રીકૃષ્ણની વ્રજલીલા (બાલલીલા તથા પ્રૌઢલીલા) જેટલી ગમતી તેટલી જ શ્રીકૃષ્ણની દ્વારકાલીલા (રાજલીલા) પણ ગમતી હતી. અલબત્ત, વ્રજલીલામાં પુષ્ટિતત્ત્વ વધુ દેખાતું હોઈ આપશ્રી વ્રજમાં અથવા વ્રજની નિકટ વાસ કરી રહ્યા હતાં. બધી નિકુંજલીલાઓ વ્રજ લીલાઓ છે. તેનો અનુભવ સતત થતો રહે એટલા માટે આપશ્રી વ્રજમાં સ્થિર થઈ રહ્યા હતા. અલબત્ત આપશ્રીનો સ્થાયી નિવાસ તો વ્રજની બહાર, અડેલ અને ચરણાટમાં હતો. પરંતુ તે સ્થળો વ્રજની નિકટ હોઈ, જ્યારે આપશ્રીને વ્રજલીલાની યાદ સતાવતી ત્યારે આપશ્રી વારંવાર વ્રજમાં પધારતા. પરંતુ કાયમી નિવાસ તો કાશી, અડેલ અને ચરણાટમાં જ રાખ્યો હતો. તેથી બેઠકોની સંખ્યાને જો ધોરણ ગણવામાં આવે તો આપશ્રીને વ્રજનિવાસ જેટલો જ ગુર્જર નિવાસ પ્રિય હતો એવું કહી શકાય. આજે પણ શ્રીમહાપ્રભુજીના સેવકો એવા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની સંખ્યા વ્રજ પ્રદેશ કરતાં ગુર્જર દેશમાં વધુ છે એ એની સાબિતી છે; જયાં આપશ્રીના વૈષ્ણવો વધુ રહેતા હોયતે પ્રદેશ આપશ્રીને વધુ પ્રિય હોય તેમાં કોઈ શંકા નથી.

(૭૯) પુષ્ટિલીલાકર્તા :

આ નામને બે જાુદા જાુદા અર્થમાં સમજાવી શકાય તેમ છે. એક તો એક કે આપશ્રી પુષ્ટિ એટલે કે અનુગ્રહની લીલાઓ કરનાર છો; અનેક ભકતો ઉપર અનુગ્રહ કરીને તેમને શરણ લેવાની લીલા એ અનુગ્રહ લીલા કહેવાય. તદનુસાર આપશ્રીએ અનેક ભકતોનો સંબંધ સાક્ષાત પુષ્ટિ પુરુષોત્તમ સાથે બાંધી આપ્યો છે. એ આપશ્રીની અનુગ્રહ લીલા છે; અનેક પુષ્ટિ ભકતોને કૃષ્ણલીલારસનું દાન કર્યું એ આપશ્રીની પુષ્ટિ લીલા છે; અને પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો અને ભાવોને સમજાવતા અનેક ગ્રંથો આપશ્રીએ રચ્યા એ પણ આપશ્રીની પુષ્ટિ લીલા છે.

બીજા અર્થમાં પણ આ નામ સમજાવી શકાય. અને તે નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજે સારી રીતે સમજાવ્યું છે. અને આપશ્રીએ જે રીતે તે સમજાવ્યું છે તે રીતે શ્રી ગોકુલનાથજી આદિ શ્રીસર્વોત્તમના ત્રણે સમર્થ ટીકાકારોએ પણ તે સમજાવ્યું છે. આપશ્રીના મત પ્રમાણે 'પુષ્ટિ લીલાકર્તા' નો આશય આ પ્રમાણે છે. ભગવાને પુષ્ટિ લીલા (ગોવર્ધનલીલા, નંદ મહોત્સવ આદિ લીલાઓ) વ્રજમાં કરી હતી. આચાર્યશ્રીએ તે લીલાઓનો પ્રકાર નિજસેવકોને જણાવવા માટે, જે તે લીલાનું અનુકરણ કરેલું છે. એવું જણાવવા માટે શ્રીગુસાંઈજીએ 'પુષ્ટિલીલાકર્તા' નામ પ્રકટ કર્યું છે.

શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ કહે છે; ''શ્રીઆચાર્યજી ગોકુલમાં રહીને, પુષ્ટિલીલા પ્રકટ કરે છે. પુષ્ટિલીલામાં મુખ્ય લીલા જન્માષ્ટમીના ઉત્સવની લીલા છે. શ્રીઆચાર્યશ્રીએ, ગોકુલની બડી બેઠકમાં જન્માષ્ટમી મહોત્સવ ઉજવ્યો હતો. આપશ્રીએ શ્રીનવનીતપ્રિયાજીને એક વસ્ત્રમાં પધરાવ્યા. પછી તે વસ્ત્ર એક છેડેથી દામોદરદાસ હરસાણીજીએ પકડ્યું અને બીજી તરફથી કૃષ્ણદાસ મેઘને પકડ્યું. પછી સુવર્ણ પલનાની ભાવના કરીને આપશ્રીએ શ્રીનવનીતપ્રિયાજીને તેમાં ઝુલાવ્યા. તે સમયે વ્યસનદશા પ્રાપ્ત ગજ્જન ધાવન આનંદાતિરેકમાં આવી નાચતા હતા. એ જોઈ ત્યાં ઉપસ્થિત બધા સેવકોને એવો અનુભવ થયો કે જાણે શ્રીયશોદામાતા પોતે શ્રીનવનિતપ્રિયાજીને સોનાના પારણામાં ઝુલાવી રહ્યાં છે અને શ્રીનંદરાયજી સહિત બધાં ગોપગોપીઓ નંદમહોત્સવ માણી રહ્યાં છે.

આપશ્રી આવી પુષ્ટિલીલા કરતા હતા. તેથી આપશ્રીનું નામ 'પુષ્ટિલીલા કર્તા' પ્રકટ કરવામાં આવ્યું છે.

(૮૦) રહઃ પ્રિય :

રહ એટલે એકાંત; આપશ્રીને એકાંત વધુ પ્રિય છે; આપશ્રી એકાંતમાં રહે છે; એકાંતમાં રહી, કૃષ્ણલીલારસનો અનુભવ કરે છે. આપશ્રીની એકાંત પ્રિયતાને નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ આ રીતે સમજાવે છે. આપશ્રીએ ત્રણ વાર, આશરે વીસ વર્ષ સુધી પૃથ્વી પરિક્રમા કરી. તે દરમ્યાન આપશ્રીએ અનેક સ્થળે રાત્રિરોકાણ કર્યાં અને સાપ્તાહિક કે ત્રૈમાસિક રોકાણ

પણ કર્યાં છે. પરંતુ એ બધાં રોકાણનાં સ્થળો ગામથી દૂર એકાંતમાં છે. કલ્પના કરો આપશ્રીની દામોદર કુંડની બેઠક, ગુપ્ત પ્રયાગની બેઠક, દેહોત્સર્ગની બેઠક, નારાયણ સરોવરની બેઠક. અરે ! બે કે ત્રણ અપવાદરૂપ બેઠકો સિવાય આપશ્રીની બધી જ બેઠકો વસ્તીથી દૂર એકાંત નિર્જન પ્રદેશમાં આવેલી છે. એ આપશ્રીની એકાંતપ્રિયતાનું સૂચક છે.

ભક્તેચ્છાપૂરકઃ સર્વાજ્ઞાતલીલોતિમોહનઃ ।
સર્વાસકતો ભકતમાત્રસકતઃ પતિતપાવનઃ ॥૨૭॥

શ્લોકાર્થ : (૮૧) ભકતોની ઈચ્છા પૂરી કરનારા (૮૨) જેમની લીલા સર્વ કોઈથી ન સમજી શકાય તેવા (૮૩) અતિ મોહ પમાડનારા (૮૪) સર્વ જીવોમાં આસક્તિ વગરના (૮૫) માત્ર ભકતોમાં જ આસક્તિવાળા અને (૮૬) પતિતોને પાવન કરનારા (એવા શ્રીમહાપ્રભુજી છે).

કઠિન શબ્દાર્થ : સર્વાજ્ઞાતઃ = સર્વ અજ્ઞાત : બધું જ ન સમજી શકાય તેવું, સર્વાસકતઃ= સર્વેષુ અસકતઃ સર્વમાં ઉપેક્ષાયુકત.

વિવેચન : સત્તાવીસમાં શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના છ નામો પ્રકટ કરવામાં આવ્યા છે.

(૮૧) ભકતેચ્છાપૂરક :

પોતાના ભકતોના મનોરથો પૂરા કરનારા એવા શ્રીમહાપ્રભુજી છે. આપશ્રીના ભકતો કેવા હોય ? તેમના મનોરથો કેવા હોય ? આપશ્રીના ભકતો ભગવદ્ આસકત જ હોય અને તેમના મનોરથો ભગવદ્ સંબંધી જ હોય. એટલા માટે આપશ્રી નિજ ભકતોના મનોરથો અવશ્ય પૂરા કરે છે.

(૮૨) સર્વાજ્ઞાતલીલ :

સૌ કોઈ માટે અજ્ઞાત છે જેમની લીલા એવા શ્રીમહાપ્રભુજી છે. આપશ્રીની લીલા કેવળ આપશ્રીના અંતરંગ સેવકો જ જાણે છે; સૌ કોઈ તે જાણી શકતા નથી. પોતે ઘણીવાર એવાં કાર્ય કરે છે જેનો ભાવ કે ઉદ્દેશ્ય આપશ્રીના ભકતો પણ જાણી શકતા નથી. અને જ્યારે અંતરંગ સેવકો આપશ્રીને તેનું રહસ્ય પૂછે ત્યારે આપશ્રી તેમને તેનું રહસ્ય બતાવે છે.

એક વખત આચાર્યશ્રી ચિત્રકૂટ પધાર્યા. ત્યાં કાન્તાનાથ પર્વત ઉપર શ્રીરામચંદ્રજી બિરાજતા હતા. શ્રીરામચંદ્રજીને આરોગવા માટે આપશ્રીએ પોતાના ઠાકુરજી સિદ્ધ કરી રાખેલ સામગ્રી-કેળાં, ગુલાબજળ-આદિનો ભોગ ધર્યો. અને ભગવાન શ્રીરામચંદ્રજીને તે સામગ્રી આરોગાવી. સેવકો તો શ્રીરામચંદ્રજીને મર્યાદા પુરુષોત્તમ નામથી જ ઓળખતા હતા. તેથી તેમને આનું રહસ્ય ન સમજાયું. આથી દામોદરદાસ હરસાનીજીના પૂછવાથી આપે તેનું રહસ્ય તેમને કહી સંભળાવ્યું. આપશ્રીએ કહ્યું કે શ્રીરામ અને શ્રીકૃષ્ણ વચ્ચે જે તફાવત દેખાય છે તે મર્યાદા અને પુષ્ટિનો છે; નહીં તો બન્ને સ્વરૂપો પૂર્ણ પરુષોત્તમનાં જ છે. 'અસ્માદ્ સ્વામી સદશઃ શ્રીરામ' શ્રીરામ મર્યાદા પુરુષોત્તમ છે એનો અર્થ એ છે કે તેમણે તેમની બે શક્તિ મર્યાદા અને પુષ્ટિમાંથી મર્યાદા શક્તિનો આવિર્ભાવ કર્યો છે અને પુષ્ટિ શક્તિને તિરોહિત રાખી છે. એનો અર્થ એવો નથી કે તેમનામાં પુષ્ટિ શક્તિ છે જ નહીં. જ્યારે તેઓ ઈચ્છે ત્યારે તેઓ પુષ્ટિ શક્તિ પ્રકટ કરે છે; એવું અનેક પ્રસંગોએ આપશ્રીએ પણ કર્યું પણ છે.

શ્રીહરિરાયજી મહાપ્રભુજીએ પણ આ વાતને સમર્થન આપ્યું છે. આપશ્રી કહે છે, ''રામસ્તુ રસરૂપત્વાદ્ અસ્મત્ પ્રભુસમો મતઃ''

આ રીતે શ્રીમહાપ્રભુજીનાં કાર્યો અને સિદ્ધાંતોના રહસ્યને બહુ ઓછા ભક્તો સારી રીતે જાણે છે. તેથી આપશ્રીનું નામ સર્વાજ્ઞાત લીલઃ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૮૩) અતિમોહન :

આચાર્યશ્રીનું સ્વરૂપ અતિશય મોહ પમાડનારું છે. આપશ્રી નિજ સેવકોને પોતાનું સ્વરૂપ બતાવીને, અને આસુરી જીવો પાસે પોતાનું સ્વરૂપ છુપાવીને મોહ પમાડે છે. વળી નિજ સેવકોના મનોરથો અનુસાર આપશ્રી તેમને કૃષ્ણલીલાની કથા કહે છે; તે સાંભળી લીલારસથી છકી ગયેલા સેવકો મુગ્ધ બની જાય છે. મોહ પામી જાય છે.

(૮૪) અને (૮૫) સર્વાસકતઃ અને ભકતમાત્રસકત :

આ બન્ને નામો જોડે લેવાથી તે નામોનો ભાવ વધુ સારી રીતે સમજી શકાશે. આપશ્રી નિજ ભકતો પ્રત્યે 'આસકત' છે પરંતુ તેમના સિવાય બીજા બધા પ્રત્યે 'અસકત' એટલે કે ઉપેક્ષા કરનાર છે. અસકત એટલે ઉપેક્ષા.

જેઓ પુષ્ટિમાર્ગીય ભકતો નથી તેઓ કૃષ્ણલીલા કથામૃતનું પાન કરવા યોગ્ય નથી. એવા લોકોની આપશ્રી ઉપેક્ષા કરે છે. જ્યારે નિજ ભગવદીય ભકતોને તેઓ કૃષ્ણલીલારસનું પાન કરાવે છે. એ આપશ્રીની તેમના પ્રત્યેની આસક્તિનું સૂચક છે.

(૮૬) પતિત પાવન :

આપશ્રી પતિતોને પાવન કરનારા છો. અનેક મહાપતિતોને આપશ્રીએ પાવન કરી પોતાની શરણમાં લીધા છે. ભક્તિમાર્ગમાંથી પતિત થયેલા એટલે કે ભ્રષ્ટ થયેલા જીવોને આપશ્રીએ પવિત્ર બનાવી લીધા છે. તેથી આપશ્રીનું 'પતિત પાવન' નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

સ્વયશોગાનસંહૃષ્ટ હૃદયામ્ભોજવિષ્ટરઃ ।
યશઃપીયૂષલહરી પ્લાવિતાન્યરસઃ પરઃ ।।૨૮।।

શ્લોકાર્થ : (૮૭) પોતાનાં યશોગાનથી આનંદિત થઈ ભકતોના હૃદય કમળમાં પ્રવેશ કરનારા (૮૮) અન્ય સર્વ રસોને પોતાના યશરૂપી અમૃતરસની લહેર વડે ભીંજવી દીધા છે જેમણે એવા (૮૯) સર્વ કરતાં શ્રેષ્ઠ (એવા શ્રીમહાપ્રભુજી) છે.

કઠિન શબ્દાર્થ : સંહૃષ્ટ = ઘણા આનંદ પામેલા, હૃદયાંભોજ = હૃદય રૂપી કમળ, વિષ્ટર = આસનરૂપ, પ્લાવિતાન્યરસ = અન્ય રસો તેમાં ડૂબાડેલા છે, પરઃ = અક્ષરથી પર એટલે કે અક્ષરથી પણ ઉત્તમ.

વિવેચન : અઠ્ઠાવીસમાં શ્લોકમાં આચાર્યશ્રીનાં ત્રણ નામો પ્રકટ કરવામાં આવ્યાં છે.

(૮૭) સ્વયશોગાન સંહૃષ્ટ હૃદયાંભોજ વિષ્ટર :

આચાર્યશ્રીનો યશ ગાવાથી જે ભકતોનાં હૃદયકમળ પ્રસન્ન થયેલાં છે તેવા ભકતોના હૃદયકમળ પ્રસન્ન થયેલાં છે તેવા ભકતોના હૃદયકમળ ઉપર આસન કરી રહેલા એવા શ્રીમહાપ્રભુજી છે. આપશ્રીના ભકતોનાં હૃદયો ભક્તિરસથી સિંચાયેલા હોવાથી કમળ સરખાં કોમળ બની ગયેલાં છે. જ્યારે તેઓ, નિજ ગુરુદેવનાં યશોગાન કરે છે ત્યારે તેમનાં હૃદયકમળ ખીલી ઉઠે છે. એવાં ખીલેલા કમળ જેવાં નિજ ભકતોનાં હૃદયને આપશ્રી આસન બનાવી

તેના ઉપર બિરાજે છે. દામોદરદાસ હરસાની જેવા અનન્ય ભક્તોના હૃદયમાં આપશ્રીનું નિરંતર આસન છે જ. એટલા માટે જ્યારે દામોદરદાસે શ્રીગુસાંઈજીને સંપ્રદાયના સિદ્ધાંતો સમજાવ્યા ત્યારે શ્રીગુસાંઈજીએ તેમને કહ્યું હતું, ''આ કાંઈ તમે બોલતા નથી; તમારા હૃદયમાં બિરાજતા આચાર્યશ્રી પોતે તમારા મુખે આવી આજ્ઞા કરી રહ્યા છે.''

(૮૮) યશઃ પીયૂષલહરી પ્લાવિતાન્યરસઃ

જેમણે પોતાના યશરૂપી અમૃતની લહેરો વડે અન્ય રસોને ડૂબાડી દીધા છે એવા આપશ્રી મહાપ્રભુજી છે. ભક્તો જયારે આપશ્રીનાં યશોગાન કરે છે ત્યારે જે આનંદ પ્રાપ્ત થાય છે તે અમૃતરસ સમાન છે. એ અમૃતરસ સમાન આનંદની લહેરોમાં બીજો કોઈ પણ રસ ડૂબી જાય છે. અર્થાત્ તેઓને આપશ્રીનાં યશોગાન ગાવા સિવાય બીજા કશામાં સહેજ પણ રસ મળતો નથી. અહીં યશને અમૃત સમાન ગણાવ્યો છે. અમૃત પીને અમર બનાય; આપશ્રીનાં યશોગાન કરીને જ આપશ્રીના સેવકો જીવન ટકાવી રાખે છે.

(૮૯) પરઃ

પર એટલે સર્વોત્તમ; ક્ષર અને અક્ષરથી પણ ઉત્તમ હોય તેને પર કહેવાય. આ પહેલાં આપશ્રીનું પરમાનંદ નામ આપેલું જ છે. આપશ્રી પરમાનંદ એટલે કે અગણિતાનંદ રૂપ હોવાથી અક્ષર કે જે ગણિતાનંદ છે તેનાથી પણ ઉત્તમ છે. એવું સૂચવવા માટે આ નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

લીલામૃતરસાદ્રાર્દ્રી કૃતાખિલશરીરભૃત્ ।
ગોવર્ધનસ્થિત્યુત્સાહસ્ તલ્લીલાપ્રેમપૂરિતઃ ।।૨૯।।

શ્લોકાર્થ : (૯૦) બધા દેહધારી ભક્તોને લીલારૂપી અમૃતરસ વડે જેમણે આદ્ર કરી દીધા છે (ભીંજવી દીધા છે) એવા (૯૧) શ્રીગોવર્ધનમાં નિવાસ કરવામાં ઉત્સાહવાળા (૯૨) તત્ લીલા એટલે કે શ્રીગોવર્ધન સંબંધી લીલાઓના પ્રેમરસથી ભરેલા (એવા આપશ્રી મહાપ્રભુજી છે).

કઠિન શબ્દાર્થ : આદ્રાદ્રી કૃત : ઘણા ભીંજવેલા છે, દેહભૂત = દેહધારી સેવકો, પ્રેમપૂરિત = પ્રેમથી ભરેલા.

વિવેચન : ઓગણત્રીસમાં શ્લોકમાં આપશ્રીનાં ત્રણ નામો પ્રકટ કરવામાં આવ્યાં છે.

(૯૦) લીલામૃત રસાદ્રાદ્રીકૃતાખિલ શરીર ભૃત્ :

લીલારૂપી અમૃત રસ વડે ઘણા જ ભીંજવેલા છે (આદ્રાદ્રીકૃત) પોતાના બધા દેહધારી સેવકોને જેમણે એવા શ્રીમહાપ્રભુજી છે. અહીં આર્દ્ર શબ્દ બે વાર કહ્યો છે; આર્દ્ર એટલે ભીંજવેલા. પરંતુ બે વાર આર્દ્ર શબ્દ છે. તેથી તેનો અર્થ ઘણા ભીંજવેલા એવો કરવાનો છે. આપશ્રી લીલારસનું ગાન કરે છે. અને તે સાંભળી આપશ્રીના સેવકો ઘણા ભીંજાઈ જાય છે. હૃદયથી તો તેઓ ભીંજાય છે જ પરંતુ શરીર ઉપર પણ રોમાંચિત થઈ જતાં શરીરથી પણ તેઓ ભીંજાઈ જાય છે. એવા એ સેવકો લીલારસથી બહુ જ ભીંજાયેલ હોવાથી તેમના સંપર્કમાં આવતા બીજા સેવકોને પણ તેઓ લીલારસમાં ભીંજવી દે છે. જેમ પાણીથી ટપકતા વસ્ત્ર સાથે સંપર્કમાં આવતું કોરું વસ્ત્ર પણ ભીંજાઈ જાય છે તે રીતે. આપશ્રી જ્યારે અડેલમાં બિરાજતા હતા ત્યારે આપશ્રીએ પ્રયાગના દિનકર શેઠ નામે ભગવદીયને ભાગવત કથા સંભળાવી, તેમને લીલારસ વડે આંતરબાહ્ય ભીંજવી દીધા હતા. તે એટલે સુધી કે ભગવદ્ કથા સાંભળવા આડે ભોજનમાં પણ તેમની રુચિ ન રહેતી. કથામૃત પાન કરવાથી તેમને ભૂખતરસનું પાન ન રહેતું.

(૯૧) ગોવર્ધનસ્થિત્યુત્સાહ :

ગોવર્ધનમાં સ્થિતિ (નિવાસ) કરવાનો ઉત્સાહ જેને છે તેવા શ્રીમહાપ્રભુજી આપશ્રીની ઈચ્છા હરિદાસવર્ય શ્રીગોવર્ધનમાં નિત્ય નિવાસ કરવાની છે. એટલા માટે તો નિજ તિરોધાન સમયે, આપશ્રીએ પોતાના તેજઃ પુંજને શ્રીગોવર્ધન પાસેની દંડવતી શિલા પાસેની એક કંદરામાં પ્રવેશ કરાવ્યાનું કહેવાય છે. તેનો અનુભવ આપશ્રીના અનેક અંતરંગ ભક્તોને થયો છે. તે ઉપરથી સ્પષ્ટ પણે દેખાય છે કે આપશ્રીનો નિત્ય નિવાસ શ્રીગોવર્ધનમાં જ છે.

નિત્ય સ્થિતિ એટલે નિવાસ સ્થાન નહીં. આપશ્રીનું નિવાસ સ્થાન તો અડેલ હતું. પરંતુ નિત્ય સ્થિતિ એટલે 'જ્યાં મન ત્યાં તન'. એ નિયમ મુજબ આપશ્રીનું મન તો નિત્ય પોતાના સ્વામી શ્રીગોવર્ધનધરની પાસે રહેતું હોવાથી આપશ્રીનું તન પણ શ્રીગિરિરાજમાં જ નિત્ય સ્થિતિ કરીને રહેતું હતું એવું કહેવું

ઘટે.

અને એવું શા માટે ન હોય ? ભગવાન કૃષ્ણની બે લીલાઓ- રાસલીલા અને ગોવર્ધનધરણલીલા- બધી લીલાઓમાં શિરમોર સમાન છે. રાસલીલાનું સ્થાન શ્રીગોવર્ધન નજીક ચંદ્ર સરોવર અને ગોવર્ધનધરણ લીલાનું સ્થળ તો સ્વયં હરિદાસવર્ય ગોવર્ધન પોતે જ છે. આપશ્રીના મનમાં ગોવર્ધન લીલાનો પ્રભાવ એટલો બધો દઢ છે કે ગોવર્ધનની કંદરામાંથી સ્વયંભૂ રીતે પ્રકટેલા પ્રભુને આપશ્રીએ ગોવર્ધનધર નામ આપ્યું; અને પછી તેમને એ જ ગોવર્ધન પર્વત ઉપર પાટ બેસાડયા હતા. આપશ્રીનું મન સદાયે ગોવર્ધનધર ઉપર લાગ્યું રહેતું હોવાથી આપશ્રીનો સ્થાયી નિવાસ, મનથી તો, ગોવર્ધનમાં જ રહેતો હતો. પછી ભલેને આપશ્રીનું તન અડેલ, ગોકુલ કે ભારતમાં અન્ય સ્થળે વિહાર કરતું હોય.

શ્રીમહાપ્રભુજીના આ મનોભાવને શ્રીગુસાંઈજી પોતે પણ અનુભવતા હતા. આથી આપશ્રીએ નિજ અનુભવ દ્વારા પ્રેરિત શ્રીવલ્લભપ્રભુનું આ નામ પ્રકટ કર્યું છે. યાદ રાખો કે શ્રીગુસાંઈજી સહિત અષ્ટ સભાઓનો નિત્ય નિવાસ પણ ગોવર્ધનમાં છે. શ્રીગિરિરાજમાં આઠ અલૌકિક દ્વાર છે. એ દ્વારો મારફતે તેમણે નિત્ય લીલાપ્રવેશ કર્યો છે. પરિણામે સૂરદાસનો નિત્ય નિવાસ ગોવિંદ કુંડ ઉપર, પરમાનંદદાસનો સુરભિ કુંડ ઉપર કુંભનદાસનો પારાસોલી ચંદ્ર સરોવર ઉપર, કૃષ્ણદાસજીનો બિલછુ કુંડ ઉપર, નંદદાસજીનો માનસી ગંગા ઉપર, ચત્રભુજદાસજીનો રુદ્ર કુંડ ઉપર, ગોવિંદ સ્વામીનો 'ગોવિંદ સ્વામીની કદમ ખંડી'ની ઉપર અને છીત સ્વામીનો અપ્સરા કુંડ ઉપર નિત્ય નિવાસ છે. આ આઠે સ્થળો ગિરિરાજની તળેટીમાં આવેલાં છે. શ્રીમહાપ્રભુજીની નિત્ય સ્થિતિનું સ્થળ જે છે એવી એ દંડવતી શિલા પણ ગોવર્ધનની તળેટીમાં જ છે.

પ.પૂ. નરહરિ શાસ્ત્રીજી આ નામનો ભાવ બીજી રીતે સમજાવે છે. આપશ્રી કહે છે કે શ્રીગિરિરાજજની તળેટીમાં શ્રીમહાપ્રભુજીની છ બેઠકો છે. કોઈપણ એક પ્રદેશમાં, એક સાથે, આટલી નિકટ આવેલી, આપશ્રીની આટલી બધી બેઠકો નથી. આખા ભારતમાં આપશ્રીની ૮૪ બેઠકો છે. તેમાંથી વ્રજ પ્રદેશમાં આવેલી બાવીસ બેઠકોમાંથી ચોથા ભાગની એટલે કે છ બેઠકો તો એકલા ગોવર્ધન પર્વતમાં છે. યથા (૧) શ્રીગિરિરાજ ઉપર આવેલ શ્રીનાથજીના

મંદિરની બેઠક (૨) તળેટીમાં આવેલ સુંદર શિલાની બેઠક (૩) શ્રીગિરિરાજની બીજી બાજુ આવેલી આન્યોર તથા (૪) ગોવિંદ કુંડની બેઠકો અને (૫) શ્રીગિરિરાજની તળેટીમાં આવેલી ચંદ્ર સરોવર ઉપરની અને (૬) માનસી ગંગાની બેઠકો. આપશ્રીની દરેક બેઠકમાં આધિદૈવિક સ્વરૂપે આપશ્રીનો નિત્ય નિવાસ છે, તેમાં કોઈપણ પુષ્ટિભકતને સહેજ પણ સંશય ન હોવો જોઈએ. (ખંભાળિયાની બેઠકમાં મને આપશ્રીની નિત્ય સ્થિતિનો અનુભવ થયો છે.) તેથી નિઃશંકપણે કહી શકાય કે શ્રીમહાપ્રભુજી આપશ્રીની બધી જ બેઠકોમાં આજે પણ નિત્ય નિવાસ કરી રહ્યા છે. આથી સાબિત થાય છે કે આપશ્રી ગિરિરાજમાં નિત્ય નિવાસ કરવા માટે અતિ ઉત્સાહી હતા.

(૯૨) તલ્લીલાપ્રેમપૂરિત :

ઉપર કહ્યા પ્રમાણેની ગોવર્ધન પર્વતની બધી લીલાઓ જેમના અંગ પ્રત્યંગમાં વ્યાપી ગઈ છે એવા શ્રીમહાપ્રભુજી છે. શ્રીગિરિરાજ અને તેની તળેટીમાં ભગવાને અનેક વિશિષ્ટ લીલાઓ કરી છે. એ બધી લીલાઓની સ્મૃતિ થતાં આપશ્રીનું તન, મન અને હૃદય પ્રેમ પુલકિત બની જાય છે. પ.ભ.નાનુભાઈ ગાંધીના સમજાવવા પ્રમાતે તત્ એટલે કે તે ગોવર્ધનને આપશ્રી પોતાના દક્ષિણ કરમાં ધારણ કરીને, 'મારે શરણે આવેલાનું મારે રક્ષણ કરવું જોઈએ' એવું વિચારીને નિજ ગોપગોપીજનોની ભૂખ તરસની પીડા દૂર કરવા માટે, તેમને સ્વરૂપાનંદનું દાન કરીને ભગવાન કૃષ્ણે ભકતોના રક્ષણરૂપ જે ગોવર્ધનલીલા કરી, તે લીલાનો અનુભવ માત્રથી આપશ્રીનું હૃદય પ્રેમપૂરિત બની જાય છે.

વળી ગોવર્ધન પૂજા વખતે ગોપગોપીજનોએ ભગવાનને ભોગ ધરાવ્યો હતો. ભગવાને પ્રકટ થઈ તે આરોગ્યો હતો. ગોપગોપીજનોએ ભગવાનની સામે સામગ્રીનો ઢેર લગાવી દીધો હતો. આ બધી ગોપગોપીજનોની પ્રણાલિકા પ્રમાણે આપશ્રીએ પણ ભગવાનને સખડી ભોગ ધરાવવો તથા અન્નકુટ આદિ સેવા પ્રણાલિકાનું નિર્માણ કર્યું હતું. ગોવર્ધનલીલાથી પ્રેમપૂરિત બનેલ આપશ્રીનું હૃદય નિજભકતોની સખડી ભોગ અને અન્નકુટ આદિ ઉત્સવો દ્વારા ભગવાનની એ લીલાનું સ્મરણ કરાવે એવો આપશ્રીના હૃદયનો મનોભાવ હતો.

યજ્ઞભોક્તા યજ્ઞકર્તા ચતુર્વર્ગ વિશારદઃ ।
સત્યપ્રતિજ્ઞસ્ ત્રિગુણાતીતો નયવિશારદઃ ।।૩૦।।

શ્લોકાર્થ : (૯૩) યજ્ઞનો ઉપભોગ કરનારા (૯૪) યજ્ઞને કરનારા (૯૫) ચારે પુરુષાર્થોને પ્રાપ્ત કરાવી આપવામાં કુશળ (૯૬) સત્ય પ્રતિજ્ઞાવાળા (૯૭) ત્રિગુણોથી પર (સત્વ, રજસ અને તમસ ગુણોથી રહિત) અને (૯૮) પોતાના માર્ગની નીતિ (સિદ્ધાંતો અને સેવા પદ્ધતિ) સમજાવવામાં કુશળ (એવા શ્રીમહાપ્રભુજી છે.)

કઠિન શબ્દાર્થ : ચતુર્વર્ગ = ચાર પુષ્ટિમાર્ગીય પુરુષાર્થો – ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, ત્રિગુણાતિતઃ = સત્વ, રજસ અને તમસ્ એ ત્રણે પ્રકૃતિના ગુણોથી રહિત, નયઃ = નીતિશાસ્ત્ર.

વિવેચન : ત્રીસમાં શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનાં છ નામોને પ્રકટ કરવામાં આવ્યા છે.

(૯૩) યજ્ઞભોકતા :

શ્રીમહાપ્રભુજી યજ્ઞના ભોકતા છે. ગોકુળના ગોવાળોએ ગોવર્ધન યજ્ઞ કર્યો. અનેકવિધ સામગ્રી શ્રીગિરિરાજને ધરાવી. ગિરિરાજમાંથી પ્રભુ પ્રકટ થયા. ધરાવેલા ભોગને આરોગી ગયા. શરીરના કયા અંગ વડે આરોગી શકાય ? અલબત્ત, મુખ વડે જ; અને શ્રીવલ્લભ તો કૃષ્ણાસ્ય છે. પોતાના મુખ વડે (શ્રીવલ્લભ રૂપી મુખ વડે) કૃષ્ણે બધી સામગ્રી આરોગી. તેથી યજ્ઞના ભોકતા તે શ્રીવલ્લભ. એ જ અર્થમાં વૈષ્ણવ દ્વારા શ્રીપ્રભુને ધરાવાતી બધી સામગ્રી પણ શ્રીવલ્લભરૂપી કૃષ્ણાસ્ય જ આરોગે છે.

અન્ય યજ્ઞોમાં–ભગવાનની વિભૂતિઓનો તે યજ્ઞ હોવાથી, ઈન્દ્ર, વરુણ આદિ દેવો તેના ભોકતા છે. પરંતુ યજ્ઞકુંડમાં અગ્નિ પ્રકટાવવામાં આવે છે. અને વિવિધ દ્રવ્યોનો અગ્નિમાં હોમ કરવામાં આવે છે. એ રીતે અગ્નિના માધ્યમથી જ ભગવદ્ વિભૂતિઓ પણ યજ્ઞનું ભોકતૃત્વ કરે છે. શ્રીવલ્લભ અગ્નિ સ્વરૂપ છે એ નિર્વિવાદ પણે સિદ્ધ થયેલી વાત છે. આચાર્યશ્રીએ સ્વમુખે, સ્વકાર્યો દ્વારા અને લેખિત રીતે પોતાની જાતને અગ્નિ તરીકે ઓળખાવી છે. શ્રીવલ્લભે પોતાની ઓળખાણ પોતે આપી હોઈ તેમાં આવિર્ભાવ છે. એ અગ્નિ

'અગ્નિહોત્ર' જેવા બીજા બધા પ્રકારના યજ્ઞોમાં અપાતા હવિષ્યાન્નના ભોકતા છે.

આગળ કહ્યું તેમ યજ્ઞ જો ગોપાળ, શ્રીહરિનો હોય તો આપશ્રી તેમના આસ્ય તરીકે અને યજ્ઞ જો ઈન્દ્રાદિ દેવોનો હોય તો અગ્નિરૂપે, જે તે યજ્ઞના ભોકતા આપશ્રી બને છે. એટલા માટે શ્રીવલ્લભાગ્નિનું આ નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૯૪) યજ્ઞકર્તા :

આપશ્રીની અટક દીક્ષિત છે. આપશ્રીના પૂર્વજોએ અનેક યજ્ઞો કર્યા હતા. તેઓ પણ યજ્ઞની દીક્ષા લઈને બેઠા હતા તેથી દીક્ષિત કહેવાયા હતા. પોતાના પૂર્વજોને પગલે ચાલીને આપશ્રીએ યજ્ઞો કરવાનું ચાલુ રાખ્યું હતું. એટલા માટે આપશ્રીનું 'યજ્ઞકર્તા' નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૯૫) ચતુર્વર્ગ વિશારદ :

નિજ ભકતોના ચારે ભક્તિમાર્ગીય પુરુષાર્થો સિદ્ધ કરાવી આપવામાં આપશ્રી કુશળ છે, 'ગુરુ' નામનું વિવેચન કરતાં કહેવામાં આવ્યું હતું કે 'ગુરુ' થવા માટે જરૂરી લક્ષણોમાં એક 'વીક્ષ્ય' નામે લક્ષણ ગુરુમાં હોવું ઘટે. આપશ્રી પુષ્ટિમાર્ગીય ભકતોના ગુરુદેવ છો; આપ સાચા અર્થમાં ગુરુદેવ છો; તેથી આપશ્રીમાં વીક્ષ્યતા છે જ.

વીક્ષ્ય એટલે દૂર દષ્ટિવાળા; આપણા ગુરુદેવ શ્રીવલ્લભ, જીવને શરણમાં લેતા પહેલાં જોઈ શકે કે એ જીવ દૈવી જીવ છે કે પ્રવાહી જીવ. દૈવી જીવ હોય તો જ તેને શરણમાં લે છે; અન્યથા તેને શરણમાં લેતાં નથી. જીવને શરણમાં લીધા પછી આપશ્રી વિચારે છે કે નિજ સેવકોનું કલ્યાણ શામાં છે ? તેના શાસ્ત્રોકત ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થ સિદ્ધ કરાવી આપવામાં છે કે તેના ભક્તિમાર્ગીય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થ સિદ્ધ કરાવી આપવામાં છે ? આપશ્રી તો અલૌકિક ગુરુદેવ છો; લૌકિક નથી. તેથી આપશ્રી નિજસેવકોના લૌકિક નહીં, અલૌકિક પુરુષાર્થો જ સિદ્ધ કરાવી આપે. કારણ કે તેમાં જ તેમનું કલ્યાણ છે. ભક્તિમાર્ગીય એ ચાર પુરુષાર્થો આ પ્રમાણે છે.

પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મોર્થો હરિરેવ હિ ।
કામો હરે ર્દિદક્ષૈવ મોક્ષઃ કૃષ્ણસ્ય ચેદ્ ધૃવમ્ ॥

આમાં હરેર્દાસ્યં (હરિની સેવા દાસ ભાવે કરવી તે) એ ધર્મ પુરુષાર્થ છે. હરિઃ એવ (હરિ પોતે; હરિરૂપી ધન પ્રાપ્ત કરવું તે) એ અર્થ પુરુષાર્થ છે. હરેઃ દિદક્ષાચ (શ્રીહરિનાં દર્શન કરવાં; સ્વરૂપ પ્રાપ્તિ) એ કામ પુરુષાર્થ છે. અને કૃષ્ણાસ્ય ચેત્ ધૃવમ્ (કૃષ્ણમાં મનની સ્થિતિ દઢ થવી તે) એ મોક્ષ પુરુષાર્થ છે.

આપશ્રીએ 'ચતુઃ શ્લોકીની રચના કરી છે. અને 'બાલબોધ' ગ્રંથની રચના પણ કરી છે. બાલબોધ ગ્રંથમાં આપશ્રીએ લૌકિક પુરુષાર્થોનું નિરૂપણ કર્યું છે. આપશ્રીએ ચતુઃશ્લોકી ગ્રંથમાં, ઉપર બતાવ્યા પ્રમાણેના ચારે અલૌકિક પુરુષાર્થોનું નિરૂપણ કર્યું છે. આપ સૌને ચતુઃશ્લોકી તો કંઠસ્થ હશે જ; ન હોય તો અત્યારે જ તે કંઠસ્થ કરવાનો પુરુષાર્થ આદરો. કંઠસ્થ થયા પછી તેમાં નિરૂપિત ચારેય દિવ્ય પુરુષાર્થોને સમજવાનો પ્રબળ પુરુષાર્થ કરો. ચતુઃશ્લોકીના ચાર શ્લોકોમાં ચાર ભક્તિમાર્ગીય પુરુષાર્થોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

શ્લોક-૧ ધર્મપુરુષાર્થ : સર્વદા સર્વભાવેન ભજનનિયો વ્રજાધિપઃ
શ્લોક-૨ અર્થપુરુષાર્થ : પ્રભુઃ સર્વસમર્થો હિ. પ્રભુ બધુ અપાવવા સમર્થ છે.
શ્લોક-૩ કામપુરુષાર્થ : શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મનાહૃદિઃ હૃદયસાથે ગોકુલાધિશને લગાવી દો.
શ્લોક-૪ મોક્ષપુરુષાર્થ : ગોકુલેશ્વર પાદયોઃ સ્મરણં ભજનં ન ત્યાજમ્

આ એક જ નાનકડા ગ્રંથ દ્વારા આપશ્રીએ ચારેય દિવ્ય પુરુષાર્થો સમજાવ્યા છે. આપશ્રી નિજ ભકતોને એ ચારેય દિવ્ય પુરુષાર્થો પ્રાપ્ત કરાવી આપવા માટેની કુશળતા ધરાવે છે અને સમર્થ પણ છે જ.

(૯૬) સત્ય પ્રતિજ્ઞ :

જેમની પ્રતિજ્ઞા સત્ય (યથાર્થ) છે એવા શ્રીમહાપ્રભુજી છે. શ્રીમહાપ્રભુજી તો નિત્યલીલાના જીવ. સ્વામીએ આજ્ઞા કરી ભૂતલ ઉપર પ્રકટ થાવ અને (૧) દૈવી જીવોનો ઉદ્ધાર કરો; (૨) પૃથક શરણમાર્ગની સ્થાપના કરો (૩) મારા સ્વરૂપ સમાન શ્રીભાગવતનો મર્મ (તેનું રહસ્ય) દૈવી જીવોને સમજાવો આદિ. આપશ્રીએ નિજ સ્વામી સમક્ષ પ્રતિજ્ઞા કરી કે હું આ ત્રણ અને બીજાં બધાં આપે આજ્ઞા કર્યા પ્રમાણેનાં કાર્યો જરૂર સિદ્ધ કરીશ. પછી

આપશ્રી ભૂતલ ઉપર પધાર્યા; અને નિજ પ્રતિજ્ઞાની પૂર્તિ અર્થે (૧) ત્રણ વખત પૃથ્વી પ્રદક્ષિણા કરીને દૈવી જીવોને શોધી શોધીને તેમનો ઉદ્ધાર કર્યો અને પોતાના તિરોધાન સમયે, ઉત્પન્ન થતા દૈવી જીવોના ઉદ્ધારાર્થે નિજ સેવકોને નિવેદન મંત્ર દ્વારા બ્રહ્મસંબંધ કરાવવાની, પોતાના વંશજોને આજ્ઞા કરી. (૨) ગીતાના શરણમાર્ગને અંશતઃ અપનાવી, શ્રીમદ્ ભાગવતમાં ગોપીજનોનો શરણમાર્ગ સ્થાપ્યો. આપશ્રી 'તન્માર્ગ સ્થાપનાય હિ' પ્રકટ થયા હતા તેથી પુષ્ટિમાર્ગ સ્થાપ્યો અને (૩) ભાગવતનો મર્મ સમજાવી પ્રભુનાં દ્વાદશાંગો વૈ પુરુષઃ એવા પુરુષોત્તમના સ્વરૂપને ભાગવતાર્થ પ્રકરણ અને સુબોધિનીજી દ્વારા પ્રકટ કર્યું. આ રીતે આપશ્રીએ પોતાની પ્રતિજ્ઞા સંપૂર્ણપણે પાળી બતાવી. એટલા માટે આપશ્રીનું સત્ય પ્રતિજ્ઞઃ નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૯૭) ત્રિગુણાતીત :

પ્રકૃતિના ત્રણ ગુણો છે. સત્ત્વ, રજસ અને તમસ. પ્રકૃતિના એ ત્રણ ગુણો સાથેના સંબંધથી, જીવ પ્રાકૃત ગણાય છે. આપણે પણ કહીએ છીએ કે અમુક વ્યક્તિ પ્રકૃતિથી જ દુષ્ટ છે. (તમસ ગુણ): અમુક વ્યક્તિતો પ્રકૃતિથી જ આરામ પ્રિય છે (રાજસ ગુણ): અમુક વ્યક્તિ તો પ્રકૃતિથી જ દયાળુ કે પ્રેમાળ છે (સત્વ ગુણ). આ રીતે બધા જીવો પ્રકૃતિના આ ત્રણ ગુણોથી પ્રેરાયેલા રહે છે. પરંતુ શ્રીમહાપ્રભુજી પ્રાકૃત નથી; અપ્રાકૃત છે. પ્રકૃતિના આ ત્રણે ગુણો સાથે આપશ્રીનો લેશમાત્ર સંબંધ નથી. આપશ્રીનો સંબંધ દિવ્ય ગુણો-અપ્રાકૃત ગુણો સાથે છે. તેથી તો પ્રકટ થઈને આપશ્રીએ પ્રાકૃત કર્મો નથી કર્યા; દિવ્ય કર્મો કર્યા છે. પ્રાકૃત કર્મો જે આપશ્રીએ કરેલાં દેખાય તે કાપટયેષુ કરેલાં છે. આપશ્રીનાં બધાં કર્મો દિવ્ય છે. એ બતાવે છે કે આપશ્રી પ્રકૃતિના એ ત્રણે ગુણોથી અતીત (પર) છે.

(૯૮) નય વિશારદઃ

નીતિશાસ્ત્રમાં નિપુણ. નીતિશાસ્ત્ર એટલે જીવે આ કરવું અને આ ન કરવું એવી લૌકિક નીતિનું નિરૂપણ કરતું શાસ્ત્ર. પણ ઉપ કહ્યું તેમ આપશ્રી ત્રિગુણાતીત હોઈ, આવા લૌકિક નીતિશાસ્ત્રમાં નિપુણ નથી. આપશ્રીતો અલૌકિક નીતિશાસ્ત્ર વિશારદ છે. તેથી જ આપશ્રીએ મર્યાદામાર્ગ (જેમાં

લૌકિક નીતિરીતિના પાલનનો આગ્રહ રાખવામાં આવે છે) ને બદલે પુષ્ટિમાર્ગ (જેમાં અલૌકિક સેવા, અલૌકિક સ્નેહ અને અલૌકિક સમર્પણની ભાવના ધરાવવાનો આગ્રહ રાખવામાં આવે છે) ની નીતિરીતિનો નિજ સેવકોને બોધ આપ્યો છે. આપશ્રીએ પુષ્ટિમાર્ગની (કૃષ્ણાનુગ્રહ કૃપા હિ પુષ્ટિ એટલે કે) કૃષ્ણના કૃપામાર્ગની નીતિ સમજાવી છે. તે સમજાવવા માટે આપ સક્ષમ છો. અને કુશળ હોવાથી એ નીતિના વિશારદ છો. આપશ્રીએ બ્રહ્મવાદના પ્રવર્તન વડે માયાવાદનું ખંડન કર્યું એ પણ આપશ્રીની નીતિના ભાગરૂપે છે. આપશ્રીની આવી અલૌકિક નીતિનું નિરૂપણ કરતા અનેક અદ્વિતીય ગ્રંથો આપે રચ્યા છે. એ બતાવે છે કે આપ નય વિશારદ છે.

સ્વકીર્તિવર્ધનસ્ તત્ત્વસૂત્રભાષ્ય પ્રદર્શકઃ ।
માયાવાદાખ્યતૂલાગ્નિર્ બ્રહ્મવાદનિરૂપકઃ ।।૩૧।।

શ્લોકાર્થ : (૯૯) પોતાના માર્ગના ગ્રંથોની રચના જેમની કીર્તિને વધારવાના કારણરૂપ બની છે એવા (૧૦૦) તત્ત્વસૂત્ર એટલે કે બ્રહ્મસૂત્રો ઉપર ભાષ્ય લખનાર (૧૦૧) માયાવાદ નામથી ઓળખાતા તૂલ એટલે કે રૂને બાળનાર અગ્નિરૂપ અને (૧૦૨) બ્રહ્મવાદના સિદ્ધાંતોનું નિરૂપણ કરનાર, (એવા શ્રીમહાપ્રભુજી) છે.

કઠિન શબ્દાર્થ : તત્ત્વસૂત્રભાષ્ય = તત્ત્વસૂત્ર એટલે વ્યાસમહર્ષિ રચિત બ્રહ્મસૂત્રો ઉપર આપશ્રીએ રચેલું અણુભાષ્ય, અખ્ય = નામ, તૂલ = રૂ.

વિવેચન :

(૯૯) સ્વકીર્તિવર્ધન :

આ નામ બહુ કાળજીથી વાંચો. તે 'સ્વકીર્તિવર્ધનઃ' છે. 'સ્વકીર્તિવર્ધકઃ' નથી. આપશ્રી કીર્તિની કામના ન કરે. તેથી પોતાની કીર્તિ વધારવાનો પ્રયત્ન ન જ કરે. સ્વકીર્તિવર્ધક એટલે પોતાની કીર્તિને વધારનારા. આપશ્રીએ સ્વકીર્તિ વધારવાના ઉદ્દેશ્યથી કશું જ કર્યુ નથી. આપશ્રીએ જે કાંઈ કર્યું છે તેથી આપશ્રીની કીર્તિ આપોઆપ વધી ગઈ છે. તેથી આપશ્રીનું નામ સ્વકીર્તિવર્ધન પ્રકટ કર્યું છે. આપે પૃથક શરણમાર્ગ પ્રકટાવ્યો; આપે સ્વમાર્ગના સિદ્ધાંતો સમજાવતા ગ્રંથો લખ્યા; આપશ્રીએ માયાવાદનું ખંડન કરી બ્રહ્મવાદનું

મંડન કરવા અનેક સ્થળે શાસ્ત્રાર્થો કર્યા; આપે દૈવી જીવોને શરણે લીધા અને તેમને પ્રભુના સ્વરૂપાનંદનું દાન કર્યું. આ બધાં દૈવી કાર્યો કરવાથી આપશ્રીની કીર્તિ દશે દિશામાં ફેલાઈ ગઈ. તેથી આપશ્રીનું નામ 'સ્વકીર્તિવર્ધનઃ' પ્રકટ કર્યું છે.

(૧૦૦) તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શક :

ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન સમજવું બહુ અઘરું છે. તેમાં તો પરસ્પર વિરોધી ઘણી બધી બાબતો છે. તેથી તેના સમન્વય રૂપે વ્યાસમહર્ષિએ બ્રહ્મસૂત્રો અથવા વ્યાસસૂત્રોની રચના કરી. એ બ્રહ્મસૂત્રો ઉપર આપશ્રીના પૂર્વજો, આચાર્યો, શ્રીશંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય આદિએ ભાષ્યો રચીને પોતપોતાના બ્રહ્મ પરત્વેનો સિદ્ધાંત અથવા વાદ પ્રદર્શિત કર્યો. પરંતુ આપશ્રીએ તે બધાના સિદ્ધાંતો કરતાં તદન જુદા એવા 'સાકાર બ્રહ્મવાદ'નું નિરૂપણ કરતું અણુભાષ્ય રચ્યું. અને એ ગ્રંથ દ્વારા આપશ્રીએ શુદ્ધાદ્વૈત વાદ પ્રદર્શિત કર્યો. તેથી આપશ્રીનું 'તત્ત્વસૂત્રભાષ્ય પ્રદર્શક' નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

નોંધ : જગતગુરુ શંકરાચાર્યજીએ પણ બ્રહ્મસૂત્રો ઉપર ભાષ્ય રચ્યું છે. પરંતુ તેમણે વ્યાસજીનાં સૂત્રોનો લક્ષ્યાર્થ લીધો છે. શબ્દના ત્રણ અર્થ, લક્ષ્યાર્થ, વાચ્યાર્થ અને વ્યંગ્યાર્થ થાય. શંકરાચાર્યજીએ વ્યાસસૂત્રોનો લક્ષ્યાર્થ લઈ પોતાનું ભાષ્ય રચ્યું. પરિણામે પોતાને જે લક્ષ્ય (અભિપ્રેત) હોય તેવો તેનો અર્થ પ્રકટ કર્યો. જ્યારે શ્રીમહાપ્રભુજીએ વ્યાસ સૂત્રોનો સીધો સાદો વાચ્યાર્થ (શબ્દોનો જે અર્થ શબ્દ કોષમાં હોય તે અર્થ) લઈને પોતાનું અણુભાષ્ય રચ્યું છે. પરિણામે આપશ્રી વ્યાસજીના ભાવોને જેવાને તેવા શુદ્ધ સ્વરૂપે બતાવી શકયા છો. શંકરાચાર્યજીએ તો વ્યાસજીના ભાવોને પોતાના ભાવે રંગીને, તેવા ભાવો વ્યકત કર્યા છે. પરિણામે તેમણે મોટે ભાગે તો વ્યાસજીના ભાવોથી વિરુદ્ધ ભાવ પ્રદર્શિત કર્યો છે. વ્યાસજીનાં બ્રહ્મ સૂત્રોનો વાચ્યાર્થ 'માયાવાદ' નહીં, પરંતુ 'બ્રહ્મવાદ'નું સ્થાપન કરે છે. તેના વાચ્યાર્થથી બ્રહ્મવાદ બતાવી શકાય; તો લક્ષ્યાર્થથી માયાવાદ સમજી શકાય. શ્રીમહાપ્રભુજીએ તેમાંથી બ્રહ્મવાદ બતાવીને, વિદ્વત્ સભાઓમાં માયાવાદનું ખંડન કર્યું છે.

(૧૦૧) માયાવાદાખ્ય તુલાગ્નિ :

આચાર્યશ્રી માયાવાદ નામથી ઓળખાતા રૂના ઢગલાને બાળનાર અગ્નિ છે. ગમે તેટલો મોટો રૂનો ઢગલો હોય, તેને બાળવા માટે અગ્નિની એક જ ચિનગારી પૂરતી છે. માયાવાદરૂપી અગ્નિના બહુ વિશાળ (ભારત વ્યાપી) ઢગલાને, આપશ્રીએ પોતાના પ્રભાવથી બાળીને ભસ્મ કરી દીધો. આપશ્રીએ રચેલા અણુભાષ્યના કેવળ એક જ સૂત્રાર્થથી સમગ્ર માયાવાદ ખોટો ઠરે છે એવો એનો અર્થ છે. તેથી આપશ્રીને માયાવાદાખ્ય તૂલાગ્નિ નામથી ઓળખાવવામાં આવ્યા છે.

નિ.લી.પૂ.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજે આપશ્રીના નામને, આચાર્ય દ્વારા રચિત 'પત્રાવલંબન' નામના ગ્રંથના સંદર્ભમાં સમજાવ્યું છે. આપશ્રી કહે છે, 'શ્રીઆચાર્યજી માયાવાદ રૂપી રૂને, સ્વયં અગ્નિ સ્વરૂપ હોવાથી બાળીને ભસ્મ કરી દે છે. અણુભાષ્ય આદિની રચના કર્યા પછી, વિ.સં. ૧૫૮૦ માં કાશીમાં શ્રીકાશીવિશ્વનાથ મહાદેવની સંમતિથી 'પત્રાવલંબન' નામે એક લઘુ ગ્રંથ લખીને આપશ્રીએ તે ગ્રંથને વિશ્વનાથના મંદિરના દ્વાર ઉપર લટકાવ્યો. શ્રીવિશ્વનાથજીની સંમતિ લેવાનું કારણ એ છે કે મહાદેવજી પોતે જ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના મૂલ આચાર્ય છે. અને શ્રીમહાદેવજીએ શ્રીઆચાર્યશ્રીને બ્રહ્મવાદના સિદ્ધાંતો બતાવ્યા છે. આપશ્રીએ 'પત્રાવલંબન' ગ્રંથ લખતાં પહેલાં શ્રીકાશી વિશ્વનાથની સંમતિ એટલા માટે લીધી કે તેમ કરવાથી બ્રહ્મવાદના સિદ્ધાંતોમાં કોઈ ફેરફાર ન આવી જાય અને શ્રીશંકર (મહાદેવજી) તેનું સમર્થન કરે. તેથી શ્રીવિશ્વનાથની પ્રેરણાથી જ આપશ્રીએ પત્રાવલંબન ગ્રંથની રચના કરી. પત્રાવલંબનમાં બહુ સ્પષ્ટતાથી આપશ્રીએ એ હકીકતનો ઉલ્લેખ કર્યો છે.

ડિણ્ડિ સ્તુવાદિતો દ્વારિ વિશ્વેશસ્ય મયાત્ર હિ । આ પ્રમાણે થવાથી આપશ્રી દ્વારા પ્રવર્તિત બ્રહ્મવાદના સિદ્ધાંતોમાં માયાવાદનો લેશ માત્ર સંસર્ગ આવી શક્યો નથી.

(૧૦૨) બ્રહ્મવાદ નિરૂપક :

આચાર્યશ્રીએ બ્રહ્મવાદનું નિરૂપણ કર્યું છે. બ્રહ્મવાદ એટલે શું ? 'સર્વં ખલ્વિદં બ્રહ્મ' અને 'યદિદં કિંચતત્સત્ય મિત્યાચક્ષત' એટલે કે 'ખરેખર, બધું બ્રહ્મ છે' અને 'આ જે કાંઈ જે તે સત્ય છે એમ કહે છે'– આ બન્ને ઉપનિષદનાં

વાકયો છે; તેમાં જે વાદ જણાવેલ છે તેને બ્રહ્મવાદ કહેવાય. અને આચાર્યશ્રી તેના નિરૂપક હોઈ આપશ્રીનું બ્રહ્મવાદ નિરૂપક નામ પ્રકટ કર્યું છે.

નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજે બ્રહ્મવાદનું સ્વરૂપ આ રીતે બતાવ્યું છે. ''બ્રહ્મ વડે જ સમસ્ત બ્રહ્માંડની ઉત્પત્તિ છે. પરિણામે જે કાંઈ જડ ચેતન પદાર્થો વિદ્યમાન છે તે બ્રહ્મરૂપ છે. ખરેખર, બધું જ બ્રહ્મ છે. અને આ જે કાંઈ દેખાય છે તે બધું સત્ય છે; મિથ્યા નથી. બ્રહ્મ તો સત્, ચિત્ત્ અને આનંદ સ્વરૂપ છે. તેના સત્ અંશથી જગતની ઉત્પત્તિ થઈ છે; ચિત્ અંશથી જીવની ઉત્પત્તિ છે. જગત અને જીવ તથા બધા જડ ચેતન પદાર્થોને બ્રહ્મે પોતાની ક્રીડા કરવા માટે ઉત્પન્ન કર્યા છે. પરિણામે બધું જ બ્રહ્મ હોવા છતાં તેમાં નામરૂપની વિવિધતા દેખાય છે. બ્રહ્મે જગતને પોતાના લીલા સ્થળ તરીકે ઉત્પન્ન કર્યું અને જીવ એ તો બ્રહ્મનો (ચિદ્) અંશ છે જ. અને 'યો યદંશઃ સ તં ભજેત્' એ સિદ્ધાંત અનુસાર જેનો તે અંશ હોય તેને તે ભજે. અહીં ભજવું એટલે સેવા કરવી એવો અર્થ લેવાનો છે. તેથી આ બ્રહ્માંડમાં જેટલા જીવ છે એ તમામનું કર્તવ્ય ભગવદ્ સેવા કરવાનું છે.

આ રીતે આપશ્રીએ પોતાના બ્રહ્મવાદનું નિરૂપણ કર્યું છે.

અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતઃ સહજ સ્મિતઃ ।
ત્રિલોકીભૂષણં ભૂમિભાગ્યં સહજસુંદરઃ ॥૩૨॥

શ્લોકાર્થ : (૧૦૩) અપ્રાકૃત (અલૌકિક) એવાં અખિલ (બધાં) આભૂષણો (આકલ્પ)થી વિભૂષિત (૧૦૪) સ્વાભાવિક હાસ્યવાળા (૧૦૫) ત્રિલોકના ભૂષણ (અલંકાર) રૂપ (૧૦૬) ભૂમિના ભાગ્ય રૂપ અને (૧૦૭) સહજ રીતે સુંદર સ્વરૂપવાળા (આપશ્રી મહાપ્રભુજી) છે.

કઠિન શબ્દાર્થ : અખિલ = બધાં, આકલ્પ = આભૂષણ, સહજ=સ્વાભાવિકતાથી

વિવેચન : બત્રીસમાં શ્લોકમાં આચાર્યશ્રીનાં પાંચ નામો પ્રકટ કરવામાં આવ્યાં છે.

(૧૦૩) અપ્રાકૃતાખિલાકલ્પભૂષિત :

અપ્રાકૃત એટલે અલૌકિક છે અખિલ આકલ્પ એટલે બધાં જ

આભૂષણ, જેના વડે આપશ્રી વિભૂષિત છો. અહીં જે અલૌકિક આભૂષણોની વાત કરવામાં આવી છે તે કયાં આભૂષણો ? આપણે તો જાણીએ છીએ કે આપશ્રી અંગ ઉપર કેવળ ધોતી ઉપરણો ધારણ કરે છે. પગ ખુલ્લા-ખડાઉ વગરના- હોય છે. એવા આપણા ગુરુદેવે વળી આભૂષણ કયારે ધર્યાં હોય ? આપશ્રીએ લૌકિક આભૂષણો તો ધારણ કર્યાં જ નથી. આપશ્રી હીરા પન્ના રત્ન જડિત આભૂષણોથી વિભૂષિત નથી. પરંતુ દિવ્ય અલંકારોથી આભૂષિત છે જ. અને તે અલંકારો એટલે 'કૃષ્ણલીલા રસના ભાવો રૂપી અલંકારો તેના વડે આપ શોભી રહ્યા છે. એ અલંકારો દિવ્ય છે; કારણ કે તે દિવ્ય ફલરૂપ છે. આપશ્રીના એવા શોભાયુકત સ્વરૂપનું વર્ણન શ્રીગુસાંઈજીએ સપ્તશ્લોકીના પ્રથમ ચરણમાં કર્યું છે.

શ્રીભાગવત પ્રતિપદ મણિવર ભાવાંશુ ભૂષિતા મૂર્તિઃ અર્થાત્ શ્રીમદ્ ભાગવતના પ્રત્યેક પદ (શબ્દ)નો ભાવ ઉત્તમ મણિ સમાન છે. એવા એ મણિ સમાન પ્રકાશિત ભાવરૂપી આભૂષણોથી આપની મૂર્તિ (સ્વરૂપ) શોભી રહી છે. ટૂંકમાં શ્રીકૃષ્ણલીલા રસના અલૌકિક ભાવો આપશ્રીનાં આભૂષણ રૂપ છે.

(૧૧૪) સહજ સ્મિત :

આચાર્યશ્રીના મુખ ઉપર સહજ સ્વાભાવિક રીતે સ્મિત (મૃદુ હાસ્ય) વિલસી રહેલું છે. આપશ્રીના મનમાં કૃષ્ણ લીલાનું ચિંતન સદા ચાલતું રહે છે. વિવિધ લીલાના સ્મરણથી ઉત્પન્ન થતા રસનો અનુભવ કરી આપશ્રીનું મુખ મંદમંદ હસી ઉઠે છે. એ હાસ્ય કેવળ આપશ્રીના હોઠ ઉપર જ નથી દેખાતું; તે તો આપશ્રીનાં કમલનયનોમાં પણ વિલસી રહે છે. શ્રીમહાપ્રભુજીએ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીરામને પરબ્રહ્મનાં હાસ્યાવતાર તરીકે ગણાવ્યા છે. શ્રીરામચંદ્રજી સ્મિતપૂર્વાભિલાષી હતા. એટલે કે તેઓ હંમેશા સ્મિતપૂર્વક બોલતા હતા. શ્રીમદ્ વલ્લભ પણ સ્મિતપૂર્વક બોલતા હતા. એ આપશ્રીનો અપ્રાકૃત ગુણ છે. પોતાના એવા સ્મિત-હાસ્ય દ્વારા આપશ્રી પોતાના સેવકોના માયાના આવરણને દૂર કરે છે. એટલા માટે આપશ્રીનું સહજ સ્મિત નામ પ્રકટ કરવામાં આવ્યું છે.

(૧૦૫) ત્રિલોકી ભૂષણમ્ :

આપશ્રી ત્રણે લોકના ભૂષણરૂપ છો. આ નામનો બીજો અર્થ છે ત્રણે

પ્રાકૃતિક ગુણો-સત્ત્વ, રજસ અને તમસ્ ગુણોવાળા નિજ સેવકોના આભૂષણ રૂપ બની આપ જગતમાં તેમની શોભા વધારનારા છો.

(૧૦૬) ભૂમિ ભાગ્યમ :

આપશ્રી તો ત્રણે લોકનાં આભૂષણરૂપ છો; પરંતુ આ લોક એટલે કે મૃત્યુલોક (પૃથ્વી-ભૂમિ)ના તો ભાગ્યરૂપ છો. તે એટલા માટે કે આપશ્રીનો પ્રાદુર્ભાવ સ્વર્ગલોક કે બ્રહ્મલોકમાં નથી થયો; મૃત્યુલોકમાં થયો છે. પૃથ્વીનું એ પરમ સૌભાગ્ય છે કે આપશ્રીનો પ્રાદુર્ભાવ તેના ઉપર થયો છે. પરિણામે પૃથ્વી ઉપરના દૈવી જીવોને માટે આપશ્રીનું શરણ ગ્રહણ કરવાનું કાર્ય સરળ બની ગયું છે. તેમ થતાં તેમનો બ્રહ્મ સાથે સંબંધ થાય છે અને તેઓ સ્વરૂપાનંદની પ્રાપ્તિ કરી શકે છે. અન્ય લોકમાં-દેવલોકમાં ભક્તિ ક્યાં છે ? નથી. કારણ કે શ્રીવલ્લભ ત્યાં પ્રકટ થયા નથી. તેથી આ નામ દ્વારા ભૂમિના ભાગ્યને વખાણ્યું છે.

(૧૦૭) સહજ સુંદર :

સ્વાભાવિક રીતે જ આપશ્રી સુંદર છો. સુંદર એટલે રૂપાળા, 'રૂપે રંગે પૂરા' એવો અર્થ નથી. આપશ્રી રંગે શ્યામ અને મધ્યમ કદના છો. આપશ્રીના ચિત્રજી ઉપરથી તે સ્પષ્ટપણે દેખાઈ આવે છે. પરંતુ અહીં આપશ્રીનાં શારીરિક સૌંદર્યની વાત કરી નથી. સાચું સૌદર્ય, ગુણ, સ્વભાવ કે જ્ઞાનનું હોય અને તે બધાંથી વધું સૌંદર્ય તો ભક્તિભાવ (પ્રેમભાવ)નું હોય. આપશ્રીનું સૌંદર્ય આપશ્રીના ભક્તિભાવમાં રહેલું છે. આપશ્રી ભક્તિભાવથી શોભો છો. એટલું જ નહીં, એ ભક્તિભાવનું નિજ ભક્તોને દાન કરીને તેમને પણ શોભાયુક્ત કરો છો. વૈષ્ણવ એટલે આંતરિક સૌંદર્યની પ્રતિમા, ટૂંકમાં જેવી સુંદરતા આપશ્રીમાં છે તેવી સુંદરતા અન્ય કોઈમાં નથી. તેથી આપશ્રી સહજ સુંદર છો.

આ રીતે શ્લોક ૭ થી શ્લોક ૩૨સુધીના છવીસ શ્લોકોમાં આપશ્રીનાં એકસોને સાત દિવ્ય નામો પ્રકટ કરવામાં આવ્યાં છે. અને શ્લોક તેત્રીસના પૂર્વાધમાં આપશ્રીનું ૧૦૮મું દિવ્ય નામ પ્રકટ કરાશે.

અશેષભક્તસમ્પ્રાર્થ ચરણાબ્જરજોધનઃ (૩૩ નો પૂર્વાધ)

શ્લોકાર્થ : (૧૦૮) જેમના ચરણકમળની રજ રૂપી ધનની સર્વ ભક્તો

પ્રેમપૂર્વક ચાયના કરે છે. (એવા શ્રીવલ્લભ છે).

કઠિન શબ્દાર્થ : સમ્પ્રાર્થ્ય = પ્રાર્થના કરવામાં આવે છે, ચરણાબ્જ = ચરણકમળ, રજોધન = રજ રૂપી ધન.

વિવેચન : તેત્રીસમાં શ્લોકના પૂર્વાર્ધમાં આપશ્રીનું એક જ નામ પ્રકટ કરવામાં આવ્યું છે. તે પ્રકટ કરીને શ્રીગુસાંઇજીએ નામ પ્રાકટયનું કામ પૂરું કર્યું છે. હવે બાકીના અઢી શ્લોકમાં આપશ્રી સર્વોત્તમ સ્તોત્રનો ઉપસંહાર કરશે.

(૧૦૩) અશેષભકતસમ્પ્રાર્થ્યચરણાબ્જરજોધન :

આપશ્રીના બધા ભકતો-પોતાના ચારેય ભક્તિમાર્ગીય પુરુષાર્થો પ્રાપ્ત કરાવી આપવા જે સમર્થ છે એવા - આપશ્રીની ચરણરજરૂપી ધનને પ્રાપ્ત કરવાની પ્રાર્થના કરે છે. અહીં ચરણને કમળની અને રજને પરાગની ઉપમાં આપવામાં આવી છે. કમળ અને તેની પરાગ (ગંધ) બન્ને અનુરાગના ઉત્પાદક છે. આપશ્રીના ચરણ અને તેની રજ ભકતોના હૃદયમાં આપશ્રી પ્રત્યે અનુરાગ ઉત્પન્ન કરાવે છે. તેથી તો આપશ્રી તેમને નિજ ચરણરજ રૂપી ધનનું દાન કરતા રહો એવી પ્રાર્થના તેઓ આપશ્રીને કરે છે.

આ છેલ્લું નામ આગળનાં બધાં ૧૦૭ નામોના ફળરૂપે છે. આગળનાં ૧૦૭ નામોમાં આપશ્રીનું સ્વરૂપ, કાર્ય, માર્ગ પ્રાકટય, સિદ્ધાંત નિરૂપણ આદી ઘણી વસ્તુઓ ગણી બતાવી છે. છેવટે આ નામમાં શ્રીગુસાંઈજી કહે છે કે એ બધાં ૧૦૭ નામોમાં નિરૂપિત એવી આપશ્રીની ચરણરજની પ્રાપ્તિ થાય તો પણ ઘણું, એવું આપશ્રીના ભકતો માને છે. અને તે ચરણરજની પ્રાપ્તિ માટે આપશ્રીને પ્રાર્થે છે. અધિકાંશ ભકતો પોતાની યોગ્યતાનો નિર્ણય એ ચરણરજની પ્રાપ્તિ પોતાને કેટલે અંશે થઈ તેના આધારે કરી લે છે.

ઉદ્ધવજી જેવા સમર્થ જ્ઞાની, ભગવાન શ્રીકૃષ્ણના સખાએ પણ પોતાની યોગ્યતા કેટલી આંકી છે તે જુઓ.

વંદે નંદવ્રજસ્ત્રીણાં પાદરેણુમભિક્ષ્ણશઃ ।
યાસાં હરિકથોદ્‌ગીતં પૂનાતિ ભૂવન ત્રયમ્ ।।

એટલે કે

વંદુ નંદવ્રજસ્ત્રીની પાદરેણુ પ્રતિક્ષણે
જેનું હરિકથાગીત પાવન કરે ત્રિલોકને.

ગોપીજનોને આચાર્યશ્રીએ પુષ્ટિમાર્ગનાં ગુરુ તરીકે પ્રમાણ્યાં છે તે એમને એમ નહીં. ઉદ્ધવજી પોતાની યોગ્યતા ગોપીજનોને વંદન કરવા જેટલી નહીં પરંતુ તેમની ચરણરજ (પાદરેણુ) ને વંદન કરવા જેટલી સમજે છે. કારણ કે એ ગોપીજનોએ હરિકથાગીત ગાઈને ત્રિલોકને પાવન કર્યાં છે.

આવા જ ભાવથી ઉપર્યુકત નામનો વિચાર કરવાનો છે. આપશ્રીના ભકતો પોતાની યોગ્યતા આપશ્રીને પ્રાપ્ત કરવા જેટલી નહીં, પરંતુ આપશ્રીની ચરણરજને પ્રાપ્ત કરવા જેટલી આંકે છે. કારણ કે આપશ્રીએ સુબોધિનીજી કથા દ્વારા ભગવદ્ લીલા રસને વહાવીને ત્રિલોકને પાવન કર્યા છે.

પ્રશ્ન એ છે કે આજે જ્યારે આપશ્રીની આ ભૂતલ ઉપરની સ્થિતિ ચર્મચક્ષુથી જોઈ શકાતી નથી, ત્યારે આપશ્રીની ચરણરજરૂપી ધનની પ્રાપ્તિની પ્રાર્થના કરવાથી શું વળે ? આવી શંકા થાય. તેના નિવારણ અર્થે એટલું જ કહેવાનું છે કે આપશ્રીએ હનુમાન ઘાટ ઉપર પોતાની જાતને તિરોહિત કરવાનું જે કાર્ય કર્યું હોવાનું દેખાય છે તે તો આસુરી જીવોને મોહ પમાડનારું કાર્ય છે. માત્ર આસુરી જીવો જ એમ સમજે છે કે શ્રીવલ્લભ આ ભૂતલ ઉપરથી નિજ ધામમાં પધારી ગયા છે અને અત્યારે ભૂતલ ઉપર આપશ્રીની સ્થિતિ નથી. વાસ્તવમાં એવું નથી. કડા ગામના આપશ્રીના અંતરંગ સેવક અચ્યુતદાસ સારસ્વત બ્રાહ્મણે, (જેણે આચાર્યશ્રીના તિરોહિત થવાના કાર્યને નજરે જોયું છે એવું કહેનાર આપશ્રીના સેવકોને જ) નિજ મંદિરના કમાડ ખોલીને, શ્રીસુબોધિનીજી વાંચતા આચાર્યશ્રીના દર્શન કરાવ્યાં હતાં. વળી કેટલાક ભાગ્યશાળી સેવકોએ સ્વપ્નમાં આપશ્રીના દર્શન કર્યાં છે એ અનુભૂત હકીકત છે.

આચાર્યશ્રીની સ્થિતિ ભૂતલ ઉપર છે જ અને તે ત્યાં સુધી તો રહેશે જ જ્યાં સુધી પુષ્ટિ માર્ગની સ્થિતિ રહેશે. જ્યાં સુધી સાચો પુષ્ટિમાર્ગી કેવળ એક જ ભકત આ પૃથ્વી ઉપર વિદ્યમાન હશે ત્યાં સુધી આચાર્યશ્રી ભૂતલ છોડી કયાંય જઈ શકવાના નથી. કારણ કે આપશ્રીનો તે એકમાત્ર ભકત પણ સૂરદાસની માફક આપશ્રીને એમ કહેશે કે –

ભૂતલ છોડ કે જાત હો નિબલ જાની કે મોહિ ।
હિરદે તેં જો જાવ તો બીર બખાનું તોહિ ।

અને આચાર્યશ્રી ભલે સમર્થ હોય, મને વિશ્વાસ છે, અરે, પૂરી ખાત્રી છે કે આપશ્રીમાં શકિત નથી કે નિજ ભકતના હૃદયમાંથી નિકળીને આપશ્રી સ્વધામમાં હંમેશ માટે ચાલ્યા જઈ શકે; એવું શ્રીમદાચાર્યચરણનો સેવક કહે છે. અસ્તુ.

અહીં તેત્રીસમાં શ્લોકના પૂર્વાધમાં, આચાર્યશ્રીના ૧૦૮ નામોને પ્રકટ કરવાનું કામ પુરું થયું. હવે અઢી શ્લોકમાં, શ્રીગુસાંઈજી શ્રીસર્વોત્તમ સ્તોત્રનો ઉપસંહાર કરે છે. ઉપસંહારમાં આપશ્રી એ જ વાત કહે છે જે આપશ્રીએ મંગલાચરણમાં કહી હતી. કદાચ કોઈને એમ થાય કે એકની એક વાત બે વખત કહેવાની શી જરૂર છે ? પુનરાવર્તન કરવાની જરૂર એટલા માટે છે કે ભકત વૈષ્ણવો એક કાને સાંભળીને બીજે કાને તેને કાઢી ન નાખે. તેઓ એક કાનથી મંગલાચરણ સાંભળે અને બીજે કાને ઉપસંહાર સાંભળે. પછી બન્ને કાન દ્વારા જે સાંભળ્યું હોય તે વચમાં આવેલ મગજમાં, જ્યાં શ્રીવલ્લભનાં ૧૦૮ નામોનું ચિંતન મનન થતું હોય ત્યાં લાવી સ્થિર કરે. જેથી શ્રીસર્વોત્તમનો ભાવ તેમના મગજમાં રૂઢ થાય.

હવે શ્રીગુસાંઈજી તેત્રીસમાં શ્લોકનાં ઉત્તરાર્ધથી લઈ પાંત્રીસમાં શ્લોક સુધીમાં શ્રીસર્વોત્તમજીનો ઉપસંહાર કરે છે.

ઈત્યાનંદનિધેઃ પ્રોક્તં નામ્નામ્ અષ્ટોત્તરં શતમ્ ।।૩૩।।

શ્લોકાર્થ : આ રીતે (મેં) આનંદના સાગર સ્વરૂપ (શ્રીમહાપ્રભુજીનાં) ૧૦૮ નામો (તેનો ભાવ અનુભવીને) કહ્યાં છે.

કઠિન શબ્દાર્થ : આનંદનિધિ = આનંદનો સમુદ્ર, પ્રોકતં = સારી રીતે કહ્યાં છે.

વિવેચન : તેત્રીસમાં શ્લોકના ઉત્તરાર્ધમાં શ્રીગુસાંઈજીએ પોતે આ પહેલાનાં સાડી છવીસ શ્લોકોમાં જે કર્યું તે કહ્યું છે. આપશ્રીએ આચાર્યશ્રીનાં નિત્ય સિદ્ધ એવાં ૧૦૮ નામો કહ્યાં છે તેની જાહેરાત આપશ્રી તેત્રીસમાં શ્લોકના ઉત્તરાર્ધમાં કરે છે. ફરીથી યાદ કરવાનું કારણ છે મનની દઢતા સ્થાપવાનું. ''આ નામો જે મેં

કહ્યાં છે તે સાંભળીને ભૂલી જવા માટે નથી કહ્યાં; તે ધ્યાનપૂર્વક સાંભળો; એ નામો તો આનંદના સાગર રૂપ શ્રીમહાપ્રભુજીનાં નામો છે. દરેક નામનું સ્મરણ કરવાથી તમારા હૃદયમાં આનંદના ધોધ ઊછળતા અનભવશો; જો ભાવપૂર્વક તે નામોનો ઉચ્ચાર કરશો તો. માટે યાદ રાખો વૈષ્ણવો મેં તમને આચાર્યશ્રીનાં ૧૦૮ નામો કહ્યાં છે. એ કાંઈ મારે આનંદ પ્રાપ્ત કરવા માટે મેં કહ્યાં નથી. મેં તો તેનો આનંદ અનુભવ્યો છે. આ તો આનંદના તિરોભાવવાળા એવા તમે, શ્રીમહાપ્રભુજીના ભકતો, તમારામાં એ આનંદનો આવિર્ભાવ કરાવવા માટે મેં એ નામો કહ્યાં છે.

આવું શ્રીગુસાંઈજીએ તેત્રીસમાં શ્લોકના ઉત્તરાર્ધમાં સ્પષ્ટપણે ઘોષિત કર્યું છે.

શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્ યઃ પઠત્યનુદિનં જનઃ ।
સ તદેકમનાઃ સિદ્ધિમ્ ઉક્તાં પ્રાપ્નોત્યસંશયમ્ ।।૩૪।।

શ્લોકાર્થ : શ્રદ્ધાવિશુદ્ધ બુદ્ધિવાળો જે જીવ, શ્રીમહાપ્રભુજીમાં મન રાખીને આ સ્તોત્રનો નિત્ય પાઠ કરે છે તે આગળ કહેલી શ્રીકૃષ્ણાધરામૃતાસ્વાદની સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત કરે છે.

કઠિન શબ્દાર્થ : તદેકમના = શ્રીમહાપ્રભુજીમાં એકલામાં જ જેમનું મન છે તેવો.

વિવેચન : સ્વકીય જન કે જે શ્રદ્ધાથી અત્યંત શુદ્ધ થયેલી બુદ્ધિવાળો હોય અને દુઃસંગ આદિથી જેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ન હોય તેવો હોય, તે જો આ સ્તોત્રનો પાઠ કરે તો–

(૧) તેનું મન કેવળ આચાર્યશ્રીમાં તાદાત્મ્યનો અનુભવ કરશે અને (૨) તેના પરિણામ સ્વરૂપ તેને કૃષ્ણાધરામૃતાસ્વાદની પ્રાપ્તિરૂપી ફળ અવશ્ય મળશે.

શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં ગણાવેલાં આચાર્યશ્રીનાં ૧૦૮ નામોનો પાઠ કરવાથી આગળ કહેલ ફલ કૃષ્ણાધરામૃતાસ્વાદની પ્રાપ્તિ અવશ્ય મળશે. તે કેવી રીતે ? ભકત જ્યારે આચાર્યશ્રીનાં એ ૧૦૮ નામોનો ભાવપૂર્વક પાઠ કરે ત્યારે તેના મનનું તાદાત્મ્ય આચાર્યશ્રી સાથે થઈ જશે. અને આચાર્યશ્રી તો

શ્રીકૃષ્ણના અધરામૃતનો (સ્વાદ કે આસ્વાદની વાત બાજુ પર રાખો) નિરંતર સ્વાદ લઈ રહ્યા છે. તેથી તમને કંઈ નહીં તો છેવટ, તમારી તાદાત્મ્યતાના પ્રમાણમાં, થોડોઘણો પણ કૃષ્ણાધરામૃતનો આસ્વાદ તો મળશે જ મળશે.

તદપ્રાપ્તૌ વૃથા મોક્ષઃ તદાપ્તૌ તદ્‌ગતાર્થતા ।
અતઃ સર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ।।૩૫।।

શ્લોકાર્થ : તે (કૃષ્ણાધરામૃતના આસ્વાદ રૂપી) ફળની પ્રાપ્તિ ન થાય તો, તેના સિવાય ચારે પ્રકારનો સાયુજ્ય, સાર્ષ્ટિ, સામિપ્ય અને સારૂપ્ય-મોક્ષ મળે તો તે વૃથા છે. અને જો તે ફળ પ્રાપ્ત થાય તો તે ચારે પ્રકારનો સાયુજ્યાદિ મોક્ષ મેળવવાનો કોઈ અર્થ નથી. તેટલા માટે, કૃષ્ણરસની કામના કરનારે આ સર્વોત્તમ સ્તોત્રનો જપ કરવો.

કઠિન શબ્દાર્થ : તદ્‌ગતાર્થતા = તે મળે તો પણ તે અર્થ વગરનો (નકામો) છે. કૃષ્ણરસાર્થિભિઃ = કૃષ્ણરસનો ઈચ્છુક.

વિવેચન : કૃષ્ણાધરામૃતાસ્વાદની આગળ ચતુર્વિધ મોક્ષની કીંમત કોડીની છે. એટલા માટે શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી છેલ્લે શું કહે છે તે સાંભળો.

કૃષ્ણાધરામૃતાસ્વાદ જેવું સર્વોત્તમ ફળ પ્રાપ્ત કરવા માટે, કૃષ્ણરસ પ્રાપ્તિના જે કોઈ ઈચ્છુકો હોય તેમણે સર્વોત્તમ સ્તોત્રનો પાઠ અવશ્ય કરવો. આપશ્રીના આ શબ્દનો અર્થ બરાબર સમજી લો.

પહેલા કહ્યું ''પઠત્યુદિનં'' રોજ રોજ પાઠ કરો; પછી કહ્યું, ''જપ્યં'', જપ કરો. આ રીતે કહેવાનો અર્થ એ છે કે આ સ્તોત્ર જ્યાં સુધી તમને કંઠસ્થ ન થાય ત્યાં સુધી રોજ રોજ તેનો પાઠ કરતા રહો અને કંઠસ્થ થઈ ાગયા પછી મનમાં તેનો જાપ કરતા રહો.

હવે બીજી વાત. આપશ્રીએ આ પ્રમાણે પાઠ કરવાનું કહ્યું, જાપ કરતા રહેવાનું કહ્યું તે કોને કહ્યું છે ? કૃષ્ણરસાર્થિભિઃ ને જ કહ્યું છે. જેને કૃષ્ણરસ સિવાય બીજું કશું પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તેને શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠ, જપ ન કરતાં, કોઈક બીજા જ પાઠ કરી લેવા. પરંતુ જે સાચે જ કૃષ્ણરસ

પ્રાપ્તિનો ઈચ્છુક છે એવા જીવે બહુ જ શ્રદ્ધાથી આ સ્તોત્રનો પાઠ કરવો. પાઠ કરશે તો નિશ્ચિત પણે તેને કૃષ્ણધરામૃતનો આસ્વાદ થશે જ. શ્રીગુસાંઈજી આ વાત બહુ દૃઢતાથી કહે છે. અને શ્રીગુસાંઈજીના શબ્દો સાચા જ હોય; સાચા જ છે એમાં તમને કોઈ શંકા છે ખરી ? મને તો નથી. **અસ્તુ.**



(એકવાર નાગજીભટ્ટે શ્રીગુસાંઈજીને વિનંતી પત્ર લખ્યો અને તેમાં લખ્યું કે શ્રીઆચાર્યજીના ગ્રંથો મારી બુદ્ધિ ઓછી છે તેથી સમજાતા નથી, તો આપ કૃપા કરીને માર્ગનું રહસ્ય થોડામાં લખીને મોકલો જેથી કરીને હું શ્રીમહાપ્રભુજીના ગ્રંથો સમજી શકું. તેના પ્રત્યુત્તરમાં શ્રીગુસાંઈજીએ શ્લોક લખીને મોકલ્યો. જેમાં શ્રીઆચાર્યજીનું પ્રાકટય, માર્ગનું ફલ અને માર્ગનું રહસ્ય લખીને મોકલ્યું તે શ્લોક.)

શ્રીવલ્લભાચાર્યમતે ફલં તત્પ્રાકટ્યમત્રાવ્યભિચારિહેતુઃ ।
તત્રોપયુકતા નવધોકતભક્તિસ્તત્રોપયોગોऽખિલસાધનાનામ્ ।।૧।।
યઃકુર્યાત્સુન્દરાક્ષીણાં ભવને લાસ્યનર્તને ।
તાસાં ભાવનયા નિત્યં સ હિ સર્વફલાનુભાક્ ।।૨।।

શ્રીગુસાંઈજી જણાવે છે કે, શ્રીવલ્લભાચાર્યજીના મત પ્રમાણે **શ્રીઠાકોરજીનું પ્રાકટય એ ફલ છે અને અવ્યભિચારી ભક્તિ હેતુ છે. જેમને અનન્યતા હોય તેમના માટે નવધાભક્તિ છે.** આ નવધાભક્તિ પહેલાં *(પુરાણમાં બતાવ્યા પ્રમાણે, એક એક જણે એક એક ભક્તિ કરી છે એટલે કે, શ્રવણભક્તિ રાજા પરીક્ષીતની, કીર્તનભક્તિ શુકદેવજીની, સ્મરણભક્તિ પ્રહલાદની, પાદ-સેવનભક્તિ લક્ષ્મીજીની, પૂજનભક્તિ પૃથુરાજાની, વંદનભક્તિ અક્રુરજીની, દાસ્યભક્તિ હનુમાનજીની, સખ્યભક્તિ અર્જુનની અને આત્મનિવેદનભક્તિ બલીરાજાની)* શાસ્ત્રોમાં નિરૂપણ કરેલી છે જ.



''ભક્તિમાર્ગાબ્જ માર્તંડ અવની ઉદય જાની
જીવ-દૈવીજન-કમલ સબ ફૂલે''

અર્થાત્ નિર્ગુણભાવરૂપી ભક્તિનાં કમળ દૈવીજીવોનાં હૃદયમાં ખીલવવાવાળા શ્રીમહાપ્રભુજી, માર્તંડ (સૂર્ય) છે, તેમનું પ્રાકટય થવાથી દૈવીજનોને આનંદ થયો છે.

મૃણાલિની યાને આદર્શ મર્યાદી

(સેવા ધર્મઃ પરમ ગહનો યોગિનામપ્યગમ્યઃ)

(લે. પૂજ્યપાદ આયુષ્યમાન્ ગો. શ્રીવ્રજનાથલાલજી)

આજે મૃણાલિનીના હૃદય-પ્રદેશમાં આહ્લાદ મ્હાતો હતો. ચન્દ્રની એમ.એ.ની પરીક્ષાનું પરિણામ પ્રકટ થઈ ચૂક્યું હતું. તેમાં તે સન્માનપૂર્વક સુવર્ણ-પદક પ્રાપ્ત કરી પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થયો હતો. તેના હર્ષાવેશમાં મૃણાલીની શ્રીબાલકૃષ્ણપ્રભુને કમલોપવનમાં પધરાવવાની હતી. સુન્દર સુરભિત સુમન મંડલીમાં બિરાજાવવાની હતી. વિધવિધ પ્રકારના પકવાન ભોગો આરોગાવવાની હતી. 'મૃણાલ-સરોવર' માં પ્રિય શ્રીબાલકૃષ્ણને નૌકા વિહાર કરાવવાની હતી. બસ, આજે મૃણાલિની આવા અનેક પ્રકારના મનોરથો દ્વારા શ્રીબાલકૃષ્ણને રીઝાવવાની હતી. અને એજ મનીષાથી મૃણાલિની આજે આંનદોત્ફલ્લિત જણાતી હતી.

તે એક બાળ-વિધવા હતી. તેના ગર્ભશ્રીમંત પિતા વિનયચન્દ્ર પાઠક મુંબઈનગરીમાં સુવિખ્યાત હતા. તેઓ પોતાના કુટુંબ સાથે વોર્ડનરોડ પરના ''વિનય નિકેતન'' માં રહેતા હતા. વિનય નિકેતનની સમીપમાં જ કમલોપવન બનાવેલું હતું. તેમાં એક રમણીય 'મૃણાલ સરોવર' તેની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યું હતું. મૃણાલિનીની જનની તેને પાંચ વર્ષની અલ્પ વયમાં જ તેના પિતાના હસ્તોમાં સોંપીને શ્રીચરણોમાં પ્રાપ્ત થઈ ગઈ હતી.

વિનયચંદ્ર પાઠક પત્નિના અવસાનથી ઘણા જ ખિન્ન થઈ ગયા હતા. તેમનાં કોમલ હૃદયને તેથી તીવ્ર આઘાત પહોંચ્યો હતો. દુનિયામાંથી તેમનું મન ઉડી ગયું હતું. તેઓ પુનઃ અન્ય કુમારીકા સાથે લગ્ન કરવાના કટ્ટા વિરોધી હતા. જેવી રીતે વિધવા સ્ત્રી અન્ય વખત લગ્ન નથી કરી શકતી તેવી જ રીતે વિધુર પણ સત્યતાથી અન્ય કુમારીકા સાથે લગ્ન ન જ કરી શકે. તેમ તો આ જન્મ 'એક પત્નિ' વ્રત જ પાળવું જોઈએ એવી એમની દૃઢ માન્યતા હતી. તેથી પત્નિના મૃત્યુ પછી સંસારની સર્વ વસ્તુઓમાંથી હૃદય કાઢી શ્રીબાલકૃષ્ણને અનન્ય ભાવથી સેવવા લાગ્યા હતા.

મૃણાલિનીને ૧૧મે વર્ષે કૃષ્ણકાન્ત બી.એ. સાથે લગ્ન ગ્રંથી વડે જોડી દીધી હતી. મૃણાલિનીનો ભાઈ ચન્દ્ર મેટ્રીકની પરીક્ષામાં પાસ થઈ કોલેજમાં અભ્યાસ કરતો હતો.

એક દિવસ મૃણાલિનીએ બહારથી આવીને પિતાના હાથમાં તાર મૂકયો. વિનયચંદ્રે ધડકતે હૃદયે તાર વાંચ્યો, અને ધરતી પર ઢળી પડયા. મૃણાલિનીએ શોર મચાવી મૂકયો. બાજુના ખંડમાંથી ચંદ્ર તુરત દોડી આવ્યો અને પ્રભુપ્રસાદિ

ગુલાબજળ પિતાના મોં પર છાંટવા લાગી ગયો. મૃણાલિની પણ પિતાને પવન નાખવા લાગી ગઈ, ભાઈબ્હેનની સુસ્નેહ શુશ્રુષાથી વિનયચંદ્ર પાઠકે થોડીવારમાં જ આંખો ઉઘાડી. હસ્તસંકેતથી મૃણાલિનીને પોતાની સમીપ બોલાવી. નિશ્ચલ તથા ગદ્‌ગદ થઈ ક્ષીણ સ્વરે કહેવા લાગ્યા – ''પુત્રી મૃણાલિની !! હાય ! ત્હારાં ભાગ્યમાં અન્તે શું આ જ લખાયું હતું ? હાય ! શું હું ત્હને આવી દુ:ખી જોવા જ અત્યાર સુધી જીવતો રહ્યો ? દુ:ખમય સંસારમાં અવશેષ દુ:ખી જ છે. ત્હારી વય, ત્હારૂં નિર્દોષ મુખડું જોઈ મ્હારૂં હૃદય ચીરાઈ જાય છે, હાય ! તેં તો સાસરીયામાં પગે મૂક્યો નથી. ઓ વિધાતા ! આ ત્હારાં કેવાં ભયંકર ક્રૂર વિધાન ! પુત્રી ! ગઈ સાલે જ ત્હારાં લગ્ન કર્યાં હતાં. આજે તું હાય ! બાલવિધવા .. થઈ ગઈ !''

આટલું બોલતાં જ વિનયચન્દ્ર પાકઠ પુનઃ મુર્ચ્છિત થઈ ગયા. ભાઈબ્હેનની સેવાથી પાછા સ્વસ્થ થઈ કહેવા લાગ્યા – મૃણાલિની ! મને લાગે છે કે હું હવે વધારે જીવીશ નહિં. મ્હારાં શ્રીબાલકૃષ્ણપ્રભુની સેવાનો ભાર હું ત્હને સોપું છું. તું સદાકાળ શ્રીબાલકૃષ્ણની તન, મન, ધનથી સેવા કરજે. પ્રભુને જરાએ પરિશ્રમ પડવા દેતી નહિં. ત્હારા પિતા અને ત્હારા પતિ હવે તેઓ જ છે. તેને જ તું તારૂં સર્વસ્વ માની સેવા-પ્રણાલિકાથી પ્રભુની પ્રેમપૂર્વક સેવા કર્યા કરજે. તું કોઈ દિવસ પણ ગભરાઈશ નહિં. કયાંક ભૂલચુક થઈ જશે તો તે શ્રીબાલકૃષ્ણ પ્રભુ ખીજાશે નહિં. ત્હારાથી રીસાશે નહિં. સમજી ? જેવી આવડે તેવી સામગ્રી તૈયાર કરીને પ્રભુને આરોગાવજે. એક અગત્યની વાત તું અને ચન્દ્ર બરાબર લક્ષ્યમાં રાખજો, **આજકાલ આપણા પુષ્ટિમાર્ગમાં લેભાગુ ઢોંગી વૈષ્ણવતાનો ડોળ કરનારા વધી પડયા છે. તેઓ માત્ર પોતાની ઉદર-જવાલાની શાંતિ અર્થે જ વૈષ્ણવત્વનાં ચિન્હો પરિધાન કરી ઠગબાજી આદરે છે. હાય ! તેવાઓના કારણે સંપ્રદાય ઉપર અનેક ધૃણિત આક્ષેપો હાલમાં થઈ રહ્યા છે. તેવા ઢોંગીઓને ત્હમે ત્હમારા ગૃહદ્વારમાં પેસવા ન દેશો, એટલું જ નહિં પણ તેવા દુષ્ટોનું મોં પણ ન જોશો.** પ્રભુના બાળકો ચિરાયુ રહો પ્રભુના પાદપદ્મમાં તન મન અને ધન સમર્પી સેવા કરતા રહી જીવનનું સાર્થકય કરતા રહો !

પાઠક આટલું બોલી શ્રીબાલકૃષ્ણનું ચિન્તન કરી બાલકો ઉપર સ્નેહભીનો કર મૂકી ગોલોકવાસી થઈ ગયા. બન્ને બાળકો અશ્રુધારાથી મૃતપિતાના પાદપદ્યોનું અભિમયાદ પ્રક્ષાલન કરી શોક-વિહ્વલ બની ગયા.

આજે તે ઘટનાને વર્ષો વીતી ગયાં છે. મૃણાલિની પિતાની આજ્ઞા મુજબ એકચિત્તથી શુદ્ધભાવે શ્રીબાલકૃષ્ણની સેવા કરી રહી છે.

મૃણાલ સરોવરના પ્રસ્તર સોપાન ઉતરી શ્રીબાલકૃષ્ણની ઝારી માટે પવિત્ર જળ પ્રાત:કાળે અને સાયંકાલે ન્હાની ગાગરમાં ભરી આવે છે. પોતાના જીવનના મુખ્ય કર્તવ્ય શ્રીબાલકૃષ્ણની સેવાતિરિકત કંઈ સમજતી નથી. સેવાના અવકાશ સમયે મૃણાલિની ચન્દ્ર પાસે સાંપ્રદાયિક ગ્રન્થો દ્વારા સ્વમાર્ગીય સિદ્ધાન્તોનું મનન

કરે છે. તાળામંગલ કરી મૃણાલિની આજે કમલોપવનમાં પ્રભુને આરોગાવવા અનેક પ્રકારની સામગ્રીઓ તૈયાર કરી રહી છે. ઉત્થાપનનો સમય થતાં મૃણાલિનીએ પ્રભુમંદિરમાં અશ્પર્સમાં સ્નાન કરી પ્રભુને ફલ-ફૂલ ધર્યાં એવામાં ચન્દ્ર ત્યાં આવી પહોંચ્યો.

''કેમ ! મૃણાલિની ! પ્રભુને 'કમલોપવન' માં કયારે પધરાવીશ ?''

''મોટા ભાઈ ! એજ તૈયારીમાં છું. જુઓ ! આ સામેથી કોણ આવે છે?''

બન્ને ભાઈ બ્હેન રસ્તા ઉપર જોવા લાગ્યાં. વૈષ્ણવ જેવી જણાતી બે વ્યકિતઓ તેમણે જોઈ.

''મોટાભાઈ આ પણ ઠીક જ થયું. આજના આપણા મનોરથમાં આગંતુક વૈષ્ણવો પણ ભાગ લેશે''

''મૃણાલિની ! તું પિતાની અંતિમ આજ્ઞા કેમ વિસરી જાય છે ? **આ વૈષ્ણવોની મુખાકૃતિ મને રુચતિ નથી.''**

''ના, ના મોટાભાઈ આ તો તાદ્દશી વૈષ્ણવો જ લાગે છે. તમે આવો ખોટો વ્હેમ ન લાવો.''

ચન્દ્રે મૃણાલિનીની આ વાત સાંભળી નહિં, તે ઘણા જ વિચારમાં પડી ગયો. મૃણાલિનીએ આગંતુક વૈષ્ણવોનું સ્વાગત કરીને તેમને આદરપૂર્વક બેસાડયા અને ઉત્થાપનનો સરાવેલો પ્રસાદ સ્નાન કરી આવી લઈ લેવા તેઓને કહ્યું.

આંગતુકો પૈકી એકે કહ્યું : બ્હેન ? તમારે ત્યાં મનોરથ છે એવી વાત સાંભળીને જ અમે અહીંયા આવ્યા છીએ. બ્હેન ! તમો તો અનન્ય ભાવથી પ્રભુને લાડ લડાવી રહ્યા છો તમારાં ભાગ્યની તો દેવતાઓને પણ ઈર્ષ્યા થતી હશે ? **પણ...બ્હેન ત્હમોને મરજાદ છે કે નહિં ?** ''ભાઈ ! મરજાદ તો અમને નથી. પણ હું શુદ્ધ આચારથી અને વિશુદ્ધ સેવાપ્રણાલિકાથી પ્રભુ-સેવા કરૂ છું.''

મૃણાલિની આ વાત કરતી તે વખતે આંગતુકો મૃણાલિનીને પાપદૃષ્ટિથી નિહાળતા હતા. તેથી તેમણે તેની વાત સાંભળી નહિં તેથી તેમણે ફરીથી પૂછયું:

''ફરીથી કહોને બ્હેન ! અમે સાંભળ્યું નહિં''

મૃણાલિની તેમનો કલુષિત ભાવ સમજી ગઈ તેથી તેણે ટૂંકમાં જ પતાવ્યું **''ના, મને મરજાદ નથી.''**

''ત્યારે બ્હેન ! તમારા ઘરનું ફળફૂલ કે ફળાદિ પણ - પ્રસાદ સિવાય અમને કંઈપણ કામમાં ન આવે. **તમે મરજાદ કેમ નથી લેતા ?''**

''ત્યારે લો આ ફળફૂલ''

મૃણાલિનીએ તેમની સાથે વિશેષ વાર્તા પ્રસંગ ન લંબાવતા ફળફૂલના દડીયા તેમની પાસે મૂકી શ્રીબાલકૃષ્ણ પ્રભુને લાડ લડાવી અને 'કમળોપવન'માં પધરાવીને ચાલી ગઈ. આંગતુકો તેને જતી જોઈ રહ્યાં અને પછી ત્યાં જ સુઈ રહ્યા.

(૨)

''બ્હેન ! તમારા ઉપર આ દારૂણ દુઃખ કેટલાક વખતથી આવી પડયું છે?''

બીજે દિવસે રાજભોગ પછી આગન્તુકો પૈકી એકે મૃણાલિની સાથે પુનઃ વાર્તારંભ કરવાનું એક બહાનું શોધી કાઢયું. પાસે બેસેલો ચંદ્ર હવે વધુ વખત મૌન ન રહી શકયો તે બોલી ઉઠયો –

''તમે આકૃતિથી તો પરમ વૈષ્ણવો જેવા લાગો છો. આથી તમારે આવા લૌકિક પ્રસંગો છેડવા એ અનુચિત ન ગણાય ? વારૂ, તમે મર્યાદ કોને કહો છો?''

''જુઓ ચંદ્રભાઈ ! જે માણસ દૈવી હોય તે જ મરજાદનો અધિકારી થઈ શકે છે. મરજાદ લીધા પછી તે અન્ય કોઈના પણ હાથનું ખાઈ ન શકે. જેણે મરજાદ લીધી હોય તેના હાથનું જ તે ખાઈ શકે. મરજાદીને લૌકિક વાતથી કાંઇ સંબંધ રહેતો નથી. સમજ્યા ?''

''ત્યારે તમે પણ મરજાદી જ જણાઓ છો. તમારામાં નાતજાતનો લોપજ હોય છે, નહિં વારૂ ? ગમે તે નાતનાં હોય પણ મરજાદી હોય એટલે અરસપરસ ખાઈ શકે છે ને ?''

''હા હા, પછી શો વાંધો ? મરજાદ એ પુષ્ટિમાર્ગનો મુખ્ય સિદ્ધાન્ત છે. મરજાદીઓ જ્યારે મનોરથો કરે છે ત્યારે તમે જુઓ કે કેવા મનોરથો થાય છે ! પ્રભુ હીંડોળે ઝુલતા હોય અને સાન્નિધ્યમાં જ અબીલ ગુલાલ ઉડાડીએ અને રંગોની નદીઓ અમે લોકો જ વહેવડાવીએ. ગયા વરસે બોરીવલીમાં ઘણો આનંદ આવ્યો હતો. પ્રભુની સાન્નિધ્યમાં જ બધાં ગોપ ગોપીઓ રમતાં હતા.''

''હેં ! ગોપગોપીઓ ! ત્યાં કયાંથી આવ્યાં ?''

''ચંદ્રભાઈ વાત એમ છે કે આપણો માર્ગ ભાવનો છે. પ્રભુની સાથે પ્રભુને સેવતા દૈવીજીવોમાં આવા પ્રસંગો વખતે ગોપોનો આવેશ આવી જાય છે. અને દૈવી સ્ત્રીઓમાં ગોપીજનોનો.''

''છી, છી. આવી બિભત્સ અને પાપમય વાતો કરતાં તમને શરમ નથી આવતી ?'' વચમાં જ મૃણાલિની છંછેડાઈ પડી.

''બ્હેન ? આ વાતમાં તમે ન સમજો. આપણો માર્ગ તો ભાવના પ્રધાન છે. જ્યાં ભાવનું પ્રાચુર્ય હોય તો કંઈ જોવાનું નથી **તમે મરજાદ તો લ્યો. જોઈ લ્યો કેવો આનંદ આવે છે.** તમે આ લૌકિક દુઃખ ભૂલી જશો. ભૂલી.''

''તમારી મરજાદને મારા નવગજના નમસ્કાર હો. અહા ! કેવું મર્યાદનું શુદ્ધ સ્વરૂપ છે, અને કેવો પાધરો અર્થ છે, તેનો આવો અનર્થ? તમે લોકો માત્ર ઉદર પોષવા માટે અને તમારૂં કાળું મોં કરવા માટે આવા ભ્રષ્ટ અનાચાર શા માટે ફેલાવો છો? **ખરેખર! તમે વૈષ્ણવ નથી પરંતુ વૈષ્ણવતામાં સંતાયેલા નરપિશાચ છો.''**

''બ્હેન? આમ ન બોલો. ભગવદીયોને આમ ન બોલાય. આવું બોલી ઉલટા દોષના ભાગીદાર થશો. ગુરૂ અને વૈષ્ણવને સરખા લેખવા જોઈએ. હરિની

ગુરૂની અને વૈષ્ણવની ગમે તેવી આજ્ઞા હોય તેનો વિચાર કર્યા વિના પાળવી જ જોઈએ. એ જ પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત છે, બ્હેન? **તમને રસમાર્ગનો પરિચય નથી થયો, તેથી જ આમ અરસિક જણાઓ છો.''**

''શ્રીકૃષ્ણ ! શ્રીકૃષ્ણ !! મૃણાલિની પિતાજીએ જે અન્તિમ વાકય કહ્યું હતું તે આજે ચરિતાર્થ થાય છે. **આ વૈષ્ણવો નથી પણ વિષયના કીડાઓ છો.''**

''ભાઈ ! જુઓ સમજાવું. આપણા માર્ગમાં અભિમાન ન કરવું એમ કેટલાયે સ્થળે ખુલ્લું લખેલું છે. અમે લોકો અભિમાની ન બની જઈએ માટે જ આ દોષ અમારામાં જોવામાં આવે છે. આવા દોષથી અમને કોઈ દિવસે પણ અભિમાન થતું નથી. ઘણીજ દીનતાથી અને શ્રદ્ધાથી અમે સેવા કરતા રહીએ છીએ.''

હાય ! હાય ! તમે શું લવારો કરી ગયા. પુષ્ટિમાર્ગનો આવો સિદ્ધાન્ત નથી. ના ના તમે પુષ્ટિમાર્ગના અનુયાયી છો તેમાં હવે મને શંકા છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરનો સર્વત્ર પુષ્ટિમાર્ગમાં ત્યાગનો જ ઉલ્લેખ કરાયો છે. દોષેષુ પ્રથમઃ કામઃ । આમાં શ્રીહરિરાયજીએ કામને દોષોમાં પ્રથમ ગણ્યો છે. સાક્ષાત્ મહાપ્રભુજી પણ આજ્ઞા કરે છે કે વિષયાક્રાન્તદેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ। જ્યારે તમારામાં કામ વાસના છે ત્યારે તમારી સેવા પ્રભુ અંગીકાર કરે જ કયાંથી, વિષયાક્રાંત દેહમાં પ્રભુનો આવેશ સર્વથા આવતો જ નથી. વારૂ તમે પહેલા કહી ગયા કે હરિ ગુરૂ વૈષ્ણવને સરખા માની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. આ તમારી વાત બરોબર છે. પણ શ્રીકૃષ્ણને શ્રીકૃષ્ણ ભાવથી, ગુરૂને ગુરૂ ભાવથી, અને વૈષ્ણવને વૈષ્ણવ ભાવથી જ ભજી શકાય. તેઓ આપણા ઉપર સદા કૃપા દષ્ટિ જ રાખે અને આપણા શ્રેયનો માર્ગ તેઓ સદા બતાવે. જે અનુચિત આજ્ઞા ગુરૂ કરનાર ગુરૂ હોઈ શકે જ નહિ. તો વૈષ્ણવ કયાંથી જ સંભવે ? આવી અનર્થકારી વાતો તમે શા માટે ફેલાવતા હશો ? તમારી આ પ્રપંચજાળ અહિં નહિં ચાલે. મને મારા પિતાજીએ મરણ પહેલાં જ તમારા જેવા ઢોંગીઓથી ચેતતા રહેવાનું કહી ગયા છે. હાય ! તેઓએ તો તમારા જેવા દુષ્ટો સાથે મને ભાષણ કરવાની એ મના કરી હતી. પણ આજ તે આજ્ઞાનું ઉલ્લંઘન કરીને તમારી સાથે માથાફોડ કરવા બેસી, તેનો દંડ મને આજેજ મલ્યો કે આજે મારાથી મારા શ્રીબાલકૃષ્ણ પ્રભુની સેવામાં વિલંબ થઈ ગયો. જાઓ પધારો. આજ પછી કોઈ દિવસ પણ તમારૂં શ્યામ મુખ મને ન દેખાડશો. પ્રભુ તમને સદ્બુદ્ધિ પ્રદાન કરે.

''જોયું મૃણાલિની ! મારૂં અનુમાન ખરૂં પડયું કે નહિં?''

''મોટાભાઇ જવા દો એ અધમોની નીચ કથા. એવા પાખંડીઓએ જ મર્યાદાના વિશુદ્ધ સ્વરૂપ ઉપર શ્યામ યવનિકા નાખી દીધી છે. પિતાજીની આજ્ઞા ઉલ્લંઘન કરી મને ઘણો જ પશ્ચાતામ થાય છે.''

પિતા ! પિતા !! ઓ સદ્ગત પિતા !!! તમારી આ રાંક પુત્રીની પ્રથમ

ભૂલને ક્ષમા પ્રદાન કરો. આ મૃણાલિની હવે પછી આવો અક્ષમ્ય અપરાધ કોઈ દિવસ પણ નહિં કરે. મોટાભાઈ તમે પણ શ્રીબાલકૃષ્ણ પ્રભુની સેવા કરોને ? પ્રભુની સેવા એ અલૌકિક છે તેનું ફલ પણ અલૌકિક મળે છે, અને એનો આનંદ ઓર છે.

''બ્હેન ! તારી વાત ખરી છે. સેવા એજ આપણો મુખ્ય ધર્મ છે. અહા! સેવા ધર્મઃ પરમ ગહનો યોગીનામપ્યગમ્યઃ । સેવારૂપી પરમ ધર્મ તો યોગીઓથીએ અગમ્ય છે.''

''મૃણાલિની ! પ્રભુની સેવાનો હું હજુ પૂર્ણ અધિકારી નથી થયો. મને હમણાં લોકસેવા અને દેશસેવા કરવા દે તે પણ એક પ્રકારની આધિભૌતિક સેવા જ છે. એટલું તો ખરૂ જ કે આ આધિભૌતિક સેવાનું ફલ પણ આધિભૌતિક જ કિંતુ મને પૂરો વિશ્વાસ છે કે આ સેવા કર્યા પછી હું અવશ્ય આધિદૈવિક પ્રભુ સેવાનો અધિકારી થઈશ જ બ્હેન ! હું આ જન્મ કૌમાર્યવ્રત જ પાળીશ, સંમત છે ને ?''

''મોટાભાઈ ! ખરેખર ! તમે કલ્યાણમતિ છો. તમારા હૃદયની ભાવના અત્યંત પવિત્ર છે. હું ભાગ્યશાળી છું કે તમારા જેવા વડીલ ભ્રાતાની શીતલ છાંય સેવી રહી છું. અને તે ઠંડી છાયમાં શ્રીબાલકૃષ્ણની તન મન ધનથી સેવા કરી રહી છું. ચાલો શ્રીબાલકૃષ્ણ પ્રભુના દર્શન કરો.'' ''ચાલ બ્હેન !''

ચન્દ્રનું હૈયું ભરાઈ આવ્યું તે વધારે ન બોલી શક્યો. અલ્પવયસ્કા મૃણાલિનીનો પ્રભુ પ્રત્યેનો ભાવ જોઈ અને આદર્શ એવં શ્રેષ્ઠ વિચારો સાંભળી ચન્દ્ર હર્ષાશ્રુ વહેડાવવા લાગ્યો. બન્ને જણ પ્રભુ મંદિરમાં જઈ પહોંચ્યા. મૃણાલિની શ્રીબાલકૃષ્ણ પ્રભુની આરાર્તિકા કરવા લાગી. અને ચન્દ્ર નિજ મંદિરની બહાર ઉભો ઉભો શ્રીહરિરાયચરણ વિરચિત અષ્ટપદિ ગદ્‌ગદ કંઠે ગાવા લાગ્યો.

મયિદિનેષુદયાકરણીયા;
વરણનિત્યતા હૃદિધરણીયા

૧

નિજપદકમલયુગકૃતશરણે
સન્તતવિહિતાવિહિતવિચરણે

૨

સાધનમતિકૃતનિજપથહાને
ફલસમ્બન્ધિવિરોધસમાને

૩

વિફલમૃષામદદત્તમાનસે
વિઠ્ઠલવિપુસેવૈકલાલસે ।। ઈત્યાદિ *(નિ.લી.શ્રીમદ્‌હરિરાય ચરણાઃ)*

અષ્ટપદી ગાતાં ગાતાં ચન્દ્રકાન્ત પ્રેમ વિહ્વલ થઈ જઈ ત્યાં જ શ્રીબાલકૃષ્ણ પ્રભુની સન્નિધિમાં જ મુર્છિત થઈ ઢળી પડયો. મૃણાલિની પણ આરાર્તિકાની પૂર્ણાહુતીમાં અષ્ટપદીનું ગર્ભિત અર્થ સમજી સંજ્ઞા શૂન્ય બની ગઈ.

('શ્રીપુષ્ટિપીયૂષ' પ્રાચીન અંકમાંથી સંકલિત પાના નં.૧૦૬ થી ૧૦૮ અને ૧૩૫ થી ૧૩૭)